૧૩ વર્ષની વોરંટી
ઉધઇ પેસ્ટ કંટ્રોલ
પાણી પહેલા પાળ બાંધો
નેનો ટેકનોલોજી દ્વારા
વોટર પ્રુફીંગ
ભક્તિ એન્ટરપ્રાઈઝ
વિરાણી ચોક, રાજકોટ.
Mo. 74051 50005

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

સાંજ સમાચાર

ચૈત્ર વદ– ૧૦ | પાના : ૧૬ |રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૩–૫–૨૦૨૪ – શુક્રવાર |રાજકોટ (સીટી)

jai ganga
SOLAR WATER HEATER
સોલાર રૂફટોપ અપનાવો
JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80009 23239

વર્ષ : ૩૮ અંક : ૨૧૫ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

નવી ટોચ બનાવ્યા બાદ શેરબજારની ગુલાંટ: ૧૦૦૦ પોઇન્ટનો કડાકો

ઇન્વેસ્ટરોના ત્રણ લાખ કરોડ ડુબ્યા: મોટાભાગના હેવીવેઇટ શેરોમાં ગાબડા: માર્કેટ કેપ ઘટીને ૪૦૬ લાખ કરોડ: ટોચના લેવલથી સેન્સેક્સ ૧૪૦૦ પોઇન્ટ નીચે ઉતરી ગયો

રાજકોટ, તા.૩

શેરબજારમાં આજે અચાનક મંદીનું મોજુ ફરી વળ્યું હતું પ્રારંભીક કામકાજમાં નવી ઉંચાઇ સર કર્યા બાદ એકાએક વેચવાલીનો મારો નીકળતા હેવીવેઇટ સહિત તમામ શેરોમાં ગાબડા પડ્યા હતા અને સેન્સેક્સમાં ૧૦૦૦ પોઇન્ટથી વધુનો કડાકો સર્જાયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને થઇ હતી વિશ્વબજારમાં તેજી તરફી ટ્રેન્ડ અને પસંદગીના ધોરણે ધૂમ લેવાલી રહેવાથી મોટાભાગના શેરો સતત ઉંચકાતા રહ્યા હતા. બપોરે અચાનક માનસ બદલાયું હતું. વેચવાલીનો મારો શરુ થઇ જતાં માર્કેટ રેડઝોનમાં ઉતરી ગયું હતું. અને મોટાભાગના શેરોમાં ગાબડા પડ્યા હતા. જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે ભારતીય અર્થતંત્રનો ડંકો વાગી રહ્યો છે અને તેનો પ્રોત્સાહક પડઘો યથાવત રહ્યો છે પરંતુ દેશમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીમાં સત્તાધારી ભાજપને મળવાની સંભવિત બેઠકોના આંકડાઓમાં બદલાવ દેખાવા લાગતા માનસ સાવચેતીનું બન્યું હતું. સટ્ટાબજારમાં થોડા દિવસો અગાઉ ભાજપ એનડીએને ૩૬૫થી વધુ બેઠકો મળવાનું અનુમાન વ્યકત થતું હતું. હવે ૩૩૫ થી ૩૪૦ બેઠકોનો અંદાજ દર્શાવવામાં આવી રહ્યો છે.

આગામી ત્રીજા ચોથા તબકકામાં મતદાન કેવું રહે છે અને સટ્ટા બજારમાં ગણિતમાં કેવા બદલાવ આવે છે તેના પર વોચ રાખવાનું માનસ રાખીને સાવચેતી વ્યકત થવા લાગી છે.

શેરબજારમાં આજે ટીસીએસ, ટેક મહિન્દ્ર, ટાઇટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, એકસીસ બેંક, એશિયન પેન્ટસ, ભારતીય એરટેલ, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, ઇન્ડુસીન બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, લાર્સન, મારૂતિ, નેશલે, એનટીપીસી, રીલાયન્સ, પાવર ગ્રીડ, સ્ટેટ બેંક સહિતના શેરોમાં ગાબડા પડ્યા હતા. મંદી બજારે પણ બજાજ ફાઇનાન્સ, ઇન્ફોસીસ, કોલ ઇન્ડીયા, ગ્રાસીમ, ડો. રેડ્ડી, ઓએનજીસી, ભેલ, એનએચપીસી જેવા શેરોમાં સુધારો નોંધાયો હતો.

મુંબઇ શેર બજારનો સેન્સેક્સ ૭૩૨ પોઇન્ટના ગાબડાથી ૭૩૮૭૮ સાંપડ્યો હતો. જે ઉંચામાં ૭૫૦૯૫ તથા નીચામાં ૭૩૪૬૭ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી પ્રારંભીક કામકાજમાં ૨૨૭૯૪ના નવા ઉંચા સ્તરે પહોંચ્યો હતો. ત્યાંથી ગબડીને ૨૨૩૪૮ થઇને ૨૨૪૭૦ સાંપડ્યો હતો જે ૧૭૮ પોઇન્ટનું ગાબડું સુચવતો હતો.

બીએસસીમાં આજે ૩૯૨૩ શેરોમાં ટ્રેડીંગ કર્યું હતું તેમાંથી ૧૪૦૬માં સુધારો હતો અને ૨૩૯૧માં ઘટાડો નોંધાયો હતો. ૨૪૬ શેરો વર્ષની ઉંચાઇએ પહોંચ્યા હતા જ્યારે ૧૮ શેરો વર્ષની નીચી સપાટીએ હતા. ૨૮૮ શેરોમાં તેજીની સર્કિટ હતી. ૨૫૧માં મંદીની સર્કીટ હતી. બીએસસીનું માર્કેટ કેપ ૪૦૬ લાખ કરોડ નોંધાયુ હતું.

લાંબા સસ્પેન્સ બાદ અંતે ગાંધી કુટુંબે પત્તા ખોલ્યા: પ્રિયંકા ગાંધી ચૂંટણી નહીં લડે

અમેઠી છોડી રાયબરેલીથી ચૂંટણી લડશે રાહુલ: શકિત પ્રદર્શન સાથે ઉમેદવારી

ઉમેદવારી સમયે સોનીયા ગાંધી, પક્ષ પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત સહિતના ધૂરંધરોની હાજરી

તા.૨૦મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારીના આખરી દિને રાહલ ગાંધીએ તેમના માંતા સોનીયા દ્વારા ખાલી કરાયેલ બેઠક પર ચૂંટણી લડવાનું પસંદ કર્યુ

રાયબરેલી તા.૩

એક નાટયાત્મક નિર્ણયમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ અમેઠી બેઠક પર ચૂંટણી લડવાના પડકારને બાયપાસ કરીને રાયબરેલી લોકસભા બેઠક ઉપરથી

(અનુસંધાન છઠ્ઠા પાને)

‘ડરો મત...ભાગો મત..’ રાહુલને તેમના વિધાનોને યાદ અપાવતા મોદી

કોંગ્રેસના રાજકુમાર વાયનાડથી હારી રહ્યા છે: અમેઠીથી ભાગ્યા છે: ચૂંટણી સભામાં પ્રહાર

નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ અમેઠીના બદલે રાયબરેલી લોકસભા ચૂંટણી લડવાનું પસંદ કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની પશ્ચિમ બંગાળની ચૂંટણી સભામાં જ રાહુલને તેમના વિધાનોની યાદ અપાવી હતી જેમાં રાહુલે ‘ડરો મત’ કહ્યું હતું, મોદીએ કહ્યું કે મેં પહેલા જ જણાવી દીધું હતું કે રાજકુમાર વાયનાડમાં ચૂંટણી હારી રહ્યા છે અને બીજી સીટ ગોતી રહ્યા છે. હવે અમેઠીથી ભાગીને રાયબરેલીની સીટ પસંદ કરવી પડી છે. આ લોકો ગાઇ વગાડીને સૌને કહી રહ્યા હતા કે ડરો મત હવે હું પણ તેમને કહું છું કે ડરો મત... ભાગો મત... આમ રાહુલના નિર્ણયના કલાકોમાં મોદીએ પ્રતિભાવ આપીને કોંગ્રેસ પર મોટો પ્રહાર કર્યો છે.

ઈરડા દ્વારા વેઈટીંગ પીરીયડ ઘટાડવાના આદેશ બાદ...

આરોગ્ય વીમામાં ઝટકો લાગશે: પ્રીમીયમ ૧૦થી૧૫ ટકા વધશે

મુંબઈ તા.૩

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર ઈરડા દ્વારા વેઈટીંગ પીરિયડ ઘટાડવાના આદેશથી ખુશ થયેલ પોલીસી હોલ્ડર્સની ખુશી વધુ દિવસ નથી ટકી. ખરેખર તો ઈરડા દ્વારા મોજૂદ ચાર વર્ષમાં વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી વેઈટીંગ પીરિયડ નક્કી કરવાના આદેશ બાદ પોલીસી હોલ્ડર્સને ઈન્સ્યોરન્સ કંપનીઓના ઈ-મેલ મળવા લાગ્યા છે. જેમાં કહેવામાં આવી રહ્યું છે કે નવા નિયમો બાદ તેમના લોકેશન અને વય અનુસાર પ્રીમિયમમાં વધારો કરવા માટે મજબૂર છે.

એચડીએફસી ઈઆરજીઓએ પોતાના ગ્રાહકોને મોકલેલ મેઈલમાં કહ્યું છે કે તેમણે પ્રીમીયમ દરો સરેરાશ ૭.૫

(અનુસંધાન છઠ્ઠા પાને)

મતદાનના આડે ૪ દિવસ : ગુજરાતમાં આચારસંહિતા ભંગની રેકોર્ડબ્રેક ફરિયાદ

આચારસંહિતા લાગુ પડયા બાદ ૪૨૫૪ ફરિયાદો નોંધાઇ : સૌથી વધુ અમદાવાદમાં : કુલ આંકડો પાંચ હજારને પાર થઇ જવાની આશંકા

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પર આગામી ૭ મેના રોજ ચૂંટણી યોજાવાની છે તે પૂર્વે આચારસંહિતા ભંગની ફરિયાદોનો મારો હોય તેમ આ વખતે રેકોર્ડબ્રેક સંખ્યામાં આવી ફરિયાદો થઇ છે. ગુરૂવારની સ્થિતિએ રાજયમાં અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની ૪૨૫૪ ફરિયાદો નોંધાઇ છે. આ પૂર્વે ૨૦૧૯માં સમગ્ર ચૂંટણી દરમ્યાન ૩૪૯૦ ફરિયાદો નોંધાઇ હતી.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે પંચ દ્વારા આચારસંહિતા ભંગની ફરિયાદો માટે નવી નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાથી પ્રમાણ વધ્યું હોવાનું માની શકાય છે. ચૂંટણી પંચે સી-વીઝીલ એપની સુવિધા આપી છે. જેમાં રાજકીય પક્ષોના આગેવાનો, કાર્યકરોએ સામાન્ય નાગરિકો પણ

આચારસંહિતા ભંગ થતો હોય તો મોબાઇલ મારફત જ ફરિયાદ નોંધાવી શકે છે અને રીટર્નીંગ ઓફિસર સમક્ષ રૂબરૂ જવાની જરૂરીયાત રહેતી નથી. મતદાનના આડે હવે ચાર દિવસ બાકી છે. ત્યારે હજુ ફરિયાદો વધી શકે છે અને આંકડો પાંચ હજારને પાર કરી જાય તેવી શકયતા નકારાતી નથી. રાજયમાં સામાન્ય ચૂંટણી વખતે અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની આ સૌથી વધુ ફરિયાદો છે.

સુત્રોના કહેવા પ્રમાણે મોટા ભાગની ફરિયાદો વિવાદીત વિધાનો સંબંધી હોય છે, આ સિવાય નિયત સમય મર્યાદાથી મોડી ચૂંટણી સભા યોજવાની, મતદારોને લલચાવવા નાણા કે કોઇપણ ચીજવસ્તુઓ અપાતી હોવાની અને દારૂ આપવા જેવી અન્ય ફરિયાદો થતી હોય છે.

રાજયમાં આચારસંહિતા ભંગની સૌથી વધુ ૧૩૫૨ ફરિયાદો અમદાવાદ જિલ્લામાં નોંધાઇ છે. જોકે આ પાછળનું કારણ જિલ્લાની ત્રણ બેઠકો છે. અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ અને ગાંધીનગર જિલ્લાના અમુક ભાગો પણ અમદાવાદ હેઠળ આવી જતા હોય છે. સૌથી ઓછી પાંચ ફરિયાદો છોટા ઉદેપુર જિલ્લામાંથી નોંધાઇ છે. સી-વીઝીલ એપ મારફત નાગરિકો સીધા ચૂંટણી પંચના કંટ્રોલ રૂમ સાથે જોડાઇ શકે છે. રીટર્નીંગ ઓફિસર તથા ફલાઇંગ સ્કવોડને પણ તેની માહિતી મળી જાય છે. ચૂંટણી પંચે ૧૦૦ મીનીટમાં જ કોઇપણ આચારસંહિતા ભંગની ફરિયાદોનો નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવી છે.

અમેરિકી શોર્ટસેલર હિંડનબર્ગના આક્ષેપોની તપાસમાં કાર્યવાહી

અદાણી ગ્રુપની ૬ કંપનીઓને સેબીની શોકોઝ નોટીસ

અદાણી એન્ટરપ્રાઈઝ, પોર્ટ, પાવર, એનર્જી, વિલ્મર અને ટોટલગેસને નોટીસો ફટકારાઈ: લીસ્ટીંગ નિયમોનો ભંગ, ઓડીટર સર્ટીફીકેટ, સંબંધીત કંપનીઓનાં વ્યવહારો મામલે ખુલાસા મંગાયા

મુંબઈ તા.૩

અમેરીકન શોર્ટસેલર હીંડનબર્ગનાં રીપોર્ટ બાદ એકાદ વર્ષ સુધી વિવાદમાં રહ્યા બાદ કલીનચીટ મેળવનાર અદાણી ગ્રુપ પર હવે પોલીસે સિકંજો કસ્યો હોય તેમ અદાણીની છ કંપનીઓને શોકોઝ નોટીસ ફટકારવામાં આવી છે.વિવિધ નિયમોનાં ભંગ બદલ માર્કેટ રેગ્યુલેટર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.

અદાણી ગ્રુપની ફલેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ દ્વારા બે શોકોઝ નોટીસ મળ્યાનો એકરાર કરવામાં આવ્યો છે. ૩૧ માર્ચે થયેલા ત્રીમાસીક ગાળા અંતર્ગત આ નોટીસ છે. આ સિવાય અદાણી પોર્ટ, અદાણી પાવર, અદાણી એનર્જી સોલ્યુશન, અદાણી વિલ્મર તથા અદાણી ટોટલ ગેસને ચાલુ સમાહમાં નોટીસો ફટકારવામાં આવી છે.તમામ છ કંપનીઓએ આ વિશે શેરબજારને વાકેફ કર્યા છે. કંપનીઓએ એવો દાવો કર્યો છે કે કાયદાકીય અભિપ્રાયો મુજબ સેબીની નોટીસની કોઈ અસર થાય તેમ નથી. અદાણી વીલ્મર તથા અદાણી ટોટલ ગેસ સિવાયની કંપનીઓનાં ઓડીટરોએ કવોલી ફાઈડ અભિપ્રાયમાં દર્શાવ્યું છે કે સેબીની તપાસથી ભવિષ્યમાં નાણાકીય બાબતો પ્રભાવીત થઈ શકે છે.



અમેરીકી કંપની હિડનબર્ગ દ્વારા અદાણી ગ્રુપ સામે કરવામાં આવેલા આક્ષેપોની તપાસનાં અનુસંધાને સેબી દ્વારા આ નોટીસો ફટકારવામાં આવી છે.જોકે શોકોઝ નોટીસ દોષિત પુરવાર કરતી નથી.નાણાંકીય પેનલ્ટી સહીતનાં કાનુની પગલા કેમ ન લેવા? તેવી તાકીદ હોય છે.

અદાણી પોર્ટ દ્વારા એક કહેવાયુ છે કે કંપનીએ જરૂરી મંજુરી નહીં મેળવ્યાનો અને વાર્ષિક રીપોર્ટમાં યોગ્ય ડીસ્કલોઝર

(અનુસંધાન છઠ્ઠા પાને)

રાજભવનમાં જ છેડતી! પ.બંગાળના ગવર્નર બોઝ સામે મહિલાની ફરિયાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કોલકતા ચુંટણી પ્રવાસ સમયે જ રાજયપાલ આનંદ બોઝ મુશ્કેલીમાં

કોલકતા : પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર રાજભવનની એક મહિલા કર્મચારીએ જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. તેણે હેર સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં આ અંગે લેખિત ફરિયાદ આપી છે.

સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, મહિલાનો આરોપ છે કે તે ૨૪ માર્ચે રાજ્યપાલ પાસે કાયમી નોકરીની વિનંતી સાથે ગઈ હતી. પછી રાજ્યપાલે ગેરવર્તણૂક કરી. જ્યારે ગુરુવારે ફરીથી આવું જ થયું, ત્યારે તે ફરિયાદ લઈને રાજભવનની બહાર તૈનાત પોલીસ અધિકારી પાસે ગઈ.

જો કે રાજ્યપાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મહિલાના આરોપોને નકારી કાઢ્યા છે. તેણે કહ્યું કે આ મને બદનામ કરવાનું ષડયંત્ર છે. મારા પર

(અનુસંધાન છઠ્ઠા પાને)

જો કોઈનુ નામ રાહુલ ગાંધી હોય તો અમે ચુંટણી લડતા રોકી શકીએ! સુપ્રીમનો સવાલ

એક જ બેઠક પર એક જ સરખા નામ ધરાવતા ઉમેદવારોને ચુંટણી લડવા પર પ્રતિબંધ મુકવાની માંગણી કરતી અરજી ફગાવાઈ

નવી દિલ્હી તા.૩

લોકસભા સહિતની ચૂંટણીમાં એક સરખા નામ ધરાવતા ઉમેદવારોને એક જ બેઠક પર ચુંટણી લડતા અટકાવવા અંગેની એક અરજી સુપ્રીમકોર્ટે ફગાવી દીધી હતી અને પૂછયું હતું કે શું જો કોઈનુ નામ રાહુલ ગાંધી હોય તો શું તેવા નામના બીજા ઉમેદવારને ચુંટણી લડતા અટકાવી શકાય. એક

જ બેઠક પર એક જ સરખા નામ ધરાવતા ઉમેદવારોના કારણે મતદારોમાં દ્વીધા સર્જાય છે અને રાજકીય પક્ષો તેનો ગેરલાભ પણ લે છે તેવી દલીલ સાથે સુપ્રીમકોર્ટમાં આ અરજી થઈ હતી. અદાલતે કહ્યું કે એક જ બેઠક પર એક જ સરખા નામ ધરાવતા ઉમેદવાર હોય તો તે જોગાનુજોગ અથવા તો

(અનુસંધાન છઠ્ઠા પાને)

૧૨૭ વર્ષ પછી ગોદરેજ ગ્રુપનું વિભાજન : બિઝનેસ રિસ્ટ્રક્ચરિંગમાં નવો માઈલસ્ટોન

સામાન્ય રીતે એવું થતું હોય છે કે જ્યારે બિઝનેસના ભાગીદારો એકબીજાથી છૂટા પડે ત્યારે કોર્ટના કેસ-કબાડા અને વિવિધ હોદ્દાઓ અને એસેટની વહેચણીમાં અનેક પ્રકારની માથાકૂટો થતી હોય છે. પરંતુ ગોદરેજ ગ્રુપે પોતાના બિઝનેસ ગ્રુપનું વિભાજન શાંતિપૂર્ણ રીતે અને પરિવારના તમામ સભ્યોની અંગત સર્વ સંમતિથી કર્યું છે કે જેનાથી બિઝનેસ રિસ્ટ્રક્ચરિંગમાં નવો માઈલસ્ટોન સર્જાયો છે.

ગોદરેજ ગ્રુપની સંપત્તિના વિભાજનને સમજવા માટે આપણે સૌથી પહેલા ગોદરેજ કુટુંબનું માળખું સમજવું જરૂરી છે. ગોદરેજ પરિવારની બે મુખ્ય શાખાઓ છેઃ એકનું નેતૃત્વ આદિ ગોદરેજ અને તેમના ભાઈ નાદિર ગોદરેજ કરે છે જ્યારે બીજા ગ્રુપનું નેતૃત્વ તેમના પિતરાઈ ભાઈ જમશેદ ગોદરેજ અને સ્મિતા ગોદરેજ ક્રિષ્ના કરે છે.

ભારતીય કોર્પોરેટ લેન્ડસ્કેપ એપ્રિલ ૨૦૨૪માં એક ઐતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યું છે. ભારતની જાણીતી કંપની અને હાઉસહોલ્ડ બ્રાન્ડ ગોદરેજ ગ્રુપનું આખરે વિભાજન થયું છે. ૧૨૭ વર્ષથી ગોદરેજ પરિવાર અડીખમ ઊભો રહ્યો છે. અને ભારતના લોકોને પોતાના ગુડ્સ અને સર્વિસનું વેચાણ કરીને પોતાનો બિઝનેસ જમાવ્યો છે. ૧૨૭ વર્ષથી વિસ્તરી રહેલા આ બિઝનેસ ગ્રુપના સુકાન અને તેમના વેપાર સામ્રાજ્યના સુખદ વિભાજનની જાહેરાત આખરે કરવામાં આવી છે. સામાન્ય રીતે એવું થતું હોય છે કે જ્યારે બિઝનેસના ભાગીદારો એકબીજાથી છૂટા પડે ત્યારે કોર્ટના કેસ-કબાડા અને વિવિધ હોદ્દાઓ અને એસેટની વહેચણીમાં અનેક પ્રકારની માથાકૂટો થતી હોય છે. પરંતુ ગોદરેજ ગ્રુપે પોતાના બિઝનેસ ગ્રૂપનું વિભાજન શાંતિપૂર્ણ રીતે અને અંગત સર્વ સંમતિથી કર્યું છે. જેનાથી બિઝનેસ રિસ્ટ્રક્ચરિંગમાં નવો માઈલસ્ટોન સર્જાયો છે.

ગોદરેજ ગ્રુપની સંપત્તિના વિભાજનને સમજવા માટે આપણે સૌથી પહેલા ગોદરેજ કુટુંબનું માળખું સમજવું જરૂરી છે. ગોદરેજ પરિવારની બે મુખ્ય શાખાઓ છેઃ એકનું નેતૃત્વ આદિ ગોદરેજ અને તેમના ભાઈ નાદિર ગોદરેજ કરે છે જ્યારે બીજા ગ્રુપનું નેતૃત્વ તેમના પિતરાઈ ભાઈ જમશેદ ગોદરેજ અને સ્મિતા ગોદરેજ ક્રિષ્ના કરે છે.

હવે આપણે આદિ ગોદરેજ અને નાદિર ગોદરેજના ભાગે આવેલી કંપનીઓને સમજવાનો પ્રયત્ન કરીએ કે જે સાર્વજનિક રીતે સૂચિબદ્ધ કરાયેલી કંપનીઓનું પાવરહાઉસ છે. આદિ ગોદરેજ ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (GIL)ની છત્ર હેઠળ જાહેરમાં લિસ્ટેડ કંપનીઓ પર નિયંત્રણ જાળવી રાખશે. આ નોંધપાત્ર ભાગમાં ભારતની કેટલીક સૌથી વધુ જાણીતી બ્રાન્ડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટસ લિમિટેડ (GCPL) કે જે હાઉસહોલ્ડ પ્રોડક્ટ્સમાં ખૂબ જ જાણીતું નામ છે. GCPL ૭૦,૦૦૦ કરોડ રૂપિયાની (એપ્રિલ ૨૦૨૪ સુધીમાં) માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવે છે. આ કંપની પાસે સાબુ, હેર કેર પ્રોડક્ટ્સ અને હાઈજીન સોલ્યુશન્સ પ્રોડક્ટસનો વિશાળ પોર્ટફોલિયો છે. આ ઉપરાંત ત્રીજી કંપની ગોદરેજ પ્રોપર્ટીઝ લિમિટેડ છે કે જે ભારતના મોટા ભાગના શહેરોમાં હાજરી ધરાવે છે અને તે રિયલ રિયલ એસ્ટેટ ડેવલપર તરીકે વિખ્યાત છે. ગોદરેજ પ્રોપર્ટીઝનું માર્કેટ કેપ લગભગ ૧.૫ લાખ કરોડથી પણ વધુનું માનવામાં આવે છે. ચોથી કંપની ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ છે કે જે આપણાં દેશની કૃષિ-વ્યવસાય ક્ષેત્રની અગ્રણી કંપની છે. આ ગોદરેજ એગ્રોવેટ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના માર્કેટ કેપ સાથે પશુ આહાર, મરઘાં પાલન અને પામતેલના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સાર્વજનિક રીતે વેપાર કરતી સંસ્થાઓની દેખરેખ આદિ ગોદરેજ - નાદિર ગોદરેજ અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવશે કે જેનાથી તેઓ મોટા, ઉપભોક્તા ધરાવતા વ્યવસાયોના સંચાલનમાં પોતાની કુશળતા દર્શાવી શકશે.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

આ વિભાજનમાં જમશેદ ગોદરેજના ભાગે એવી કંપનીઓ આવી છે કે જે ગોદરેજ ગ્રુપની ઈનોવેશન લેગસી જાળવવાનું કામ કરશે. ગોદરેજ એન્ડ બોયસ મેન્યુફેક્ચરિંગ કંપની લિમિટેડ (GB)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર જમશેદ ગોદરેજ કે ગોદરેજ સામ્રાજ્યની મુખ્ય મેન્યુફેક્ચરિંગ શાખાનો ચાર્જ મેળવશે. વર્ષ ૧૮૯૭માં સ્થપાયેલ GB પોતાના હાઈલી સિક્યોરડ લોક એગતળે કે તળાઓ અને સિક્યોરીટી સિસ્ટમ્સ માટે પ્રખ્યાત છે. ગોદરેજ એપ્લાયન્સીસ કે જે રેફ્રિજરેટર્સ, વોશિંગ મશીન અને એર કંડિશનર્સ જેવા ઉપકરણોની અગ્રણી ઉત્પાદક છે તે કંપની પણ જમશેદ ગોદરેજના ભાગે આવી છે. આ ઉપરાંત ગોદરેજ એરોસ્પેસ કંપનીનો હવાલો પણ જમશેદ ગોદરેજ અને તેમનો પરિવાર મેળવશે. GB કંપની પાસે ખૂબ જ મોટી માત્રામાં જમીનો પણ છે. તેમાં ખાસ કરીને મુંબઈના વિક્રોલી વિસ્તારમાં આવેલી જમીનો કે જ્યાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ વિકાસની સંભાવના હોવાનો અંદાજ છે.

સમાચાર અહેવાલો સૂચવે છે કે કંપનીના વિભાજનનો નિર્ણય પરિવારમાં સર્જાયેલા 'વિવિધ દ્રષ્ટિકોણ' થી ઉદ્ભવ્યો છે. જ્યારે તમામ પરિવારોનું એમ જ કહેવું છે કે કંપનીનું આ વિભાજન સૌહાર્દપૂર્ણ વિભાજન છે અને વિભાજનની આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન પણ કોઈપણ પ્રકારનું પારિવારિક ઘર્ષણ નથી થયું.

વિભાજનનું એક રસપ્રદ પાસું ગોદરેજના બ્રાન્ડ નેમ અધિકારોનું વિભાજન પણ છે. આદિ ગોદરેજનું જૂથ ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર (FMCG) અને તેમના ખાદ્યપદાર્થો અને પીણાના વ્યવસાયો માટે 'ગોદરેજ' બ્રાન્ડનો ઉપયોગ કરવાના વિશિષ્ટ અધિકારો જાળવી રાખશે. બીજી તરફ, જમશેદ ગોદરેજનું જૂથ સુરક્ષા, ફર્નિચર અને એરોસ્પેસ જેવા ક્ષેત્રો માટે જ 'ગોદરેજ' બ્રાન્ડનો ઉપયોગ કરી શકશે. આ વહેંચાયેલ બ્રાંડ હેરિટેજ તેમના નવા સાહસો માટે અલગ ઓળખ બનાવતી વખતે તેમના સામાન્ય વારસાની કુટુંબની સ્વીકૃતિ દર્શાવે છે.

ગોદરેજ પરિવારના વિભાજને નિઃશંકપણે ભારતીય વેપાર જગતમાં હલચલ મચાવી છે. કંપનીઓના પ્રચંડ જૂથનું નેતૃત્વ કરતી દરેક બ્રાન્ચ સાથે, ભવિષ્યમાં અપાર સંભાવનાઓ છે. વિશ્લેષકો આગાહી કરે છે કે બંને જૂથોની કંપનીઓ વચ્ચે સ્પર્ધા વધશે કે જે સંભવિતપણે ઈનોવેશન તરફ દોરી જશે અને ગ્રાહકો ફાયદાકારક બનશે. જો કે, આ વિભાજનમાં અલગતા, અનિશ્ચિતતાઓ અને પડકારો પણ છે. દરેક જૂથની સફળતા વિવિધ પરિબળો પર નિર્ભર રહેશે કે જેમાં નેતૃત્વની અસરકારકતા, વ્યૂહાત્મક દિશાનો પણ સમાવેશ થાય છે.

વિભાજનનું એક રસપ્રદ પાસું ગોદરેજના બ્રાન્ડ નેમ અધિકારોનું વિભાજન પણ છે. આદિ ગોદરેજનું જૂથ ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) અને તેમના ખાદ્યપદાર્થો અને પીણાના વ્યવસાયો માટે 'ગોદરેજ' બ્રાન્ડનો ઉપયોગ કરવાના વિશિષ્ટ અધિકારો જાળવી રાખશે. બીજી તરફ, જમશેદ ગોદરેજનું જૂથ સુરક્ષા, ફર્નિચર અને એરોસ્પેસ જેવા ક્ષેત્રો માટે જ 'ગોદરેજ' બ્રાન્ડનો ઉપયોગ કરી શકશે.

ગોદરેજ પરિવારની અંગત સમસ્યાઓ અને હાલ તો કોઈ માહિતી જગજાહેર નથી થઈ પરંતુ ગોદરેજ ગ્રુપની માલિકીનું આ પ્રકારે શાંતિપૂર્ણ રીતે વિભાજન થવું એ ખરેખર સારી બાબત છે. બિઝનેસ રિસ્ટ્રક્ચરિંગમાં આદિ ગોદરેજ, નાદિર ગોદરેજ, જમશેદ ગોદરેજ અને સ્મિતા ગોદરેજ ક્રિષ્ના દ્વારા નવો માઈલસ્ટોન સેટ કરવામાં આવ્યો છે કે જેમાં વ્યાપાર અને ધંધા કરતાં પરિવાર અને સંબંધોને પ્રાથમિકતા આપવાની ભાવના ઝળહળી ઉઠે છે અને તેમાં હાલની ટેક કોઈ શંકા નથી દેખાઈ રહી.

પૈસે કા બોલબાલા!

કુરૂક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર નવિન જિંદાલ અધધધ ૧૦૦૦ કરોડની સંપતિના માલિક!

'આપ'ના હરીફ ઉમેદવાર સુશીલ ગુપ્તા પણ અબજોની પ્રોપર્ટીના આસામી!

કુરુક્ષેત્ર તા.૩

લોકસભાની ચૂંટણીમાં મની અને મસલ્સ પાવર ધરાવતા ઉમેદવારોનો દબદબો યથાવત છે. કુરૂક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર અને ઉદ્યોગપતિ નવીન જિંદાલે ઉમેદવારીપત્ર ભરતી વખતે તેમની અને તેમની પત્ની શલ્લુની સંપતિ અધધધ ૧૦૦૦ કરોડની હોવાનું જાહેર કર્યું હતું.

કુરૂક્ષેત્રમાં રિટર્નિંગ ઓફિસર સમક્ષ ઉમેદવારીપત્ર દાખલ કરનાર ૫૪ વર્ષીય જિંદાલે જાહેર કર્યું હતું કે તેઓ કે તેમની પત્ની પાસે કોઈ વાહન નથી. કુરૂક્ષેત્રથી જિંદાલના આપ પ્રતિસ્પર્ધી સુશીલ ગુપ્તાએ ગુરૂવારે મતદારક્ષેત્રમાંથી ઉમેદવારીપત્ર પણ ભર્યું હતું અને ૧૬૯ કરોડની સંપતિ જાહેર કરી હતી.

નવીન જિંદાલ દેશની અગ્રણી સ્ટીલ કંપની જિંદાલ સ્ટીલ એન્ડ પાવરના ચેરમેન છે. તેઓ ઉમેદવારીપત્ર ભરવા ગયા ત્યારે તેમની સાથે મુખ્યમંત્રી નયબસિંહ સૈની હતા. અમેરિકાના ડલ્લાસ ખાતેની યુનિવર્સિટી ઓફ ટેકસાસમાંથી એમબીએ થયેલા જિંદાલે જાહેર કર્યું હતું કે તેમની અને તેમની પત્ની પાસે રૂા.૪૦ કરોડથી વધુની કિંમતનું સોનું અને અન્ય ઘરેણાં છે. ચૂંટણી એફીડેવીટમાં જિંદાલે જણાવ્યું હતું કે તેમની જંગમ સંપતિ આશરે રૂા.૮૮૬ કરોડ અને તેમની પત્નીની જંગમ સંપતિ આશરે રૂા.૧૧૪ કરોડ છે. તેમની સ્થાવર મિલકતોમાં ઉતરપ્રદેશના દાદરીમાં ૧૬૨૮ હેકટરની ખેતીની જમીન તથા ૫૦૫૮ ચોરસ ફુટની બિનખેતીની જમીનનો સમાવેશ થાય છે. આ જમીન આશરે રૂા.૧૧ કરોડની છે. તેમની માથે રૂા.૬.૯૪ કરોડની નાણાકીય જવાબદારી પણ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે તેમની કુલ આવક રૂા.૭૪.૮૩ કરોડ છે. માર્ચમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા જિંદાલ ૨૦૦૪થી ૨૦૧૪ વચ્ચે કુરુક્ષેત્રના સાંસદ હતાં.

હાલ અમેરિકામાં જેના મોતને લઈને અફવા ઉડી હતી

લોરેન્સના રાઈટ હેન્ડ ગોલ્ડી બ્રાર ગુજરાતના ઘણા કેસમાં વોન્ટેડ

એટીએસ દ્વારા પકડવામાં આવેલા ડ્રગ્સ કન્સાઈનમેન્ટ લોરેન્સના ઈશારે ગોલ્ડી બ્રારે મંગાવ્યા હતા : સિદ્ધુ મુઝેવાલા મર્ડરમાં માસ્ટર માઈન્ડ ગણાય છે બ્રાર

અમદાવાદ,તા.૩

સલમાન ખાનના ઘર પર ફાયરિંગ કરાવનાર લોરેન્સ બિશ્નોઈનો રાઈટ હેન્ડ એટલે ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર, જે હાલ વિદેશમાં છે. બે દિવસથી ગોલ્ડી બ્રારની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હોવાની ચર્ચાઓ જોર પકડ્યું છે. બીજી તરફ, અમેરિકાની પોલીસ ગોલ્ડીની હત્યા થઇ ન હોવાનું જણાવી રહી છે. આ તમામ બાબતો વચ્ચે ગુજરાત એટીએસના ચોપડે ગોલ્ડી બ્રાર ઘણા કેસમાં વોન્ટેડ છે.

ગોલ્ડી બ્રાર પંજાબના મુક્તસર સાહિબનો વતની છે. વર્ષોથી તે બિશ્નોઈ ગેંગ સાથે જોડાઈ ગયો હતો. ભારત સરકારે તેને પણ આતંકવાદી જાહેર કરી દીધો છે. ગોલ્ડી વર્ષોથી વિદેશમાં રહીને લોરેન્સ માટે કામ કરી રહ્યો છે. થોડા વર્ષો પહેલાં જ પંજાબના ગાયક સિદ્ધુ મુસેવાલની હત્યા કેસમાં પણ બિશ્નોઈ ગેંગના ગોલ્ડી બ્રારની સીધી સંડોવણી સામે આવી હતી.

હાલમાં જ સલમાન ખાનના ઘર પર બાઈક સવાર બે યુવાનોએ ફાયરિંગ કર્યું હતું. જે પૈકી એક હુમલાખોરે તો પોલીસ કસ્ટડીમાં આપઘાત પણ કરી લીધો છે. હવે આ તમામ ઘટનામાં લોરેન્સ બિશ્નોઈનો સૌથી અંગત ગોલ્ડી બ્રાર જ હાલ તેની ગેંગ હેન્ડલ કરી રહ્યો છે. હવે ગોલ્ડીની હત્યાના સમાચારને લઈને જુદી જુદી વાતો વહેતી થઈ રહી છે. થોડા સમય પહેલાં જ અમદાવાદ એટીએસના એસીપી ભાવેશ રોજિયા દ્વારા પકડવામાં આવેલા મોટા ડ્રગ્સ કન્સાઈન્મેન્ટમાં ગોલ્ડી બ્રારની સીધી સંડોવણી હોવાનું સામે આવતાં તેના વિરુદ્ધ પણ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જોકે, ગોલ્ડી વિદેશ હોવાથી તપાસ અટકી ગઈ હતી. આ ઉપરાંત પણ ગુજરાતમાં ઘણી જગ્યાએ ગોલ્ડી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

અમુક સ્થિતિએ ગુસ્સામાં આકરા વેણ 'હ્યુમન સાયકોલોજી'

લટકી જાવ....કહેવુ ઉશ્કેરણી નથી:આત્મહત્યા માટે પ્રેરિત કર્યાનું ન કહેવાય

બેંગ્લોરૂ તા.૩

કર્ણાટક હાઈકોર્ટે જણાવ્યું છે કે 'ગો હેંગ યોર સેલ્ફ એટલે કે જાવ' ફાંસી પર લટકી જાવ' એવુ કહેવુ આત્મહત્યા માટે ઉશ્કેરણી કરી હોવાનું કહી શકાય નહીં.ઉડુપીના એક ચર્ચનાં પાદરીની આત્મહત્યાનાં કેસની સુનાવણી વખતે કોર્ટે આવી ટીપ્પણી કરી હતી.

કેસની વિગત અનુસાર કોર્ટમાં અરજી કરનાર પર પાદરીને 'ગો હેંગ યોર સેલ્ફ' કહીને આત્મહત્યા માટે ઉશ્કેર્યો હોવાનો આરોપ હતો. બચાવ પક્ષે જણાવ્યું હતું કે અરજદારને તેની પત્નિ અને પાદરી વચ્ચે અનૈતિક સંબંધો હોવાની જાણ થઈ હતી. તેને લીધે ગુસ્સામાં આવીને વ્યકિતએ પાદરીને આવા શબ્દો કહ્યા હતા. અરજદારે કહ્યું હતું કે પાદરીએ આત્મહત્યાનો નિર્ણય મારા શબ્દોને કારણે નહિં લોકોને તેના કથીત સબંધની જાણ થવાને કારણે લીધો હતો.

પાદરીનો પક્ષ રજુ કરનાર વકીલે જણાવ્યું હતું કે આરોપીએ લોકો સામે સમગ્ર ઘટના જાહેર કરવાની ધમકી આપીને (પાદરી) ને આત્મહત્યા કરવા જણાવ્યું હતું. કોર્ટે સુનાવણી વખતે જણાવ્યું હતું કે માત્ર 'આવા નિવેદનો આત્મહત્યા જેવા મોટા પગલાનું કારણ બની શકે નહીં' 'કોર્ટે ગો હેંગ યોરસેલ્ફ'શબ્દોને ઉશ્કેરણીની કેટેગરીમાં મુકવાનો ઈન્કાર કર્યો હતો અને આત્મહત્યા માટે ઘણા કારણોને જવાબદાર ઠેરવ્યા હતા. જેમાં સૌથી મોટુ કારણ એક પાદરી હોવા છતાં અનૈતિક સંબંધોમાં સંડોવણીને ગણાવ્યું હતું. કોર્ટે ભારપુર્વક જણાવ્યું હતું કે 'ફરીયાદી જે સ્થિતિમાં હતો તેમાં આવા વાકયો બોલવા હ્યુમન સાઈકોલોજીનો ભાગ છે એટલે 'ગે હેંગ યોર સેલ્ફ'ને આત્મહત્યાનું કારણ માની શકાય નહીં' કોર્ટે તમામ બાબતોને ધ્યાનમાં લીધા પછી કેસને રદ કર્યો હતો.

કર્ણાટક હાઈકોર્ટની મહત્વની ટીપ્પણી : પાદરીનાં આપઘાત કેસમાં આરોપીને રાહત આપી

કેસની સુનાવણી કરતાં જસ્ટીસ એમ નાગપ્રસન્નાએ જણાવ્યું કે, આરોપીએ પોતાની નારાજગીને કારણે કહ્યું હતું કે, ગો હેંગ યોર સેલ્ફ એનો અર્થ એ નથી કે તેની સામે આઈપીસીની કલમ ૧૦૭ અને ૩૦૬ હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરણી બદલ કેસ દાખલ થાય.અરજદાર પર પાદરીને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ હતો. પાદરી ઉડુપી જીલ્લાની સ્કુલમાં પ્રિન્સીપાલ પણ હતા.અરજદારે પાદરીને કહ્યુ હતું કે તમારે ખુદને ફાંસી પર લટકાવવી પડશે. કારણ તેની પત્નિ પણ ખુદને લટકાવીને હત્યા કરવા જઈ રહી છે.ત્યારબાદ ૧૧ ઓકટોબર, ૨૦૧૯ ની રાત્રે પાદરીએ પોતાના ઘરમાં ફાંસી લગાવી આત્મહત્યા કરી હતી.

સુવિચાર

જિંદગીની યાદોમાં એ યાદને હંમેશા યાદ રાખવી, જે યાદોને યાદ કરવાથી, આ જિંદગી યાદગાર બનતી હોય

આજનું ચિંતન

ડરી જનારો માણસ હારી જાય છે

દરેક શરીરને એક કાળો પડછાયો હોય છે એ જેમ વાસ્તવિકતા છે તેમ દરેક મન પાસે ભયનો એકાદ નકારાત્મક વિચાર હોય છે એ ય વાસ્તવિકતા છે.

આમાં પાછી કમાલની વાત તો એ છે કે ક્રોધ જેમ બહુધા ભૂતકાળ આધારિત હોય છે તેમ ભય બહુધા ભવિષ્યકાળ આધારિત હોય છે.

આ થઈ શું ગયું ?

આ વિચાર જો ક્રોધ માટે નિમિત્ત બની રહે છે તો હવે થશે શું ? આ વિચાર ભય માટે નિમિત્ત બની રહે છે.

કરૂણતા એ છે કે આપણો જીવવાનું હોય છે વર્તમાનમાં અને આપણો ક્રોધથી ત્રસ્ત થતા રહીએ છીએ ન આવેલા ભવિષ્યને વર્તમાનમાં લાવીને.

યાદ રાખજે,

ભયને આધીન બનીને હાર સ્વીકારી લેવી એનો અર્થ આટલો જ છે, આપણો આત્મવિશ્વાસ ખોઈ નાખવો.

અને જ્યાં આત્મવિશ્વાસ ખોવાઈ જાય છે, ત્યાં જીવન બની જાય છે ઘઉં વિનાના ખાલી કોથળા જેવું-નથી ટકી શકતું કે નથી જામી શકતું

- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ. ('સ્પર્શ'

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૧૧, તા.૪/૫/૨૪, શનિવાર

સૂર્યોદય : ૬-૧૫, સૂર્યાસ્ત : ૭-૧૨, જૈન નવકારશી : ૭.૦૩
રાશિ : કુંભ (ગ.શ.સ.ષ), ૧૬.૩૩થી મીન (દ.ચ.ઝ.થ.)

ગૌચરના ગ્રહો
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કુંભ

શુભ ચોઘડીયા : ચલ, શુભ, લાભ, અમૃત
અશુભ ચોઘડીયા : રોગ, કાળ, ઉદ્વેગ

રાશીફળ

મેષ : જાહેર જીવનમાં આગળ વધવાની ઈચ્છા ફળવાની, નવી નોકરીની ઓફરથી દુર રહેજો, મનગમતી વ્યકિતની મુલાકાત થાય.

વૃષભ : તમારે નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરવી, ભાગીદારોને સહકાર દેવો, આવકનું પ્રમાણ જળવાઈ રહે, ખર્ચ ઉપર કાબુ રાખવો.

મિથુન : આરોગ્ય બાબત સતર્કતા રાખવી, રાત્રી ઉજાગરાથી દુર રહેજો, આર્થિક પ્રશ્નો દુર થવાના, સ્થાનફેરની ઈચ્છા ફળે.

કર્ક : અંગત પ્રશ્નોથી ટેન્શન રહે, મનગમતી નોકરી મેળવવાના પ્રયત્નો ફળવાના, રાજકારણમાં સફળતાવાળો સમય રહે.

સિંહ : આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો, નવી ખરીદી બાબત ઉતાવળ ન કરવી, મેદવૃધ્ધિથી જાળવવું, પ્રવાસ થાય.

કન્યા : નોકરીમાં પ્રમોશનના ચાન્સ, ઉત્સાહ વધે, શેરસટાથી જાળવવું, જુના કર્જના પ્રશ્નોમાં સફળતા, ઉધારીથી દુર રહેજો.

તુલા : સામાજિક સ્તરે તમારા કાર્યની પ્રશંસા થવાની, નોકરીમાં મનગમતી જગ્યા મળે, રાજકીય વ્યકિતની મુલાકાત થાય.

વૃશ્ચિક : લગ્ન ઈચ્છુકોને સફળતાવાળો દિવસ રહેવાનો, નવા આયોજનમાં કોઈની મદદ મળે, માતાનો સહકાર રહે.

ધન : વિદેશના પ્રવાસની શકયતાઓ ઉભી થાય, નવી મિત્રતા લાભદાયક રહે, સંસ્થામાં સારો હોદો મળવાનો.

મકર : નબળા વિચારોને ટાળજો, કર્જ કરવાથી દુર રહેજો, દસ્તાવેજોના કાર્યમાં કોઈ ઉતાવળ ન કરવી, શેર સટામાં જાળવવું.

કુંભ : આવક વધારવાના પ્રયત્નો ફળે, રોકાયેલા નાણા માટે આશાવાદ ફળવાનો, વિજાતીય મિત્રતા ગાઢ બને.

મીન : વિદેશ વસતા સગા સ્નેહીઓ તરફથી શુભેચ્છા સંદેશો મેળવશો, સગાઈ-લગ્નની ઈચ્છામાં સફળતા.

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



આડી ચાવી

૧. એરહોસ્ટેસ (૫)
૪. માલ લઇ જતી ટ્રેન (૪)
૬. વનમાં રહેનારા (૪)
૭. મેંગોનો રસ (૪)
૮. ભૂલી ન શકાય તેવું (૪)
૧૦. નહાવા-કપડા ધોવાનો હોય (૨)
૧૧. ભાત (૩)
૧૨. કેન્દ્ર-અંગ્રેજી (૩)
૧૩. અંત (૨)
૧૪. એક કાળુ પક્ષી (૩)
૧૭. જલાબાપાની જગા (૪)
૨૦. એ કાપીને ઉદઘાટન થાય (૩)
૨૨. રાતે જાગનારા (૪)
૨૪. હોલી ડે (૨)
૨૬. નજરે ન ચડતી ધુળ (૨)
૨૭. યોજના (૨)
૨૮. રમેશ રમણીકનું ટુંકુ (૨)
૨૯. ફુટ (૨)
૩૦. રજાનો દિવસ (૪)
૩૧. ભોજનની થાળી (૨)

ઉભી ચાવી

૧. માર્ગ, રસ્તો (૨)
૨. કાંઠા પરનો ધમધમાટ (૫)
૩. ઘસવાનું સાધન (૩)
૪. માસીનો દીકરો ભાઇ (૪)
૫. ડ્રીસ્ટ્રીબ્યુટરશીપ પછીની પોસ્ટ (૫)
૭. એક હિલ સ્ટેશન (૨)
૯. મનોજકુમારની ફિલ્મ (૫)
૧૦. ...ને ઘેર પરોણો ... (૨)
૧૨. બે બ્રેડ વચ્ચે સબ્જી (૪)
૧૫. ...સ્ટેમ્પ (૩)
૧૬. પૈસા વધારતો છોડ (૪)
૧૮. એક જ અક્ષર આવશે (૪)
૧૯. આડી ચાવી નં. ૨૮ મુજબ (૨)
૨૧. પેશ કરાતી ગીફ્ટ (૪)
૨૩. શોલે પછી સિપ્પીનું સર્જન (૨)
૨૫. એક મુસ્લિમ નામ (૩)

મ	હે	ન્દ્ર	સિં	હ	ધો	ની		ચા	ચા
નો			હ		ધ		સ	લા	હ
મ	ગ			સ	મા	લો	ચ	ક	
ન		ને		બ	ર	ફ			સા
		ક	બ			ર	જ	વા	ડી
ક	રી	ના	ક	પુ	ર		ગ	ત	
દ		મ				સ	જા		મા
મ	ઝા		એ	આ	ર	ર	હે	મા	ન
પો		કા	ન		મ	કા	ર		હા
શી	ર		ક	મ	ત	ર		સા	ની

સાંજ સમાચાર

દેશ - વિદેશના સચોટ સમાચાર
ઝડપથી વાંચવા માટે
આજે જ ડાઉનલોડ કરો
સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

(એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો)

(સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો)

96622 96699

(વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો)

રાજકોટમાં લોકસભા ચૂંટણીનો અંતિમ પડાવ ચરમસીમાએ

‘જાગો લેઉવા પટેલો જાગો’ પત્રિકા વાયરલ કરનાર ચાર કોંગ્રેસીઓની ધરપકડ

લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ અને વૈમન્યસ્ય ઉભું થાય તેવી પત્રિકા જાહેરમાં વેંચી સોશ્યલ મીડિયામાં વાયરલ કરવામાં આવી હતી

શહેર વોર્ડ નં.૧૧ માં ભાજપ પ્રમુખ મહેશભાઈ પિપરિયાએ કોંગ્રેસી કાર્યકર કેતન તાળા, પ્રકાશ વેજપરા, વિપુલ તારપરા, દિપ ભંડેરી તેમજ પત્રિકા તૈયાર કરનાર અજાણ્યાં શખ્સો વિરૂદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી

અલગ-અલગ દસથી વધુ મુદા સાથેની પત્રિકાઓ શહેરી વિસ્તાર સહિત ગામડાઓમાં પણ ફેરવવામાં આવી હતીઃ ભાજપ ઉમેદવાર વિરૂદ્ધ મતદાન કરવાનો ઉલ્લેખ

રાજકોટ. તા.૩

રાજકોટમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પ્રસાર અંતિમ પડાવમાં પહોંચ્યો છે ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ અને વૈમન્યસ્ય ઉભું કરવાં પત્રીકા જાહેરમાં વેંચી સોશીયલ મીડિયામાં વાયરલ કરનાર ચાર કોંગ્રેસી કાર્યકર સામે તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાયા બાદ મોડી રાત્રે ક્રાઇમ ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અને ચારેય કોંગ્રેસી કાર્યકરની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં મવડીમાં ગાયત્રીપાર્કમાં સંસ્કાર સીટીની પાસે રહેતાં મહેશભાઈ રવજીભાઈ પીપરીયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કેતન વાળા, પ્રકાશ વેજપરા, વિપુલ તારપરા, દિપ ભંડેરી તેમજ પત્રિકા તૈયાર કરનાર અજાણ્યાં શખ્સોના નામ આપતાં તાલુકા પોલીસે આઇપીસી ૧૫૩(એ), ૧૮૮,૧૧૪ અને લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. બાદમાં મોડીરાતે ક્રાઇમ બ્રાન્ચની ટીમે તમામ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ હડમતાળામાં કારખાનું ધરાવે છે અને શહેર વોર્ડ નં.૧૧ માં ભાજપ પ્રમુખ તરીકે સેવા આપે છે.

ગઇ તા.૦૧/૦૫/૨૦૨૪ના રાત્રીના દોઢેક વાગ્યાની આસપાસ તેઓ ઘરે હતાં ત્યારે તેમના મિત્ર અને કિશાન મોરચા વોર્ડ નં.૧૧ ના મહામંત્રી રાજુભાઈ ડાંગરીયાનો ફોન આવેલ કે, તેઓ રાજદિપ સોસાયટીમાંથી પસાર થતા હતાં ત્યારે જોવામાં આવેલ કે, કેતનભાઈ તાળા, પ્રકાશ વેજપરા, વિપુલ ભાઈ તારપરા, દિપ ભંડેરી રાજદિપ સોસાયટીમાં ઘરે-ઘરે પત્રીકાઓ નાખતા હતાં.

બાદમાં તેઓએ પત્રીકા લઇ વાંચતા તેમાં લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ થાય તેવા લખાણ લખેલા છે તેવો ફોન આવતા ફરિયાદીએ ઝબ્રૂ મળવા બોલાવતા રાજુભાઈ બાપસીતારામ ચોક રીયલ પ્રાઇમ એપાર્ટમેન્ટ પાસે ભેગા થયેલા અને પ્રત્રિકા આપતા જેમાં જય સરદાર જય માં ખોડલ જાગો લેઉવા પટેલો જાગો તેવા શીર્ષક હેઠળ પત્રીકામાં લેઉવા પટેલ અ ને કડવા પટેલ વચ્ચે વૈમનસ્ય ઉદભવ થાય તથા બંને સમાજો વચ્ચે મતભેદ ઉત્પન થાય તેવું લખેલ હતું. જેમાં અલગ અલગ દસ મુદ્દાઓ ટાંકી વૈમનસ્ય ઉભું કરવાનો પ્રયાસ કર્યો હતો.

જેથી કેતન તાળા, પ્રકાશ વેજપરા, વિપુલભાઇ તારપરા, દિપ ભંડેરી અને પત્રીકા તૈયાર કરનાર શખ્સોએ આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ ના યોજાનાર લોકસભાની ચુંટણીનો પ્રચાર હાલ ચાલી રહેલ હોઇ તે દરમ્યાન લેઉવા પટેલ સમાજ અને કડવા પટેલ સમાજ વચ્ચે વૈમનસ્ય ઉદભવ થાય તેમજ બંને સમાજો વચ્ચે મતભેદ ઉત્પન થાય તેવા લખાણ વાળી પ્રિન્ટર કે પ્રકાશકના નામ વગરની પત્રીકા લોકોમાં વહેચી તેમજ સોશીયલ મીડીયામાં વાયરલ કરી કલેકટરના જાહેરનામાનો ભંગ કરેલ હોય જથી આરોપીઓ સામે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગેની ફરીયાદ પર અને બનાવની ગંભીરતા પારખી ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા સહિતની ટીમે મોડીરાતે ચારેય કોંગ્રેસી કાર્યકરની ધરપકડ કરી સઘન પૂછપરછ હાથ ધરી હતી.

મોડીરાતે ક્રાઇમ ડીસીપી ડો.પાર્થરાજસિંહ ગોહિલ અને ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા અને ટીમે દોડી જઈ ચારેયને ઉઠાવી પૂછતાછ આદરી

પત્રિકામાં વાયરલ કરેલ મુદ્દા

(૧) આ મતદાન અને વિજેતા ઉમેદવાર ઉપરથી નકિક થાય છે કે ભુતકાળમાં રાજકોટ લોકસભાની સીટ હંમેશા લેઉવા પટેલની જ સીટ રહેલ છે તો પછી પ્રશ્ન એ છે કે શા માટે ભાજપે લેઉવા પટેલની આ પરંપરાગત સીટ કે જયાં લેઉવા પટેલનુ મતદાન વધારે તે કડવા પટેલને સર્મપીત કરી દીધી

(૨) અત્યાર સુધી તો ઠીક પણ આ વખતે તો ભાજપે એવા ઉમેદવારને મેદાનમા ઉતાર્યા છે જે લેઉવા પટેલ સમાજના કટ્ટર વિરોધી છે અત્યાર સુધીનો ઈતિહાસ જોઇલો

(૩) અત્યારના રાજકોટ લોકસભાના ઉમેદવાર ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ હતા ત્યારે તેમણે જુનાગઢમા ભાજપના એક કાર્યક્રમમાં લેઉવા પટેલને ગોધરીયા કહ્યા હતા

(૪) રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવારે ૨૦૧૨ માં લેઉવા પટેલ સમાજના હૃદય સમ્રાટ કેશુભાઇ પટેલને ભાદરવાનો ભીંડો કહિને અપમાનીત કર્યા હતા

(૫) ૨૦૧૫ મા પાટીદાર અનામત આંદોલન વખતે પટેલોને ઘરમાંથી કાઢી કાઢીને માર્યા હતા અને તેનો સૌથી વધુ ભોગ લેઉવા પટેલ સમાજ બન્યો છે

(૬) જયારે આપણા સમાજની દિકરી આનંદીબેન પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ તેને ઉતારવા માટેનુ પડયંત્ર પણ આ રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવારના સમાજે ઘડીયુ હતું અને લેઉવા પટેલને હાથો બનાવી આપણી પાસે આપણા સમાજની જ દિકરીનો ભોગ લેવડાવ્યો હતો

(૭) આપણે બે-બે વખત રાજકોટ લોકસભાની સીટ ઉપર કડવા પટેલના ઉમેદવાર મોહનભાઇ કુંડારીયાને સપોર્ટ આપીને જીતાડીયા છે અને આ વખતે રાજકોટ લોકસભાની સીટ ઉપર આપણા લેઉવા પટેલના ઉમેદવાર પરેશભાઈ ધાનાણી લડી રહ્યા છે તો શું આપણા ઉમેદવારને કડવા પટેલ સમાજ સર્પોર્ટ કરશે ખરા ? ખાત્રી છે કે નહિ જ કરે તો જાગો લેઉવા પટેલો અને પરેશભાઈ ધાનાણીને સપોર્ટ કરો

(૮) અત્યારે રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર છે તે સમાજના લોકો તેવુ અભિમાન કરે છે કે આપણે સામાજીક તેમ જ રાજકિય રીતે સંગઠીત રહેવામા તેનાથી ૫૦ વર્ષ પાછળ છીએ તો લેઉવા પટેલ સમાજની એકતા બતાવવાનો સમય આવી ગયેલ છે

(૯) જયારે લેઉવા પટેલ સમાજના મતની જરૂરીયાત હોય ત્યારે લેઉવા કડવા એક છીએ તેવી વાતો કરતા આ લોકો ભુતકાળમા આપણને નાથદ્વારામાં સમાજના રૂમ પણ આપતા નહી

(૧૦) બે દાયકા પછી રાજકોટ લોકસભા સીટ ઉપર લેઉવા પટેલ ઉમેદવાર ચુંટણી લડી રહયા છે તો આપણને સુવર્ણ તક મળી છે કે આ રાજકોટ લોકસભા સીટને ફરી પાછી લેઉવા પટેલની પરંપરાગત સીટ બનાવીએ વિગેરે લખાણ પત્રીકામાં લખેલ હતું.

ગઈકાલે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, જયમીન ઠાકર સહિતના આગેવાનોએ પોલીસ કમિશ્નરને પણ રજુઆત કરી હતી

રાજકોટ. તા.૩

લેઉઆ પટેલ અને કડવા પટેલ વચ્ચે વૈમન્યસ્ય ઊભું થાય તેવી જાગો લેઉવા પટેલો જાગો નામની પત્રિકા વેંચી તેમજ સોશિયલ મિડિયામાં વાયરલ કરવા મામલે સ્થાનિક ભાજપ આગેવાનોને ધ્યાને આવતાં હાઈકમાન્ડને જાણ કરી હતી. જે બાદ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહાનગરપાલીકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર સહિતના આગેવાનોએ પોલીસ કમિશ્નર પાસે દોડી ગયાં હતાં અને લેઉઆ પટેલ અને કડવા પટેલ વચ્ચે વૈમન્યસ્ય ઉભું કરવાનું કારસ્તાન કરનાર શખ્સો સામે તાત્કાલિક કાર્યવાહી કરવા ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

સમાજમાં ભાગલા પડાવવાના ‘ખેલ’ નાખવાની ભાજપની આદત

પત્રિકા વિવાદઃ ભાજપનું જ ષડયંત્ર; કોંગ્રેસને બદનામ કરવાનો હીન પ્રયાસ

કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટનો આરોપઃ ખોડલધામ સાથે સંકળાયેલા યુવાનોને મધરાતે ઉઠાવીને પોલીસ પાસે સત્તાનો દુરૂપયોગ કરાવાયોઃ કોંગ્રેસ તમામ વર્ગ-સમાજને સાથે રાખીને જ ચાલે છે

રાજકોટ, તા.૩

લોકસભાના ચૂંટણી મતદાનને આડે માંડ ચાર દિવસ બાકી છે અને રાજકીય પક્ષોનો પ્રચાર પરાકાષ્ટાએ છે ત્યારે પાટીદાર સંબંધિત વિવાદાસ્પદ પત્રિકા ફરતી થતાં નવો રાજકીય વિવાદ સર્જાયો છે. આ મામલે ભાજપ દ્વારા ફરિયાદ કરવામાં આવી છે તો સામે કોંગ્રેસ આ આખુ ષડયંત્રનું ભાજપનો હોવાનો દાવો કર્યો છે અને કોંગ્રેસ તથા ખોડલધામને બદનામ કરવાનો હીન પ્રયાસ હોવાનો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટે જણાવ્યું હતું કે રાજકોટની બેઠક પર વર્ષોથી લેઉવા પાટીદાર સમાજના નેતા ચૂંટાતા આવ્યા છે. લેઉના પાટિદારોની વસ્તી વધુ હોવાને કારણે સમાજ સ્વાભાવિક રીતે પોતાના સમાજના નેતાનું પ્રભુત્વ રહે તેવી લાગણી ધરાવતો હોય છે. આ વખતે ભાજપના ઉમેદવાર કડવા પાટીદાર છે એટલે ભાજપના જ નારાજ નેતાઓએ પેજ પ્રમુખો મારફત નામ-ઠામ વગરની પત્રિકાઓ ફરતી કરીને કોંગ્રેસને બદનામ કરવાનું કાવતરૂ ઘડયું હોવાની શંકા છે. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી લેઉવા પટેલ સમાજના છે એટલે તેમના તરફ જ આંગળી ચિંધાઇ તેવી હકીકતથી વાકેફ ભાજપે જ પડયંત્ર રચ્યું છે. લેઉવા પાટીદાર યુવાનો ખોડલધામ સાથે સંકળાયેલા હોવાનુ સ્વાભાવિક છે એટલે લેઉવા પટેલ સમાજની સૌથી મોટી સંસ્થા-સંગઠનને પણ બદનામ કરવાનો આ હીન પ્રયાસ છે.

ભાજપ પર પ્રહાર કરતાં નિદત બારોટે જણાવ્યું હતું કે ભાગલા પડાવવા અને રાજનીતિ કરવા તે ભાજપની પરંપરા અને સિદ્ધાંત છે. ભાજપના કહેવાથી જ લેઉવા પટેલ યુવાનોની અડધી રાત્રે ઘરેથી ઉપાડીને ધરપકડ કરવામાં આવી છે. મુક્ત અને ન્યાયી ચૂંટણીના પ્રયાસ વચ્ચે પોલીસતંત્રનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે.

તેઓએ કહ્યું કે કોંગ્રેસ ક્યારેય ધર્મ-નીતિના આધારે ચૂંટણી લડતી નથી. તમામ ધર્મ-કોમ-સમુદાયને સાથે રાખવાનો કોંગ્રેસનો મુળભૂત સિદ્ધાંત છે અને પાર્ટી તેમાં ક્યારેય બાધછોડ કરતી નથી. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી મહિલાઓના સ્વાભિમાનને બચાવવા માટે સ્વાભિમાનની લડાઇ લડવા રાજકોટ આવ્યા છે. કોંગ્રેસ પહેલેથી જ સદ્‌ભાવનાની રાજનીતિ કરે છે. સમાજમાં ભાગલા પડાવવાની ભાજપની નીતિરીતિ છે અને વિવાદિત પત્રિકામાં ભાજપનો જ હાથ છે. ભાજપની આ નીતિ તંદુરસ્ત રાજકીય લડાઇની વિપરિત છે. લોકો પણ તેનાથી વાકેફ થવા લાગ્યા છે. લેઉવા પટેલ સમાજમાં પણ રોષ છે અને આગામી ૭મીએ યોજનારા મતદાનમાં લેઉવા પટેલ સમાજના મતદારો ભાજપ સરકાર તથા પોલીસની નીતિથી ઉશ્કેરાઇને મતથી તેનો જવાબ આપવા જંગી માત્રામાં મતદાન કરશે તેવો વિશ્વાસ છે.

પત્રિકા કાંડઃ કોંગ્રેસે માનસિકતા છતી કરીઃ ભરત બોઘરાનું નિવેદન

મુદ્દા વગરનો વિપક્ષ વૈમનસ્ય ઉભા કરાવે છેઃ ભાજપ ઉપપ્રમુખ

રાજકોટ, તા.૩

રાજકોટમાં કડવા અને લેઉવા પટેલો વચ્ચે વૈમનસ્ય સર્જાય એવી પત્રિકા વાઇરલ કરવાના કેસમાં પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો. ભરત બોઘરાએ કોંગ્રેસની માનસિકતા છતી થયાનો પ્રતિભાવ આપ્યો છે. ડો. બોઘરાએ આ મામલે જણાવ્યું હતું કે, કોંગ્રેસે તુષ્ટિકરણની રાજનીતિ કરી છે અને તેની માનસિકતા પણ છતી કરી છે. આ પત્રિકાથી વૈમનસ્ય સર્જવાનો પ્રયાસ કર્યો છે. વિપક્ષ પાસે હાલ કોઇ મુદા નથી અને નીતિ પણ નથી. આ રીતે કોંગ્રેસ જ્ઞાતિ વચ્ચે વેરઝેર ઉભું કરાવે છે. જે લોકોએ ખોટું કર્યું છે એ લોકો સમાજને તોડી રહ્યા છે. અમારી પાર્ટિને ડેમેજ કરી રહ્યા છે. આ કેસમાં કાયદેસર કાર્યવાહી ચાલું છે અને જે જવાબદાર હશે તેને ભોગવવું પડશે એ નક્કી છે.

ક્ષત્રિયોના ધર્મરથની પૂર્ણાહુતિઃ ખોડલધામમાં ભવ્ય સ્વાગતઃ હવે સર્વત્ર ભાજિપ વિરોધી ઝુંબેશ

પાટીદારનો ‘પ’ અને ક્ષત્રિયનો ‘ક્ષ’ ભેગા થાય તો નવો પક્ષ બની જાયઃ પી.ટી. જાડેજા

રાજકોટ, તા.૩

પરસોતમ રૂપાલા સામે રાજ્યભરમાં આંદોલન છેડનાર ક્ષત્રિય સમાજના ધર્મરથની ગઇકાલે ખોડલધામ ખાતે પૂર્ણાહુતિ થઇ હતી અને ગઇકાલે આ રથ જ્યારે ખોડલધામ ખાતે પહોંચ્યો ત્યારે પાટીદારો અને ખોડલધામનાં ટ્રસ્ટીએ ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. આથી ક્ષત્રિય સમાજના અગ્રણી પી.ટી. જાડેજાએ આ તકે પાટીદાર સમાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ તકે પી.ટી. જાડે જાએ જણાવેલ હતું કે, હવે સર્વત્ર બેવડા જોશથી ભાજપ વિરોધી મતદાન કરવાની ઝુંબેશ છેડાશે. ખાસ કરીને મતદાન અગાઉના ત્રણ દિવસ સુધી દરેક તાલુકા અને ગ્રામ્ય મથકે ક્ષત્રિયોની ટીમો દરેક સમાજને રાખી ભાજપ વિરુધ્ધ મતદાન કરવા લોકોને જાગૃત કરવામાં આવશે.

ખોડલધામ ખાતે પાટીદાર સમાજે ધર્મરથનું જે રીતે સ્વાગત કર્યું તેનાથી પ્રભાવિત થતાં ક્ષત્રિય અગ્રણી પી.ટી. જાડેજાએ જણાવેલ હતું કે, આ સ્વાગત જ એ પ્રમાણપત્ર છે કે, પાટીદાર સમાજ ક્ષત્રિયોની સાથે છે. પી.ટી. જાડેજાએ એવું પણ જણાવેલ હતું કે, પાટીદારનો ‘પ’ અને ક્ષત્રિયોનો ‘ક્ષ’ ભેગા થઇ જાય તો એક નવો પક્ષ બની જાય.

લે...બોલોઃ અમરેલીમાં કોંગ્રેસની પત્રિકા વહેંચતી મહિલા જ ઉમેદવારને ઓળખી ન શકી

પૈસા આપી પત્રિકા વિતરણ કરવાનો ભાજપ કાર્યકરોનો આક્ષેપ

રાજકોટ,તા.૩

લોકસભા ચૂંટણી અને વિવાદો જાણે એકબીજાના પર્યાય હોય તેવું લાગી રહ્યું છે. કોઈ પણ ઉમેદવાર પોતાના વિરોધી ઉમેદવારની ભૂલો કાઢવા તૈયાર જ હોય છે. ત્યારે અમરેલી લોકસભા બેઠક જ્યાં કોંગ્રેસે મહિલા ઉમેદવાર જેની ઠુમ્મરને મેદાને ઉતાર્યા છે ત્યાં હવે કોંગ્રેસ દ્વારા જેનીબેનના પ્રચારમાં પેમ્ફલેટ વિતરણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે અમરેલીમાં જે મહિલાઓ પેમ્ફલેટ વિતરણ કરવા માટે નીકળી હતી. તેમને જેની ઠુમ્મર અને તેમના પિતા વિરજી ઠુમ્મર વિશે પૂછવામાં આવ્યું હતું. ત્યારે તે મહિલાઓ જે ઉમેદવારના પ્રચારમાં પત્રિકા વહેંચી રહી હતી તે ઉમેદવારને જ ના ઓળખતી હોય તેવું જોવા મળ્યું હતું. જેનો વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ વિડિયોમાં મહિલાઓ કહી રહી છે કે, જ્યારે તમે ખેતરે મજૂરી કરવા માટે જાવ છો તો તમને ખેતર કોનું છે તેનાથી કોઈ સબંધ હોતો નથી. તેમજ કોંગ્રેસના પ્રચાર માટે અમે પત્રિકા વહેંચી રહ્યા છીએ તેમાં ઉમેદવાર કોણ છે તેનાથી અમને કોઈ સબંધ નથી.

અમરેલીના શિવાજી ચોકમાં કોંગ્રેસના ઉમેદવાર જેનીબેનના પ્રચારમાં પત્રિકાઓ વહેંચવામાં આવી રહી હતી. જેમાં કોંગ્રેસ દ્વારા પૈસા આપીને મહિલાઓ દ્વારા પત્રિકા વિતરણ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ભાજપના કાર્યકર દ્વારા આ મામલે વિરોધ કરવામાં આવી રહ્યો હતો. અને કોંગ્રેસના પત્રિકા વિતરણ કરતી મહિલાઓએ મહેનતાણું લઈને પત્રિકા વિતરણ કરતી હોવાનો સ્વીકાર કરતો વિડીયો પણ સામે આવ્યો હતો.

પત્રિકાકાંડમાં નિર્દોષને ફીટ કરાયાઃ કોંગ્રેસની રજુઆત લેઉવા તથા કડવા પાટીદારો વચ્ચે વૈમનસ્ય ઉભું થાય તેવી પત્રિકા ફરતી થવાની ઘટનામાં ભાજપની ફરિયાદ બાદ પોલીસે તાબડતોડ કોંગ્રેસના ચાર કાર્યકરોની ધરપકડ કરી હતી તેને પગલે કોંગ્રેસ આગેવાનો પોલીસ કમિશ્નર સમક્ષ ધસી ગયા હતા. ભાજપના ઇશારે અને કોઇ પુરાવા વિના નિર્દોષ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હોવાની રજુઆત કરી હતી. કોંગ્રેસ અગ્રણી મહેશ રાજપુતે વાતચીતમાં કહ્યું કે પોલીસ કમિશ્નરે રજુઆત સાંભળી હતી અને યોગ્ય કરવાની બાહેંધરી આપી હતી.

મસાલા-વેફર બાદ અથાણાની સીઝનઃ યાર્ડમાં કેરી, ગુંદાની આવક

રાજકોટ, તા.૩

ઉનાળાની શરૂઆત સાથે મસાલા અને વેફરની સીઝન પણ શરુ થઇ જાય છે. આ સમયે લોકો બારેમાસનો મસાલો અને ઘઉંની ખરીદી કરે છે ત્યારબાદ વેફર બનાવે છે જેના માટે બહોળા પ્રમાણમાં બટેટાની ખરીદી થાય છે અને હવે અથાણાની સીઝન શરુ થઇ છે. યાર્ડમાં કાચી કેરીની આવક ચાલુ થઇ ચૂકી છે. હજુ શરૂઆતી દિવસો હોવાથી ખરીદી મંદગતિએ થઇ રહી છે. પરંતુ આગામી દિવસોમાં બહોળા પ્રમાણમાં ખરીદી શરૂ થશે.

હાલ યાર્ડમાં વલસાડથી કેરીની આવક થઇ રહી છે. યાર્ડમાં કેરીના નાના ફળની આવક થઇ છે. આગામી ૧૫ દિવસ બાદ મોટા ફળ પુષ્કળ પ્રમાણમાં આવશે. આ ઉપરાંત કેરી સાથે ગુંદા, ગરમરની આવક થઇ રહી છે. કેરીની સીઝન શરુ થતાં જ લોકો વિવિધ પ્રકારના અથાણા બનાવવાનું શરૂ કરી દે છે. જેમાં પહેલા નંબરે રાજાપુરી, તોતા, બદામી અને દેશી કેરીની ખરીદી થાય છે. રાજાપુરી સૌથી મોંઘી હોય છે. દેશી કેરીનો ભાવ સૌથી ઓછો ૨૦ થી ૩૦ રૂ. કિલો, બદામી રૂ.૪૦ થી ૫૦ અને તોતા રૂ.૩૫ થી ૪૦ની કિલો હોલસેલ ભાવે છે. ગુજરાતમાં અથાણા પીરસવાની પરંપરા છે સાથે દરેકના ઘરમાં અચુક અથાણા તૈયાર કરાય છે. ચટાકેદાર અથાણુ તૈયાર કરવા કાચી કેરી, ગુંદા, ગરમરનો ઉપયોગ કરાય છે. જેમાં અચાર, ગોળ કેરી, મુરબ્બો જેવા અથાણા તૈયાર કરવામાં આવે છે.

ગાંધીજીનું માન નહીં જાળવનારા નેતાઓના પક્ષ પાસે શું અપેક્ષા રાખવી

કોંગ્રેસમાં ફરી ભંગાણ : અશોક ડાંગર ભાજપમાં

પૂર્વ મેયર અને લડાયક નેતાએ ફરી વખત કેસરીયો ખેસ ધારણ કર્યો : પરસોતમભાઇ રૂપાલા સહિતના નેતાઓએ વધાવ્યા

રાજકોટ, તા. ૩

રાજકોટ કોંગ્રેસના દિગ્ગજ નેતા, પૂર્વ પ્રમુખ અને પૂર્વ મેયર અશોકભાઇ ડાંગર આજે તેમના સાથી કોંગી કાર્યકર મિત્રો સાથે રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાની હાજરીમાં ભાજપમાં જોડાઇ જતા પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા અને શહેર પ્રમુખ મુકેશ દોશીએ તેમને ખેસ પહેરાવીને આવકાર્યા હતા.

આ ઉપરાંત હરીભાઇ ડાંગર અને ભીખુભાઇ ગજેરા પણ ભાજપમાં જોડાતા તેમને આવકારવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં કોંગ્રેસના વધુ કાંકરા ખેરવી કોંગ્રેસને મૃતઃપ્રાય કરવા તેમણે સંકલ્પ જાહેર કર્યો હતો. અશોકભાઇ ડાંગરે જણાવ્યું હતું કે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની રાષ્ટ્ર વાદની વિચારધારા સાથે તેઓ સામેલ થયા છે. રામમંદિર સાથે તેમની લાગણી પણ જોડાયેલી છે. જે પાર્ટીના નેતા પૂજય મહાત્મા ગાંધીજીનું અપમાન કરતા હોય છતાં પાર્ટીમાં કાર્યરત હોય તેની પાસે શું અપેક્ષા રાખવી?

૧૯૮૩થી જાહેર જીવનમાં સક્રિય અશોકભાઇ ડાંગર બે ટર્મ કોર્પોરેટર, એક ટર્મ મેયર અને ત્રણ વખત કોંગ્રેસ પ્રમુખ રહી ચૂકયા છે. કોંગ્રેસમાં કોઇ પણ સ્થિતિ હોય ઉપર સાંભળનારૂ કે જવાબ આપનારૂ કોઇ નથી. આ સ્થિતિમાં કોંગ્રેસનું ભવિષ્ય દેખાતું નથી તેમ જણાવ્યું હતું તેઓ ખાદીગ્રામ બોર્ડમાં ડાયરેકટર પણ હતા. તેમના ભાજપ પ્રવેશ સમયે સાંસદ રામભાઇ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

પુત્રીને મળવા આવેલા યુવકે હંગામો કર્યોઃ રિસામણે બેસેલ પત્નીને ધમકી આપી તોડફોડ કરી

નાણાવટી ચોક પાસે વિતરાગ સોસાયટીનો બનાવઃ પ્રેમલગ્ન કરનાર પરિણીતા પતિના ત્રાસથી છ મહિનાથી પિતાના ઘરે રહેતી 'તીઃ ત્યાં પણ પાછળથી ધસી આવેલા પતિ જયેન્દ્ર ભટ્ટીએ દિકરીને રમાડવા નહી આપ તો તને જાનથી મારી નાખીશ ધમકી આપી દરવાજામાં લાતો મારીઃ ગાંધીગ્રામ પોલીસે આરોપીની ધરપકડ કરી

રાજકોટ.તા.૩

નાણાવટી ચોક પાસે વિતરાગ સોસાયટીમાં પુત્રીને મળવા આવેલા યુવકે હંગામો કરી રિસામણે બેસેલ પત્નીને ધમકી આપી તોડફોડ કરતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા આરોપીની પોલીસે ધરપકડ કરી હતી.

બનાવ અંગે નાણાવટી ચોક પાસે વિતરાગ સોસાયટીમાં બ્લોક નં. બી/૮ માં રહેતાં ડોલીબેન જયેંદ્રભાઇ ભટ્ટી (ઉ.વ.૨૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરંકિ જયેન્દ્ર ભાલચંદ ભટ્ટી (રહે. ચંદ્રનગર આઝાદ ટાઉનશીપ, રેલનગર) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસ મથકે તોડફોડ અને ધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ તેના પિતા અને દાદી સાથે રહે છે. તેમજ તેઓને સંતાનમાં દોઢ વર્ષની એક પુત્રી છે. તેણી ઘરકામ અને તેના પિતા વાવડીમાં આવેલ સોપારીના કારખાનામાં નોકરી કરે છે. તેણીએ અઢી વર્ષ પહેલાં જયેંદ્ર ભટ્ટી સાથે પ્રેમ લગ્ન કરેલ હતાં. બાદમાં તેણીને તેના પતિ સાથે અણબનાવ હોવાથી છેલ્લા છ મહીનાથી તેના પિતાના ઘરે રહેવા આવી ગયેલ હતી અને તેમની વિરુદ્ધ કોર્ટમાં છુટાછેડાની અરજી કરેલ છે.

ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યે તેઓ તેનાં દાદી અને પુત્રી સાથે ઘરે હાજર હતા ત્યારે તેણીના પતિ જયેંદ્ર ઘરે ધસી આવેલ અને દરવાજો ખખડાવેલ જેથી બારીમાંથી જોયેલ તો તેના પતિ હતાં અને તેમને જણાવેલ કે, મારે મારી દિકરીને જોવી છે જેથી તેણીએ પુત્રીને બારીએ ઉભી રાખેલ અને બાદમાં તેના પતિએ ફ્લેટનો દરવાજો ખોલવાનુ જણાવેલ પરંતુ તેણીએ દરવાજો ખોલેલ નહી અને કહેલ કે, દિકરીને રમાડવી હોય તો કોર્ટમાં આવુ ત્યારે રમાડજો અત્યારે અહીંથી નિકળી જાવ તેમ કહેતાં તે ગુસ્સે થઇ ગયેલ અને ગાળો આપી કહેવા લાગેલ કે, હવે તું દિકરીને રમાવાડવા નહી આપ તો તને જાનથી મારી નાખીશ અને જોર-જોરથી ફ્લેટના મુખ્ય દરવાજાને પગેથી લાત મારવા લાગેલ હતો. જેથી ફ્લેટના દરવાજાનો નકુચો તુટી ગયેલ અને તે દરમ્યાન તેણીએ ૧૦૦ નંબર ઉપર ફોન કરતાં પોલીસ દોડી આવી હતી અને તેણીના પતિને પોલીસ મથકે લઈ જઈ ગાંધીગ્રામ પોલીસ મથકના એએસઆઈ જે.કે.જાડેજા અને સ્ટાફે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિરવા નજીક કારખાનામાં આગ, ૨ કરોડથી વધુનું નુકસાન

જે.કે. પોલીમર્સ નામના કારખાનામાં મોડી રાત્રે આગ લાગી હતી, રાજકોટ અને ગોંડલથી ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી : કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો

રાજકોટ, તા.૩

શાપર પાસે વિરવા નજીક આવેલા એક કારખાનામાં આગ ભભૂકી ઉઠી હતી. જેમાં ૨ કરોડથી વધુનું નુકસાન થયાનું જાણવા મળે છે. જે.કે. પોલીમર્સ નામના કારખાનામાં મોડી રાત્રે આગ લાગી હતી. જેની જાણ થતાં રાજકોટ અને ગોંડલથી ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી. કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હતો. આ અંગે ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યું કે, ગત રાત્રે ૧૧ વાગ્યે રાજકોટ મહાનગર પાલિકાના ફાયર વિભાગને કોલ આવેલ કે, વિરવાના કારખાનામાં આગ લાગી છે. જેથી મવડી ફાયર સ્ટેશનેથી ફાયર બ્રિગેડના જવાનો કિશોરસિંહ, અનિલભાઈ, ઈર્ષાદભાઈ, મનસુખભાઇ, ધ્રુવભાઈ વગેરે દોડી ગયા હતા. સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવ્યો હતો. આગનું વિશાળ રૂપ જણાતા ગોંડલ ફાયરબ્રિગેડને જાણ કરાતા ત્યાંથી પણ ફાયર ફાઈટર ટેન્કર સાથે જવાનો દોડી આવેલા. આગમાં પ્લાસ્ટિક, મશીનો, બ્લોક કટિંગ મશીન, કોમ્પ્યુટરો, મિક્સર પેનલ, વજન કાંટા, પ્લાસ્ટિક દાણાનો જથ્થો વગેરેમાં આગ લાગતા આ સામાન ખાખ થયો હતો. બનાવમાં કોઈ જાનહાની નથી. કારખાનાના માલિક ધવલભાઈ ડી. કોટડીયાએ જણાવ્યા મુજબ આશરે ૨ કરોડથી વધુની નુકસાની થઈ છે. પ્રાથમિક તબક્કે આગનું કારણ જાણવા મળ્યું નથી.

રાજકોટમાં ફરીવાર કસ્ટડીયલ ડેથ ?

બેડી ચોકડી પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં મળેલ વૃધ્ધને પોલીસે માર મારતાં મોત નીપજ્યુંઃ આક્ષેપ

વેલનાથપરામાં રહેતાં અમરશીભાઈ સીતાપરા ગઈ તા.૧૨ ના ગવરીદળમાં આયોજિત સમાહમાં સિક્યુરિટી ગાર્ડ તરંકિ હતાં ત્યારે ત્યાં ઝઘડો થયા બાદ પીસીઆર વાન ઉઠાવી ગઈ 'તી

બે કલાકના અંતરે બેડી નજીક વિડીમાંથી અમરશીભાઈ ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યા બાદ ગઈ તા.૧૮ ના સારવારમાં દમ તોડ્યોઃ પુત્રએ કુવાડવા રોડ પોલીસના સ્ટાફે મારમારતાં પિતાનું મોત થયાનો આક્ષેપ કરતી અરજી પોલીસ કમિશ્નરને આપીઃ પોલીસ બચાવની ભૂમિકામાં

રાજકોટ. તા.૦૩

રાજકોટમાં ફરીવાર કસ્ટડીયલ ડેથનો બનાવ બન્યો હોય તેવા આક્ષેપો થતાં ચકચાર મચી ગઇ હતી. બેડી ચોકડી પાસેથી ઇજાગ્રસ્ત હાલતમાં મળેલ વૃધ્ધને પોલીસે માર મારતાં મોત નીપજ્યું હોવાનો આક્ષેપ કરતી એક અરજી મૃતકના પુત્રએ પોલીસ કમિશ્નરને આપતાં ખળભળાટ મચી ગયો હતો. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બચાવની ભૂમિકામાં આવ્યાં હતાં.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ, તા.૧૨/૪/૨૦૨૪ના રોજ બપોરે ૩ વાગ્યે અમરશીભાઈ કાનજીભાઈ સીતાપરા (ઉ.વ.૬૦, રહે.વેલનાથપરા, ૧૯, ગોકુલ રસ સામે, મોરબી રોડ, રાજકોટ)ને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલ ચોકીમાં પડેલ નોંધ મુજબ, અમરશીભાઈ તા.૧૨ એપ્રિલે બપોરે દોઢેક વાગ્યા આસપાસ બેડી ચોકડીથી સોખડા ચોકડી વચ્ચે એચપીના પંપ નજીક રાણીમા ફ્રૂડીમા મંદિરના ગૌશાળા વાળા રસ્તેથી બેભાન હાલતમાં પડેલા મળી આવ્યા હતા. ત્યારથી તેઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. અમરશીભાઈનું ચાલુ સારવારમાં તા.૧૮/૪/૨૦૨૪ના રોજ મૃત્યુ થયું હતું.

બેડી નજીક વિડીમાંથી ઈજાગ્રસ્ત મળેલ સિક્યુરિટીમાં ગાર્ડ અમરશીભાઈ સારવારમાં હતાં ત્યારે અને મોતને ભેટયા બાદ ફાઈલ ફોટોમાં જોઈ શકાય છે.

વધુમાં બનાવ અંગે મૃતક અમરશીભાઈના પુત્ર આનંદભાઈએ પોલીસ કમિશ્નરને આપેલ અરજીમાં જણાવ્યું હતું કે, તેઓ બે ભાઈ ત્રણ બહેન છે અને તેમના પિતા રાજ સિક્યુરિટીમાં ગાર્ડ તરંકિ નોકરી કરતાં હતાં. તેઓ ગઈ તા.૧૨ ના ગવરીદળમાં થયેલ ભાગવત સમાહનું આયોજન થયેલ હતું. તેમાં તેઓ સિક્યુરિટી ગાર્ડ તરંકિ નોકરી પર ગયાં હતાં. જ્યાં તેઓને સમાહમાં સવારના ૧૧ વાગ્યે કોઈ સાથે ઝઘડો થયો હતો. જેથી ભાગવત સમાહના આયોજકોએ ૧૦૦ નંબરમાં કોલ કરતાં કુવાડવા રોડ પોલીસ મથકની પીસીઆર વાન આવી હતી.

બાદમાં અમરશીભાઈને પીસીઆર વાનમાં બેસાડી પોલીસ સ્ટાફ લઈ ગયો હતો. બાદમાં તેઓના મોટા પુત્ર સુધીરભાઈના ફોનમાં અજાણ્યાં રાહદારીનો ફોન આવેલ કે, તમારા પિતા બેડીની વિડીમાં ઈજાગ્રસ્ત અને બેભાન હાલતમાં પડેલ છે. જેથી તેઓ પરિવારના સભ્યો સાથે ઘટનાસ્થળે દોડી ગયાં અને જોયું તો તેઓના પિતા બેભાન હતાં તેમજ પગમાં અને સાથળના ભાગે ગંભીર ઈજા પહોંચેલ હતી. તેઓને વિડીમાંથી બહાર રોડ પર લાવી ૧૦૮ મારફતે સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેઓનું સારવાર દરમિયાન ગઈ તા.૧૮ ના મોત નીપજ્યું હતું. વધુમાં તેઓએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, તેમના પિતાને કુવાડવા રોડ પોલીસ મથકના પીસીઆર નં.૧૦ ના કોન્સ્ટેબલ અજિત ચાવડા તેમને બનાવ સ્થળથી લઈ ગયાં બાદ બે કલાકમાં જ તેમના પિતા મૃત હાલતમાં મળ્યાં હતાં. બનાવના આક્ષેપ અંગે કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વિ.આર.રાઠોડનો સંપર્ક કરતાં તેઓએ કુદરતી મૃત્યુ હોવાનું કહીં વાત કરવાનું ટાળ્યું હતું અને બચાવની ભૂમિકામાં આવ્યા હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું હતું.

સીસીટીવી ચકાસવામાં આવે તો ભાંડો ફૂટે અને મોતનું રહસ્ય ખુલે

મૃતકના પુત્રએ પોલીસ કમિશ્નરને આપેલ અરજીમાં જણાવ્યું હતું કે, તેના પિતાને ગવરીદળથી પોલીસ પીસીઆર વાનમાં બેસાડી ક્યાં લઈ ગઈ હતી અને બે કલાકના અંતરમાં તેઓ ૪૪ ડિગ્રી અગન વર્ષમાં વિડીમાં કેમ પહોંચ્યા તે અંગે જો આસપાસના વિસ્તારમાં સીસીટીવી ચેક કરવામાં આવે તો સાચું તથ્ય બહાર આવી શકે, તેમજ ઘટનાસ્થળે વાહન પસાર થયાના ચિહ્નન પણ મળી આવતાં બનાવ શંકાસ્પદ બન્યો છે. જેથી પોલીસ તટસ્થ તપાસ કરે તો મોતનું સચોટ કારણ બહાર આવશે.

પીએમ રિપોર્ટમાં માથામાં હેમરેજ, લીવર, આંતરડાના ભાગે ઈજા હોવાનું ખુલ્યું

અરજદારના પિતાના મોત અંગે ડોકટરને પુછપરછ કરતાં જાણવા મળેલ કે, તેઓના પિતાનું કાર્ડિયાક બ્રેઈન સ્ટ્રોક આવવાથી મૃત્યુ થયેલ છે. પરંતુ જે રીતે તેઓ અવાવરૂ જગ્યાએથી બેભાન હાલતમાં મળી આવેલ હતા તે વધુ શંકા હતી અને મોતનું કારણ જાણવા પી.એમ રીપોર્ટ આવી જતા તેમાં તેઓના પિતાનું મૃત્યુ ફકત કાર્ડિયાક બ્રેઈન સ્ટ્રોકના કારણે જ નહી પરંતુ તેમને મલ્ટીપલ ઈન્જરી તથા લીવર તથા આંતરડાના ભાગે ઘા લાગવાથી અને શરીરમાં ઘણાબધા ઉઝરડાના નિશાન તથા જમણા પડખામાં ઘા લાગવાના નિશાન તેમજ માથાના ભાગે હેમરેજ જેવી ઈજાઓના કારણે મૃત્યુ થયાનું જાણવા મળેલ હતું.

બી.એચ.ગાર્ડી કોલેજની બસ અને બાલાજી વેફર્સના ટ્રક વચ્ચે અકસ્માત : ચાલકને ઈજા

બસમાં ૪૨ વિદ્યાર્થીઓ સવાર હતા, મોટી જાનહાની સ્હેજમાં ટળી : ચાલક સારવાર હેઠળ

રાજકોટ તા.૩

શહેરમાં ગઈકાલે બપોરે કટારીયા ચોકડી પાસે બી.એચ.ગાર્ડી કોલેજની બસ અને બાલાજી વેફર્સના ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બસ ચાલકને ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે બસમાં

સવાર વિદ્યાર્થીને કોઈ જાનહાની ન થતાં રાહતનો શ્વાસ લીધો હતો.

બનાવની વિગત અનુસાર બી.એચ.ગાર્ડી વિદ્યાપીઠમાં ડ્રાઈવિંગ કરતાં દિનેશભાઈ રાયધનભાઈ રાઠોડ (ઉ.વ.૪૯ રહે- વડવાજડી ગામ તા. લોધીકા) ગઈકાલે બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ તેઓ ગાર્ડી વિદ્યાપીઠની બસ લઈને કેકેવી હોલ તરફ જતાં હતાં. ત્યારે કટારીયા ચોકડી પર બાલાજી વેફર્સના ટ્રક

સાથે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બસના ડ્રાઈવરને ઈજા પહોંચતા તેને તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બસમાં ૪૨ વિદ્યાર્થીઓ પણ બેઠા હતા. જેને કોઈ જાનહાનિ થઈ ન હતી. દિનેશભાઈ ચાર ભાઈ અને એક બહેનમાં ત્રીજા નંબરના છે. તેઓને સંતાનમાં એક પુત્ર- પુત્રી હોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું. હાલ તેઓ સારવાર હેઠળ છે. બનાવથી બસમાં મોટું નુકસાન થયું છે.

રીબડા ગામની ગોંડલ તાલુકાની કીંમતી ખેતીની જમીન ગેર-કાયદેસર રીતે કબ્જે લેવાની કોસીસ રદ કરતી ગોંડલ નાયબ કલેક્ટર કોર્ટ

ખોટી વારસાઈ નોંધ આધારે કીંમતી ખેતીની જમીન પચાવી પાડવાનો પ્રયાસ નીષ્ફળ

રાજકોટ,તા.૩

સમગ્ર કેસની હકીકત એવી છે કે, ગોંડલ તાલુકાની રીબડા ગામની ખેડૂત ખાતેદાર નંબર - ૯૩૯ થકી હેકટરો માં ફેલાયેલી કીંમતી ખેતીની જમીન સ્વ. ગોવીંદભાઈ ખોડાભાઈ ખૂંટ તેમજ તેમના અન્ય પારીવારીક સભ્યોના સંયુક્ત નામે આવેલ હતી, ત્યારબાદ ગોવીંદભાઈ ખોડાભાઈ ખૂંટનું તારીખ - ૧૩.૧૦.૨૦૨૩ ના રોજ અવસાન થતા તેમનાં સીધી લીટીના વારસદાર દરજે તેમના પુત્ર હસમુખ ગોવીંદભાઈ ખૂંટએ સાધનીક કાગળો સાથે સ્વયમનું નામ વારસાઈ હક્કો મારફતે દાખલ કરવાની તજવીજ કરતા તારીખ - ૦૫.૦૧.૨૦૨૪ના રોજ રીબડા ઈ-ધરા હકપત્રકે રજુ રાખેલ જે પૈકી વારસાઈ નોંધને નંબર - ૪૯૬૧ થકી દાખલ થયેલ.

એડવોકેટ ઈશાન ભટ્ટ, મેહુલ ઝપડા

સ્વ. ગોવીંદભાઈ ખોડાભાઈ ખૂંટના અવસાન પહેલા હાલની વાદગ્રસ્ત જમીન રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર - ૧૨૩૫૩ થકી તારીખ - ૨૯.૦૯.૨૦૨૨ના રોજ સ્વ. ગોવીંદભાઈ ખોડાભાઈ ખૂંટએ શ્રી પીયૂષભાઈ બાબુભાઈ માટીયાને કાયદાકીય રીતે વેંચાણ આપેલ, વાદગ્રસ્ત જમીનમાં ગોવીંદભાઈ ખોડાભાઈ ખૂંટના વારસદારોનો કોઈ પણ પ્રકારનો હક્ક, હીત તેમજ હિસ્સાનો સમાવેશ ન હોવા છતાં, અપ્રામાણિત રીતે કાયદાની પ્રક્રીયાનો દુરુપયોગ કરવાનાં હેતુ સર તદ્દન ખોટી રીતે ઉપજાવેલ વારસાઈ નોંધ દાખલ કરેલ જે અનુસંધાને સમગ્ર તકરારી કસ નંબર ૦૧/૨૦૨૪ નામદાર ગોંડલના નાયાબ કલેક્ટર કોર્ટમાં સુનવણી હેતુ સર ચાલેલ.

બંને પક્ષોની દલીલો સાંભળીને નામદાર કોર્ટએ એપેલન્ટસના તિચવાન વકીલશ્રી ઈશાન ભટ્ટ, મેહુલ ઝપડાઓ દ્વારા રજુ કરવામાં આવેલ કાયદાકીય મુદ્દાઓ, ધારદાર દલીલો, સર્વોચ્ચ અદાલતના લેન્ડમાર્ક કેસ લોસ, તેમજ લેખીત દલીલોના મેમોરન્ડમને ધ્યાને લેતા હાલના દાવાના એપેલન્ટ ક્રમ - ૧ વીજુ બેન ગોવિંદભાઇ ખૂટ તેમજ એપેલન્ટ ક્રમ - ૨ પીયૂષભાઈ બાબુભાઇ માટીયાની તરફેણમાં વીગતવાર ચુકાદો આપતા રીબડા ગામની ગોંડલ તાલુકાની તારીખ - ૦૫.૦૧.૨૦૨૪ના રોજ દાખલ થયેલ નોંધ નંબર - ૪૯૬૧ સંદર્ભે વિરુધ્ધમાં રજુ થયેલ દલીલોને ગ્રાહ્ય રાખતા વાદગ્રસ્ત જમીન અંગે વારસાઈ નોંધ ''નામંજૂર'' કરેલ હોય, હાલના કેસમાં એપેલન્ટ વતી વિધવાન ધારાશાસ્ત્રી હેમંત ભટ્ટ, દિવ્યેશ કલોલા, મેહુલ ઝપડા તેમજ ઈશાન ભટ્ટ રોકાયેલા હતા.

૩.૮ લાખના ચેક રીટર્ન કેસમાં સેંજલ પ્લાસ્ટીકના ભરત હાપલીયા ૧ વર્ષની કેદ

રાજકોટ, તા.૩

શહેરમાં અલ્કા સોસાયટી, સરદારનગર મેઈન રોડ પર રહેતા ફરીયાદી કૌશિકભાઈ ઉપેન્દ્રભાઈ રૈયાણીએ આરોપી સેંજલ પ્લાસ્ટીકના પ્રોપરાઈટર ભરત નાનજીભાઈ હાપલીયા વિરુદ્ધ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ નોંધાવી હતી.

જય પારેડી એડવોકેટ

કેસની વિગત મુજબ ફરીયાદી અને આરોપી બંને એક જ વિસ્તારમાં રહેતા હોવાથી ઘણાં સમયથી સારા સબંધો હોય, આરોપીએ ફરીયાદીના મોટા બાપુજી પ્રવિણભાઈ ધરમશીભાઈ રૈયાણી સાથે ભાગીદારીમાં પ્લાસ્ટીક હાઉસહોલ્ડ આઈટમ બનાવવાનો તેમજ પ્લાસ્ટીક મેંન્યુઅલ તથા પ્લાસ્ટીક સ્ક્રેપ ઈમ્પોર્ટ એક્ષપોર્ટ કરવાનો તેમજ રીસેલ કરવાનો ધંધો શરૂ કરવા માટે વાતચીત થયેલ અને ભાગીદારીમાં મશીનરી ખરીદ કરવા મશીનરી ચાઈનાથી મંગાવવાની હોય તે મશીનરી ૧૬ લાખ જેવી કિંમતની થશે તેવુ આરોપીએ ફરીયાદીને જણાવેલ જેથી આરોપીની સુચના મુજબ ફરીયાદીએ મશીન ખરીદ કરવા માટે ફરીયાદીના હિસ્સે આવતી રૂ.૮ લાખની રકમ સેંજલ પ્લાસ્ટીકના બેંક ખાતામાં જમા કરાવેલ. જે પછી મશીનરી ન આવતા રૂપિયા પરત માંગતા આરોપીએ રૂ. ૮ લાખનો ચેક આપેલ. જે ચેક રિટર્ન થતા ફરિયાદ કરાઈ હતી. ફરીયાદીએ મૌખિક સાથે દસ્તાવેજી પુરાવો આપેલ ફરીયાદીના એડવોકેટ જય પારેડી દ્વારા જુદા જુદા ચુકાદાઓ સાથે લંબાણપૂર્વકની ધારદાર રજુઆતો કરેલ. જે ધ્યાને લઇ કોર્ટે આરોપીને એક વર્ષની સજા અને રૂ.૮ લાખ ફરીયાદીને એક માસમાં વળતર પેટે ચુકવી આપવા અને વળતર ન ચુકવી આપ્યેથી વધુ છ માસની સજાનો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી વતી રાજકોટના યુવા એડવોકેટ જય પારેડી રોકાયેલા હતા.

ગોંડલ હાઈવે ઓવરબ્રિજ પાસે પીધેલા ટેમ્પો ચાલકે કિયા કારને હડફેટે લીધી

સદનસીબે જાનહાની ટળીઃ આજીડેમ પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ ટેમ્પો ચાલકની ધરપકડ કરી

રાજકોટ. તા.૦૩

ગોંડલ હાઇવે ઓવરબ્રિજ પાસે પીધેલા ટેમ્પો ચાલકે કિયા કારને હડફેટે લલીધી હતી. જો કે, સદનસીબે જાનહાની ટળી હતી. બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ ટેમ્પો ચાલકની ધરપકડ કરી હતી.

બનાવ અંગે રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે મોમ્બાસા પાર્ક શેરી નં.૨ માં રહેતાં ધર્મેન્દ્રભાઈ લાખાભાઈ વારોતરીયા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ટાટા ૪૦૭ જીજે.૦૩.બીડબ્લ્યુ.૭૫૭૦ ના ચાલક અનિરુદ્ધ ભગવાન વાળાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ કાલાવડ રોડ, એ.જી.ચોક, ધી એમ્પોરીયા બિલ્ડીંગમાં ગોકુલ ઈન્ફ્રાસ્ટ્રકચર નામે હ્યુન્ડાઈ કન્સટ્રકશન ઈક્વીપમેન્ટની ડિલરશીપ ધરાવે છે.

ગઈકાલે તેમના પત્ની મણીબેન અને પુત્રી ખુશી તેમજ ધ્રુવી સાથે કિયા સેલ્ટોસ કાર નં. જીજે.૦૩.એમઈ ૯૬૭૭ લઈ સોમનાથ દર્શન કરવા ગયેલ અને ત્યાંથી ઘરે પરત આવતા હતા ત્યારે રાત્રીના સાડા આઠેક વાગ્યા આસપાસ ગોંડલ હાઈવે, ઓવરબ્રીજ પહેલા અજન્ટા ફર્નિચર શો-રૂમ સામે રોડ ઉપર પહોંચતા ત્યાં એક સફેદ કલરનો ટેમ્પો ચાલક રોડ ઉપર પોતાનો ટેમ્પો અચાનક રીવર્સ લેતા કાર સાથે અથડાતા કારનું આગળના બમ્પરમાં નુકશાન થયેલ અને બમ્પર નીકળી ગયેલ તેમજ બોનેટના ભાગે નુકશાન થયેલ હતું. બનાવ સ્થળે માણસો ભેગા થઈ જતા ટેમ્પો ચાલકને પકડી લીધેલ અને ટેમ્પો જોતા નં.જીજે.૦૩.બી ડબ્લ્યુ.૭૫૭૦ ના જોવામાં આવેલ અને ટેમ્પો ચાલકનું અનિરૂધ્ધ ભગવાન વાળા હોવાનું જાણવા મળેલ હતું.

તેમજ ટેમ્પો ચાલક કેફી પીણું પીધેલ હાલતમાં હોવાનું જાણવા મળતા તુરંત જ ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસની ગાડી બોલાવેલ અને પોલીસ આવી જતા ટેમ્પો ચાલકની અટક કરી આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના સ્થાપક સ્વ.ઉષાબેન જાનીની કાલે પ્રાર્થના સભા

રાજકોટ,તા.૩

રાજકોટના જાણીતા શિક્ષણવિદ્, સમાજસેવિકા અને સ્ત્રી-સશક્તિકરણના પ્રખર હિમાયતી એવા ઉષાબેન ગુલાબભાઈ જાની (ઉં.વર્ષ.૯૦)નું તા.૧ મેના અવસાન થયેલ છે. તેઓ રાજકોટની જાણીતી શિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના સ્થાપક અને અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓની પ્રાર્થનાસભા તા. ૪ મે ને શનિવાર ના રોજ સાંજે ૫:૩૦ થી ૭:૩૦ સિસ્ટર નિવેદિતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કવોલિટી એજ્યુકેશન, જલારામ પ્લોટ -૨ મેઈન રોડ, વોકહાર્ટ હોસ્પિટલ પાછળ, મહર્ષિ ટાવર સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. સ્વર્ગસ્થ ઉષાબેન એ ગુલાબભાઈ જાની (+૯૧૯૮૨૪૩૦૦૧૬૦)ના પત્ની, વિભાવરીબેન અને આનંદભાઈના માતૃશ્રી, કાનનબેનના સાસુ, આર્નવ અને આરુષના દાદી, મહેશભાઈ અને દક્ષાબેનના ભાભી થતા હતા.

અવસાન નોંધ

રાજકોટ: સ્વ. જયેશભાઈ ચંદુલાલ અજમેરા દામનગર નિવાસી હાલ રાજકોટ તે સ્વ. પ્રીતીબેનના પતિ તેમજ સ્વ. ધનુભાઈ, સ્વ. નવીનભાઈ, જીતુભાઈ તથા કોકીલાબેન અને ભારતીબેનના ભાઈ, સ્વ. રાઈચંદ મડીયા પરિવારના જમાઈ અને ચિરાગભાઈ, નિરવભાઈના પિતા તેમજ અમિતાબેન, દિપ્તીબેનના સસરા તેમજ ધૈર્ય, દીયા, સ્વર, અભીના દાદાનું તા.૧ને બુધવારના રોજ અવસાન થયેલ છે. ઉઠમણું તા.૪ને શનિવાર સવારે ૧૦થી ૧૦:૩૦ કલાકે અને પ્રાર્થનાસભા સવારે ૧૧થી ૧૨ કલાકે કાઠીયાવાડ જીમખાના, રાજકુમાર કોલેજ સામે, રાધાક્રિષ્ન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: અશોકકુમાર શાંતિલાલ નિર્મલ (ઉ.૬૮) તે કપીલભાઈ, દીમીબેનના પિતાશ્રી તથા નિહાર, કેયાનના દાદા તથા સ્વ. છોટાલાલ માધવજી મજીઠીયાના જમાઈ તથા રસિકભાઈ, સ્વ. ધનસુખભાઈ, શૈલેષભાઈ તથા ઉર્મિલાબેનના મોટાભાઈ તા.૨ના રોજ અવસાન થયેલ છે. ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા.૪ને શનિવારના રોજ તેમના નિવાસસ્થાન કોઝિકોર્ટ ચાર્ડ, સ્પીડવેલ પાર્ટી પ્લોટ સામે, મોટા મવા મુકામે સાંજે ૪-૩૦થી ૬ રાખેલ છે.

ગોંડલ: પરેશભાઈ રમુભાઈ ભટ્ટી (ઉ.૫૩) તે નવલભાઈ (નિવૃત રેલ્વે કર્મચારી) અતુલભાઈ, ભાવેશભાઈ, ચંદ્રેશભાઈના ભાઈનું તા.૨ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૬ને શનિવારે સાંજે પથી ૭ હેમ વાડી સ્ટેશન રોડ ગોંડલ મુકામે રાખેલ છે.

રાજકોટ: જયશ્રીબેન જગદીશભાઈ કારીયા (ઉ.વ.૬૮) તે પ્રણવભાઈ તથા ધૂતિબેનનાં માતૃશ્રી તથા અમિતકુમાર દક્ષિણીના સાસુ તા.૨નાં રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૪ને શનિવારે સાંજે પાંચ કલાકે અન્નપુર્ણા મહાદેવ, જુની પપૈયાવાળી શેરી નં.૧, ગુરૂ પ્રસાદ ચોક, દોશી હોસ્પિટલ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: દશા સોરઠીયા વાણીક વાસુદેવભાઈ ચત્રભુજ શેઠ કુકાવાવ નિવાસી હાલ રાજકોટ તે કાંતાબેન શેઠના પતિ, સ્વ. ભાલચંદ્રભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. નવનીતભાઈ, રાજેશભાઈ શેઠના ભાઈ તેમજ પ્રેમીલાબેન ચીમનલાલ દોશી તથા દમયંતીબેન મુકુંદભાઈ કાચલીયાના ભાઈ, સ્વ. વસંતભાઈ, સ્વ. વિનોદરાય, સ્વ. સૂર્યકાંત ગુણવંતરાય તથા સ્વ. રમેશચંદ્ર નાનાલાલ ધોળકિયા, સ્વ. નર્મદાબેન બાબુલાલ ગોદીયા, સ્વ. તારાબેન પ્રાણલાલ ચુડાસમા, સ્વ. ગુણીબેન જયંતીલાલ ગાદોયા તથા જ્યોત્સનાબેન દિલીપભાઈ શેઠના બનેવી, મનોજકુમાર જમનાદાસ પારેખના સસરા તેમજ મુગેશ, બેના તેમજ દ્રષ્ટિના નાના તા.૨ને ગુરૂવારે શ્રીજીચરણ પામેલ છે તેમનું ઉઠમણું શનિવાર તા.૪ના સાંજે ૫ કલાકે ધારેશ્વર મંદિર ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: સુરેશભાઈ તથા વિરલભાઈ ચૌહાણના માતૃશ્રી સ્વ.જયાબેન મેઘજીભાઈ ચૌહાણ (ઉ.વ.૮૫) તા.૨ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું બેસણું તા.૪ શનિવાર પંચનાથ મંદિરમાં સાંજે ૪ થી ૫ રાખવામાં આવેલ છે.

દુઃખદ અવસાન - બેસણું

જયેશભાઈ નાનજીભાઈ સુતરીયા(ઉ.વ.૫૨)નું તા.૦૩-૦૫-૨૦૨૪ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સદ્ગતનું બેસણું : તા.૦૪-૦૫-૨૦૨૪, શનિવ

ભારતમાં ચુંટણી સમયે પાક. ફેકટર આગળ વધ્યુ

ફરી કાશ્મીર રાગ આલાપતા પાક. સૈન્ય વડાઃ ભારત આપણું 'કટ્ટર' હરીફ : જનરલ મુનીર

બાલાકોટ એર સ્ટ્રાઈકનો ઉલ્લેખઃ આપણે ભારતનું લડાયક વિમાન તોડી પાડ્યુ હતુંઃ કેડેટો સમક્ષ 'શેખી' મારી

નવી દિલ્હીઃ ભારતની લોકસભા ચૂંટણીમાં તો હંમેશની માફક પાકિસ્તાનની એન્ટ્રી થઈ ગઈ છે પણ હવે પાકના સૈન્ય વડા જનરલ અસીમ મુનીરે ફરી એક વખત ભારત સામે ઝેર ઓકયુ છે અને તેઓએ ભારતને કટ્ટર 'હરિફ' તરીકે દર્શાવતા બાલાકોટ એર સ્ટ્રાઈકનો પણ ઉલ્લેખ કર્યો હતો અને ફરી કાશ્મીર રાગ છેડતા કહ્યું કે કાશ્મીર અને કાશ્મીરીઓ માટે અમારૂ નૈતિક-રાજકીય અને રાજદ્વારી સમર્થન ચાલુ જ રહેશે.

પાક હવાઈદળના અસગરખાન એકેડેમીમાં કેડેટ પાસીંગ પરેડને સંબોધન કરતા જનરલ મુનીરે બાલાકોટ એરસ્ટ્રાઈકનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું. ફેબ્રુઆરી ૨૦૧૯માં આપણા દેશના હવાઈદળે ભારતના લડાયક વિમાનને તોડી પાડયું હતું. તેઓએ આ ક્ષેત્રમાં હથિયારોની દૌટ પણ ઉલ્લેખ કરતા કહ્યું કે તેનાથી શકિતનું સંતુલન બગડવાનો ખતરો પેદા થયો છે. તેઓએ આર્ટીફીશયલ ઈન્ટેલીજન્સ રોબોટિકસ અને કવાલ્સ કમ્પ્યુટીંગ સહિત ચોકકસ ટેકનોલોજીનો ઉપયોગ કરતા પાકની સેનાને તેને અપનાવવા અપીલ કરી હતી.

તેઓએ મોહમ્મદ અલી જીન્હાનો વિધાનોનો ઉલ્લેખ કરતા કહ્યું કે મજબૂત હવાઈ દળ વગર કોઈ દેશ ફકત આક્રમણખોરોની દવા પર નિર્ભર કરે છે અને પાક હવાઈ દળ તેની તમામ પરીક્ષામાંથી પાર ઉતર્યું છે.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ શ્રી પી.જે.કાયસ્થ સાહેબની કોર્ટમાં દિવાની પરચુરણ અરજી નં. ૯૯૯/૨૪થી અરજદાર **ચપળ મધુલાઈ દફતરી**, ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.: ૩૩, ધંધો : નોકરી, રહે.: ઈ-૩૦૧ સોપાન હેબીટેટ, સાધુ વાસવાણી રોડ, રાજકોટવાળાએ જુગ. મધુભાઈ ખેલશંકર દફતરીના સંયુકત નામે આવેલ મિલકતો...

(૧) ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટનાં સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના શહેર રાજકોટના કાલાવડ રોડ અને કિસાનપરા રોડના કોર્નર પર આવેલ પ્લોટ નં.૨ પૈકીની જમીન ઉપર આવેલ આર.જે.કોર્નર નામથી ઓળખાતા બિલ્ડીંગ માંહેના ગ્રાઉન્ડ ફલોર પરથી ચો.ફુ. ૨૫૦-૦૦ની દુકાન નં.૧, (માંહેનો ૫૦% અવિભાજય હિસ્સો) ઉપર મિલ્કત આવેલ છે. તથા...

(૨) (૧/૩ (ONE THIRD) અવિભાજય હિસ્સાની મિલ્કત)

ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ શહેર (પશ્ચિમ)ના ગામ રૈયા-૧ના રેવન્યુ સર્વે નં. ૩૯/૨ની રહેણાંકના હેતુ માટેની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટ નં.૧ની જમીન ચો.મી.આ ૧૮૦૦-૩૮ તથા પ્લોટ નં.૨ની જમીન ચો.મી. ૨૦૮૩.૪૨ એમ કુલ મળી જમીન ચો.મી.આ. ૩૮૮૮-૨૦ પૈકી ઉપર બાંધવામાં આવેલ 'સોપાન હેબીટેટ'ના નામથી ઓળખાતા રેસીડેન્સીયલ હાઈરાઈઝ બિલ્ડીંગ માંહેથી 'ડી-ઈ' બિલ્ડીંગ માંહેથી થર્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ઈ-૩૦૧ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૫૮-૨૫ છે. તે મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના વકીલ **શ્રી હલીત કે. તોલાણી, કલ્પેશ એલ. સાકરીયા, વીમલ સી. પારકર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તા. ૧૪/૦૬/૨૪ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તા. ૨૭ માહે મે સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર (જે.જે. ચાવડા) હુકમથી
આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પમાં અધિક સીની. સીવીલ જજ **શ્રી એસ.સી.મકવાણા સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૯૯૫/૨૪થી શ્રી કલ્પેશ વિનુભાઈ કાપડી**, રહે. એ/૨૭૩, હુડકો કવાટર્સ, કોઠારીયા રોડ, રાજકોટવાળાએ, ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના શહેર રાજકોટમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં કોઠારીયા રોડ ઉપર સર્વે નં. ૩૧૨ પૈકીની જમીન ચો.મી.આ. ૪૧૩૬૦-૩૨ ઉપર હુડકો સ્કીમ હેઠળ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કવાટર્સ બાંધવામાં આવેલ છે, આ કવાટર્સ પૈકી કવાર્ટર નં.એ/૨૭૩ કે જમીન ચો.મી.આ. ૩૮.૪૦ જેના ચો.વા.આ. ૧૮.૨૫ ઉપર ઉભા ઈમલા બાંધકામ સહિતનું મકાનનું હેરશીપ સર્ટીફિકેટ મેળવવા માટે, અરજદારે તેમના **એડવોકેટ શ્રી નિર્મલ આર.વ્યાસ** રાજકોટવાળા મારફતે અત્રેની કોર્ટ સમક્ષ અરજી કરેલ છે, તે સંબંધે જો કોઈ વ્યકિતને વાંધો કે તકરાર હોય તો તેમણે તા. ૧૧/૦૬/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ આધાર પુરાવા સાથે હાજર રહેવું, ગેરહાજર રહ્યેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૦૧/૦૫/૨૪ના રોજ મારી સહી તથા સિકકા કરીને આપ્યું.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર (બી.કે.સબાડ) હુકમથી (જે.જે.ચાવડા)
આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૨મા સિની. સિવીલ જજ શ્રી એમ.એમ.શુકલ સાહેબની કોર્ટમાં દિવાની પરચુરણ **અરજી નં. ૧૦૦૦/૨૦૨૪**થી આ કામના અરજદાર વિરાજબેન વિજયભાઈ મકવાણા અને સગીર શ્રીજા વિજયકુમાર મકવાણા એ જુગ. વિજયકુમાર પોપટલાલ મકવાણાની સ્વતંત્ર માલીકીની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ ડિસ્ટ્રીકટના ગામ કણકોટના રે.સ.નં. ૯૦ પૈકીની બિનખેડવાણ જમીનના પ્લોટસ કે જે રોયલ પાર્ક તરીકે ઓળખાય છે તે પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫૯ની જમીન ચો.મી.આ. ૧૧૮-૫૯ આવેલ છે. તે મિલ્કતનું લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વિથાઉટ વીલ મેળવવા માટે તેમના **વકીલ શ્રી ભરતકુમાર એન. આચાર્ય** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. સદરહુ અરજી સબંધે કોઈ શખ્સને વાંધો તકરાર હોય તો લેખીત વાંધા તેમણે મુદત તા. ૧૫/૦૬/૨૦૨૪ના રોજ સવારે ૧૦-૩૦ કલાક સુધીમાં અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવાના રહેશે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની તમામે સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા. ૦૨-૦૫-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર (આર.જે.સાકરીયા) હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર
આસીસ્ટન્ટ પ્રિન્સીપલ સિવીલ કોર્ટ રાજકોટ

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પ્રિન્સીપાલ સિનિ. સિવિલ જજ 20TH ASCJ & ACJM M.M. SHAIKH સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૪૧૨/૨૦૨૪ના અરજદાર અશોકકુમાર જયંતીલાલ સતીકુંવરએ અરજી દાખલ કરી જુગ. ડાહીબેન પોપટભાઈ સતીકુંવરની ૩૩૧/૨% હીસ્સાની સ્થાવર મિલ્કતોનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા. સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ-ડિસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં.૮૮/૧ના પ્લોટ નં.૩૭ પૈકી એક રસ્તાવાળી જમીન ચો.વા.આ. ૩૯૯-૬-૦ જેના ચો.મી.આ. ૩૩૪-૪૦૧ ઉપર આવેલ ઉભા ઈમલાવાળું મકાન જેના ટી.પી. નં.૧ રૈયા, એફ.પી. નં.૭ છે. (૧) ગુજરનાર ડાહીબેન પોપટભાઈ સતીકુંવર (૨) લાભુબેન જયંતિલાલ સતીકુંવર (૩) અશોકકુમાર જયંતિલાલ સતીકુંવર (૪) હરકિશન જયંતિલાલ સતીકુંવરના સંયુકત નામે મકાન ખરીદ કરેલ જેના વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૦૯૫૮, તા.૧૮-૧૦-૧૯૮૮ જેની ૧ નંબરની બુકના નં.૧૮૨૯, તા.૧૬-૦૨-૧૯૮૯ના રોજથી મણીલાલ ખીમજીભાઈ વિગેરે પાસેથી ખરીદ કરી, કબજો ભોગવટો સંભાળેલ છે એ રીતે તે માંહેથી સદરહુ મકાન ગુજ. ડાહીબેન પોપટભાઈ સતીકુંવરની ૩૩૧/૨% હીસ્સા, કબજા, ભોગવટાનું આવેલ છે. ઉપરોકત મિલ્કતોનું હેરશીપ સર્ટીફિકેટ મેળવવા તેમના વકીલશ્રી રીના એમ. વાઘેલા તથા જે.કે. રાઠોડના મારફતે ઉપરોકત અરજી દાખલ કરેલ છે તે સંબંધે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ તા.૧૦-૦૬-૨૦૨૪ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે કોર્ટ સમક્ષ હાજર રહેવું, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તા.૦૨/૦૫/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર (એન.ડી. રંગાણી) હુકમથી (જે.જે. ચાવડા)
આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર

જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર ચેતનભાઈ ધીરજલાલ ટોપીયા, રહે. ૧૦૧, ગોકુલધામ સોસાયટી, ગોકુલધામ ૨૦ મીટર રોડ, રાજકોટ આથી જાહેર નોટીસ કમ ચેતવણીથી જણાવીએ છીએ કે, ઉપરોકત ફોટોવાળો મારો ભાઈ ઘનશ્યામભાઈ ધીરજલાલ ટોપીયા, ઉ.વ.આ.૫૫ જે છેલ્લા થોડા સમયથી અમોથી અલગ થઈ ગયેલ છે અને તે અમોના કહયામાં નથી અને અમારે અને અમારા પરિવારજનોએ તેમની સાથે કંઈ લેવા દેવા નથી તેમજ તેની સાથે કોઈ પણ વ્યકિતએ કે પેઢીએ કે સંસ્થા કે સગા-વ્હાલાઓએ અમોના નામે કોઈપણ જાતની લેતી-દેતી તેમજ કોઈ પણ પ્રકારે વ્યવહાર કરવો નહી, આમ છતાં કોઈ પણ જાતનો વ્યવહાર કરવામાં આવે તો તે અમારી કે અમારા પરિવારજનોની કોઈ જવાબદારી રહેતી નથી તેમજ મારો ભાઈ કોઈપણ જાતની ગુનાહિત પ્રવૃતિ કરશે તો તેની જવાબદારી પણ અમોની કે અમારા પરિવારજનોની રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ. તા.૦૨-૦૫-૨૦૨૪
ચેરમેન
શ્રી નમોઃ નારાયણ શરાફી સહકારી મંડળી લી., રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, શ્રી નમોઃ નારાયણ શરાફી સહકારી મંડળી લી., અમરનગર મેઈન રોડ, ચંદ્રેશનગર ચોક, બહુચર વિદ્યાલયની સામે, રાજકોટના નામ ફેરફાર અંગેના પેટાનિયમ સુધારા અંતર્ગત મંડળીનું નવું નામ ''શ્રી મધુરમ શરાફી સહકારી મંડળી લી.'- રાજકોટ રહેશે. જે સુધારવા અમોએ પેટા કાયદા સુધારવાની દરખાસ્ત કરેલ છે. આ નામ ફેરફાર અંગે કોઈપણ મંડળીને કોઈ વાંધો કે તકરાર હોય અને કોઈ રજુઆત કરવાની થતી હોય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ૧/૬ બહુમાળી ભવન, રાજકોટ સમક્ષ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં કચેરી સમય દરમ્યાન મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા પ્રસ્તુત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી, તેમ માની યોગ્ય તે નિર્ણય કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

સ્થળ: રાજકોટ તારીખ: ૦૩/૦૫/૨૦૨૪
ચેરમેન
શ્રી નમોઃ નારાયણ શરાફી સહકારી મંડળી લી., રાજકોટ.

જાહેર નોટીસ કમ ચેતવણી



હું આથી નીચે સહી કરનાર ચેતનભાઈ ધીરજલાલ ટોપીયા, રહે. ૧૦૧, ગોકુલધામ સોસાયટી, ગોકુલધામ ૨૦ મીટર રોડ, રાજકોટ આથી જાહેર નોટીસ કમ ચેતવણીથી જણાવીએ છીએ કે, ઉપરોકત ફોટોવાળો મારો ભાઈ ઘનશ્યામભાઈ ધીરજલાલ ટોપીયા, ઉ.વ.આ.૫૫ જે છેલ્લા થોડા સમયથી અમોથી અલગ થઈ ગયેલ છે અને તે અમોના કહયામાં નથી અને અમારે અને અમારા પરિવારજનોએ તેમની સાથે કંઈ લેવા દેવા નથી તેમજ તેની સાથે કોઈ પણ વ્યકિતએ કે પેઢીએ કે સંસ્થા કે સગા-વ્હાલાઓએ અમોના નામે કોઈપણ જાતની લેતી-દેતી તેમજ કોઈ પણ પ્રકારે વ્યવહાર કરવો નહી, આમ છતાં કોઈ પણ જાતનો વ્યવહાર કરવામાં આવે તો તે અમારી કે અમારા પરિવારજનોની કોઈ જવાબદારી રહેતી નથી તેમજ મારો ભાઈ કોઈપણ જાતની ગુનાહિત પ્રવૃતિ કરશે તો તેની જવાબદારી પણ અમોની કે અમારા પરિવારજનોની રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ. તા.૦૨-૦૫-૨૦૨૪
ચેરમેન
શ્રી નમોઃ નારાયણ શરાફી સહકારી મંડળી લી., રાજકોટ.

જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર કરશનભાઈ ધીરજલાલ ટોપીયા, રહે. ૧૦૧, ગોકુલધામ સોસાયટી, ગોકુલધામ ૨૦ મીટર રોડ, રાજકોટ આથી જાહેર નોટીસ કમ ચેતવણીથી જણાવીએ છીએ કે, ઉપરોકત ફોટોવાળો મારો ભાઈ ઘનશ્યામભાઈ ધીરજલાલ ટોપીયા, ઉ.વ.આ.૫૫ જે છેલ્લા થોડા સમયથી અમોથી અલગ થઈ ગયેલ છે અને તે અમોના કહયામાં નથી અને અમારે અને અમારા પરિવારજનોએ તેમની સાથે કંઈ લેવા દેવા નથી તેમજ તેની સાથે કોઈ પણ વ્યકિતએ કે પેઢીએ કે સંસ્થા કે સગા-વ્હાલાઓએ અમોના નામે કોઈપણ જાતની લેતી-દેતી તેમજ કોઈ પણ પ્રકારે વ્યવહાર કરવો નહી, આમ છતાં કોઈ પણ જાતનો વ્યવહાર કરવામાં આવે તો તે અમારી કે અમારા પરિવારજનોની કોઈ જવાબદારી રહેતી નથી તેમજ મારો ભાઈ કોઈપણ જાતની ગુનાહિત પ્રવૃતિ કરશે તો તેની જવાબદારી પણ અમોની કે અમારા પરિવારજનોની રહેશે નહી જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ. તા.૦૨-૦૫-૨૦૨૪
ચેરમેન
શ્રી નમોઃ નારાયણ શરાફી સહકારી મંડળી લી., રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, શ્રી નમોઃ નારાયણ શરાફી સહકારી મંડળી લી., અમરનગર મેઈન રોડ, ચંદ્રેશનગર ચોક, બહુચર વિદ્યાલયની સામે, રાજકોટના નામ ફેરફાર અંગેના પેટાનિયમ સુધારા અંતર્ગત મંડળીનું નવું નામ ''શ્રી મધુરમ શરાફી સહકારી મંડળી લી.'- રાજકોટ રહેશે. જે સુધારવા અમોએ પેટા કાયદા સુધારવાની દરખાસ્ત કરેલ છે. આ નામ ફેરફાર અંગે કોઈપણ મંડળીને કોઈ વાંધો કે તકરાર હોય અને કોઈ રજુઆત કરવાની થતી હોય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ૧/૬ બહુમાળી ભવન, રાજકોટ સમક્ષ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં કચેરી સમય દરમ્યાન મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા પ્રસ્તુત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી, તેમ માની યોગ્ય તે નિર્ણય કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

સ્થળ: રાજકોટ તારીખ: ૦૩/૦૫/૨૦૨૪
ચેરમેન
શ્રી નમોઃ નારાયણ શરાફી સહકારી મંડળી લી., રાજકોટ.

જાહેર ચેતવણી

હું નીચે સહી કરનાર ફરીદાબેન હનીફભાઈ ચૌહાણ, રહે-શીતલ પાર્ક, મોચીનગર-૨, રહેમાન મસ્જીદની બાજુમાં, ''દુઆ'' બજરંગ વાડી, જામનગર રોડ, રાજકોટ, આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી ચેતવણી આપવામાં આવે છે કે ઉપર જણાવેલ ફોટોવાળી વ્યકિત મારી પુત્રીઓ **(૧) અફસાના ડો/ઓ હનીફભાઈ ચૌહાણ વા/ઓ-ફેસલભાઈ સેતા તથા (૨) રીઝવાના હનીફભાઈ ચૌહાણ તે વા/ઓ ફૈજાન અંસારી** અમારા કહ્યામાં નથી તેઓ સાથે અમારે કોઈપણ જાતનો સબંધ નથી.તેણી સાથે અમારા નામે કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર કરવો નહી કે રાખવો નહી જો અમારા ઉપરોકત જણાવેલ અમારી બંને પુત્રીઓ **(૧) અફસાના ડો/ઓ હનીફભાઈ ચૌહાણ વા/ઓ-ફેસલભાઈ સેતા તથા (૨) રીઝવાના હનીફભાઈ ચૌહાણ તે વા/ઓ ફૈજાન અંસારી** સાથે કોઈ નાણાકીય, સામાજીક કે અન્ય કોઈપણ જાતનો વ્યવહાર અમારા નામે કરશે તો તેની તમામ જવાબદારી તેની અંગત રહેશે અમારી કોઈ જવાબદારી રહેશે નહી જેની આથી જાહેર જનતાએ નોંધ લેવા અરજ છે.

રાજકોટ
તારીખ ૦૨/૦૫/૨૦૨૪

મારી સુચના અને માહીતી અનુસાર
ફરીદાબેન હનીફભાઈ ચૌહાણ

(દિપેશ એન.પાટડીયા) એડવોકેટ
૩૦૫, ચાણકય ચેમ્બર, બીજા માળે, મોચી બજાર સામે, રાજકોટ

CHANGE OF NAME

I Undersigned **Meera Vinitbhai Bhalodia** hereby Declare that I have change my Name from **Meeraben Vinitkumar Bhalodia** now on wards I will be know as **Meera Vineetbhai Bhalodia**

Meera Vineetbhai Bhalodia
Dt. 02-05-2024, Rajkot

નામ બદલાવેલ છે

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે મારૂ જુનુ નામ પ્રવિણચંદ્ર લીંબાભાઈ ગઢીયા હતું તે બદલીને પ્રવિણ લીંબાભાઈ ગઢીયા કરેલ છે. હવેથી હું પ્રવિણ લીંબાભાઈ ગઢીયા તરીકે ઓળખાઈશ જેની સર્વે નોંધ લેશો.

પ્રવિણ લીંબાભાઈ ગઢીયા
૧૪/બી, સૌરભ બંગલો,
નાનામવા રોડ, રાજકોટ.

નામ બદલાવેલ છે

મારૂ નામ **શબ્બીર હુશેન સજજાદભાઈ** હતુ જે બદલીને **શબ્બીર હુશેન સજજાદભાઈ શેખ** કરેલ છે. હવેથી હું મારા નવા નામ **શબ્બીર હુશેન સજજાદભાઈ શેખ** તરીકે ઓળખાઈશ.

સહી: શબ્બીર હુશેન સજજાદભાઈ શેખ,
સરનામું: ગાયત્રીનગર, મુ.ધ્રોલ
જી. જામનગર-૩૬૧૨૧૦

કહ્યામાં નથી



આથી હું રામલાલ લક્ષ્મણભાઈ શાહ, રહે. વેરાવળ શાપર શિવનગર, પાવન કોર્જીંગ પાસે મહાવીર પ્રોવિઝન સ્ટોરની બાજુમાં, વેરાવળ જાહેર ચેતવણી આપીએ છીએ, અમારો પુત્ર સાગર રામલાલ શાહ (ઉ.વ. ૨૬), આજથી સગાંવ્હાલાં મિત્રોને જણાવવાનું કે મારા પુત્ર સાગર રામલાલ શાહ સાથે કોઈ જાતનો વહેવાર કરશો તો અમારી જવાબદારી રહેશે નહિ.

રામલાલ લક્ષ્મણભાઈ શાહ - ૯૭૨૫૪૧૭૬૧૦

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના ગામ મોટા હડમતીયાના **રેવન્યુ સર્વે નં.૩૯/પૈકી ૫/ પૈકી ૧ની "દડલીના માર્ગે"** તરીકે ઓળખાતી જુની શરતની ખેતીની જમીન હે.આર.ચો.મી.૦-૪૦-૪૭ વાળી ખેતીની જમીન **શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયાએ** રજી.વેચાણ દસ્તાવેજ **અનુ.૨૮૪** તા.૦૩/૦૪/૨૦૨૩થી કેશાભાઈ ઉર્ફે કેશવભાઈ તળશીભાઈ બેરાણી પાસેથી ખરીદ કરેલ છે.જેની રેવન્યુ રેકર્ડમાં નોધ નં.૨૦૮૩ તથા ખાતા **નં.૪૫૬** થી પ્રમાણિત થયેલ છે.ત્યારથી સદરહું ખેતીની જમીન **શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયાની** સ્વતંત્ર માલીકી અને કબ્જા, ભોગવટાની આવેલ છે.

ઉપરોકત ખેતીની જમીન શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયા પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે તેથી સદરહું ખેતીની જમીન પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો લાગ-ભાગ-હકક, હિસ્સો બક્ષીસ ગીરો દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી.તો આ ખેડવાણ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક,હિત, કે હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદરહું ખેતીની જમીન ખરીદ કરશે.અને ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૦૩/૦૫/૨૦૨૪

અમારી સુચના, સંમતિ અને માહિતી અનુસાર
શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયા

હરેશ બી.પરસોંડા
એડવોકેટ એન્ડ નોટરી
મો.નં.૯૮૨૪૪૦૯૯૫૨

હરેશ બી.પરસોંડા
ઋષિરાજ.જે.ચૌહાણ, પિયુષ ડી.ઝાલા
પુજા પરસોંડા, પ્રભાત પરસોંડા, જેનીલ પરસોંડા,
દિવ્યેશ લાખાણી, જયદિપ જાગાણી, ચાંદની પુજારા,
રોનક વસોયા, પુજા આશરા, વિજય પેઢડીયા એડવોકેટસ

ઠે.૯૦૨, આર.કે.વર્લ્ડ ટાવર, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના ગામ મોટા હડમતીયાના **રેવન્યુ સર્વે નં.૩૯/પૈકી ૧/ પૈકી ૧ની "દડલીના માર્ગે"** તરીકે ઓળખાતી જુની શરતની ખેતીની જમીન હે.આર.ચો.મી.૧-૦૪-૨૦ વાળી ખેતીની જમીન **શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયાએ** રજી.વેચાણ દસ્તાવેજ **અનુ.૨૮૭** તા.૦૩/૦૪/૨૦૨૩થી **મોહનભાઈ તળશીભાઈ બેરાણી** પાસેથી ખરીદ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડમાં **નોધ નં.૨૦૮૨** તથા ખાતા નં.૪૫૫ થી પ્રમાણિત થયેલ છે. ત્યારથી સદરહું ખેતીની જમીન **શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયાની** સ્વતંત્ર માલીકી અને કબ્જા, ભોગવટાની આવેલ છે.

ઉપરોકત ખેતીની જમીન શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયા પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે તેથી સદરહું ખેતીની જમીન પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો લાગ-ભાગ-હકક, હિસ્સો બક્ષીસ ગીરો દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી.તો આ ખેડવાણ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક,હિત, કે હિસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદરહું ખેતીની જમીન ખરીદ કરશે.અને ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ,તા.૦૩/૦૫/૨૦૨૪

અમારી સુચના, સંમતિ અને માહિતી અનુસાર
શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયા

હરેશ બી.પરસોંડા
એડવોકેટ એન્ડ નોટરી
મો.નં.૯૮૨૪૪૦૯૯૫૨

હરેશ બી.પરસોંડા
ઋષિરાજ.જે.ચૌહાણ, પિયુષ ડી.ઝાલા
પુજા પરસોંડા, પ્રભાત પરસોંડા, જેનીલ પરસોંડા,
દિવ્યેશ લાખાણી, જયદિપ જાગાણી, ચાંદની પુજારા,
રોનક વસોયા, પુજા આશરા, વિજય પેઢડીયા એડવોકેટસ

ઠે.૯૦૨, આર.કે.વર્લ્ડ ટાવર, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના ગામ મોટા હડમતીયાના **રેવન્યુ સર્વે નં.૩૯/પૈકી ૩/પૈકી ૧ની "દડલીના માર્ગે"** તરીકે ઓળખાતી જુની શરતની ખેતીની જમીન હે.આર.ચો.મી.૦-૪૦-૪૭ વાળી ખેતીની જમીન **શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયાએ** રજી.વેચાણ દસ્તાવેજ **અનુ.નં.૨૮૬** તા.૦૩/૦૪/૨૦૨૩થી કરમશીભાઈ તળશીભાઈ બેરાણી પાસેથી ખરીદ કરેલ છે.જેની રેવન્યુ રેકર્ડમાં નોધ નં.૨૦૮૪ તથા ખાતા **નં.૪૫૬** થી પ્રમાણિત થયેલ છે.ત્યારથી સદરહું ખેતીની જમીન **શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયાની** સ્વતંત્ર માલીકી અને કબ્જા, ભોગવટાની આવેલ છે.

ઉપરોકત ખેતીની જમીન શૈલેષભાઈ ધીરજલાલ ટોપીયા પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે તેથી સદરહું ખેતીની જમીન પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો લાગ-ભાગ-હકક, હિસ્સો, બક્ષીસ ગીરો દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જ

જુનાગઢમાં વડાપ્રધાન મોદીનું વચન : વીજળી બિલ-વાહનોનાં ઇંધણના બિલ ઝીરો કરાશે

કોંગ્રેસ કાળમાં ભારત ૧૧માં ક્રમે પાછળ ધકેલાયું હતું : સન ૨૦૧૪થી ૨૦૧૯ પાંચમા સ્થાને આગામી સમયમાં વિશ્વની હરોળમાં ૧ થી ૩ સ્થાને લઇ જવાની નેમ : સીએએ હટાવવા અને શહઝાદાને પી.એમ. બનાવવા પાકિસ્તાન દુઆ કરે છે : નરેન્દ્ર મોદી

જુનાગઢ, તા. ૩

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડમાં ગુજરાતના પનોતા પુત્ર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગઇકાલે લોકસભાની ચૂંટણીની જાહેર સભાને સંબોધી હતી. જેમાં જય ગિરનારીના નાદ સાથે જણાવ્યું હતું કે સંતોના દર્શન કરવાનું સૌભાગ્ય મને મળ્યું છે. સંતોના આશિર્વાદ સાથે લોકોનો પ્રેમ ઘરના છોકરાને તેનો પરિવાર આપે તેનો આનંદ મને સોરઠમાં જ મળતો હોય છે.

વિરોધ પક્ષ ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે કોઇ વિપક્ષો પાસે લોકસભાની ૨૭૨ સીટ બહુમતી માટે જોઇએ તે ભાજપ સિવાય એક પક્ષ પાસે ઉમેદવાર જ નથી તો તેમને મત આપી વેડફી ન નંખાય, વિપક્ષની એવી સ્કીમ છે કે જો તેઓને સતા મળે તો એક એક પક્ષનો વડાપ્રધાન થવાની ફોર્મ્યુલા નકકી કરી છે. ૫૦૦ કુટ બોર પાણી માટે કરવાનો હોય તો ૧૦ મીટરના બોર ઉડા કરીએ તો પાણી આવે તેવો કટાક્ષ કર્યો હતો.

પીએમ મોદીએ જણાવ્યું છે કે ચૂંટણી બાદ મારે દરેકના વીજ બીલ ઝીરો કરવા છે. પીએમ સોલાર યોજના નીચે ઘરે ઘરે સોલાર સબસીડી સાથે શરૂ કરવા છે. તેમજ ટુ વ્હીલ-ફોર વ્હીલ સ્કુટી ઇલેકટ્રીક બેટરી ચાર્જ કરી પેટ્રોલમાંથી મુકત કરવા છે. આઝાદી સમયે ભારત છઠ્ઠા નંબરે હતું તે કોંગ્રેસ કાળમાં તેનું સ્થાન અગિયારમાં નંબરે પાછળ ધકેલી દેવામાં આવ્યું હતું તેને માત્ર ૨૦૧૪થી ૨૦૧૯ સુધીમાં પાંચમા સ્થાને ઉપર પહોંચાડી દેવામાં આવ્યું છે. આગામી સમયમાં વિશ્વના હરોળના એકથી ત્રણ સ્થાનમાં લઇ જવાની નેમ છે.

જુનાગઢ વિકસીત બને તે માટે પ્રયાસો છે જુનાગઢ જોવું હોય તો ૭ દિવસ રોકાવું પડે. ગિરથી ગિરનાર સુધી, ઉનાથી જુનાગઢ સુધી ફોર ટ્રેક રોડ બનાવાયા છે. સોમનાથ-ભાવનગર ફોર ટ્રેક બનાવાય છે. સોમનાથ, પોરબંદર, જુનાગઢનો હિસ્સો સમુદ્રનો છે. તેમાં ફીશીંગની સુવિધા ઉભી કરતા માછલીની નિકાસ આઠ ગણી થઇ છે. હજુ માંગરોળ, ચોરવાડ, સુત્રાપાડા, માઢવાડા, વેરાવળ, ચોરવાડ, કોડીનાર બંદરના વિકાસ થશે, માછીમારો સમુદ્ર ખેડુતો માટે વિમા કવચ, ફીશર મેન માટે અલગ મંત્રાલય આઝાદી બાદ ભાજપે ઉભુ કર્યુ છે. ૨૦ વર્ષમાં ચેકડેમ, સુજલામ સુફલામથી પાણીનો પ્રશ્ન હલ કરી ખેતીની જમીનમાં પાણી પીયતમાં મળતું થયું છે. ગામડાની ત્રણ કરોડ દિકરીઓ ને લખપતિ બનાવવાનું નકકી કરાયું છે. કોઇપણ વ્યકિત ૭૦ વર્ષની ઉમર ઉપર હોય તેઓના માટે તેમની સારવારની તમામ જવાબદારી આ તમામ દિકરાની છે તેનું બીલ તમારો દિકરો ભરશે. કેશોદ એરપોર્ટનો વિકાસ આધુનિકકરણ કરવું છે. કેશોદ એરપોર્ટ પર દુનિયાના પ્રવાસીઓ આવશે તેવું બનાવી જુનાગઢ જિલ્લો, પ્રવાસન તરીકે વિકાસ થશે.

૨૦૪૭માં દેશની આઝાદીના ૧૦૦ વર્ષ મનાવે ત્યારે ભારત દુનિયાનું વિકસીત રાષ્ટ્ર બનવાનું સ્વપ્ન છે. કોંગ્રેસ ફરી કલમ ૩૭૦ની લાગુ કરવાનો ઇરાદો ખુલ્લો પડી ગયો છે. દેશમાં બે સંવિધાન હતા તે બાબાસાહેબનું અપમાન ન હતું ? તેવો સવાલ કર્યો હતો બાબાસાહેબનું સ્વપ્ન હું પુરૂ કરી શકયો ૩૭૦ની કલમને હવે જમીનમાં દાટી દીધી છે. હવે હું જોઉં છું કે બાબાસાહેબનું અપમાન કરવાની કોનામાં હિંમત છે. ત્રણ તલાકને કાયદો બનાવી અનેક મા, બેન, દિકરીઓની જિંદગી બચાવી છે. મારો પડકાર છે હિંમત હોય તો હવે કરી તો જોકે એ મોદી હે મુકાબલા નહીં કર શકોગે ૨૦૧૩-૧૪ સુધી દેશમાં વિસ્ફોટ થતા હતા. કોંગ્રેસ પાકિસ્તાનના ઇશારે ફેસલા કરતી હતી. કોંગ્રેસ હવે તેના અસલ અપમાં આવી રામ મંદિરનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસને ચેલેન્જ પણ ફેંકી હતી કે કોંગ્રેસ લેખીતમાં આપે કે સંવિધાન ને બદલાવી મુસ્લિમોને ધર્મના આધારે આરક્ષણ નહીં આપે. એસી, એસટી, ઓબીસી અને સામાન્ય સમાજને જે ૧૦ ટકા આરક્ષણ મળે છે એ નહીં છીનવો, કર્ણાટકમાં જે થયુ એ મુજબ અન્ય રાજયોમાં ઓબીસીના આરક્ષણમાં કટોટી ન થાય કોંગ્રેસ મુસ્લિમ લીગની છાપ દેખાય છે મુંબઇના આતંકી હુમલામાં કસાબને બચાવવા કોંગીના નેતાઓ આગળ આવી ધમપછાડા કર્યા હતા.

મારા જીવનની પળે પળ દેશ માટે સમર્પિત હોવાનું જણાવ્યું હતું. દેશ માટે ૨૪×૭ એટલે ૨૦૪૭ હોવાનું જણાવ્યું હતું. વડાપ્રધાને કોંગ્રેસ સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું. કોંગ્રેસનો સીએએ હટાવવાનો છુપરો એજન્ડા છે. તો બીજી તરફ શાહઝાદાને પી.એમ. બનાવવા પાકિસ્તાન દુઆ કરે છે. પ્રવચન દરમિયાન જુનાગઢના સંતોને નમન કર્યા હતા. સરદાર વલ્લભભાઇ પટેલના યોગદાનને યાદ કરી સરદાર પટેલ ના હોત તો ગીરના સિંહો પાકિસ્તાનમાં હોત એટલે આજે જુનાગઢ-ગીરનો ટુરીઝમ ક્ષેત્રે વિકાસ કરવો છે.

વડાપ્રધાને જુનાગઢમાં અમરેલીના ઉમેદવારને બધુ બરાબર ચાલે છે ને ? તેવો સવાલ કર્યો

પડતા મુકાયેલા બે સાંસદોને બોલાવી હાથ મિલાવી આશ્વાસન આપ્યું

જુનાગઢ, તા. ૩

આ વખતે પોરબંદર-અમરેલીના વર્તમાન સાંસદની ટીકીટ કાપી છે. જુનાગઢ સ્ટેજ ઉપર વડાપ્રધાને તેને બોલાવી હાથ મિલાવી દિલાસો આપ્યો હતો. અમરેલીના ઉમેદવારને પુછયુ કે બધુ બરાબરો ચાલે છે ને ? ભાજપના કાર્યકરો, આગેવાનોએ કહ્યું હતું કે ૨૬ સીટ તો આવશે પરંતુ આ વખતે તમામ બુથ જીતવાના છે. થાળી વગાડી સવારે ૧૦ કલાકે એક એક મળી ૨૫નું જુથ મતદાન કરવા નીકળે. વધુ મતદાન થાય તેવી અપીલ કરી હતી. તમામ રેકર્ડ તોડવા કામે લાગી જવાની ટકોર કરી હતી.

સભા પુરી થયે મોદીએ અમરેલીના ઉમેદવારને પુછયું કે બધુ બરાબર ચાલે છે ને ? બાદ પોરબંદરના સાંસદ રમેશભાઇ ધડુક અને અમરેલીના સાંસદ નારણભાઇ કાછડીયાને હાથ ઉંચો કરીને બાજુમાં બોલાવ્યા હતા બંને સાથે હાથ મિલાવ્યા હતા. રમેશભાઇ ધડુકને મનસુખભાઇ માંડવીયાની ભલામણ કરતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

આ તમામ ઘટના બાદ પરત જતી વખતે પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તાલાલાના ધારાસભ્ય ભગાભાઇ બારડની વાત કરી હતી. બાદ વડાપ્રધાને ભગાભાઇએ ભુપેન્દ્રભાઇ અને વડાપ્રધાન સાથે વાતચીતમાં રાજેશભાઇ ચુડાસમાને જીતાડવાની ખાતરી આપ્યાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાય રહ્યું છે.

ઘરેલું હિંસાના કેસમાં આર્મીમેન પતિ નિર્દોષ

રાજકોટ તા.૩

અત્રે રાજકોટમાં રહેતી પરિણીતાએ પોતાના આર્મીમેન પતિ મયુરભાઈ અને સાસુ કૈલાસબેન સામે રાજકોટ મહિલા પોલીસ મથક ખાતે આઈપીસી ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ વગેરે મુજબ ફરિયાદ નોંધાવી હતી.

કેસની વિગત મુજબ, આરોપીએ તા.૧૦.૦૩.૨૦૧૯ થી તા.૧૬.૧૨.૨૦૧૯ના લગ્ન જીવન દરમ્યાન ફરિયાદીને નાની-નાની બાબતોમાં મેણા ટોણા મારી ઝઘડો કરી ગાળો આપી મારકુટ કરી શારીરિક માનસીક દુખત્રાસ આપેલ હતો. કેસ ચાલતા ફરિયાદી તથા અન્ય ૪ સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની લીધેલ અને ફરિયાદ સહીતના દસ્તાવેજો રજુ કરેલ બચાવ પક્ષે વકીલે લેખીત દલીલ રજુ રાખેલ અને મૌખિક દલીલમાં ફરિયાદે રિસામણે પિયર જતા રહેલ આરોપી મયુરભાઈ મામા-ફઈના થતા હોવાથી પહેલાથી જ ઓળખતા હતા. મયુરભાઈ (આર્મીમેન) સાથેના મેરેજ પહેલા તેની સાથે સગાઈ તુટી ગયેલ તેવું ફરિયાદીએ કબુલ કરેલ. આરોપીએ ફરિયાદી સામે લગ્ન હકકનો દાવો કરેલ છે. છતા ફરિયાદી તેમની સાથે રહેવા આવેલ નથી, ફરિયાદ પક્ષે કોઈ જુડીશ્યલ એવીડેન્સ રજુ ન હોય માત્ર આક્ષેપો કરેલ છે, તે રીતે ફરિયાદીએ રજુ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા જાણાવેલ આરોપીના વિદ્વાન વકીલ નયનાબેન ડી. ચૌહાણની દલીલ ધ્યાને લઈ આરોપી મયુરભાઈ (આર્મીમેન) તેમજ તેમના માતા કૈલાસબેનને શકનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીના વતી વકીલ નયનાબેન ડી. ચૌહાણ અને એચ.કે.બારોટ રોકાયેલ હતા.

સવારે દારૂનો જથ્થો ઉતાર્યાની કલાકોમાં જ પોલીસ ત્રાટકી : વામ્બે આવાસ કવાર્ટરમાંથી ઈરફાન ૯૧૭ બોટલ સાથે ઝડપાયો

એલસીબી ઝોન-૨ની ટીમે વહેલી સવારે દરોડો પાડી રૂા.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો : સપ્લાય કરનાર ગાયકવાડીના લીસ્ટેડ બુટલેગર તોફીક ઉર્ફે તોફલોની શોધખોળ

રાજકોટ, તા. ૩

કાલાવાડ રોડ પર આવેલ વામ્બે આવાસ કવાર્ટરમાં રહેતા બુટલેગર ઈરફાન સૈયદે વહેલી સવારે ઉતારેલા દારૂ અને બીયરના જથ્થા પર એલસીબી ઝોન-૨ની ટીમે દરોડો પાડી ઈરફાનને દબોચી ૯૧૭ બોટલ દારૂ અને બીયરનો જથ્થો મળી કુલ રૂા. ૧.૭૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે સપ્લાય કરનાર ગાયકવાડીના તોફીક ઉર્ફે તોફલોની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર.એચ.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જયંતિગીરી ગોસ્વામીને કાલાવડ રોડ પર આવેલ વામ્બે આવાસ યોજના કવાર્ટરમાં રહેતા ઈરફાન અલીમીયા સૈયદે દારૂનો મોટો જથ્થો વહેલી સવારે ઉતાર્યાની મળેલી ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી કવાર્ટરમાં તપાસ કરતા દારૂની અલગ અલગ બ્રાન્ડની ૯૧૭ બોટલ અને બીયારના ૪૬ ટીન મળી આવતા ઇરફાન સૈયદની ધરપકડ કરી રૂા.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર ઈરફાન સૈયદને આજે સવારે જ લીસ્ટેડ બુટલેગર તોફીક ઉર્ફે તોફલો મહમ્મદ સંધાર (રહે. ગાયકવાડી શેરીનં.૩, જંકશન પ્લોટ) સપ્લાય કરી ગયો હોવાનું ખુલતા તોફીક ઉર્ફે તોફલાની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે ઈરફાન સૈયદ પર દારૂ, મારામારી સહિતના પાંચથી વધુ ગુના અલગ અલગ પોલીસ મથકમાં નોંધાયેલ છે. જયારે તોફીક ઉર્ફે તોફલો પર જામનગર સહિતના શહેરોમાં દારૂ સહિતના પાંચથી વધુ ગુના નોંધાયા છે.

માર્ચ માસમાં જ વોટસએપએ ૭૯ લાખ એકાઉન્ટ બ્લોક કર્યા

નવી દિલ્હી તા.૩

દેશમાં લોકસભા ચૂંટણી પુર્વે જાન્યુ. થી નવેમ્બર ૨૦૨૩ સુધીમાં વોટસએપ દ્વારા ભારતમાં અંદાજે ૭ કરોડ એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યા હતા અને તેમના પર પ્રતિબંધ મુકી દેવાયો છે. વોટસએપે આ અંગે જણાવ્યું કે લોકસભા ચૂંટણીના કારણે તે ફ્રોડ અને ગેરકાનુની રીતે ટેલી માર્કેટીંગ સહિતના કાનૂન હેઠળ તમામ એકાઉન્ટ પર સતત નજર રાખી રહી છે અને આઈટી એકટ મુજબ તેને જે સતા મળી છે તેનો ઉપયોગ કરી રહી છે. ચાલુ વર્ષે માર્ચ મહિનામાં વોટસએપે અંદાજે ૭૯ લાખ એકાઉન્ટ પર પગલા લીધા છે. જાન્યુ. ૨૦૨૩થી વોટસએપ આ પ્રકારના પગલા લઈ રહી છે અને ખાસ કરીને તેમાંથી ૭૯ હજાર જેટલી ફરિયાદોના આધારે પગલા લેવાયા છે.

૩૮ વર્ષીય શાકભાજીના ધંધાર્થીને હૃદય રોગનો હુમલો જીવલેણ નીકળ્યો

હુડકો ક્વાટર્સમાં હિતેશભાઈ મકવાણા પોતાનાં ઘરે બેભાન થઈ ઢળી પડ્યાંઃ યુવકે સારવારમાં દમ તોડી દિધો હતો

રાજકોટ, તા.૩

શાકભાજીના ધંધાર્થીનું હૃદય થંભી જતાં તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવની વિગત મુજબ હિતેશભાઈ રતિભાઈ મકવાણા (ઉ.વ.૩૮ રહે- બ્લોક નં- ડી ૨૮ હુડકો ક્વાટર્સ કોઠારીયા) નામનો યુવક આજ રોજ બપોરનાં બારેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે બેભાન થઈ જતાં તુરંત તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતક શાકભાજીનો ધંધો કરતો હતો. તેઓ એક ભાઈ અને એક બહેનમાં નાનો હતો. એકના એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

પાણી

(છેલ્લા પાનાનું ચાલું)

માત્ર ૫૭ લીટર પાણીનું વિતરણ થાય છે. તેનો વિસ્તાર ૧૬૦ સ્કવેર કિ.મી.નો છે. અને વસ્તી પણ ૩.૮૩ લાખની જ છે. અમદાવાદમાં દરરોજ ૧૬૦૦ એમએલડી પાણીનું વિતરણ થાય છે. વસ્તીને ગણતરીમાં લેવામાં આવતા માથાદીઠ ૨૦૦ લીટર થવા જાય છે. જ્યારે સુરતમાં માથાદીઠ ૧૮૨ લીટર પાણીનું વિતરણ થાય છે. કુલ સપ્લાય ૧૫૦૦ એમએલડીની રહે છે.

૨૦૧૬ના નેશનલ બિલ્ડીંગ કોડમાં એવું સૂચવાયું હતું કે માથાદીઠ ૧૫૦થી ૨૦૦ લીટરનું પાણી વિતરણ ઘટાડીને ૧૩૫ લીટર કરવામાં આવે, ૧૫૦થી ૨૦૦ લીટરના વિતરણમાં માથાદીઠ ૪૫ લીટર ફલશ કરવામાં જતું હોય છે અને બાકીનો વપરાશ અન્ય કામોમાં થતો હોય છે. શહેરી વિકાસ મંત્રાલયના આ રીપોર્ટના આધારે એમ સુચવાય છે કે સમગ્ર ગુજરાતમાં પાણી વપરાશના પેટર્નમાં સુધારો કરવાની અને તમામ શહેરોમાં સમાન ધોરણે પાણી ઉપલબ્ધ થાય તેવા કદમ ઉઠાવવાની જરૂર છે. ૨૦૦૯ પછી કોર્પોરેશનનો દરજજો પામેલા અનેક શહેરોને નિયમિત રીતે પાણી મળી શકતું નથી. વાસ્તવમાં માથાદીઠ પાણી વિતરણ ૮૦ થી ૧૦૦ લીટરનું જ હોઇ શકે છે પરંતુ ખુબ મોટો બગાડ થતો હોવાની આશંકા છે.

વોટસએપ

(છેલ્લા પાનાનું ચાલું)

વેશમાં નોંધાયેલ ન હોય, તેઓની સત્વરે 'ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈઓ અંતર્ગત નોંધણી કરાવવા પણ સુચના આપી દેવાઇ છે. આ વેરો ભર્યા બાદ તેની પહોંચના આધારે કામ થવાના છે. આ નિયમ ટીપી, બિલ્ડીંગ પ્લાન, આરોગ્ય અને ફૂડ, જુદા જુદા લાયસન્સ, ટેકસ સહિતની શાખામાં કોન્ટ્રાક્ટ રાખતા લોકો અને લાગુ વ્યવસાયિકોને જોડશે.

અદાણી ગ્રુપ

(પહેલા પાનાનું ચાલું)

નહીં કરાયાનો આક્ષેપ હતો. કંપનીનાં કોડ ઓફ કંડકટ (આચાર સંહીતા) ભંગ થયાનો પણ આક્ષેપ હતો.

અદાણી પાવર દ્વારા એમ કહેવાયું છે કે સેબીની નોટીસનો જવાબ આપી દેવાયો હતો સંબંધીત વર્ષના નાણાકીય હિસાબોમાં અમુક વ્યવહારો નહીં દર્શાવવાનો અને આવા વ્યવહારોની મંજુરી નહીં મેળવ્યાનો આક્ષેપ હતો.

સેબીની નોટીસોમાં સંબંધીત પક્ષોનાં વ્યવહારો, લીસ્ટીંગ નિયમોનું પાલન નહી કરવા, ભુતકાળમાં ઓડીટરોનાં સર્ટીફીકેટની વેલીડીટી જેવા મુદ્દાઓ પર ખુલાસા માંગવામાં આવ્યા છે.

હીડનબર્ગ રીપોર્ટનાં કાનુની જંગ વખતે ગત ઓગસ્ટમાં સેબીએ સુપ્રિમ કોર્ટને એમ કહ્યુ હતું કે સંબંધીત પાર્ટીનાં ૧૩ વ્યવહારોની ઓળખ મળી છે. અને તેની તપાસ કરવામાં આવી રહી છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે. હિડનબર્ગ રીપોર્ટમાં ૬૦૦૦ વ્યવહારોનો ઉલ્લેખ કરીને તેની યોગ્યતા વિશે સવાલ ઉઠાવવામાં આવ્યા હતા તે અત્રે ઉલ્લેખનીય છે.

રાહુલ

(પહેલા પાનાનું ચાલું)

ચૂંટણી લડવા નિર્ણય લીધા બાદ આજે તેઓએ ઉમેદવારી નોંધાવાના અંતિમ દિવસે સોનીયા ગાંધી-પ્રિયંકા ગાંધી તથા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગેની હાજરીમાં નોમીનેશન કર્યુ હતું. છેલ્લા એક સપ્તાહથી અમેઠી અને રાયબરેલી અંગે કોંગ્રેસના ઉમેદવારો કોણ હશે તેની જબરી ચર્ચા હતી. અને રાહુલ તથા પ્રિયંકા ગાંધીના નામ આ બેઠક માટે ચર્ચાતા હતા. જેમાં રાહુલ ગાંધીએ અમેઠી બેઠક પર લડવાનો ઈન્કાર કરીને રાયબરેલી બેઠક પર પસંદગી ઉતારી હતી. અને આજે સવારે તેઓ ખાસ વિમાન મારફત રાયબરેલી પહોંચ્યા હતા જ્યાં તેના માતા અને બહેન અને કોંગ્રેસના વરિષ્ઠ ઉમેદવારોની હાજરીમાં ઉમેદવારી નોંધાવી હતી તેમાં હવે તેમની ટકકર એક સમયના નહેરૂ ગાંધી કુટુંબના વફાદાર અને હાલ ઉત્તરપ્રદેશમાં યોગી સરકારના મંત્રી દિનેશ પ્રતાપસિંઘ સામે થશે. ૨૦૧૯માં સોનીયા ગાંધીએ આ બેઠક પરથી જ દિનેશ પ્રતાપસિંઘને પરાજીત કર્યા હતા. પરંતુ સ્વાસ્થ્યના કારણોસર સોનીયા ગાંધીએ ચૂંટણી ન લડવા નિર્ણય લીધો હતો અને તેઓ રાજસ્થાનથી રાજ્ય સભામાં ચૂંટાયા છે આમ અમેઠી અને રાયબરેલી બન્ને બેઠકો જે ગાંધી કુટુંબના વર્ચસ્વની બેઠક ગણાય છે તેના પર કોંગ્રેસના ઉમેદવાર અંગે સસ્પેન્સ સર્જાયો હતો. રાહુલ ગાંધી ૨૦૧૯માં અમેઠી બેઠક પરથી મોદી સરકારના મંત્રી અને મહિલા નેતા સ્મૃતિ ઈરાની સામે પરાજીત થયા હતા જોકે વાયનાડ બેઠક પર તેઓ વિજેતા બન્યા હોવાથી સાંસદ પદ બચી ગયું હતું. હવે રાયબરેલીમાં તેમના માટે ભાજપ ટફ સ્થિતિ બનાવશે તેવા સંકેત છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તે ટંકાર કરી પણ દીધો છે.

કોંગ્રેસે અમેઠીમાં હાર સ્વીકારી લીધી છેઃ સ્મૃતિનો ટંકાર

નવી દિલ્હી, તા.૩

અમેઠીમાંથી રાહુલ ગાંધીને ચૂંટણી લડવા માટે પડકાર આપનાર આ બેઠકના વર્તમાન સાંસદ સ્મૃતિ ઈરાનીએ રાયબરેલીથી ચૂંટણી લડવાના રાહુલ ગાંધીના નિર્ણય પર કટાક્ષ કરતા કહ્યું કે અમેઠીથી ગાંધી કુટુંબના કોઇ સભ્ય ચૂંટણી લડી રહ્યા નથી. તે દર્શાવે છે કે અમેઠીમાં કોંગ્રેસે હાર સ્વીકારી લીધી છે.

સુપ્રીમ

(પહેલા પાનાનું ચાલું)

ગોઠવણપૂર્વકનું હોય તો પણ અમે કંઈ કરી શકીએ નહી. કોઈને ફકત નામના આધારે ચુંટણી લડતા અટકાવી શકાય નહી. સુનાવણી સમયે ન્યાયમૂર્તિ બી.આર.ગવઈ એ કહ્યું કે માતા-પિતાએ નામ પાડયા હોય છે જોગાનુજોગ પણ થઈ શકે છે. હાલમાં જ લાલુપ્રસાદ યાદવના પુત્રી રોહિણી જે બેઠક પરથી લડે છે તે બેઠક પરથી લાલુપ્રસાદ યાદવ નામના અન્ય ઉમેદવાર પણ મેદાનમાં છે. કોઈ રાહુલ ગાંધી હોય કે લાલુપ્રસાદ યાદવ તેથી ફકત ચુંટણી લડતા તેમને રોકી શકાય નહી. તામિલનાડુમાં રામનાથપુરમ લોકસભા બેઠક પર એક જ નામના ચાર ઉમેદવારો મોજૂદ હતા તે પણ સુપ્રીમકોર્ટે નોંધ લીધી હતી.

સિવિલમાં આભા કાર્ડ પર રોજ ૧૫૦ નોંધ : આંકડો વધારવા સૂચના

સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.ત્રિવેદીએ સરપ્રાઇઝ વિઝીટ લીધી

રાજકોટ, તા.૩

ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો.આર.એસ.ત્રિવેદીએ હોસ્પિટલમાં સરપ્રાઇઝ વિઝીટ લેતા સ્ટાફમાં દોડધામ મચી ગઇ હતી.

આ અંગે મળતી વિગત મુજબ, સિવિલ હોસ્પિટલમાં ઘણા પ્રશ્ને દર્દીઓની ફરિયાદો મળતી હોય છે. જેના નિવારણ માટે સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા નિયમિત રીતે સરપ્રાઇઝ વિઝીટ કરવામાં આવતી હોય છે. જેને લઈ ગઈકાલે ડો.ત્રિવેદીએ ચેકીંગ કરતા કેસ બારી દવા બારી પર લાઈનો જોઈ હતી. જેથી સિનિયર સિટીઝન અને મહિલાઓ તેની લાઈનમાં જ રહે અને તેમાં અન્ય કોઈ દર્દી ન આવે તે તકેદારી રાખવા સૂચના કરાઈ હતી. એક કેસ બારી બંધ હોવાથી તેના નોડલ ઓફિસરને બોલાવી પૂછતાં ઝનાના હોસ્પિટલ શરૂ થઈ હોવાથી બારી બંધ કર્યાનો બચાવ કર્યો હતો. જોકે ડો.ત્રિવેદીએ દર્દીઓને સુવિધા મળે તે માટે તુરંત આ બારી ખોલી નાખવા સૂચના આપી હતી. આ ઉપરાંત આભા કાર્ડ પર રોજ ૧૫૦ એન્ટ્રી હાલ થતી હોવાની માહિતી મેળવી, આ એન્ટ્રીની સંખ્યા વધારવા સૂચના આપી હતી.

પ.બંગાળ

(પહેલા પાનાનું ચાલું)

પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવ્યા છે. સત્યનો વિજય થશે. તેણે વધુમાં કહ્યું કે હું કૃત્રિમ કથાઓથી ડરતો નથી. જો કોઈ મને બદનામ કરીને ચૂંટણીમાં ફાયદો મેળવવા માંગતું હોય તો ભગવાન મને આશીર્વાદ આપે. હું ભ્રષ્ટાચાર અને હિંસા સામેની લડાઈને રોકી શકતો નથી.

શું મોદીજી રાજ્યપાલ પાસેથી સ્પષ્ટતા માંગશે: સાગરિકા ઘોષ :

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાગરિકા ઘોષે મહિલાના આરોપો અંગે એક વીડિયો નિવેદન બહાર પાડ્યું છે. તેમણે કહ્યું છે કે બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. જ્યારે એક મહિલા રાજભવન ગઈ ત્યારે રાજ્યપાલ સીવી આનંદ બોઝે તેની સાથે છેડતી કરી, જાતીય સતામણી કરી અને તેની સાથે ગેરવર્તન કર્યું. મહિલા હવે પોલીસ સ્ટેશન પહોંચી છે, જ્યાં તે પોતાની ફરિયાદ નોંધાવી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોલકાતા પહોંચી રહ્યા છે ત્યારે આ ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. મોદીજી રાજભવનમાં જ રોકાશે. શું મોદીજી રાજ્યપાલ પાસે સ્પષ્ટતા માંગશે? શું મોદીજી પૂછશે કે રાજભવનમાં આવી ઘટના કેવી રીતે બની?

વીમા

(પહેલા પાનાનું ચાલું)

ટકાથી ૧૨.૫ ટકા વધારવા પડશે. એસકિઓના રિટેલ હેલ્થના વાઈસ પ્રેસીડેન્ટ રૂપીન્દરજીતસિંહે જણાવ્યું હતું કે ઈરડાએ ૧ એપ્રિલથી પ્રી-એગ્જિસ્ટીંગ કન્ડીશનમાં મેકસીમમ વેઈટીંગ પીરિયડને ચાર વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષ કરી નાખ્યો છે. આ નિર્ણય બાદ મોટાભાગની ઈન્સ્યોરન્સ કંપનીઓ, ઈન્સ્યોરન્સના ખર્ચમાં ૧૦થી૧૫ ટકા વધારો કરી શકે છે.

શા માટે કરાયો વધારો?: હેલ્થ ઈન્સ્યોરન્સમાં વેઈટીંગ પીરીયડ એ સમયગાળો છે જેના માટે આપને ઈન્સ્યોરન્સનો ફાયદો મેળવતા પહેલા રાહ જોવી પડે છે. પ્રિ-એગ્ઝિસ્ટીંગ કન્ડીશનમાં મેકસીમમ વેઈટીંગ પીરીયડનો મતલબ એ છે કે જો આપ અગાઉથી કોઈ બીમારીથી પીડિત છો તો આપને કોઈપણ લાભને કલેમ કરતા પહેલા હેલ્થ ઈન્સ્યોરન્સમાં નિશ્ચિત વેઈટીંગ પીરિયડ સમાપ્ત થવા સુધી રાહ જોવી પડશે. અગાઉથી મોજૂદ બીમારીઓનો મતલબ એ છે જે હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી ખરીદયાના ૪૮ મહિના પહેલા ડાયગ્નોઝડ કરવામાં આવી હોય. આ બીમારીઓમાં હાઈબીપી, ડાયાબીટીસ, થાઈરોઈડ વગેરે સામેલ છે. તેને હવે ઈરડાએ ત્રણ વર્ષ કરી છે. કંપનીઓને લાગી રહ્યું છે કે આથી લોકોના ફેકટરમાં વધારો થશે. આથી કંપનીઓ પ્રીમીયમ વધારી રહી છે.

ખાદ્ય તેલો

(છેલ્લા પાનાનું ચાલું)

હજુ વધુ શકી તેમ છે. વેપારી સુત્રોના કહેવા પ્રમાણે માર્કેટનો વેપારીઓ પાસે જુના ડબ્બામાં ખાદ્ય તેલનો ૪-૫ દિવસનો સ્ટોક રહેતો હોય છે તે ખત્મ થયા બાદ નવા ડબ્બામાં વેપાર કરવાનો વારો આવશે અને તે સંજોગોમાં સ્થિતિ ખરાબ થવા લાગશે. ખાસ કરીને નવા ટીનની પૂરતી સપ્લાય જ નહીં રહેવાના સંજોગોમાં અછતની સ્થિતિમાં લેભાગુ તત્વો વધુ ભાવ વધારો કરી દે તેવી પણ દહેશત ઉભી થશે.

હાર્ટએટક

(છેલ્લા પાનાનું ચાલું)

પરિવાર સાથે રહે છે. બનાવથી પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે.

બનાવની વિગત મુજબ જય જવાન જય કિસાન સોસાયટીમાં રહેતો ધવલ પ્રવીણભાઈ ગોપાલકા (ઉ.વ.૩૨) નામનાં યુવકનું હૃદય બેસી જતાં મોત નિપજ

ઓવર સ્પીડ અને ભયજનક રીતે ડ્રાઇવીંગ કરતાં વાહનો સામે આરટીઓ તંત્રની તવાઇઃ ૫૧૫ કેસોમાં રૂ.૧.૨૯ લાખનો દંડ ફટકારાયો

એપ્રિલ માસમાં રાજકોટ જિલ્લા આરટીઓ તંત્રએ કુલ ૧૩૫૧ વાહનો સામે જુદા-જુદા કેસો કરી રૂ.૪૯.૯૧ લાખથી વધુના દંડની વસુલાત કરી

રાજકોટ, તા.૩

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ જિલ્લા આરટીઓ તંત્ર દ્વારા ખાસ કરીને રાજકોટ શહેર અને જિલ્લામાં ઓવર સ્પીડ ભાગતા વાહનો સામે તવાઇ ઉતારી છે અને સતત આવા બેકાબુ વાહનોને ઝડપી પાડી વાહન ચાલકો સામે આકરા દંડની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગત માસ દરમ્યાન પણ રાજકોટ જિલ્લા આરટીઓ તંત્રએ રાજકોટ જિલ્લામાં હાઇવે પર અને શહેરમાં રાજ માર્ગો પર ભયજનક રીતે તથા ઓવર સ્પીડમાં વાહનો ચલાવતા ૫૧૫ વાહન ચાલકોને ઝડપી લીધા હતા. માનવ જીંદગી જોખમાય તે રીતે વાહનો ચલાવતા આવા વાહન ચાલકોને આરટીઓ તંત્રએ રૂ.૧૦.૨૯ લાખથી વધુનો દંડ પણ ફટકાર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત એપ્રિલ માસ દરમ્યાન રાજકોટ જિલ્લા આરટીઓ તંત્ર દ્વારા હાઇવે પર વિવિધ બાબતો અંગે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં કુલ ૧૩૫૧ કેસોમાં રૂ. ૪૯.૯૧ લાખથી વધુનો દંડ કરવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ દંડ ઓવર સ્પીડ વાહનોના કેસોમાં કરવામાં આવેલ હતો.

વધુમાં આરટીઓ તંત્રના સુત્રોમાંથી મળતી વધુ વિગતો ગત એપ્રિલ માસ દરમ્યાન આરટીઓ તંત્રએ ઓવરલોડ વાહનોના ૧૩૮ કેસોમાં રૂ.૨૦.૦૯ લાખનો દંડ વસુલ્યો હતો. તેમજ ઓવર ડાયમેન્સનના ૫૫ કેસોમાં રૂ.૩.૮૦ લાખ તથા કલેન્ડેસ્ટાઇન ઓપરેશનના ૪૫ કેસોમાં રૂ.૪૫૦૦ તેમજ ટેક્સ વગર ચાલતા વાહનોમાં ૧૨ કેસોમાં રૂ.૪.૩૨ લાખ અને રેડીયમ રીફલેક્ટર અન્ડરએઇઝ ડ્રાઇવીંગ તથા મોબાઇલ પર વાત કરવી વગેરેના ૧૧૫ કેસોમાં રૂ.૧.૧૫ લાખના દંડની આરટીઓ તંત્રએ વસુલાત કરી હતી. જ્યારે ફીટનેસ અને વિમાના ૩૪ કેસોમાં રૂ.૧.૭૦ લાખ તથા હેલ્મેટ, સીટબેલ્ટ, પીયુષીના ૨૧૩ કેસોમાં રૂ.૧.૮૦ લાખ તેમજ રૂફ અને સુપ્ડના ૯ કેસોમાં રૂ.૯૦૦૦, ડ્રાઇવીંગ લાયસન્સ વિના વાહન ચલાવવાના રૂ.૧.૪૪ લાખ તેમજ અન્ય ૧૪૩ કેસોમાં રૂ.૭૧૫૦૦ના દંડની વસુલાત આરટીઓ તંત્રએ કરી હતી.

સફાઇમાં ડાંડાઇ કરતા બે કામદાર સસ્પેન્ડ : વધુ ૧૦૦ નાગરિકોને પણ ૨૩ હજારનો દંડ

સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત ચાલતી ઝુંબેશમાં બેદરકાર કર્મચારીઓ સામે પણ કમિશનરના પગલા : સાડા ચાર કિલો પ્લાસ્ટીક જપ્ત : ગંદકી કરનારા પર તવાઇ ચાલુ

રાજકોટ, તા. ૩

મનપા દ્વારા એક તરફ સ્વચ્છતા સર્વેક્ષણથી માંડી જાહેરમાં ગંદકી કરતા નાગરિકોને દંડવાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે જે તે વિસ્તારમાં ગેરહાજર રહેતા સફાઇ કામદારોની કામગીરી ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. તેમાં વોર્ડ નં.૧૩માં એક મહિલા અને એક પુરૂષ કામદાર ફરજના સ્થળે ગેરહાજર હોય અને કામ કરતા ન હોય બંનેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ મારફત સફાઇનું ચેકિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ના. કમિશનર, ના. પર્યાવરણ ઈજનેર, વોર્ડના એસઆઇ અને એસએસઆઇ દ્વારા સવારે ૯.૪૫ કલાકે સેન્ટ્રલ ઝોન ખાતે વોર્ડ નંબર ૧૩ના વિસ્તારમાં સફાઇનું ચેકિંગ કરાયું હતું જેમાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા ભરત ચંદુભાઈ ચૌહાણ તેમજ લાભુબેન વિનુભાઈ બાબરીયા તેઓને સોપેલ કામગીરીના સ્થળે હાજર ન હોય અને તેમને સોપેલ વિસ્તારમાં સફાઈની કામગીરી કરેલ ન હોય આ કામગીરીમાં બેદરકારી દાખવવા બદલ તેઓને ફરજ પરથી સસ્પેન્ડ કરવાનો હુકમ પર્યાવરણ ઇજનેરે કરતા કામદારોમાં ફફડાટ ફેલાયો છે.

નાગરિકોને દંડ

શહેરના ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૦ આસામીઓ પાસેથી ૪.૫૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૮૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનમાં વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૦ આસામીઓ પાસેથી ૧.૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૨૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ૩૫ આસામીઓ પાસેથી ૨.૧૨ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

જ્યારે ઈસ્ટ ઝોનના માર્ગો પરથી પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૯૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૮૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચનાથી અધિકારીઓની ટીમ કરી રહી છે.

યુનોમાં 'શાંતિની સંસ્કૃતિ'ની બેઠકમાં પાક.ની નિવેદનબાજી સામે ભારતની ફટકાર

શાંતિની સંસ્કૃતિની બેઠકમાં આ લોકોમાં માત્ર શિસ્તની ખામી નથી, બલકે તેમનો ટ્રેક રેકોર્ડ પણ ખરાબઃ ભારત

ન્યુયોર્ક (અમેરિકા) તા.૩

સંયુક્ત રાષ્ટ્ર યુનોમાં 'શાંતિની સંસ્કૃતિ' વિષય પર સામાન્ય સભાની બેઠક યોજાઈ હતી જેમાં પાકિસ્તાનના રાજદૂત મુનીર અકમે ભારત વિરુદ્ધ નિવેદનબાજી કરી કાશ્મીર, સીએએ, અયોધ્યામાં રામમંદિર વિરુદ્ધ ટિપ્પણી કરતા યુનોમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કમ્બોજે જોરદાર ફટકાર લગાવી હતી અને કહ્યું હતું કે દરેક મામલે પાકિસ્તાનનો ટ્રેક ખરાબ છે.

રુચિરા કમ્બોજે પાક.ને આડે હાથ લેતા કહ્યુ હતું કે અહીયા આપણે શાંતિની સંસ્કૃતિની વાત કરી રહ્યા છીએ. આવા પડકારભર્યા સમયમાં ફોકસ રચનાત્મક બાબત પર હોવું જોઈએ, આ સ્થિતિમાં એક પ્રતિનિધિ મંડળ (પાકિસ્તાન)ની ટિપ્પણીઓને નજર અંદાજ કરવી જોઈએ. કારણ કે તેમાં માત્ર શિષ્ટાચારની જ ખામી નથી. બલ્કે, તેમનો દરેક મામલામાં ટ્રેક રેકોર્ડ શંકાસ્પદ છે. આ પોતાના વિનાશકારી સ્વભાવને લઈને આપણા સામુહિક પ્રયાસોને પણ ગેરમાર્ગે દોરવાની કોશીશ કરી રહ્યા છે.

ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનને ઝટકોઃ હાઈકોર્ટે ધરપકડ વિરૂદ્ધની અરજી ફગાવી

વચગાળાના જામીન માટેની અરજી પણ ફગાવાઇઃ ૬ઠ્ઠી મેએ કાકાના શ્રાદ્ધમાં ભાગ લેવાની મંજુરી

રાંચી (ઝારખંડ) તા.૩

ઝારખંડના પૂર્વ મુખ્ય મંત્રી હેમંત સોરેનને ઝારખંડ હાઇકોર્ટ તરફથી ઝટકો મળ્યો છે. તેમની ધરપકડ વિરુધ્ધની અરજી હાઇકોર્ટે ફગાવી દીધી છે.

હેમંત સોરેનની ઇડી દ્વારા ૩૧ જાન્યુઆરીએ જમીન કાંડમાં મની લોન્ડ્રીંગના આરોપસર ધરપકડ કરાઇ હતી. તે હાલમાં રાંચીની બિરસા મુંડા જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. તેમણે ઇડીની ધરપકડને પડકારતી અરજી હાઇકોર્ટમાં કરી હતી જે ઝારખંડ હાઇકોર્ટે ફગાવી દીધી છે. સાથે સાથે વચગાળાની જમીન અરજી પણ ફગાવી હતી. જો કે હેમંત સોરેનને થોડી રાહત મળી છે. તેમને ૬ મેએ પોતાના કાકાના શ્રાધ્ધ કાર્યક્રમમાં ભાગ લેવાની મંજુરી આપી છે. જો કે મીડિયાથી દૂર રહેવાનો નિર્દેશ અપાયો છે.

રામમંદિર અંતર્ગત પુસ્તકનું પૂર્વ જજ મિશ્રાના હસ્તે વિમોચન

સંસદમાં ચર્ચા વગર બિલ પસાર થવા મુદ્દે સુપ્રીમકોર્ટના પૂર્વ જજનો વ્યંગઃ રામ રાજયમાં આવું નહોતું થતું

રામ દરબારમાં મુદ્દાઓ પર ચર્ચા થતી હતીઃ પૂર્વ જજ મિશ્રા

નવી દિલ્હી તા.૩

સંસદમાં ચર્ચા વગર પસાર થતા બિલને લઈને સુપ્રીમ કોર્ટના પૂર્વ જજે કટાક્ષ કર્યો હતો કે રામ રાજ્યમાં તો આવું નહોતું થતું હતું.

સુપ્રીમ કોર્ટના નિવૃત જજ અને રાષ્ટ્રીય માનવાધિકાર પંચ એટલે કે એમએચઆરસીના અધ્યક્ષ જસ્ટિસ અરુણ મિશ્રાએ સંસદની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી.

ગુરૂવારે જજ મિશ્રા 'યર્નીંગ ફોર રામમંદિર એન્ડ ફુલફિલમેન્ટ' પુસ્તકના વિમોચન પ્રસંગે પહોંચ્યા હતા. ઉતરપ્રદેશમાં અયોધ્યામાં રામમંદિરને લઈને તેમણે કહ્યું હતું કે પ્રભુને તેમના સાચા સ્થાન પર સ્થાપિત કરી દેવાયા છે.

આ તકે તેમાણે વર્તમાન સંસદને ધ્યાનમાં રાખીને વ્યંગ કર્યો હતો કે રામ રાજ્યમાં રામ દરબારમાં મુદ્દાઓ પર ચર્ચા થતી હતી, અત્યારે ચર્ચા વગર સંસદમાં બિલ પસાર કરવામાં આવે છે, વિપક્ષી દળો તરફથી સંસદમાં બિલો પર કોઈ ચર્ચા નથી થતી, જજે વધુમાં જણાવ્યું હતું કે રામ રાજ્યનો મતલબ બધા માટે વિકાસ અને સમાનતા છે, તે અમીર ગરીબમાં ફરક નથી કરતુ. આજે આપણે જાતિઓમાં વહેંચાયેલા છીએ. ભગવાન રામ જાતિરહીત સમાજમાં ભરોસો રાખતા હતા.

કેજરીવાલના પત્ની સુનિતા પ્રચાર માટે ગુજરાત પ્રવાસે

મારા પતિને બળજબરીથી જેલમાં ધકેલ્યા....જનતા વોટથી જવાબ આપશેઃ સુનિતા કેજરીવાલ

રાજકોટ,તા.૩

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં લોકસભા ચૂંટણી યોજાવા જઇ રહી છે. આગામી ૭ મેના રોજ મતદાન થવાનું છે. ત્યારે રાજકીય પાર્ટીઓના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં ઉતર્યા છે. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ઝંઝાવતી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે બીજી તરફ 'આપ'ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના પત્ની સુનિતા કેજરીવાલ અને રાજ્યસભા સાંસદ સંદીપ પાઠક પણ આજે ચૂંટણી પ્રચાર માટે ગુજરાતમાં આવ્યા છે. અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલ પોતાના પતિના બદલે પ્રચારમાં ગુજરાત આવી પહોંચ્યા છે. આજે તેઓ અમદવાદ એરપોર્ટ પર આવી પહોચ્યા હતા જ્યા આપના કાર્યકરો દ્વારા તેમનું સ્વાગત કરવામા આવ્યું હતુ ત્યારે આ દરમિયાન સુનીતા કેજરીવાલે રાજકારણમાં જોડાવા અંગે મૌન સેવ્યું હતુ જણાવ્યું હતું કે, બળજબરીથી કેજરીવાલજીને જેલમાં ધકેલ્યા છે, જનતા સમજદાર છે અને વોટથી તેનો જવાબ આપશે.

સુનિતા કેજરીવાલ ભરૂચ અને ભાવનગર લોકસભા બેઠકના ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે. ત્યારે ભાવનગરના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાના સમર્થનમાં સુનિતા કેજરીવાલે બોટાદમાં વિશાળ રોડ શો યોજ્યો હતો. આ દરમિયાન તેમની સાથે આપ પ્રદેશ અધ્યક્ષ ઇશુદાન ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં.

રોડ શો દરમિયાન સુનીતા કેજરીવાલે કહ્યું કે, મારા પતિને બળજબરીથી જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. ગુજરાતમાં ચૈતર વસાવાને પણ જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તેઓ કહી રહ્યા છે કે જો તપાસ ચાલશે તો શું તેને ૧૦ વર્ષ સુધી જેલમાં રાખવામાં આવશે? ચાલુ તપાસમાં તેમને જેલમાં રાખવામાં આવ્યા છે. આ સરમુખત્યારશાહી છે.

તા.૭ના રોજ મોદી-અમીત શાહ-આનંદીબેન પટેલ અમદાવાદમાં મતદાન કરવા આવશે

રાજકોટ તા.૩

આગામી તા.૭ના રોજ ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટેના મતદાન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૮.૩૦ કલાકે અમદાવાદના રાણીપમાં મતદાન કરવા માટે પહોંચશે. શ્રી મોદી ગુજરાતના મતદાર છે. તેઓ નિયમિત રીતે રાણીપમાં આવેલી નિશાંત સ્કુલમાં મતદાન માટે આવે છે જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગર લોકસભા બેઠક લડી રહ્યા છે. તેઓ તા.૭ના રોજ ૯.૩૦ કલાકે નારણપુરામાં તેમના બુથ પર મતદાન કરશે. ઉતરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ પણ તા.૭ના રોજ ગુજરાત આવીને સીલેજમાં મતદાન મથક પર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આમ તા.૭ના રોજ ગુજરાત અને દેશના ત્રણ નેતાઓ મતદાન માટે આવશે તે સમયે અનેરુ વાતાવરણ સર્જાશે.

દિલ્હીમાં શાળાઓ બાદ હવે પોલીસ હેડક્વાર્ટરને ઈમેલથી બોમ્બની ધમકી, સગીરની ધરપકડ

દિલ્હી, તા ૩

દિલ્હી પોલીસ હેડક્વાર્ટરને ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. તપાસ બાદ પોલીસે આ ઈમેલ મોકલનારને શોધી કાઢ્યો છે. ઈમેલ એક સગીર દ્વારા મોકલવામાં આવ્યો હતો. પોલીસે આરોપીને પકડી લીધો છે.બહારી દિલ્હીના નાંગલોઈ વિસ્તારમાં બોમ્બ મૂકવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસમાં જાણવા મળ્યું કે બાળકે મસ્તી કરવાં મેઈલ મોકલ્યો હતો. પોલીસે સગીર સામે જેજે એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી. જે બાદ કાઉન્સેલિંગ બાદ બાળકને તેના માતા-પિતાને સોંપવામાં આવ્યો હતો.

આ પહેલા પણ ઈમેલ મળ્યા હતા કે દિલ્હી-એનસીઆરમાં શાળાઓ, હોસ્પિટલો, રાષ્ટ્રપતિ ભવન અને આઈજીઆઈ એરપોર્ટ સહિત અનેક સરકારી ઈમારતોમાં બોમ્બ મુકવામાં આવ્યા છે. ધમકીભર્યા મેલ મળ્યા બાદ શાળાઓ સહિત અન્ય સ્થળોએ શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને કંઈ મળ્યું ન હતું.

બુધવારે સવારે રાજધાનીની ૨૨૩ શાળાઓમાં બોમ્બ મુકવામાં આવ્યા હોવાના બનાવટી ઈ-મેઈલ પછી સાંજે સોશિયલ મીડિયા પર ઓડિયો અને ટેક્સ્ટ મેસેજ વાયરલ થયા હતા. રાજધાનીની ઘણી શાળાઓમાં બોમ્બ મળી આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસ જાણી જોઈને લોકોને માહિતી આપી રહી નથી. ઘણા લોકોએ પોતાના બાળકોને શાળાએ મોકલ્યા ન હતા. સાથે જ પોલીસે લોકોને અપીલ કરી છે કે તેઓ આવા મેસેજ પર વિશ્વાસ ન કરે. આમાં કોઈ સત્ય નથી. તેઓએ ન તો આ સંદેશાઓ પર ધ્યાન આપવું જોઈએ અને ન તો તેને બીજા કોઈને મોકલવા જોઈએ.

રૂપાલા સામેના રોષનો વંટોળ હાર્દિક પટેલને નડયોઃ રામપુરમાં કાર્યાલય ઉદ્‌ઘાટન સમયે વિરોધ

રાજકોટ,તા.૩

ભાજપના વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ ભાજપમાં જોડાયા તે પહેલા પાટીદાર આંદોલન સમયે ભાજપનો વિરોધ કરી રહ્યા હતા. આજે એ જ હાલ હાર્દિક પટેલનો પણ થઈ રહ્યો છે. પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ ને લઈને જે વાણીવિલાસ કર્યો ત્યારબાદ હવે ક્ષત્રિય સમાજ દ્વારા ગુજરાતભરમાં રૂપાલા અને ભાજપનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આ વિરોધના વંટોળમાં હવે હાર્દિક પટેલ પણ આવી ગયા છે. ક્ષત્રિય સમાજના લોકો દ્વારા દેત્રોજના રામપુર ગામે હાર્દિક પટેલનો જબરજસ્ત વિરોધ કરવામાં આવ્યો હતો.

પરષોત્તમ રૂપાલા અને ભાજપના વિરોધને લઈને ગામેગામ હવે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને પ્રચાર કરતાં અટકાવવામાં આવી રહ્યા છે. અને ભાજપનો સખત વિરોધ કરી રહ્યા છે. ત્યારે હવે દેત્રોજ તાલુકાના રામપુરા ગામે હાર્દિક પટેલ ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન કરવા માટે પહોંચ્યા હતા. ત્યારે ક્ષત્રિયો દ્વારા હાર્દિક પટેલનપો પણ વિરોધ કરવામાં આવ્યો હતો.. દેત્રોજ તાલુકાના રામપુરા ગામમાં ચુંટણી કાર્યાલયના ઉદઘાટન દરમિયાન રોષે ભરાયેલા ક્ષત્રિય સમાજના લોકો દ્વારા હાર્દિક પટેલનો જબરજસ્ત વિરોધ કરવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રમાં શિવસેના (યુબીટી)ના નેતાને લેવા જતું હેલિકોપ્ટર લેન્ડીંગ વખતે ક્રેશઃ જાનહાની નહીં

રાયગઢ, તા.૩

અત્રે મહાડ શહેરમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે જુથ)ના નેતા સુષ્મા સંઘારેને લેવા જઈ રહેલું એક પ્રાઈવેટ હેલીકોપ્ટર લેન્ડીંગ વખતે ક્રેશ થયું હતું. જેથી હેલિકોપ્ટરને ઘણું નુકશાન થયું હતુ અને પાયલોટ બહાર કુદી ગયો હતો. આ ક્રેશમાં જાનહાની નથી થઈ.

અનુપમા ફેમ રૂપાલી ગાંગુલી પોરબંદરમાંઃ મનસુખ માંડવીયાના પ્રચારમાં જોડાશે

રાજકોટ,તા.૩

લોકસભાની ચૂંટણી માટે છેલ્લી ઘડીએ રાજકીય નેતાઓએ પ્રચાર માટે ગુજરાતમાં ધામા નાખ્યા છે. ગઈ કાલે પીએમ મોદીનો ગુજરાતમાં પ્રચાર પુરો થયો ત્યારે તાજેતરમાં ભાજપમાં જોડાયેલ અનુપમા ફેમ રૂપાલી ગાંગુલી પ્રચાર માટે ગુજરાતમાં આવી રહી છે. રૂપાલી ગાંગુલી આજે પોરબંદરમાં ભાજપ ઉમેદવાર મનસુખ માંડવિયા માટે પ્રચાર કરશે. પોરબંદરમાં સાંજે રૂપાલી ગાંગુલી રોડ શો કરશે. રૂપાલી ગાંગુલી આજે ગુજરાતમાં આવી રહી છે. આજે બપોરે ૪ : ૩૦ કલાકે જુનાગઢના કેશોદ ખાતે કેન્દ્રીય મંત્રી અને પોરબંદર લોકસભાના ઉમેદવાર ડો. મનસુખ માંડવિયાના સમર્થનમાં રોડ શોમાં અભિનેત્રી રૂપાલી ગાંગુલી જોડાશે.

રુપાલી ગાંગુલીએ એક વીડિયો શેયર કર્યો છે. જેમાં તેને કહ્યુ કે, મનસુખ માડવિયાના સમર્થનમાં જુનાગઢના કેશોદ ખાતે રોડ કરશે તેને લોકોને મોટી સંખ્યમાં જોડાવા માટે આહ્વાન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, અનુપમામાં મુખ્ય ભૂમિકા ભજવનારી અભિનેત્રી રુપાલી ગાંગુલી બીજેપીમાં જોડાઈ છે. તેને ભાજપમાં જોડાવા અંગકે કહ્યુ હતુ કે, તે પીએમ મોદીની મોટી પ્રશંસક છે. ભાજપ ખૂબ સારૂં કામ કરી રહ્યું છે અને તેથી જ હું ભાજપમાં જોડાઈ છું.

બાળકોને તણાવમુક્ત રાખવા વિડીયો ગેમ્સ બતાવીને સર્જરી કરે છે ડોક્ટરો

દિલ્હી AIIMSએ ચારથી આઠ વર્ષની વયના ૫૦ બાળકો પર એક કાર્ટૂન કેરેક્ટર બતાવીને અભ્યાસ કર્યો

નવી દિલ્હી, તા. ૩

બાળકોની આંખોનું ઓપરેશન કરવું ખૂબ જ પડકારજનક છે. સર્જરી પહેલા હાથમાં કેનુંલા અને એનેસ્થેસિયાની પ્રક્રિયા તેમનામાં ભય પેદા કરે છે. આને સરળ બનાવવા માટે, દિલ્હી AIIMSએ ચારથી આઠ વર્ષની વયના બાળકો પર એક અભ્યાસ હાથ ધર્યો. જેમાં બાળકોને તેમની પસંદગીના વિડિયો ગેમ્સ, કાર્ટૂન કેરેક્ટર વગેરે બતાવીને એનેસ્થેસિયાની પ્રક્રિયા કરાવવામાં આવી હતી.

અભ્યાસમાં જાણવા મળ્યું કે જે બાળકોએ બેહોશ કરતાં પહેલાં તેમના મનપસંદ કાર્ટૂન અથવા વિડિયો ગેમ જોયા હતા તેમના હૃદયના ધબકારા અન્ય બાળકો કરતાં વધુ સામાન્ય હતા. ડોક્ટરોના મતે, સર્જરી પહેલા બાળકોને તણાવમુક્ત રાખવાથી તેમના ઝડપી સ્વસ્થ થવામાં મદદ મળે છે. જેના કારણે હૃદયના ધબકારા પણ સામાન્ય રહે છે. આ પદ્ધતિ હાઈપર અલ્ઝીસિયા નું જોખમ ઘટાડે છે. આ એવી સ્થિતિ છે જેમાં દર્દીને એનેસ્થેસિયા હોવા છતાં વધુ દુખાવો થાય છે. AIIMSનો આ અભ્યાસ જર્નલ ઑફ એનેસ્થેસિયોલોજી એન્ડ ક્લિનિકલ ફાર્માકોલોજીમાં પ્રકાશિત થયો હતો.

અભ્યાસમાં, AIIMSના ડોક્ટરોએ આંખની સર્જરી માટે આવેલા લગભગ ૧૫૦ બાળકોને બે અલગ-અલગ ગ્રુપમાં વહેંચ્યા. એક ગ્રુપમાં, બાળકોને એનેસ્થેસિયા માસ્ક પહેરતા પહેલા તેમની પસંદગીના વિડિઓઝ બતાવવામાં આવ્યા હતા, અને બીજા ગ્રુપ સાથે, એનેસ્થેસિયા પ્રક્રિયા સામાન્ય રીતે કરવામાં આવી હતી. આ પછી બાળકોના હૃદયના ધબકારા અને તેમનું સ્ટ્રેસ લેવલ માપવામાં આવ્યું. એનેસ્થેસિયાના ચેકઅપથી માંડીને એનેસ્થેસિયા માસ્ક પહેરાવવા અને બાળકોને ટ્રોલીમાં ઓપરેશન થિયેટરમાં લઈ જવા સુધી, તેમનું સ્ટ્રેસ લેવલ જોવા મળ્યું હતું. સંશોધનમાં જાણવા મળ્યું છે કે જે બાળકો એનેસ્થેસિયાની પ્રક્રિયા પહેલા વીડિયો જોતા હતા તેઓ વધુ શાંત હતા અને તેમના તણાવનું સ્તર ઘણું ઓછું હતું.

અમેરિકાની સિનસિનેટી ચિલ્ડ્રન્સ હોસ્પિટલે બાળકોને સર્જરીમાં મદદ કરવા માટે E-Z ઇન્ડક્શન નામની ખાસ વિડિયો ગેમ બનાવી છે. આ ગેમ તેમને સર્જરી પહેલા તણાવમુક્ત રહેવામાં મદદ કરે છે. જ્યારે બેભાન માસ્ક પહેરે છે, ત્યારે રમતના પાત્રો બાળકના શ્વાસના દર અનુસાર સ્ક્રીન પર દેખાય છે. આમાં, એક પક્ષી આકાશમાં ઉડે છે અને તેની નીચે પ્રાણીઓ છે. જ્યારે બાળક શ્વાસ લે છે, ત્યારે પક્ષી ઉપર ઉડે છે અને જ્યારે તે શ્વાસ બહાર કાઢે છે, ત્યારે તે નીચે પડી જાય છે. આ બાળકોના શ્વાસના દરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

એક સમયે રાજીવ ગાંધી તેમને પંજાબથી યુપી લાવ્યા હતા

રાજીવ ગાંધીના જૂના મિત્ર, પક્ષના વફાદાર અને વિશ્વાસુ નેતા કે.એલ.શર્મા અમેઠીથી સ્મૃતિ ઈરાની સામે ચૂંટણી જંગમાં ઉતરશે

અમેઠી : આજે વહેલી સવારે કોંગ્રેસ પક્ષ દ્વારા રાય બરેલી અને અમેઠી બેઠક પર ઉમેદવારની જાહેરાત કરવામાં આવી હતી. લાંબા સસ્પેન્સ બાદ આજે રાય બરેલી થી રાહુલ ગાંધી અને અમેઠી થી કિશોરલાલ શર્માના નામની જાહેરાત કરવામાં આવી હતી. પણ કોણ છે કે.એલ.શર્મા જે કોંગ્રેસ - ગાંધી પરિવારનાં વર્ષો જૂના ગઢ ગણાતા અમેઠી પર થી ચૂંટણી લડશે. જોકે આ બેઠક પર ૨૦૧૯માં ભાજપમાં સ્મૃતિ ઈરાનીએ જીત મેળવી કોંગ્રેસનો ગઢ ધરાશાયી કર્યો હતો.

કે.એલ.શર્મા વિશે જાણો : કેએલ શર્મા પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના વિશ્વાસુ છે. જ્યારે સોનિયા રાયબરેલીના સાંસદ હતા ત્યારે તેઓ તેમના સાંસદ પ્રતિનિધિ તરીકે રહેતા હતા.

કિશોરી લાલ લાંબા સમયથી અમેઠી અને રાયબરેલી બંને વિસ્તારોમાં કોંગ્રેસ પાર્ટીનું કામ જોઈ રહ્યા છે. બે દિવસ પહેલા ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે. કિશોરી લાલ શર્મા મૂળ પંજાબના લુધિયાણાના છે. ૧૯૮૩ની આસપાસ રાજીવ ગાંધી તેમને પહેલીવાર અમેઠી લાવ્યા. ત્યારથી તે અહીં જ રહે છે. ૧૯૯૧માં રાજીવ ગાંધીના અવસાન બાદ ગાંધી પરિવારે અહીંથી ચૂંટણી લડવાનું બંધ કર્યું ત્યારે પણ શર્માએ કોંગ્રેસ પાર્ટીના સાંસદ માટે કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. કેએલ શર્માનું અમેઠી અને રાયબરેલી સાથે જોડાણ ચાલુ રાખ્યું. તેણે શીલા કૌલ અને સતીશ શર્માનું કામ પણ જોયું. તેઓ બિહાર કોંગ્રેસના પ્રભારી રહી ચૂક્યા છે. તેમને વ્યૂહરચના-કુશળ અને સંગઠનાત્મક નેતા ગણવામાં આવે છે. તેમણે કોંગ્રેસની પંજાબ ટીમ માટે પણ કામ કર્યું છે.

જ્યારે મીડિયાએ તેને અપડેટ પૂછ્યું તો તેણે કહ્યું કે તમામ તૈયારીઓ થઈ ગઈ છે.

અમેઠીના ભાજપ ઉમેદવાર સ્મૃતિ ઈરાનીએ ચુંટણી પહેલા અવસાન દેવીની પૂજા કરી

અમેઠીના ભાજપ ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ગુરુવારે ત્રીજા ચરણની ચૂંટણી પહેલા ક્ષેત્રમાં અવસાન મૈયાની પૂજામાં ભાગ લીધો હતો. આ દરમિયાન મોટી સંખ્યામાં મહિલાઓ હાજર હતી. પૂજા વિધિ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ મહિલાઓને સિંદૂર લગાવ્યું હતું અને ભગવાનને પ્રાર્થના કરી હતી. માન્યતા છે કે અવસાન દેવીને કોઈ પ્રાર્થના કરાય તો તે જરૂર પૂરી થઈ જા

મતદાન આડે હવે ત્રણ દિવસઃ રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી તૈયારીઓને આખરી ઓપ

મંગળવારે ૨૨૩૬ બુથો પર મતદાનઃ રવિવારે સાંજના છ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંતઃ કેન્દ્રીય ચુંટણીપંચ દ્વારા સવારના રાજકોટ સહિત રાજયભરના તમામ જીલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વીડીયો કોન્ફરન્સઃ ચૂંટણી તૈયારીઓના અંતિમ રિવ્યુ લેવાયાઃ સાંજે રાજય ચૂંટણીપંચની પણ કોન્ફરન્સ

રાજકોટ તા.૩

રાજકોટ સહિત રાજયભરની લોકસભાની ૨૬ (એક બીનહરીફ) તેમજ વિધાનસભાની પાંચ બેઠકોની આગામી તા.૭ને મંગળવારે આયોજીત પેટા ચૂંટણીના આડે હવે માત્ર ત્રણ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષોના ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવી દીધું છે.

તેની સાથોસાથ આ ચૂંટણી સુચારૂ રૂપથી યોજાય તે માટે ચૂંટણીપંચ દ્વારા કોઈપણ કસર છોડવામાં આવી નથી. જેમાં રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ આખરીઓપ આપી દેવામાં આવેલ છે. રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં તમામ ઈવીએમ મશીનો તૈયાર કરી દેવામાં આવેલ હોય આગામી તા.૬ના ડીસ્પેચીંગ સેન્ટરોમાંથી નીકળી મતદાન મથકો પર પહોંચી જશે.

તા.૭ને મંગળવારના સવારના ૭ વાગ્યાથી રાજકોટ લોકસભા બેઠકના ૨૨૩૬ મતદાન મથકો પર મતદાન શરૂ થઈ જશે. તે પૂર્વે તા.૫ને રવિવારના સાંજના છ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંત પડી જશે. કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા આજે ઉઘડતી કચેરીએ રાજકોટ સહિત રાજયભરના તમામ લોકસભા બેઠકોના જીલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરી ચૂંટણી તૈયારીઓના અંતિમ રીવ્યુ લેવામાં

આવેલ હતા.

આ વિડીયો કોન્ફરન્સમાં રાજકોટથી જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી, અધિક કલેકટર ચૂંટણી મુછાર સહિતના અધિકારીઓ જોડાયા હતા. જ્યારે સાંજના રાજય ચૂંટણીપંચની રાજય ચૂંટણીપંચ દ્વારા જીલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજવામાં તા.૫ને રવિવારના સાંજના છ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંત થતા ઉમેદવારોના સભા–સરઘસ અને રેલી પર પ્રતિબંધ આવી જશે. જે બાદ ઉમેદવારો માત્ર ડોર ટુ ડોર પ્રચાર કરી શકશે. મતદાનના ૪૮ કલાક પહેલા ૧૨થી આવેલા રાજકીય કાર્યકરો બહારના મત વિસ્તારમાં રહી શકશે નહીં. મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ચૂંટાયેલા સાંસદ, ધારાસભ્ય મતદાન પુરૂ થતા સમયગાળા પહેલા ૪૮ કલાકના સમયગાળામાં પોતે જ્યાં ચૂંટાયા હોય તે સંબંધીત મત વિસ્તારમાં તેઓ જેતે મત વિભાગના મતદાર હોય કે ન હોય તો પણ ચૂંટણી પ્રચારમાં સામેલ ન થવાની શરતે જ અન્ય વિસ્તારોમાં રોકાઈ શકશે. પ્રચાર પડઘમ શાંત થયા બાદ ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર વખતે એક સાથે વધુમાં વધુ પાંચ વ્યકિત સાથે રાખી શકશે. ડોર ટુ ડોર પ્રચાર વખતે કાર્યકરો, નેતાઓ જેના ઘર પર પક્ષનું પ્રતિક હોય તેવી ટોપી મફલર પહેરી શકશે પરંતુ બેનર પ્રદર્શિત કરી શકશે નહીં. આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૮ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહીને પાત્ર ઠરે છે.

IPL મેચ પર સટ્ટો રમતો અનિલ ઝબ્બે, મનીષ રંગાણી ઉર્ફે રોયલનું નામ ખુલ્યું : ૧૪ ગ્રાહક-પંટરના સાંકેતિક નામ મળ્યા

પીઆઈ જે.એમ. કૈલાના માર્ગદર્શન હેઠળ આર્થિક ગુન્હા નિવારણ શાખાની કામગીરી : એએસઆઈ આર.કે. જાડેજા, ચેતનસિંહ ગોહિલની બાતમી

અનિલ તલાડીયાને યુનિવર્સિટી રોડ પરથી દબોચી લેવાતા તેના મોબાઈલમાંથી સાંકેતિક ભાષામાં લખેલ ૧૪ લોકોનું મળ્યું છે, આ યાદી મનિષ રોયલે આપી હોવાની કબૂલાત

રાજકોટ. તા.૦૩

આઈપીએલ સિરીઝ મધ્યમાં પહોંચતા બુકી અને પંટરો પણ ખેલી લેવાના મૂડમાં આવ્યા છે. ત્યારે પોલીસ પણ તેટલી જ સક્રિય થઈ છે અને કોઈપણ ભોગે ક્રિકેટ સટોડીયાઓને પકડી રહી છે. ત્યારે યુનિવર્સિટી રોડ નજીક પાટીદાર ચોક સામેથી આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો અનિલ તલાળીયાને આર્થિક ગુન્હા નિવારણ શાખાની ટીમે દબોચી લીધો હતો. સટોડીયાની પૂછપરછમાં તેને આઈડી અને ૧૪ ગ્રાહક લિસ્ટેડ બુકી મનીષ રંગાણી ઉર્ફે રોયલે આપ્યાનું ખુલતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ જે.એમ.કૈલાની રાહબરીમાં એએસઆઈ આર.કે.જાડેજા, હેડ કોન્સ્ટેબલ મયુર પાલરીયા અને કોન્સ્ટેબલ ચેતનસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં ત્યારે પાટીદાર ચોક સામે આવેલ પામસીટી એપાર્ટમેન્ટ પાસે રોડ ઉપર મોબાઈલ ફોનમાં આઈપીએલ સિરીઝની ક્રીકેટ મેચ ઉપર જુગાર રમે છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી શખ્સને પકડી તેનું નામ પૂછતાં અનીલ સેવકારામ તલાળીયા (ઉ.વ.૫૧), (રહે. સાધુવાસવાણી રોડ પાટીદાર ચોક સામે પામસીટી એપાર્ટમેન્ટ ઈ-વીંગ ફલેટ નં.૩૦૪) હોવાનું જણાવ્યું હતું. તેની પાસે રહેલ મોબાઈલ ફોન જોતા ગુગલ ક્રોમમાં બીગબોયસર૪૭.કોમ નામની આઈ.ડી જોવામાં આવેલ, જેમાં સનરાઈઝ હૈદરાબાદ તથા રાજસ્થાન રોયલ્સ વચ્ચે ચાલતી ક્રીકેટ મેચમાં રન ફેર તથા ભાવ જોવામાં આવેલ હતાં.

ક્રિકેટ સટ્ટો રમતાં અનિલની ધરપકડ કરી પૂછપરછ કરતાં પોતે ઓનલાઈન આઈ.ડી.માંથી રન ફેર અને ભાવ જોઈ અલગ-અલગ ગ્રાહકો ફોન ઉપર વાતચીત કરી સોદા પાડતો હતો. વધુમાં પોલીસે જણાવ્યું અનુસાર, અનિલ પાસેના મોબાઈલમાંથી ૧૪ સાંકેતિક નામ વાળા ગ્રાહકોનું લિસ્ટ પણ મળી આવ્યું હતું. રાજકોટના લિસ્ટેડ બુકી મનીષ રંગાણી (મનીષ રોયલ) પાસેથી આઈડી અને ગ્રાહકો પણ મેળવ્યાની કબુલાત આપી હતી. પોલીસે આઈડી આપનાર મનીષ રંગાણી ઉર્ફે રોયલની શોધખોળ હાથ ધરી હતી.

પાણીના ટાંકામાં પડી જવાથી સોમનાથ ચૌહાણનું મોત

સાંઈબાબા સર્કલ પાસે ગુલાબનગરનો બનાવઃ યુવક પોતાનાં ઘરે પાણીના ટાંકામાં પડેલ હોવાનું જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ હતીઃ યુવકને ટાંકામાંથી બહાર નિકાળી મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત છવાયો

મૃતક ટાંકામાં કઈ રીતે પડ્યો? આકસ્મિક ઘટના કે બીજું કંઈ? : આજીડેમ પોલીસે મૃત્યુ નોંધ લખી તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૩

શહેરમાં સાંઈબાબા સર્કલ પાસે ગુલાબનગર શેરીમાં રહેતા યુવકનું પાણીના ટાંકામાં પડી જવાથી મોત નિપજ્યું હતું. ફાયરબ્રિગેડની ટીમે યુવકને બહાર કાઢતાં ૧૦૮ ની ટીમે મૃત જાહેર કર્યો હતો.

બનાવની વિગત અનુસાર સોમનાથ શંભુભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫ રહે- રોલેક્ષ રોડ સાંઈબાબા સર્કલ પાસે ગુલાબનગર શેરી નં-૬) નામના યુવકનું પાણીના ટાંકામાં પડી જવાથી મોત નિપજ્યું હતું. યુવક મૂળ ઉત્તર પ્રદેશનો હતો.અને તે ઘણાં વર્ષોથી રાજકોટમાં રહેતો હતો. આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે યુવક પોતાનાં ઘરે આજે પાણીના ટાંકામાં પડેલ હોય જેની જાણ ફાયબ્રિગેડની ટીમને થતાં તુરંત ત્યાં દોડી ગઈ હતી. અને ફાયબ્રિગેડના ભુપતભાઈ જેતાણી, જીજ્ઞેશભાઈ ચૌહાણ, દિનેશભાઈ એરિયા, ચંદુભાઈએ યુવકને પાણીના ટાંકામાંથી બહાર કાઢયો હતો. બાદ ૧૦૮ ની ટીમે જોઈ તપાસી યુવકને મૃત જાહેર કર્યો હતો. મૃતક કડિયા કામ કરતો હતો. તે ત્રણ ભાઈ અને બે બહેનમાં સૌથી નાનો હતો. બનાવની જાણ આજીડેમ પોલીસને થતાં તુરંત ત્યાં દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મૃતક ટાંકામાં કઈ રીતે પડ્યો? આકસ્મિક ઘટના કે બીજું કંઈ? તે અંગે આજીડેમ પોલીસે મૃત્યુ નોંધ લખી તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં બપોરે ફુંકાતી આગ ઝરતી લૂં

૪૦.૮ ડિગ્રી તાપમાન સાથે ૧૨૮ કી.મી.ની ઝડપે ફુંકાતો પવન

રાજકોટ તા.૩

રાજકોટ શહેરમાં ગઈકાલે ગરમીમાં થોડી રાહત રહ્યા બાદ આજરોજ ફરી બપોરથી આગ ઝરતી લૂં ફુંકાવા લાગતા નગરજનો ત્રસ્ત બની ગયા હતા.

સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૦.૮ ડિગ્રી નોંધાયું હતું જે મધ્ય બપોરે ૪૨ ડિગ્રી નજીક પહોંચી જશે તેવી શકયતા છે. ખાસ કરીને બપોરે ૨-૩૦ કલાકે આકરા તાપ સાથે પવનની ઝડપ પણ ૧૨ કી.મી. રહેતા નગરજનોએ અંગ દઝાડતી લૂંટનો અનુભવ કર્યો હતો. જ્યારે બપોરે અઢી કલાકે હવામાં ભેજ ૧૬ ટકા રહેવા પામ્યો હતો.

આ ઉપરાંત આજે સવારે ૮-૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૭.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે હવામાં ભેજ ૭૯ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી. રહેવા પામી હતી.

પારડી ગામે બનેલો બનાવ

ગાડીમાં લખાવેલ આહિર કાઢી નાખજો નહિ તો જાનથી મારી નાખીશું કહીં ધમકી

ધવલ મિયાત્રાએ શાપર પોલીસ મથકે અતુલ ગોહિલ, પ્રવિણ જળુ, પ્રવિણ છાત્રોડીયા સામે ગુનો નોંધાવ્યો

રાજકોટ, તા.૩

પારડી ગામે ગાડીમાં લખાવેલ આહિર કાઢી નાખજો નહિ તો જાનથી મારી નાખીશું તેમ કહીં યુવાનને ધમકી અપાઈ હોવાની ફરિયાદ શાપર પોલીસ મથકે નોંધાઈ છે.

ફરીયાદી ધવલભાઈ રાજેન્દ્રભાઈ મિયાત્રા (ઉ.વ.-૩૨ રહે-પારડી ગામ તા.લોધિકા) નામનાં યુવકે ફરીયાદમાં જણાવ્યું કે હું રાજકોટ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ કટારીયા કારખનામાં સી.એસ.ઓ. તરીકે નોકરી કરું છું. અમારો જ્ઞાતિના ૨૩ અટક વાળા લોકોને આહિરા હજામ એવુ ઉપનામ આપવામાં આવેલ હતું. જેથી અમે આહિર લખાવીએ છીએ તે ગમતુ ન હોય. જેથી તેઓ અમારો વિરોધ કરતા હોય છે. અમારી જ્ઞાતિનુ અપમાન કરી અમને આહિર નહીં લખાવવાનું કહે છે. અમે મજોઠકા આહિર સમાજ નામે ટ્રસ્ટ ચાલાવીએ છીએ. અને તેમાં સામાજિક પ્રવૃત્તિ કરીએ છીએ. અમારા ટ્રસ્ટ દ્વારા બે માસ પહેલા રાજકોટમાં પેડક રોડ ઉપર આવેલ અટલ બિહારી બાજપેયી હોલ અમે બુકીંગ કરાવેલ હતો. તા.૧૪/૦૪/૨૦૦૨૪ મા તેમા રકત દાન કેમ્પ તથા વિદ્યાર્થી સન્માન સમારોહ તથા સમાજ સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરેલ હતુ.

પરંતુ રાજકોટ મહાનગર પાલીકા દ્વારા અમારૂ બુકીંગ કેન્સલ કરી નાખેલ હતું. જેથી કાર્યક્રમ મોકુફ રાખેલ હતો.

વધુમાં ધવલે કહ્યું કે, હું ગત તા.૧૪/૪/૨૦૨૪ ના રોજ રાજકોટ હતો. મારા પિતા શાપર નોકરી ઉપર હતા ત્યારે મારા ઘરે મારા માતા રાજેશ્રીબેન તથા મારી પત્ની જીજ્ઞાશા તથા મારી દિકરી વામીકા એમ બધા મહિલાઓ હાજર હોય ત્યારે મારા મિત્ર તુષાર જળુ (રહે. પારડી ગામ)નો મારા ફોનમાં ફોન આવેલ અને વાત કરેલ કે, અમુક લોકો તમારા ઘરનું સરનામુ પુછે છે. જેથી મેં મારી પત્નીને ફોન કરેલ કે કોઈ માણસો આપણા ઘરે આવેલ છે. તો તે ચાલુ ફોને બહાર જોવા જતા અમુક માણસો અમારા ઘર બહાર શેરીમાં આવેલ હતા. હું તુરંત જ રાજકોટથી મારા ઘરે આવેલ હતો. તો તે માણસો અમારા ઘર પાસેથી જતા રહેલ હતા. બાદમાં મારી પત્નીએ મને વાત કરેલ હતી કે, અમુક લોકો આપણા ઘર પાસે શેરીમાં આવેલ હતા અને આપણા ઘર પાસે આવી ધમકી આપેલ કે તમે આહિર નથી તમે હજામ છો. તેવા શબ્દો બોલેલ હતા. ગાડીમાં લખાવેલ આહિર કાઢી નાખજો નહી તો જાનથી મારી નાખવા છે. તેવી ધમકી આપેલ હતી. બાદ અમારી ઘરની બાજુમાં આવેલ પડોશના ઘરે સી.સી.ટી.વી. ફુટેજ જોતા આ લોકોમાં અતુલ ગોહિલ (રહે. કોઠારીયા ચોકડી પાસે, રાજકોટ), પ્રવિણભાઈ વરજાંગભાઈ જળુ (રહે.આજીડેમ વિસ્તાર શ્રીરામ પાર્ક, મુળ ગામ ઉમરાળી તા.જી.રાજકોટ), તથા ભરતભાઈ છાત્રોડીયા (રહે.શાપર વેરાવળ) હોવાનું માલુમ પડ્યું હતું. આ ત્રણેય સામે શાપર વેરાવળ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જીએસટી કાનૂન હેઠળ થયેલી તમામ ધરપકડોની માહિતી માંગતી સુપ્રીમકોર્ટ

સર્વોચ્ચ અદાલત સમક્ષ થયેલી ૨૭૮ અરજીઓની એક સાથે સુનાવણીઃ કરવેરાના કાનૂનમાં વ્યક્તિગત સ્વતંત્રતા છીનવવાની શક્તિ મર્યાદીત

નવી દિલ્હી તા.૩

દેશમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેકસ (જીએસટી) લાગુ કરાયા બાદ કરચોરી સહિતના મુદ્દે જે રીતે વેપારીઓ સામે આકરા પગલા લેવામાં આવે છે અને ધરપકડની સાથોસાથ અનેક વખત વેપારીઓની બિનજરૂરી સતામણી થાય છે તે મુદ્દે હવે સુપ્રીમકોર્ટે કેન્દ્ર સરકાર પાસે આ કાનૂન હેઠળ થયેલી ધરપકડ અને તેની નોટીસોની માહિતી આપવા આદેશ આપ્યો છે. જીએસટી કાનૂન હેઠળ અનેક વખત કાયદાનું અર્થઘટન ખોટુ કરીને અથવા તો યોગ્ય સમજુતી વગર જ વેપારીઓની ધરપકડ કરીને તેમની સ્વતંત્રતા છીનવી લેવામાં આવી છે. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાની ખંડપીઠે આ પ્રકારની ૨૮૧ પીટીશન પર એકી સાથે સુનાવણી કરી છે જેમાં જીએસટી કાનૂન ઉપરાંત પ્રીવેન્શન ઓફ મનીલોન્ડ્રીંગ એકટની ધારાઓની પણ ચકાસણી થશે. સરકારે જીએસટી કાનૂન અને મનીલોન્ડ્રીંગ એકટ બંનેને જોડી દીધા છે અને તેથી વેપારીઓની કે કરદાતાની થતી ધરપકડમાં તેને લાંબો સમય સુધી જેલમાં રહેવું પડે છે. સુપ્રીમકોર્ટે રૂા.૧થીપ કરોડ વચ્ચેના ડિફોલ્ટરો જે છેલ્લા ત્રણ વર્ષમાં બન્યા હોય અને તેમની ધરપકડ થઈ હોય તેની માહિતી આપવા આદેશ આપ્યો છે. સર્વોચ્ચ અદાલત સમક્ષ જણાવાયુ હતુ કે કરવેરાના કાનૂન હેઠળ ધરપકડ એ અંતિમ વિકલ્પ હોવો જોઈએ અને કરવેરાના ખોટા અર્થઘટનથી વેપારી વર્ગની સતામણી પણ થઈ રહી છે અને જીએસટી કાયદાની કલમ ૬૯ હેઠળ કોઈની ધરપકડ કરી શકાય કે કેમ તે પણ ચકાસવું જરૂરી છે જે બાદ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને આ અંગેના તમામ ડેટા આપવા આદેશ આપ્યો હતો અને એ પણ જણાવ્યું હતું કે સરકારે કાનૂની ગુંચવણોને સરળ બનાવવી જોઈએ.

અયોધ્યા ચોક પાસે ઓસ્કાર સ્કાય પાર્કના ફલેટમાં આગ ભભુકી : રૂા. ૨૪ લાખનું નુકસાન

દિવો પ્રગટાવતા લાગેલી આગથી આખો ફલેટ સળગીને ખાખ : સોફા, ડાઈનીંગ ટેબલ, ટીવી, એસી, આરઓ, પંખા સહિતની વસ્તુઓ આગની ઝપેટમાં આવી : ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમતે આગ પર કાબુ મેળવ્યો



ફાયર સિસ્ટમ ટાણે જ કામ ન લાગતા આગમાં ઈન્ટીરીયર ડિઝાઈનર મિતેષભાઈને નવો ફલેટ આગને ઝપટે ચડી ગયો : બિલ્ડર સામે ફરિયાદ નોંધાવવા તજવીજ

રાજકોટ, તા. ૩

અયોધ્યા ચોક પાસે આવેલ ઓસ્કાર સ્કાય પાર્કના ફલેટમાં દિવો પ્રગટાવતા જ લાગેલી આગથી આખેઆખો ફલેટ આગમાં ભસ્મીભૂત થઇ ગયો હતો. જેમાં અંદાજીત રૂા.૨૪ લાખથી વધુનું નુકસાન થયાનો અંદાજ સામે આવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે તાબડતોબ ઘટના સ્થળે દોડી જઇ ભારે જહેમતે આગ પર કાબુ મેળવ્યું હતું. ફલેટ માલિક મિતેષભાઇએ જણાવ્યા અનુસાર ફાયર સિસ્ટમ ટાણે જ કામ ન લાગતા તેમનો ફલેટ આગની ઝપટે ચડી ગયો હતો. જે અંગે તેઓ બિલ્ડર સામે ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ અયોધ્યા ચોક પાસે ઓસ્કાર સ્કાય પાર્કમાં ૫૦૨ નંબરના ફલેટમાં રહેતા મિતેષભાઇ અને તેનો પરિવાર આજે સવારે રૂમમાં દિવો પ્રગટાવ્યો હતો ત્યારે અચાનક જ તેમની નીચે રાખેલ કપડામાં આગ લાગી હતી. જેમને બુઝાવવા પ્રયાસ કરવા છતાં પણ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. દરમ્યાન તેઓ ત્યાં રેસીડેન્સીની ફાયર સિસ્ટમને લઇ આગ બુઝાવવાનો પ્રયાસ કરતા ફાયર સિસ્ટમ ખાલી નીકળી હતી. બાદમાં તેઓ ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીઓ સહિતના સ્ટાફ દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી ભારે જહેમતે આગ પર કાબુ મેળવ્યો હતો.

વધુમાં ફલેટના માલિક મિતેષભાઇએ જણાવ્યું હતું કે તેઓ ઇન્ટીરીયર ડિઝાઇનર છે. તેઓએ બે વર્ષ પહેલા જ અહીં ફલેટ ખરીદ્યો હતો. પોતાના ફલેટમાં વિકરાળ આગ લાગતા અંદાજીત રૂા.૨૪ લાખનું નુકસાન થયું હતું. જેમાં ફલેટની તમામ ઘરવખરી બળીને ખાખ થઇ ગઇ હતી. ઉપરાંત જણાવ્યું હતું કે રેસીડેન્સીની ફાયર સિસ્ટમ સમયે કામ ન લાગતા તેમનો ફલેટ બળીને ખાખ થયો હતો જેથી તેઓ તે અંગે બિલ્ડર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરશે.

સાળાના ઘરે આવેલા બનેવીનું બેભાન હાલતમાં મોત

જિલ્લા ગાર્ડન ચોકની વસુંધરા રેસીડેન્સીના હર્ષાબેન ગંગાજળીયાએ બીમારી સબબ સારવારમાં દમ તોડ્યો

રાજકોટ, તા.૩

અત્રે રાજકોટમાં ધર્મેન્દ્રભાઈ રતિભાઈ નારોડિયા (ઉ.વ.૪૯ રહે- વેરાવળ સાંઈબાબા મંદિર પાછળ, જી. ગીર સોમનાથ) તેઓને બીમારીની દવા લેવાની હોય જેથી ગત રોજ રાજકોટમાં મવડી લાધાબાવાચોક આરએમસી કવાર્ટરમાં રહેતાં તેના સાળા સંજયભાઈના ઘરે આવ્યાં હતાં. જ્યાં ગઈ કાલે સાંજના સમયે તેનાં સાળાના ઘરે બેભાન થઈ જતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં સારવારમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મૃતક ફર્નિચરનું કામ કરતાં હતાં. તેઓને સંતાનમાં બે પુત્ર હોવાનુ પરિવારજનોએ જણાવ્યું હતુ. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે રાજકોટ તાલુકા પોલીસને જાણ કરી હતી. બીજા બનાવની વિગત અનુસાર હર્ષાબેન મગનભાઈ ગંગાજળીયા (ઉ.વ.૫૫ રહે- વસુંધરા રેસીડેન્સી બ્લોક નં-૧૬૬ કેનાલ રોડ, જિલ્લા ગાર્ડન ચોક) નામનાં પ્રૌઢા ગઈ કાલે બપોરના પોતાનાં ઘરે બેભાન થઈ જતાં તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓને બે વર્ષથી લીવરની બીમારી હતી. સાથે જ માનસીક અસ્થિર હતાં. તેઓ ત્રણ બેન અને એક ભાઈમાં સૌથી મોટા હતાં. તેમજ તેઓને સંતાનમાં બે પુત્ર હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે ભકિતનગર પોલીસે જરૂરી નોંધ કરી હતી.

જંકશન ચોકી પાસે યુવકનું બેભાન હાલતમાં મોત, વાલી-વારસની શોધખોળ

રાજકોટ, તા. ૩

જંકશન ચોકી પાસેથી ગત તા. ૨૨-૧૨-૨૦૨૩ના અજાણ્યો પુરૂષ (ઉ.વ.૩૫) બેભાન હાલતમાં મળતા તેમને નજીકના પોલીસ સ્ટાફે તાત્કાલીક ૧૦૮ મારફતે સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત ન નીવડતા યુવકનું મોત નિપજ્યું હતું.

પ્રખ્યાત કોમેડીયન ભારતી સિંહની તબીયત લથડીઃ હોસ્પીટલમાં દાખલ

મુંબઇ, તા.૩

પ્રખ્યાત કોમેડીયન ભારતી સિંહની તબીયત અચાનક જ બગડતા મુંબઈની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી છે. ખુદ ભારતી સિંહએ જ તેની યુ-ટયુબ ચેનલ લાઇફ ઓફ લિમ્બાચિયા પર નવો બ્લોગ અપલોડ કર્યો છે. જેમાં તે હોસ્પીટલમાં બેડ પર પડેલી જોવા મળી હતી.

બ્લોગમાં ભારતી સિંહે જણાવ્યું છે કે ત્રણ દિવસથી પેટમાં દુઃખાવાની પીડા સહન કરતી હતી અને ત્યારબાદ હવે હોસ્પીટલમાં દાખલ થઇ છું. પિતાશયમાં પથ્થરી હોવાનું નિદાન થયું હતું. આ માટે હવે ઓપરેશન કરાવવું પડશે ફેન્સને તેવી સલાહ આપી છે કે શરીરમાં સતત દુઃખાવો થતો હોય તો દરેક વ્યકિતએ એક વખત હોસ્પીટલમાં તપાસ કરાવી લેવી જોઇએ. ભારતી સિંહ હાલ ડાન્સ દિવાને સિઝન-૪ હોસ્ટ કરી રહી છે જેમાં માધુરી દિક્ષીત અને સુનિલ શેટ્ટી જજ છે.

જૈન સમાજના અગ્રણી, શેઠ ઉપાશ્રય સંઘના ટ્રસ્ટી દર્શનભાઈ પારેખના પત્ની

ધર્માનુરાગી ડોલીબેન પારેખ અરિહંતશરણ પામ્યા

બપોરે તેમના નિવાસસ્થાનેથી નીકળેલી ડોલીબેનની અંતિમયાત્રામાં સમાજના અગ્રણીઓ જોડાયાઃ જાણીતા જયોતિષ મર્મજ્ઞ ઘનશ્યામભાઈ ઠકકરના પુત્રી થતા હતાઃ પરિવારમાં શોક

રાજકોટ તા.૩

સૌરાષ્ટ્રના જાણીતા જયોતિષ મર્મજ્ઞ તથા ગાયત્રી ઉપાસક ઘનશ્યામભાઈ ઠકકર તથા શ્રીમતી ઉષાબેન ઠકકરના પુત્રી તથા જાણીતા જૈન અગ્રણી, રાજકોટ શેઠ ઉપાશ્રય જૈન સંઘના ટ્રસ્ટી દર્શનભાઈ કિરીટભાઈ પારેખના પત્ની ડોલીબેન પારેખ (ઉ. ૪૫)નું આજે વહેલી સવારે ટુંકી બીમારી બાદ નિધન થતા શોક છવાયો છે.

ડોલીબેન પારેખની સારવાર ગિરિરાજ હોસ્પીટલમાં ચાલી રહી હતી, ડોકટરોની ટીમે તેમને બચાવવા ભારે પ્રયત્નો કર્યા પરંતુ આજે સવારે ૫-૩૦ કલાકે ડોલીબહેને અંતિમ શ્વાસ લીધા હતા.

અત્રે ઉલ્લેખનીય ગણાશે કે ડોલીબેન પતિ દર્શનભાઈના ધાર્મિક કાર્યોમાં જોડે જ રહેતા હતા. દર્શનભાઈ શેઠ ઉપાશ્રયના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે. તેઓ ગાદીપતિ ગિરીશમુનિ મહારાજના અનન્ય ભકત છે. પૂ. ગિરીશમુનિની વૈયાવચ્ચમાં દર્શનભાઈની સાથે ડોલીબેન પણ જોડાતા હતા. પૂ. ગિરીશમુનિ મ. તેમના નિવાસસ્થાને પણ પગલા કર્યા હતા.

ડોલીબેન પારેખ ધર્માનુરાગી, સુશીલ અને સરળ સ્વભાવ ધરાવતા હતા. તેમની વિદાયથી ન પૂરી શકાય તેવી ખોટ પરિવારને પડી છે.

ડોલીબેન તે માણિભદ્ર ડેવલોપર્સના કિરીટભાઈ પારેખ, શોભાબેન પારેખની પુત્રવધુ, દર્શનભાઈના પત્ની, આદિત્ય, દેવાંશી, રીયાના માતા થતા હતા. પરિવારના અન્ય સભ્યો બૌધ્ધિક પારેખ, કોમલ પારેખ, રાજવી મહેતા, તન્મય મહેતા, આરવ મહેતા, આર્ય મહેતા વગેરેને વિલાપ કરતા છોડી ગયા છે. આજે બપોરે ૧૧-૩૦ કલાકે તેમના નિવાસસ્થાન (અવધ રોડ)થી અંતિમયાત્રા નીકળી ત્યારે જૈન સમાજના અગ્રણીઓ, વેપારીઓ સહિત અન્યો જોડાયા હતા.

પ્રાર્થનાસભાઃ બેસણું

સ્વ. ડોલીબેન પારેખની પ્રાર્થનાસભા તથા બેસણું સોમવાર તા. ૬ને સવારે ૧૦ થી ૧૨, જનકલ્યાણ હોલ, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

૨૪ કલાકમાં જ આણંદ બેઠકે બે જંગી રેલીઓ નિહાળીઃ કોની સંખ્યા વધુ તે ચર્ચા

આણંદ લોકસભા બેઠકઃ રૂપાલા ફેકટર વિરુદ્ધ મોદી કરીશ્માની ટકકર

૨૦૧૯માં ભાજપે ૨ લાખથી વધુ મતે જીતેલી બેઠક પર ક્ષત્રિય ઠાકોર મતદારોની નારાજગીઃ ગુજરાતમાં આ બેઠક પર સૌથી વધુ જોવા મળી રહી છે

ભાજપે સીટીંગ સાંસદ મિતેષ પટેલને રીપીટ કર્યા તો કોંગ્રેસે આ વિસ્તારમાં વર્ચસ્વ ધરાવતા અમિત ચાવડાને મેદાનમાં ઉતાર્યા

બેઠકને સલામત કરવા ભાજપે ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલના કેસરીયા કરાવ્યાઃ ધારાસભા પેટાચૂંટણીમાં પણ જબરી ટકકર

સૌથી વધુ ક્ષત્રિય ઠાકોર મતદારો : પાટીદાર બીજા ક્રમે તે વચ્ચે મુસ્લીમ મતદારો નિર્ણાયક બની શકે અન્ય જ્ઞાતિના મતોથી બાજી જીતવા ભાજપને આશા

રાજકોટ તા.૩

ગુજરાતની લોકસભા ચૂંટણીમાં જે રીતે રૂપાલા ફેકટર રાજકોટ સિવાયની બેઠક પર ભાજપ માટે વધુ ચિંતા બન્યુ છે તેમાં આણંદની બેઠકમાં ક્ષત્રિયની નારાજગીને કારણે ભાજપના રામમંદિર સહિતના પરંપરાગત મુદ્દાઓ ધોવાઈ ગયા છે અને ગઈકાલે જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્ષત્રિય સમાજનો રોષ શાંત પાડવા આણંદ અને જામનગરમાં કોશીશ કરી તે કેટલો રંગ લાવે છે તેના પર નજર છે. અહી જાતીવાદી સમીકરણ ઉમેદવાર અને ક્ષત્રિયનો વિરોધ એ લોકસભા બેઠકને હાઈપ્રોફાઈલ બનાવી દીધી છે અને બુધવારે અહી ક્ષત્રિયોની વિશાળ રેલીનું આયોજન થયું હતું અને ગઈકાલે ૧૧ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી યોજાઈ. ક્ષત્રિય સમાજની રેલીમાં જે રીતે વિશાળ સંખ્યા ઉમટી અને ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનો સંકલ્પ લેવાયો તે પછી વડાપ્રધાનની રેલીમાં અને ક્ષત્રિય સમાજની રેલીમાં કયાં સંખ્યા વધુ હતી તે જ ચર્ચા થઈ રહી છે. અહી ભાજપના ટેકેદારક્ષત્રિયો કહે છે કે રૂપાલાના કારણે ભાજપે મોટુ જોખમ લીધુ છે અને તેનું પરિણામ ભોગવવું પડશે. કોંગ્રેસ પક્ષે અહી માધવસિંહ સોલંકીની વિરાસત જેવી બેઠક પર અમીત ચાવડાને ટિકીટ આપી છે અને ભાજપે પાટીદાર નેતા અને વર્તમાન સાંસદ મિતેષ પટેલને રિપીટ કર્યા છે. ૨૦૧૯માં મિતેષ પટેલે આણંદ બેઠક પર ૬.૩૩ લાખ મતો મેળવ્યા હતા અને તેની સામે ભરતસિંહ સોલંકીને ૪.૩૫ લાખ

મતો મળ્યા હતા. આમ બે લાખથી વધુ મતે ભાજપે બેઠક કબ્જે કરી હતી. ૨૦૧૪માં પણ ભાજપના દિલીપ પટેલ અને ભરતસિંહ સોલંકીનો મુકાબલો થયો હતો પરંતુ તે વખતે જીતનો માર્જીન ૭૦ હજાર મતો જેટલો હતો.

આણંદ લોકસભા બેઠક હેઠળ સાત વિધાનસભા ક્ષેત્ર આવે છે જેમાં ખંભાત, બોરસદ, આંકલાવ, આણંદ, સોજીત્રા અને પેટલાદ તેમજ ઉમરેઠનો સમાવેશ થાય છે અને ક્ષત્રિય ઠાકોર મતદારોની સંખ્યા સૌથી વધુ છે ત્યારબાદ પાટીદાર મુસ્લીમ અને સવર્ણ સમાજ આવે છે. અમીત ચાવડાએ આ જીલ્લાનું જાણીતુ નામ છે. આંકલાવ બેઠક પર પાંચ વાર ધારાસભામાં જીતી ચૂકયા છે અને પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પણ રહી ચૂકયા છે. મોદીએ અહી પોતાની રેલીમાં ક્ષત્રિય સમાજ અંગે કંઈ કહ્યુ નહી પણ જામનગરમાં બોલવાનું પસંદ કર્યુ તે પણ સૂચક છે. અહી ભાજપે વોટબેન્ક મજબૂત કરવા ખંભાતમાં કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ પટેલને પક્ષપલ્ટો કરાવીને ભાજપમાં લીધા છે અને પેટાચૂંટણી પણ યોજાઈ રહી છે જયારે અંકલાવ સિવાય તમામ બેઠકો ભાજપના કબ્જામાં છે અને તેથી જ ભાજપ માને છે કે અહી ક્ષત્રિય મતદારો મોટુ જોખમ નથી. જયારે બુધવારની ક્ષત્રિય સમાજની રેલી એ કોંગ્રેસ માટે આશા વધારી છે તેવા સંકેત છે અને ભાજપના સાંસદ સામે સ્થાનિક નારાજગી પણ નડી રહી છે તેથી આ બેઠક પર રસપ્રદ જંગ હશે તેવું માનવામાં આવે છે.

કેસરગંજ બેઠક પર ભાજપે બદનામ બાહુબલી બ્રિજભૂષણને 'સાચવી' લીધાઃ પુત્રને લોકસભા ટિકીટ

મહિલા કુસ્તીબાજોના જાતીય આરોપોથી ચર્ચિત સાંસદની 'ટિકીટ' પરિવારમાં જઃ પુર્વીય યુપીમાં પ્રભાવ ભાજપને જરૂરી

નવી દિલ્હીઃ

લોકસભા ચૂંટણીમાં અંતિમ તબકકાના ઉમેદવારોની પસંદગીમાં ભાજપે હવે ઉતરપ્રદેશમાં કેસરગંજ બેઠક પરથી મહિલા કુસ્તીબાજોના શોષણનો આરોપથી 'બદનામ' બ્રિજભૂષણ શરણસિંહની ટિકીટ કાપી છે પણ તેમને નારાજ કરવાનું 'જોખમ' ન લેતા તેમના પુત્ર કરણભૂષણને ઉમેદવાર બનાવ્યા છે. આ બેઠક પર બાહુબલી સાંસદની ટિકીટ કાપવા મુદ્દે ભાજપે લાંબા સમય સુધી વિચારણા કરી હતી પણ તેમના કુટુંબને નારાજ કરવાનું જોખમ લીધુ નથી.

બ્રિજભૂષણ શરણસિંહ જેઓ એક સમયે ભારતીય કુસ્તી સંઘના વડા હતા તેઓ પર ઓલીમ્પીક મેડલ વિજેતા મહિલા સહિત અનેક મહિલા કુસ્તીબાજોમાં જાતીય સતામણીના આરોપ મુકયા હતા અને તેમના મેડલ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ સામે મુકીને વિરોધ પ્રદર્શિત કર્યા હતા.

જોકે દિલ્હી પોલીસની તપાસમાં ભાગ્યે જ કોઈ પ્રગતિ થઈ હતી અને પુર્વીય ઉતરપ્રદેશથી પાંચથી છ બેઠકો પર પ્રભાવ ધરાવતા બ્રિજભૂષણને 'સાચવી' લેવા ભાજપે હવે તેના નાના પુત્ર કરણભૂષણને કેસરગંજ લોકસભા બેઠકની ટિકીટ આપી છે અને તેણે આજે ઉમેદવારી નોંધાવી છે. કુસ્તીસંઘમાં પણ બ્રિજભૂષણનો દબદબો જળવાઈ રહ્યો છે અને તેમના વિશ્વાસુને જ પ્રમુખપદ મળ્યુ છે.

સાંજ સમાચાર

વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ

આજે જ જોડાવ

એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ

તમારા સ્માર્ટફોન મોબાઈલના કેમેરામાંથી ક્યુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ

Join "સાંજ સમાચાર" WhatsApp Channel

Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel

સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :

- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેકટ પર ફોરવર્ડ કરી શકશો

સાઉદી અરબમાં મહિલા અધિકારની વાત કરનાર યુવતીને ૧૧ વર્ષની જેલ

ફિટનેસ ટ્રેનર યુવતી સામે અશોભનીય કપડાં પહેરવાનો આરોપઃ મહિલાને છોડવા માનવ અધિકાર સમૂહોની માંગ

સાઉદી અરબ તા.૩

અહીં લગભગ દોઢ વર્ષ પહેલા ધરપકડ કરાયેલી એક સાઉદી મહિલાને ત્યાંની એક વિશેષ અદાલતે ૧૧ વર્ષની સજા સંભળાવી છે. આ મહિલા સામે મહિલા અધિકારનું સમર્થન અને તેના પહેરવેશને લઈને સજા ફટકારાઈ છે. વિમેન રાઈટ એકટીવિસ્ટ આ મહિલાની મુકિતની માંગ માનવ અધિકાર સંગઠનોએ કરી છે.

૨૯ વર્ષીય આ મહિલાનું નામ મનાહેલ અલ-ઓતૈબી છે અને તે ફિટનેસ ટ્રેનર અને વિમેન રાઈટ એકટીવિસ્ટ છે. મંગળવારે એક સંયુકત નિવેદનમાં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અને લંડન સ્થિત સાઉદી અધિકાર સંગઠન એએલકયુએટીએ જણાવ્યું હતું કે આ મહિલાને ૯ જાન્યુઆરી ૨૦૨૪ના રાજયના એક વિશેષ આપરાધિક ન્યાયલયમાં એક ગુપ્ત સુનાવણી દરમિયાન સજા સંભળાવાઈ હતી. જોકે અલ ઓતૈબીને કેદનો નિર્ણય કેટલાક સપ્તાહ બાદ બહાર આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે સંયુકત રાષ્ટ્રના અનુરોધના જવાબમાં જીનિવામાં સાઉદી અરબે એક પત્રમાં મહિલાની ધરપકડ પર જવાબ આપ્યો હતો કે મહિલા અલ ઓતૈબી પર આતંકવાદી અપરાધોનો આરોપ છે અને તેને કાનૂની રીતે કાનૂની વોરંટ મુજબ ધરપકડ કરાઈ હતી. આ મુદ્દે એમ્નેસ્ટી અને એએલકયુએસટીનો દાવો છે કે મનાહેલ સામે આરોપો માત્ર તેના પહેરવેશ અને ઓનલાઈન પોતાના વિચારોને પ્રકટ કરવા સાથે જોડાયેલા છે. ખાસ કરીને તેણે સાઉદી અરબમાં મેલ ગાર્જીયનશીપ પ્રણાલીને ખતમ કરવા માટે મીડિયાના લોકોને જોડવા, બુરખો પહેર્યા વિના દુકાને જવા, અશોભનીય કપડા પહેરી ખુદનો વિડીયો પોસ્ટ કરી તેને લઈને આરોપો છે.

રાજકોટમાં રવિવારે લેવાનારી 'નીટ'ની પરીક્ષા ૭૪૯૨ વિદ્યાર્થીઓ આપશે

આર.કે. યુનિ., કાઈસ્ટ કોલેજ, સર્વોદય સ્કૂલ સહિતના સાત સેન્ટરો પર બેઠક વ્યવસ્થા

રાજકોટ તા.૩

મેડીકલ પ્રવેશ માટે આગામી રવિવારે તા.૫ના રોજ લેવાનારી નીટની પરીક્ષા માટે રાજકોટ કેન્દ્રમાં ૭૪૯૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. શાંતિપૂર્ણ વાતાવરણમાં આ પરીક્ષા લેવાય તે માટે તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

આ પરીક્ષામાં બપોરના રથી ૫-૨૦ કલાક સુધી પેપર લેવામાં આવનાર છે. આ માટે સાત સેન્ટરો પર બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં આરકે યુનિ., આરકેસી, કાઈસ્ટ કોલેજ, મારવાડી યુનિવર્સિટી, સર્વોદય સ્કૂલ સહિતના સાત સેન્ટરોનો સમાવેશ થાય છે.

પરીક્ષા સેન્ટરો પર વિદ્યાર્થીઓને એન્ટ્રી સવારના ૧૧ કલાકથી આપી દેવાશે. આ પરીક્ષા માટે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે ખાસ ડ્રેસકોડ નિયત કરવામાં આવેલ છે. જેમાં કોઈપણ કલરના અડધી બાયના શર્ટ-ટીશર્ટ તેમજ સાદુ પેન્ટ અને જીન્સનું પેન્ટ સહિતના કપડા પહેરી શકાશે.

આ ઉપરાંત સાદા સ્લીપર અને ચંપલ પહેરવા તેમજ વિદ્યાર્થીનીઓને સાદા રબ્બરથી વાળ કવર કરવા જણાવાયું છે. રાજકોટ સેન્ટરમાં આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓને કાળા કલર બોલપેન પણ પરીક્ષા સેન્ટર પરથી આપવામાં આવનાર છે.

હવે પાસપોર્ટ માટે દસ્તાવેજો ડીજી લોકરમાંથી મેળવી લેવાશે

નવીદિલ્હી તા.૩

જો તમે પાસપોર્ટ બનાવવાનું વિચારતા હો તો હવે આ કામગીરી સરળ બની ગઈ છે. સરકારે નવા નિયમ પ્રમાણે સમગ્ર પ્રક્રિયાને તોડી મીનીટમાં પુરી થાય તે નિશ્ચિત કર્યુ છે. પાસપોર્ટ બનાવવા માટે ઓનલાઈન દસ્તાવેજો તમારા ડીજી લોકર એપમાં ડાઉનલોડ કરી આપવાના રહેશે અને પછી તેની ફોટોકોપીની પણ જરૂર નહીં રહે. અને પાસપોર્ટ ઓફીસ આ ડીજી લોકરમાંથી દસ્તાવેજો ટ્રાન્સફર કરી લેશે. ડીજી લોકર એક વર્ચ્યુલ લોકર છે જેમાં સરકારી તમામ દસ્તાવેજો ડીજીટલ સ્વરૂપે સાચવી શકાય છે અને તે જેતે ઓથોરીટીને પણ આપી શકાય છે જેનાથી મુળ દસ્તાવેજો રજુ કરવાની રહેતી નથી અને તે માન્ય પણ રહે છે.

સીબીઆઈ પાંજરામાં પુરાયેલો પોપટ? વિવાદ ફરી સુપ્રિમમાં

પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા સીબીઆઈને તેના રાજયમાં તપાસની મંજુરી પાછી ખેંચી લીધી હોવા છતાં પણ ફરિયાદોની તપાસ કરી રહી હોવાનો આક્ષેપ

નવીદિલ્હી તા.૩

કેન્દ્રીય એજન્સીઓ દ્વારા વિપક્ષ શાસનના રાજયો દ્વારા જે કાર્યવાહી કરવામાં આવે છે તે મુદ્દે પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટમાં કરાયેલી રીટની સુનાવણી સમયે ફરી એક વખત સીબીઆઈ સહિતની એજન્સી પાંજરામાં પુરાયેલા પોપટ જેવી છે કે કેમ તે મુદ્દે કેન્દ્ર અને પશ્ચિમ બંગાળ સરકાર ધારાશાસ્ત્રીઓ વચ્ચે ભારે દલીલબાજી થઈ હતી. સીબીઆઈ સામાન્ય રીતે રાજય સરકારની સંમતિ વગર જે તે રાજયમાં તપાસ કરી શકતી નથી અને પશ્ચિમ બંગાળ સરકારે આ

પ્રકારની સંમતિ પાછી ખેંચી લીધી છે પરંતુ સીબીઆઈ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના આદેશથી આ કામગીરી કરી રહી છે જેથી રાજયની સંમતિનો કોઈ અર્થ જ રહેતો નથી તે અંગે પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમમાં દલીલ કરીને રાજયના અધિકારો છીનવાઈ રહ્યા હોવાનું કહ્યું હતું. અને સીબીઆઈ સહિતની એજન્સીઓ કેન્દ્ર સરકારના હાથા તરીકે કામ કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.જોકે સીબીઆઈ વતી અને કેન્દ્ર સરકારના ધારાશાસ્ત્રીએ પણ દલીલ કરતા કહ્યું કે પશ્ચિમ બંગાળની અરજી તુર્ત જ રદ થવા પાત્ર છે. કારણ કે સીબીઆઈ કાનૂની મુજબ જ કામ કરે છે અને કોઈના હાથા બનતા નથી અને અમારા ઉપર કોઈને નિયંત્રણ પણ નથી. આ મુદ્દે દલીલો યથાવત રહી છે.

સોના ધિરાણમાં નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓમાં મોટી ગરબડીઃ રીઝર્વ બેન્ક દ્વારા તપાસની તૈયારી

હાલ સોનાના ઉંચા ભાવ છતાં આ કંપનીઓના નીચા મુલ્યાંકન- કેરેટ ગરબડી કરતી હોવાની ફરિયાદો

મુંબઈઃ સોનાના ભાવમાં સતત વધારા સાથે સોના સામે ધિરાણ આપવામાં પણ બેન્કો અને નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓના પોર્ટફોલિયોમાં જે વધારો નોંધાયો છે તે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને ચિંતા કરાવી રહી છે. જો કે આ ધિરાણ સલામત છે અને બેન્કો તથા નોન બેન્કીંગ કંપનીઓ પણ પુરતા માર્જીન સાથે આ ધિરાણ કરે છે પણ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની ચિંતા જુદી છે.

પ્રથમ તો સોનાના ભાવની તેજી મોટાભાગે જળવાઈ રહેશે અને મોટા કડાકા થશે નહી તે નિશ્ચિત મનાય છે છતાં પણ ધિરાણ માટે આવતા સોનાના ભાવ નિશ્ચિત કરવામાં લાંબાગાળાનો અંદાજ રાખવા જણાવાયુ છે અને તેમાં વારંવાર ધિરાણની બાકી રકમ તથા સોનાના ભાવની સમીક્ષા કરતા રહેવા માટે ખાસ સૂચના આપી છે. બીજી ચિંતા સોનાની શુધ્ધતા કે ગુણવતા મુદ્દે ખાસ ચકાસણી કરવા જણાવ્યું છે. સામાન્ય રીતે સોનુ મોંઘુ થવાથી ૨૨ કેરેટના સ્થાને ૧૬-૧૮ કેરેટના દાગીનાની માંગ વધી છે પણ રીઝર્વ બેન્ક પાસે એવી પણ ફરિયાદ આવી છે કે કંપનીઓ ઈરાદાપૂર્વક સોનાની કિંમત ઓછી આંકે છે. જેથી ગ્રાહકોને પણ અન્યાય થાય છે. તેઓને ઓછું ધિરાણ મળે છે જે બેન્કીંગ નિયમોના વિરુદ્ધ છે.

બેન્કોને તથા નોન બેન્કીંગ ફાયનાન્સ કંપનીઓને રૂા.૨૦૦૦૦ સુધીનું ધિરાણ જ રોકડમાં આપવાનું હોય છે પણ તે નિયમોનો પણ ભંગ થઈ રહ્યો છે. ઉપરાંત ૨૨ કેરેટના બદલે સોનુ ઓછા કેરેટનું દર્શાવીને પછી તેમાં ઓછી કિંમત અંકાય છે. તેમાં પણ રીઝર્વ બેન્કે જે કેરેટનું સોનું હોય તે જ માન્ય રાખવા ખાસ તાકીદ કરી છે.

રાયબરેલીથી ચુંટણી લડવાના નિર્ણયને એક આબાદ વ્યુહ ગણાવતુ કોંગ્રેસ

ભવિષ્યમાં પ્રિયંકા ગાંધી લોકસભા પેટાચૂંટણી લડી શકે

કોંગ્રેસના પ્રવકતાનો સંકેતઃ રાહુલને શતરંજના માહીર ખેલાડી ગણાવ્યા

નવી દિલ્હી તા.૩

લોકસભા ચૂંટણીમાં આખરે અમેઠી અને રાયબરેલીમાં કોંગ્રેસના ઉમેદવારો નિશ્ચિત થઈ ગયા છે તે સમયે પ્રિયંકા ગાંધી હવે ચૂંટણીના રાજકારણમાં આવશે કે કેમ તે અંગે ચર્ચા જાગી છે તેમાં કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ લોકસભા ચૂંટણી પછી સમગ્ર રાજકીય ચિત્ર જોયા બાદ પ્રિયંકા ગાંધી પેટાચુંટણી લડીને લોકસભામાં પહોંચી શકે છે.

વાસ્તવમાં એક તબકકે પ્રિયંકા અને રાહુલ બંને લોકસભા ચુંટણી લડે તેવી ચર્ચા હતી પરંતુ તેનાથી કોંગ્રેસ નેતૃત્વ બંનેને તેમની બેઠકો પર બંધાઈ રહેવું પડે તે ઈચ્છતા ન હતા અને રાહુલ ગાંધીની સામે અમેઠીમાંથી ચુંટણી લડવાનો પડકાર હતો. જો કે તેઓ અમેઠીમાંથી લડી રહ્યા નથી તેની ટીકા થઈ રહી છે પરંતુ કોંગ્રેસના પ્રવકતા સુપ્રિયા શ્રીનેત એ એક પોષ્ટમાં લખ્યું કે રાહુલ ગાંધી શતરંજના મોટા ખેલાડી છે અને તેની એક જ ચાલથી ભાજપ અને તેના ચરણચુંબકોને મુર્છા આવી ગઈ છે. રાયબરેલી ફકત સોનિયા જ નહી ઈન્દીરાની સીટ પણ રહી છે અને તેથી તે વારસો નહી એક જવાબદાર છે અને કર્તવ્ય પણ છે અને રાહુલ ઉતર અને દક્ષિણ બંને ક્ષેત્રમાં ચુંટણી લડી રહ્યા છે તે સમયે પ્રિયંકા ગાંધી ભવિષ્યમાં લોકસભામાં પેટાચુંટણી મારફત પણ આવી શકે છે.

૧૮ વર્ષિય યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ, તા.૩

શહેરમાં ૧૮ વર્ષિય યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

બનાવની વિગત મુજબ કાલાવડ રોડ પર રહેતો ૧૮ વર્ષીય સંજુ ભોજબહાદુર પટીયા નામના યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેઓ ગઈકાલે રાત્રિનાં યુનિવર્સિટી રોડ પર જેશન સ્ટોક નામની દુકાન પાસે ઝેરી દવા પી લેતાં યુવકને તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર હેઠળ છે. યુવક શાપરની એક હોટલમાં કામ કરે છે. તેઓ ગઈકાલે શાપરથી ઇન્દિરા સર્કલ પાસે મિત્રને મળવા આવ્યો હતો. બાદ યુવકે આ પગલું ભર્યાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું. યુવક ત્રણ ભાઈ અને બે બહેનમાં વચેટ છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. ઝેરી દવા પીવાનું કારણ જાણવા ન મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમેઠી બેઠક પર કોંગ્રેસના કે.એલ.શર્માની ઉમેદવારીઃ સ્મૃતિએ કહ્યું મહેમાનોનું સ્વાગત છે

રાજીવ ગાંધીના સમયથી આ બેઠક પર શર્મા જોડાયેલા છે

નવી દિલ્હીઃ ઉતરપ્રદેશની અમેઠી બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કે.એલ.શર્માએ આજે તેમનું ઉમેદવારીપત્રક રજુ કર્યુ હતું. આ બેઠક પર તેઓ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સામે ટકરાશે. શર્મા મૂળભૂત પંજાબના

લુધીયાણાના રહેવાસી છે અને હવે અમેઠીમાંથી ચુંટણી લડશે. ૧૯૮૩માં તેઓને રાજીવ ગાંધી અમેઠી લઈ આવ્યા હતા અને તેઓ અહી જાણીતા છે. તેઓ અહીના એક બાદ એક કોંગ્રેસ પક્ષના સાંસદના પ્રતિનિધિ તરીકે કામ કરતા હતા અને ૨૦૧૯ બાદ રાયબરેલીમાં સોનિયા ગાંધીના પ્રતિનિધિ તરીકે કામ કરતા હતા.

આમ અહી કોંગ્રેસ વર્તુળોમાં જાણીતા છે. ૨૦૧૯ની એક ચુંટણી સિવાય ૧૯૬૭થી અમેઠી બેઠક કોંગ્રેસના હાથમાં રહી છે. હવે ફરી તે સ્મૃતિ સામે આંચકી લેવા કોંગ્રેસ તૈયાર છે. સ્મૃતિએ આ બેઠક પર શર્માની ઉમેદવારીને આવકારતા કહ્યું કે મહેમાનોનું સ્વાગત છે. ગાંધી કુટુંબ તો આ બેઠક અગાઉ જ ગુમાવી ચુકયુ છે.

રાજકોટના બજાર ભાવ

તેલ (૧૫ કિલો)	ભાવ
સીંગતેલ તેલ (નવા ડબ્બા)	૨૫૦૫-૨૫૫૫
સીંગતેલ (જૂના ડબ્બા)	૨૪૫૫-૨૫૦૫
કપાસીયા તેલ (નવા ડબ્બા)	૧૬૮૫-૧૭૧૫
કપાસીયા તેલ (જૂના ડબ્બા)	૧૬૩૫-૧૬૬૫
પામોલીયન તેલ	૧૪૭૦-૧૪૭૫
મસ્ટર્ડ તેલ	૧૬૧૦-૧૬૪૦
સનફલાવર તેલ	૧૫૪૦-૧૫૬૦
મકાઈ તેલ	૧૫૨૦-૧૫૪૦
વનસ્પતિ ઘી	૧૬૯૦-૧૭૩૦
કોપરેલ	૨૩૯૦-૨૪૨૦
દિવેલ	૨૦૧૦-૨૦૩૦

સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ) ૭૩૬૦૦(-૨૦૦)

ચાંદી ૮૨૭૦૦(-૮૫૦)

આવતીકાલે મુંબઈ તાડદેવના આંગણે રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.ની નિશ્રામાં

નૂતનદીક્ષિત સાધ્વીરત્નાં પરમનેમ પ્રિયાજી મહાસતીજીનો વડી દીક્ષા મહોત્સવ ઉજવાશે

રાજકોટ,તા.૩

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રીમુખેથી ગત રવિવારે દીક્ષામંત્ર ગ્રહણ કરીને સંયમ પથ પર પ્રયાણ કરનારા નૂતનદીક્ષિત સાધ્વીરત્ના પૂજ્ય શ્રી પરમ નેમપ્રિયાજી મહાસતીજીને વડી દીક્ષા અર્પણ કરવાનો અવસર તાડદેવ સ્થિત અવસર હોલ, કેનેડી બ્રિજ, જ્યોતિ સ્ટુડિયો કમ્પાઉન્ડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ખાતે ૪થી મે શનિવાર સવારના નવ કલાકે યોજાશે.

ઉલ્લેખનીય છે કે જૈન દર્શનની પરંપરામાં કોઈપણ આત્મા જ્યારે સમગ્ર સંસારનો ત્યાગ કરીને ગુરુ મુખેથી દીક્ષા અંગિકાર કરે ત્યારબાદ સંયમ જીવનમાં છ દિવસ સુધી તે આત્માની સ્થિરતા બાદ તેને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી પાંચ મહાવ્રતોમાં સ્થાપિત પ્રસ્થાપિત અને આરોપિત કરવાની વિધિ એટલે કે વડી દીક્ષા અર્પણ કરીને વાસ્તવિક સંયમ જીવનમાં તેમનો પ્રવેશ કરાવવામાં આવે છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના સાંનિધ્યે અનેક શ્રેષ્ઠીવર્યો આદિ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં યોજનારા વડી દીક્ષાના આ અવસરમાં સંયમધર્મ તેમજ સંયમી આત્માની અનુમોદના કરવા દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારવા શ્રી સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

ગુજરાત સ્થાપના દિવસ અને વિશ્વ મજદૂર દિવસની ઉજવણી સાથે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ભારત સેવક સમાજ અને યુથ ફોર ડેમોક્રેસીના સંયુક્ત ઉપક્રમે પહેલી મે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ અને વિશ્વ મજદૂર દિવસની ઉજવણી સાથે સાથે લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને મતદાર જાગૃતિ અંગેનો કાર્યક્રમ ભારત સેવક સમાજ, રેસ કોર્સના પ્રાંગણમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં યુથ ફોર ડેમોક્રેસીના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયાએ કાર્યક્રમનો હેતુ સમજાવતા પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ ઉપરાંત લોકવિજ્ઞાન કેન્દ્રના નિયામક ડો. રમેશભાઈ ભાયાણી, સમાજસેવક સંગઠક યશવંતભાઈ જનાણી તથા એલ. એસ.સૈયદે કાર્યક્રમને અનુરૂપ વક્તવ્યો આપેલ હતા.

પ્રગતિ હોસ્પિટલના ડોકટરો તથા સ્ટાફ દ્વારા મતદાન જાગૃતિ માટેના શપથ લીધા

હાલ ગરમી હોવાથી, દરેક મતદારે શકય એટલું મતદાન કરવાની હિમાયત કરતાં ડો.અમિત હપાણી

રાજકોટ,તા.૩

હાલ લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર અને મતદાર જાગૃતિ કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટમાં આવેલી પ્રગતિ હોસ્પિટલ દ્વારા મતદાર જાગૃતિ કરાઈ હતી.પ્રગતિ હોસ્પિટલના ડોકટર અને સ્ટાફ દ્વારા અમે મતદાન કરશું અને અન્યોને મતદાન કરવા માટે પ્રેરિત કરી મતદાન કરાવશું તેવા શપથ લીધા હતાં. ડોકટર અને સ્ટાફે શપથ લેતા કહ્યું કે હું ચોકકસ મતદાન કરીશ અને મારા સગા સંબંધી મિત્રો અને પડોશીઓને પણ મતદાન કરવાનું ચોકકસ કહીશ. મતદાન કરવાનો મારો હક અને પવિત્ર ફરજ છે જે હું જરૂર નિભાવીશ આમ પ્રગતિ હોસ્પિટલના સ્ટાફ અને ડોકટર દ્વારા શપથ લેવાયા હતા.પ્રગતિ હોસ્પિટલના પ્રખ્યાત ફિઝિશિયન અને કાર્ડિયોલોજી ડોકટર અમિત હપાણી અને સૌરાષ્ટ્રમાં વિખ્યાત એવા કેન્સર સ્પેશિયાલિસ્ટ ડોકટર બબીતા હપાણીએ લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા અને સાથોસાથ ડોકટર અમિત હપાણીએ કહ્યું કે મતદાન આ ગરમીની ઋતુ હોવાથી સવારે જેટલું બને તેટલું વહેલું મતદાન કરી લેવું મતદાન એ આપણો હક અને ફરજ છે જે આપણ અવશ્ય નિભાવવો જોઈએ અને આપણો ભારતના સર્વાંગી વિકાસમાં ફાળો આપવો જોઈએ ડોકટર બબીતા હપાણીને કહ્યુ મતદાન એ આપણી નૈતિક ફરજ છે જે આપણે પુરી કરવી જોઈએ અને સૌએ મતદાન કરી પોતાની ફરજ નિભાવવી જોઈએ અને પોતાને લોકતંત્રમાં મળેલ વિશેષાધિકારનો ઉપયોગ ચોકકસ કરવો જોઈએ પ્રગતિ હોસ્પિટલના સ્ટાફ અને ડોકટર લોકસભાની ચૂંટણી ૨૦૨૪મા મતદાન કરશે અને તેમના સગા, સંબંધી, મિત્રો અને પડોશીઓને સહિત તમામ લાગતા વળગતાઓને મતદાન કરવા પ્રેરિત કરશે અને તે ચોકકસ મતદાન કરે માટે ના તમામ પ્રયાસ કરાશે તેવા શપથ લીધા હતા. અને નિશ્ચય કર્યો છે.

લિટલ એન્જલ પ્રિ-સ્કુલનો 'આશાર્ય-પંખ સપનો કે' વાર્ષિકોત્સવ યોજાયો

લિટલ એન્જલ પ્રિ-સ્કુલના નાના ભુલકાઓ દ્વારા એન્યુઅલ ડ આશાર્ય-પંખ સપનો કે તથા કોન્વોકેશન સેરેમની નો કાર્યક્રમ પ્રમુખ સ્વામી ઓડીટોરીયમમાં યોજ્યો હતો, કાર્યક્રમના પ્રમુખ સ્થાને તપસ્વી ગ્રુપ ઓફ સ્કુલના મેનજીંગ ટ્રસ્ટી અમિષભાઈ દેસાઈ, રાજુ એન્જીન્યરીંગના યંગ મેનેજીંગ ડાયરેકટર અને વુમન એન્ટરપ્રિનયોર ખુશ્બુ દોશી તથા સહકારી ક્ષેત્ર ના આગેવાન હરદેવસિંહ જાડેજા એ હાજર રહી ભુલકાઓ, વાલીઓ તથા સ્કુલના તમામ સ્ટાફને તેમના કાર્ય બદલ બિરદાવેલા હતા. ઉપરાંત ગુજરાતી પિકચરના હિરો તથા લેખક હર્ષલ માંકડ, પ્રખર જીવદયા પ્રેમી અમિતભાઈ દોશી, જીવદયા પ્રેમી કેતનભાઈ સંઘવી, જાણીતા એન્કર શિવરામસિંહ ચુડાસમા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શાંતિ બિઝનેસ સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે ફેરવેલ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,તા.૩

અમદાવાદની શાંતિ બિઝનેસ સ્કૂલ ખાતે ક્લાસ ૨૦૨૨-૨૪ PGDM પ્રોગ્રામના વિદ્યાર્થીઓ માટે ફેરવેલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી મિત્રો અને શિક્ષકો સાથે વિતાવેલા વર્ષોને સમર્પિત હતી. પાર્ટીની થીમ "બ્લેક ટાઈ અફેર" હતી, જ્યાં વિદ્યાર્થીનીઓ બોલ ગાઉન અને ડ્રેસમાં સજ્જ હતી.

લાઇટ મ્યુઝિક સાથે ૨ વર્ષ દરમ્યાન કેમ્પસની યાદોની સફર કરાવતી વિડિયો પ્રેઝન્ટેશન જોઈ દરેક વિદ્યાર્થી ભાવુક બની ગયા અને તેમને તેમના જૂના વર્ષો અને ઘરથી દૂર ઘરની યાદ અપાવી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ સુંદર ડાન્સ પર્ફોમન્સ રજુ કર્યું. આ ફેરવેલ ઈવનું એક છુપુ આકર્ષણ એવોર્ડ સેરેમની હતી. કાર્તિક જૈન અને નિકિતા લોહારને મીસ્ટર એન્ડ મીસ ફેરવેલનો તાજ પહેરાવવામાં આવ્યો હતો. રોનક નાગર અને નેહા રાજગુરુને મિસ્ટર એન્ડ મિસ ઈવ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. દેવાશિષ મોહિતેને મિસ્ટર ડાયનેમોનું બિરુદ આપવામાં આવ્યું હતું, જ્યારે તેયાલી દાસને ડાયવર્સ દિવાનું બિરુદ આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ ફેકલ્ટીઓ અને સમગ્ર બેચ પ્રત્યે તેમનો પ્રેમ વ્યક્ત કરવાની તક ઝડપી લીધી. અંતમાં જુનિયર બેચના વિદ્યાર્થીઓ દ્વારા સિનિયર બેચના વિદ્યાર્થીઓને પ્રશંસાના પ્રતીક તરીકે ભેટ આપવામાં આવી હતી.

મતદાર યાદીમાંથી કમી કરાયેલ નામ ફરી સમાવેશ કરવા માંગ

વયોવૃદ્ધ મતદાર બ્રહ્મ સેના અધ્યક્ષ જગદીશ રાવલ ના પિતા દિવેશ્વર વજેશંકર રાવલ નું ઘરાર નામ ૨૬ ની જાણ થતાં તારીખ:૨૨-૪-૨૦૨૪ ના રોજ જીલ્લા કલેકટર તથા ચુંટણી પંચ અધિકારીઓ ને લેખીત રજૂઆત કરી વિગતવાર માહિતી આપી છતાં આજદિન સુધી યોગ્ય જવાબ ન મળતાં રોષ ફેલાયો છે.આવતી કાલે સવારે ૧૧ વાગ્યે રાજકોટ જિલ્લા કલેકટર શ્રી ને રબરુ મળી લેખીત માંગણી કરાશે. ત્યારે જો ૭ મે સુધી યોગ્ય નિરાકરણ નહીં આવે તો સમગ્ર પરિવાર મતદાનનો બહિષ્કાર કરશે.

વધુને વધુ મતદાનની અપીલ કરતા યશવંત જનાણી

રાષ્ટ્રમાં લોકશાહી પર્વની ઉજવણી ચાલી રહી છે તે અન્વયે લોકસભાની ચુંટણીમાં ૭મી મે ના રોજ ગુજરાતમાં મતદાન થવાનું છે. ત્યારે સમાજ સેવા સંગઠક યશવંત જનાણી એ રાજકોટ શહેર / જીલ્લા અને રાજયના પરીપકવ મતદારોને અપીલ કરતા જણાવેલ કે, લોકશાહી પર્વની ઉજવણી ત્યારે જ સાર્થક ગણાશે જયારે આપણે સૌ સાથે મળી વધુમાં વધુ મતદાન કરીએ અને મતદાનની ટકાવારી ૮૦% સુધી પહોંચાડીએ.

નિઃશુલ્ક બેડમિન્ટન સમર કેમ્પ

સૌરાષ્ટ્ર-કચ્છ સ્પોર્ટ મેનેજમેન્ટ અને સૌરાષ્ટ્ર-કચ્છ બેડમિન્ટન એસો. દ્વારા તા.૩૧ મે સુધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે બેડમિન્ટન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બેડમિન્ટન સમર કેમ્પનો સમય સવારે ૧૦-૩૦ થી બપોરે ૨ સુધીનો રહેશે. વધુ માહિતી માટે મો.નં. ૭૨૨૭૮ ૪૪૪૧૪ પર સંપર્ક કરવો, આ કેમ્પ શરૂ થઈ ચૂકેલ છે.

કાલે રોટરી ગ્રેટર ભવનના આંગણે જુના હિંદી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

રાજકોટ, તા.૩

જાણીતા ગાયક કલાકાર જયેશ ભટ્ટ દ્વારા આવતીકાલ તા.૪ને રાત્રે ૯-૩૦ કલાકે રોટરી ગ્રેટર ભવન, આર.બી. કોઠારી નિદાન કેન્દ્રની બાજુમાં, વિદ્યાનગર મેઈન રોડ ખાતે જુના હિંદી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'સુનહરી યાદે' યોજવામાં આવેલ છે.ઉપરોક્ત સુરીલા કાર્યક્રમમાં જયેશ ભટ્ટ, સોનલ થાપા, મધુસુદન ભટ્ટ, શિરીષ કચ્છી વગેરે કલાકારો યાદગાર ગીતોની પ્રસ્તુત કરશે.

સંત શિરોમણી લાલાબાપાની ૮૩મી પુણ્યતિથીની ઉજવણી

મોચી સમાજ દ્વારા પરમ પૂજ્ય સંતશ્રી લાલાબાપા ની ૮૩મી પુણ્યતિથિની ઉજવણીનો કાર્યક્રમ તા.૩૦/૪ને મંગળવારના બોટાદ મોચી સમાજના છાત્રાલય ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત ધીરુભાઈ રણછોડભાઈ વાળા (સમઢીયાળા)ના પરિવાર દ્વારા સમૂહ આરતી ઉતારી કરવામાં આવી હતી.ત્યારબાદ સમૂહ જ્ઞાતિભોજનના દાતા ધીરુભાઈ રણછોડભાઈ વાળાનું સન્માન સમાજના ટ્રસ્ટીઓ, પ્રમુખ તેમજ સમાજના અગ્રણીઓ દ્વારા શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતુ.કાર્યક્રમના અંતે સમૂહ જ્ઞાતિભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મોચી જ્ઞાતિના પ્રમુખ ભરતભાઈ ચુડાસમા,સમાજના ટ્રસ્ટીઓ તેમજ કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ટ્રાફિક પણ હાર્ટએટેકનું કારણ બની શકે

ટ્રાફિકનો અવાજ સ્ટ્રોક અને ડાયાબિટીસનું જોખમ વધારે

દિલ્હી,તા.૩

તાજેતરમાં થયેલ રિસર્ચ મુજબ જાણવા મળ્યુ કે ટ્રાફિકના વધતા અવાજના કારણે હૃદય સંબંધિત બીમારીઓનું જોખમ વધી શકે છે.જેમાં હૃદયરોગના હુમલાનો સમાવેશ થાય છે. ટ્રાફિકના અવાજના કારણે માત્ર કાર્ડિયોવસ્કયુલર ડિઝિઝ જ નહી પરંતુ સ્ટ્રોક અને ડાયાબિટીસનું જોખમ પણ વધી શકે છે.નેશનલ ઈન્સ્ટિટયુસ ઓફ હેલ્થ રિસર્ચ અનુસાર રોડ પરથતા અવાજમાં પ્રતિ ૧૦ ડિસેબલ અવાજમાં પ્રતિ ૧૦ ડિસેમ્બલની વૃદ્ધિની સાથે હૃદય રોગનું જોખમ ૩.૨ ટકા સુધી વધી જાય છે. રાત્રે થતા ટ્રાફિકમાં થતો અવાજ ઉંઘ બગાડે છે ઉપરાંત રકતવાહિનીમાં તણાવ પેદા કરી હોર્મોનનું સ્તર વધારે છે. જેના કારણે સોજા અને ધમનીઓની બીમારીઓનું જોખમ વધી શકે છે. ગીચ વસ્તી વાળા વિસ્તારોના રસ્તા કિનારે નોઈઝ બેરિયર લગાવવાથી અવાજને માત્ર ૧૦ ડિસેમ્બર સુધી ઘટાડી શકાય છે. ઉપરાંત સડક નિર્માણમાં ઓછા અવાજ પેદા કરતા ગમરનો ઉપયોગ કરવાથી અવાજને ૩-૬ ડિસેમ્બર સુધી ઘટાડી શકાય.

મતદાન અચૂક કરીએ અને કરાવીએ: વીવીપી કોલેજનું જનજાગૃતિ અભિયાન

રાજકોટ,તા.૩

વિશ્વની સૌથી મોટી લોકશાહી એટલે ભારતની લોકશાહી.હાલમાં લોકસભા લોકશાહી પર્વ ચાલી રહ્યું છે.વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર અને કીચ સ્કૂલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈન દ્વારા કીશાનપરા ચોક અને કોટેચા ચોક ખાતે મતદાર જાગૃતિ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું.

સંપૂર્ણપણે નિષ્પક્ષ આ અભિયાન દ્વારા પ્રબુદ્ધ નાગરિકજનોને મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. સહી ઝુંબેશ દ્વારા મતદાન અચૂક કરીએ અને કરાવીએ ના સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

વી.વી.પી. ના મતદાર જાગૃતિ અભિયાનમાં ડેપ્યુટી કલેકટર જીજ્ઞાશાબેન ગઢવી, મેયર નયનાબેન પેઢડીયા, વીવીપીના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. નરેન્દ્રભાઈ દવે તથા સામાજિક અગ્રણી શ્રીમતી લીનાબેન શુકલ વી.વી.પી. સંચાલિત કોલેજોના આચાર્યશ્રીઓ તમામ પ્રાધ્યાપક ગણ કર્મચારીગણ અને વિદ્યાર્થી ગણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રામમંદિર સહિતના યાત્રાધામો, દ્વારકા સુદામા સેતુનું લોકાર્પણ કરી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રને સનાતની ગૌરવ અપાવ્યું : રાજુ ધ્રુવ

રાજકોટ,તા.૩

અયોધ્યામાં ભવ્ય-દિવ્ય રામ મંદિરનો સંકલ્પ સાકાર થઈ ચૂક્યો છે, કાશીમાં વિશ્વનાથધામ હોય કે પછી ઉજ્જૈનના મહાકાલ કોરિડોરથી લઈ કેદારનાથ બદ્રીનાથ બાબાના ધામમાં યમુનોત્રી ગંગોત્રીનો ચારધામ પ્રોજેક્ટ હોય.. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે દેશભરમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ગૌરવ અને ધરોહર ફરીથી જીવંત થઈ રહ્યાં છે. દરેક ભારતીય તેના પર ગર્વ કરે છે. રામજન્મ તીર્થક્ષેત્રથી લઈ શકિતપીઠ પાવાગઢના મંદિરનું પુનનિર્માણ આ ગૌરવ યાત્રાનો જ એક ભાગ છે, જ્યાં ૫૦૦ વર્ષ બાદ એક તરફ રામલલ્લા ટેન્ટમાંથી મંદિરમાં બિરાજ્યા છે તો માતાજીના મંદિર પર નરેન્દ્રભાઈ મોદીએ ધ્વજા લહેરાવી છે. ભાજપના શાસનમાં ભારત યાત્રાધામો દિવ્ય અને ભવ્ય બન્યા છે. હિંદુઓ શાંતિ-સલામતિથી સ્વચ્છ મંદિરોમાં દર્શન, અર્ચન, પૂજન અને કીર્તન કરી શકે છે.

ભારતીય સંસ્કૃતિ અને ધર્મ સાથે અધ્યાત્મનો ત્રિવેણીસંગમ ધરાવતા મંદિરોમાં સ્વચ્છતા, સલામતિ અને સુવિધાના ત્રિવેણીસંગમનો સમન્વય થતા રાષ્ટ્ર-રાજ્યના યાત્રાધામોએ દેશ-દુનિયાના પર્યટકોએ પોતાના તરફ આકર્ષ્યા છે એવું જણાવતા ભાજપ પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે કહ્યું હતું કે, કેન્દ્રમાં

નરેન્દ્રભાઈ મોદી નેતૃત્વમાં યાત્રાધામોના વિકાસ માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. જો ગુજરાતની વાત કરવામાં આવે તો સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ, ચોટીલા, બહુચરાજીથી લઈ હિંદુ ધર્મના તમામ નાનામોટા મંદિરો - યાત્રાધામના સ્થળોએ અનેકવિધ સુવિધાઓ વિકસાવામાં આવી છે. હાલમાં જ બેટ-દ્વારકા ખાતે દરિયાની વચ્ચે કરવામાં આવેલું સુદામા સેતુનું લોકાર્પણ તેનું જ્વલંત ઉદાહરણ છે.

એકસમયે કોંગ્રેસના શાસનમાં યાત્રાધામો ગંદકીથી ખદબતા હતા, લોકોને ભગવાનના દર્શન કરવામાં હાલાકી પડતી હતી. ભાજપના શાસનમાં યાત્રાધામોની અવ્યવસ્થા દૂર થઈ છે. સોમનાથનો વિકાસ હોય, અંબાજીનો વિકાસ હોય, ગિરનારનો વિકાસ હોય પાલિતાણાનો વિકાસ હોય, ડાકોરજીનો વિકાસ હોય કે શ્રી દ્વારિકાજીનો વિકાસ હોય.. પવિત્ર યાત્રાધામોમાં પવિત્ર વિકાસ કામો ભાજપ સરકારના શાસનમાં નરેન્દ્રભાઈ મોદીના હાથે થઈ રહ્યા છે. હમણાં થોડા સમય પહેલા જ પાવાગઢ ખાતે કાલિકા માતાના નવનિમિત મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. પાંચ શતાબ્દી પછી મહાકાળીના શિખર પર ધજા ચઢી છે. પાવાગઢ મંદિરનો કાયાકલ્પ ભાજપ દ્વારા ભકતો માટે સૌથી મોટી ભેટ છે. આટલું નહીં આ વિકાસકાર્યોમાં ખાસ વાત એ છે કે, મહાકાળી મંદિરને ભવ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે, પણ ગર્ભગૃહનું મૂળ સ્વરૂપ એવું જ રખાયુ છે.

આ દેશના ૧૪૦ કરોડ ભારતવાસીઓના શ્રદ્ધાકેન્દ્ર એવા રામલલ્લાની જન્મભૂમિ અયોધ્યામાં રામ મંદિર નિર્માણ થકી આપણને સનાતની ગૌરવ અપાવ્યું છે. ભારતની શાશ્વત અને શ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિના નરેન્દ્રભાઈ મોદીને એક મનીષિ કહી શકાય એવા પ્રતિનિધિ છે. નરેન્દ્ર મોદીની સંસ્કૃતિભકિત અને ભકિતપરાયણતાથી ભારતના કરોડો લોકો શ્રધ્ધા અને ભકિતથી ગૌરવ અનુભવે છે. હવે આપણે તેમનું ઋણ ચૂકવવાનો અવસર મળ્યો છે. સૌરાષ્ટ્રના તમામ મતદારોને મારી અપીલ છે કે ભારતીય સંસ્કૃતિ, ધર્મ અને આધ્યાત્મનો ત્રિવેણીસંગમ ધરાવતા મંદિરોમાં સ્વચ્છતા, સલામતિ અને સુવિધાના ત્રિવેણીસંગમનો સમન્વય જાળવી રાખવા માટે તેમજ આપણા પર્યટન સ્થળોના અવિરત વિકાસ માટે આગમી લોકસભા ચૂંટણીમાં ૭ મેના મતદાનના દિવસે સર્વે મતદારોએ યોગ્ય મતદાન કરતા રાજુભાઈ ધ્રુવે જણાવેલ હતું.

વકીલોના મહાસ્નેહમિલન કાર્યક્રમને આખરી ઓપ: બીસીજી ચેરમેન જે.જે. પટેલનું રાજકોટમાં આગમન

રાજકોટ, તા.૩

આવતીકાલે શનિવારે રાજકોટમાં યોજાનાર વકીલ મહાસંમેલનની તૈયારીને આને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તમામ વકીલો ૧૦૦ ટકા મતદાન કરે તે માટે મતદાન જાગૃતિ અભિયાનના સંદર્ભમાં નાગર બોર્ડિંગ ખાતે આ કાર્યક્રમ યોજાનાર છે. જેના સંદર્ભમાં પ્રદેશ લીગલ સેલના કન્વીનર અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે. જે. પટેલ રાજકોટ પધાર્યા છે. તેમના આગમનને લઈ વકીલોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. શ્રી પટેલે રાજકોટ શહેર લીગલ સેલના સંયોજક પિયુષભાઈ શાહ, સહસંયોજક

કમલેશભાઈ ડોડીયા, વકીલ અગ્રણી રક્ષિતભાઈ કલોલા, પી.સી. વ્યાસ, સરકારી વકીલ આબીદભાઈ સોસન, લીગલ સેલ યુવા સહાયક ટીમના અધ્યક્ષ અભિષેક શુકલ વિગેરે સાથે મુલાકાત કરી કાર્યક્રમને સફળ બનાવવા ચર્ચા-સમીક્ષા કરી હતી.

છારોડી ગુરૂકુળના વિદ્યાર્થી

સાહિલ પરમારે લિકિવડ રોકેટ એન્જિન બનાવ્યું: ગૌરવ

રાજકોટ,તા.૩

સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સવિશેષ પ્રયત્નો કરવામાં આવે છે. જેનું પરિણામ SGVPના વિદ્યાર્થી સાહિલ પરમાર છે.

SGVPમાં અભ્યાસ પૂર્ણ કરીને હાલ એરો-સ્પેસ ક્ષેત્રમાં આગળ વધેલા સાહિલે અંતરીક્ષ વિજ્ઞાનમાં હરણફાળ ભરી છે. સાહિલહાલ અમેરિકા સ્થિત કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં રોકેટ સાયન્સનો અભ્યાસ કરી રહ્યો છે.

એમના અભ્યાસ દરમિયાન સાહિલ તથા તેમની ટીમ દ્વારા લિકિવડ રોકેટ એન્જિનનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું હતું. આએન્જિન યુનિવર્સિટિની લેબમાં બનવવામાં આવ્યું છે. આ એન્જિન પી.આર-૧ (કેરોસિન) અને ક્રાયોજેનિક લિકિવડ ઓક્સિજન દ્વારા સંચાલિત મેટલ ડડી. પ્રિન્ટેડ એન્જિન છે. જે ૧૦કે.એન. (કિલો ન્યૂટન)નું થ્રસ્ટ બનાવે છે અને દસ સેકન્ડમાં ૧૦,૧૯,૭૧૬ કિલોફોર્સ ઉત્પન્ન કરી શકે છે.

સાહિલ પરમારની આ સિદ્ધ બદલ SGVP ગુરુકુલ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્યશ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સાહિલને શુભાશીર્વાદ સાથે ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

પદ્મશ્રી જગદીશ ત્રિવેદીનું SGVP દ્વારા અભિવાદન

અમદાવાદ,તા.૩

ગુજરાતના ગૌરવસમાન હાસ્યકલાકાર, લેખક અને ઉમદા સમાજસેવક ડો.જગદીશ ત્રિવેદીને ગઈ તા.૨૨/૪ની દીલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં મહામહીમ રાષ્ટ્રપતિ દ્રોપદીબહેન મુર્મુના વરદહસ્તે પદ્મશ્રીનું સન્માન અર્પણ થયું હતું.

પદ્મશ્રીનો ઈલ્કાબ પ્રાપ્ત કરી માદરેવતન ગુજરાત આવેલા ડો. જગદીશ ત્રિવેદી SGVP સંસ્થાનાં પરિવારના સભ્ય છે. સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના આશીર્વાદ હંમેશાં એમની ઉપર રહ્યા છે. એમનાં લખેલાં ત્રણ પુસ્તકો SGVP સંસ્થા દ્વારા પ્રગટ થયા છે. ત્યારે અભૂતપૂર્વ સિદ્ધી પ્રાપ્ત કરી વતન પધારેલાં ડો. જગદીશ ત્રિવેદીનું SGVP સંસ્થા તરફથી ડો. યજ્ઞવલ્લભ સ્વામી, સંતો તથા ત્રષિકુમારો દ્વારા પુષ્પહાર અને પ્રસાદ વડે પવિત્ર અભિવાદન કર્યું હતું તેમજ ઉજ્જ્વલ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

હરિજ્યોત (વખારીયા) ઉપાશ્રયના આંગણે

ચૈત્રી માસની આયંબિલ ઓળીની આરાધના ધર્મોલ્લાસ સાથે સંપન્ન

રાજકોટ તા.૩

હરીજ્યોત (વખારીયા) ઉપાશ્રયને આંગણે સં.૨૦૮૦ના ચૈત્રમાસની આયંબીલની ઓળી અર્થે પધારેલા ગોંડલ સંપ્રદાયના ગુરૂ પ્રાણ પરિવારના તપસમ્રાટ પૂ.શ્રી રતિલાલજી મ.સા. તથા રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિજી મ.સા.ના આજ્ઞાનુવર્તી તથા પૂ. મુકત-લીલમ-સન્મતિશિશુ 'મધુરભાષી પૂ. સુનિતાબાઈ સ્વામી. પરમ ઉત્સાહી પૂ. શ્વેતાંસીબાઈ સ્વામી ઠાણા-૨ જ્યારથી પધાર્યા ત્યારથી જ જાણે પર્યુષણ જેવો માહોલ સર્જાયો હતો.

દરરોજની ૧૫૦થી ૧૭૦ જેટલી આયંબીલ આખી ઓળી ૧૦૫, દરરોજ સવારે વ્યાખ્યાન, બે સામાયિક ઓળીના નવેય દિવસ ચાંદીના લકકી ડ્રોનું આયોજન થયું. સાંજે ૭થી ૧૦ ત્રિરંગી સામાયિક-પ્રતિક્રમણ ધાર્મિક ગેમ્સ તથા નવગ્રહના જાપમાં લોકો દુર દુરથી જય આરાધકો આવતા હતા. ઓળી બાદ વખારીયા ઉપાશ્રયમાં રાષ્ટ્રસંગ પરમ ગુરૂદેવના આશીર્વાદથી 'પરમ પ્રતિક્રમણ મડળ'ની સ્થાપના કરેલ છે. ત્યાંથી વિહાર કરી (શિલ્પન આઈકન) મનિષાબેન મિલનભાઈ પારેખને ત્યાં ત્રણ દિવસની સ્થિરતા કરી. ત્યાં સામાયિક મંડળની સ્થાપના કરેલ. દરેક જૈનોના ઘરે દર આઠ દિવસે એક ઘરે સામાયિક આરાધના કરવાની પ્રેરણા આપી હતી. શાસન પ્રભાવના ખુબજ સુંદર થઈ રહી છે. એ માટે પૂ. ગુરૂદેવનો તથા પુ.સુનિતાબાઈ સ્વામી, પુ. શ્વેતાંસીબાઈ સ્વામીની નિશ્રામાં દરેક અનુષ્ઠાનોમાં વિધવિધ ગુરૂભકતોએ લાભ લીધેલ તેમ ગુરૂભકત જીજ્ઞાબેન ચેતનભાઈ વખારીયાએ જણાવેલ છે.

સ્વ.ધવલભાઈ મહેતાની પ્રાર્થનાસભામાં યોજાયેલ રકતદાન કેમ્પમાં ૧૧૩ બોટલ એકત્ર થઈ

રાજકોટ,તા.૩

સ્વ.ધવલભાઈ રજનીકાંતભાઈ મહેતાની પ્રાર્થના સભામાં શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન અને પ્રહલાદ પ્લોટ જૈન યુવક મંડળ અને મહેતા પરિવારના સહયોગથી રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૧૩ રકતની બોટલ થઈ હતી.

ગોલામાં માવાની વાસી રબડીની મિલાવટ : એકસપાયરી ડેટની સરબતની બોટલોનો જથ્થો પકડાયો

ઉનાળામાં ધુમ વેચાતા ગોલાની દુકાનો અને લારીઓમાં મોટી ચેકીંગ ડ્રાઈવની જરૂર : કોઠારીયા રોડની દુકાનમાંથી અખાદ્ય નુડલ્સ પણ પકડાયા : રાઈ અને જીરૂના સેમ્પલ લેતું ફૂડ વિભાગ

કોઠારીયા રોડ પર ગોલાની દુકાનમાંથી વાસી રબડી અને એકસપાયરી ડેટના સરબતનો નાશ કરવામાં આવ્યો હતો. જે તસ્વીરમાં જોવા મળે છે.

રાજકોટ, તા. ૩

મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ વિભાગની ટીમ દ્વારા કોઠારીયા રોડ પર ખાણીપીણીનો ધંધો કરતા દુકાનદારોને ત્યાં આરોગ્યલક્ષી ચકાસણી કરવામાં આવી હતી જેમાં એક જગ્યાએથી ગોલામાં ઉપયોગમાં લેવાતી માવાની વાસી રબડી અને બીજી દુકાનમાંથી પડતર સરબતની ૧૦ બોટલ મળી આવતા તેનો નાશ કરાયો હતો. તો અખાદ્ય નુડલ્સ પણ મળી આવતા તે ફેંકી દેવામાં આવ્યા હતા.

કાળઝાળ ગરમીમાં મોટા પ્રમાણમાં બરફ અને બરફની બનાવટનો ઉપયોગ તથા વેચાણ થઇ રહ્યા છે ત્યારે ફૂડ વિભાગે આ સિઝનમાં જાહેર આરોગ્યના હિતમાં મોટી ચેકીંગ ડ્રાઇવ કરવાની જરૂર હોવાનો મત લાગી રહ્યો છે.ફૂડ વિભાગે આજે આ કામગીરીની જાહેર કરેલી વિગત અનુસાર મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા સેફટી વાન સાથે શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૦ ધંધાર્થિઓને ત્યાં ચકાસણી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં ચાર ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી ખાદ્ય ચીજોના કુલ ૧૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાઇ હતી. આ ઉપરાંત કુલ ૧૦ કિલો વાસી અખાદ્ય ચીજોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

જે જગ્યાએ માલનો નાશ કરવામાં આવ્યો તેમાં (૧) રાજવી ગોલામાં પડતર રહેલ માવાની રબડી બે કિલો નાશ કરી લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ (૨) ફલેવર્સ સોડા શોપમાંથી એક્સપાયરી ડેટ વીતેલ સરબતની બોટલ (૭૫૦ એમએલ) ૧૦ નંગ મળી આવતા તેનો પણ નાશ કરી નોટીસ અપાઇ હતી. ઉપરાંત (૩) ઘનશ્યામ ચાઇનીઝ પંજાબીમાંથી વાસી અખાદ્ય નુડલ્સ એક કિલો મળી આવતા આ ધંધાર્થીને તથા (૪) ઘનશ્યામ ગોલાને પણ લાઇસન્સ મેળવવા નોટીસ અપાઇ હતી.

આ રોડ પર આ સિવાય (૫)પટેલ કેન્ડી (૬)મોંજિનિસ કેક શોપ (૭)બી-૨ ચાઇનીઝ પંજાબી (૮)ખોડલ પાણીપુરી (૯)પિતૃ કૃપા મસાલા ભંડાર (૧૦)લાલા રઘુવંશી સિઝન સ્ટોરમાં પણ ચકાસણી કરવામાં આવી હતી.

નમુના લેવાયા

ફૂડ વિભાગની ટીમ દ્વારા કોઠારીયા રોડ પર કેદારનાથ સોસાયટીના ગેટ પાસે આવેલ પિતૃ કૃપા મસાલા ભંડાર (મંડપ)માંથી લુઝ રાઈ અને કોઠારીયા રોડ પર ન્યારા પેટ્રોલ પંપ પાસે આવેલ લાલા રઘુવંશી સિઝન સ્ટોર (મંડપ)માંથી લુઝ જીરૂના નમુના લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

ભાવનગરમાં ભાજપના મહિલા ઉમેદવાર અને નેતા સામે ફેસબુકમાં વિવાદી કોમેન્ટ

'કોલી લુકીન' નામના શખ્સ સામે સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ

ભાવનગર તા.૩

લોકસભાની ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહી તે માટે પોલીસ દ્વારા સોશ્યલ મીડીયા પર ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે ત્યારે એક શખ્સે ફેસબુક પર ભાવનગરના ભાજપના મહિલા ઉમેદવાર તેમજ ભાજપના નેતા અંગે વાંધાજનક કોમેન્ટ કરતા સાઇબર ક્રાઇમ સેલે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફેસબુકમાં એકાઉન્ટ ધરાવતી તુલસી નામની વ્યક્તિએ તેના પેજ પર યુવા કોલી સંગઠન તમને શુ લાગે છે ? બન્ને નેતામાંથી આગામી સાંસદ કોણ હશે ? તેવો પ્રશ્ન પુછી તેમા ઉમેશ મકવાણા અને નીમુબહેન બાંભણીયાના નામ સાથે બોક્સ બનાવ્યું હતું. તેમાં ૩ કોમેન્ટ કરવામાં આવી હતી, જેમાં KOLI LUKIN ARPAS નામના વ્યક્તિએ ભાજપના મહિલા ઉમેદવાર અને ભાજપના અન્ય એક નેતા બાબતે વાંધાજનક કોમેન્ટ કરી હતી.

લોકસભાની ચૂંટણીમાં આ બાબત સાઇબર ક્રાઇમના ધ્યાન પર આવતાં અને આ કોમેન્ટ સુલેહશાંતિનો ભંગ કરે તેવી હોય સાઇબર ક્રાઇમે કોલી લુકીન નામના શખ્સ સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ધીરૂભાઈ વીરડિયા પરિવાર દ્વારા તા. ૯ મે થી ભાગવત કથાનું આયોજન

વ્યાસાસને સુરતવાળા સતશ્રી સ્વામી બિરાજી સંગીતમય શૈલીમાં કથાશ્રવણ કરાવશે

રાજકોટ:તા ૩

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના જાણીતા હરિભકત પિતૃકૃપા કન્સ્ટ્રકશનવાળા ધીરૂભાઈ ગોરધનભાઈ વીરડિયાના આંગણે ધર્મભક્તિનો અનેરો અવસર આવ્યો છે. પરિવાર દ્વારા પરિવારના સુપુત્ર અક્ષરનિવાસી વિપુલકુમારની સ્મૃતિમાં તા. ૯ થી ૧૫ મે ૨૦૨૪ સુધી સંસ્કાર સીટી પાછળ, રામધણ પાસે, મવડી વિસ્તાર (બાપા સીતારામ ચોકથી ૧ કિ.મી. દુર) ખાતે શ્રીમદ્ ભાગવત સમાહ કથા પારાયણનું દિવ્ય - ભવ્ય આયોજન કરવામા આવેલ છે જેના વ્યાસાસને સુરતવાળા સતશ્રી સ્વામી બિરાજી સંગીતમય શૈલીમાં કથાશ્રવણ કરાવશે.

સાગર ધીરૂભાઈ વીરડિયાના જણાવ્યા મુજબ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી ખોડીયાર માતાજીની અસીમ કૃપાથી અ.નિ. વિપુલકુમાર ધીરજલાલ વિરડીયાના સ્મરણાર્થે કથાનું આયોજન કરાયેલ છે. ભગવાન શ્રી કૃષ્ણના જીવન ચરિત્રો ઉપર "શ્રીમદ્ ભાગવત કથા" નું સુંદર આયોજન તા. ૦૯ મે ને ગુરૂવારથી તા. ૧૫ બુધવાર સુધી રાખેલ છે. જેમાં સંકીર્તન સાથે કથાવાર્તાનું રસપાન કરાવશે. કથાનો સમય દરરોજ રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦ સુધીનો રહેશે.

કથાના પ્રારંભે પ્રથમ દિવસે તા. ૯ ગુરૂવારે સાંજે ૭-૩૦ વાગ્યે સાકરિયા હનુમાન મંદિર, સંસ્કાર સીટીની બાજુમાંથી દર્શનીય પોથીયાત્રા પ્રસ્થાન કરી કથા સ્થાને પહોચશે. કથામાં રામ જન્મોત્સવ તા. ૧૧ શનિવાર રાત્રે ૧૧ વાગ્યે તથા નંદોત્સવ તા. ૧૨ રવિવારે રાત્રે ૧૧ વાગ્યે ઉજવાશે. બધા માટે ખુરશીમાં બેઠક વ્યવસ્થા છે. કથા દરમ્યાન સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો પધારી આશીર્વાદનો લાભ મળશે. વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

ઢેબર ચોકમાં કોંગ્રેસની જાહેરસભાઃ ક્ષત્રિય આગેવાનો દ્વારા શકિતસિંહ ગોહિલનું સન્માન

લોકસભા ચૂંટણીના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના સમર્થનમાં કોંગ્રેસ દ્વારા આજે ઢેબરચોકમાં જાહેરસભા રાખવામાં આવી હતી. મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનો રાજકોટનો કાર્યક્રમ રદ થયો હોવાથી તેઓ ઉપસ્થિત ન હતા. પરંતુ પ્રભારી મુકુલ વાશ્નિક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર સહિતના આગેવાનો હાજર હતા ને સંબોધનમાં ભાજપ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય સમાજ ભાજપની વિરૂધ્ધમાં છે અને ભાજપ વિરૂધ્ધ મતદાન કરવાનું જાહેર કર્યું છે. ત્યારે આજે ક્ષત્રિય આગેવાનો દ્વારા શક્તિસિંહ ગોહિલનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું અને 'હાથ' ઉંચા કરીને સમર્થન જાહેર કરાયું હતું. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

વડાપ્રધાને મુલાકાત આપતા ૮૫ વર્ષના મણીબેન વસોયાએ બે વખત ઓવારણા લઈ આર્શીવાદ આપ્યા

તસવીર : હિતેષ મકવાણા

જામનગર તા.૩ઃ ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જામનગરના મહેમાન બન્યા હતાં અને પ્રદર્શન ગ્રાઉન્ડના આંગણી જંગી જનસભાને સંબંધો હતી. આ વેળાએ સ્ટેજ પર જામનગરના ગૌરવ સમાન મણીબેન વસોયા નામના ૮૫ વર્ષના વૃદ્ધાએ વડાપ્રધાનના બે વખત ઓવારણા લઈ જંગી લીડથી જીતના આશીર્વાદ આપ્યા હતાં. મણીબેનની સ્ફુર્તી લોકોને ઉડીને આંખે વળગે તેવી હતી. મણીબેને રાષ્ટ્રીય કક્ષાની દોડ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી દેશમાં જામનગરનું નામ ગુંજતું કર્યું હતું. તેઓની આ સિધ્ધિ બદલ જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમે અને ભાજપ પરિવાર દ્વારા તેઓને સ્ટેજ પર સ્થાન આપી તેમની સિધ્ધિને બિરદાવાય હતી.

જામનગરના ૮૫ વર્ષના માજી મણીબેને જબરી સિધ્ધિ હાંસલ કરી હતી. ૮૫ વર્ષની ઉંમરમાં સામાન્ય રીતે લોકોને ચાલવામા પણ ફાંફા પડતા હોય છે તેવામાં જામનગરના મણીબેને તાજેતરમાં સડસડાટ દોડીને ગોલ્ડ, સિલ્વર મેડલ પોતાને નામ કર્યા છે. સામાન્ય રીતે વધતી ઉંમરની સાથે માણસની કાર્યક્ષમતા અને કામ કરવાની ધગશ પણ ઘટતી જાય છે. પરંતુ જામનગરના મણીબેને ઢળતી ઉંમરમાં પણ ઝઝબાને જીવંત રાખ્યો છે અને વૃધાવસ્થામાં પણ તેમણે પરિશ્રમ શરૂ જ રાખ્યો છે. મણીબેન વસોયાએ જણાવ્યું કે પોતાને નિવૃત્તિ કાળમાં રમતગમત ક્ષેત્રે રૂચિ વધતા તે છેલ્લા એક વર્ષથી રમતગમત ક્ષેત્રે પ્રેક્ટિસ કરી રહ્યા છે અને અત્યાર સુધમાં ત્રણ સ્થળે રમવા ગયા હતા. જેમાં નડિયાદ, સુરત અને હરિયાણા ખાતે યોજાયેલી સ્પર્ધામાં તેમણે ભાગ લીધો હતો. આ દરમિયાન તાજેતરમાં હરિયાણાના કુરૂક્ષેત્ર ખાતે સ્પર્ધા યોજાઈ હતી. જે વેળાએ ઘરમાં સાડી પહેરી ઘરકામ કરતા બા એ રમતના મેદાનમાં ટ્રેક પહેરીને દોડ લગાવી હતી અને ૪૦૦ મીટર દોડ સ્પર્ધામાં વિરોધીઓને સામે આવું પ્રદર્શન કર્યું કે તેમણે ગોલ્ડ મેડલ પોતાને નામ કર્યા હતો. બીજી બાજુ ૮૦૦ મીટર દોડમાં પણ યશસ્વી પ્રદર્શન કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો.

મણિબેનની તંદુરસતીનું રાજ જણાવતા તેમણે કહ્યું કે પોતે રોજીંદા જીવનમાં પોતાના ઘર મંગલબાગથી ચાલીને રોજ બાલા હનુમાન મંદિરે દર્શન કરવા જાય છે અને આ ઉંમરે પણ પોતાના શરીરમાં આળસને ઘર કરવા દીધું નથી ! એ જ પોતાનો સફળતાનો મંત્ર છે. હવે તે ઈન્ટરનેશનલ સ્પર્ધામાં રમવા જવાનું સપનું સેવી રહ્યા છે. તેમના પુત્રને પણ માજીની મહેનત પર વિશ્વાસ હોવાથી તેમણે કેટલી દૂર પણ સ્પર્ધા હોવા છતાં મનાઈ કરી ન હતી. આ અનેરી સિધ્ધિ બદલ મણીબેનને વડાપ્રધાનના કાર્યક્રમ વેળાએ સ્ટેજ પર સ્થાન અપાયું હતું.

માંડા ડુંગરમાં કમલેશ ધોરજીયાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

રાજકોટ, તા.૩

માંડા ડુંગરમાં રહેતાં કમલેશ ધોરજીયાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. ગૃહ કલેશથી કંટાળી આ પગલું ભર્યાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

મળતી વિગત અનુસાર માંડા ડુંગરમાં રહેતો કમલેશ પાંચાભાઈ ધોરજીયા (ઉ.વ.૨૮) નામનાં યુવકે આજ સવારે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ લેતા યુવકને તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. તેઓ બે ભાઈ અને ત્રણ બહેનમાં મોટો હતો. તેમજ ઈમીટેશનનું કામ કરતો હતો. ગૃહ કલેશ કંટાળી આ પગલું ભર્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવને લઈને આજીડેમ પોલીસ દોડી ગઈ હતી. અને જરૂરી કાર્યવાહી કરી યુવકના આપઘાતનું ચોકકસ કારણ જાણવા તજવીજ હાથ ધરી છે.

ક્ષત્રિય રાજપૂત સમાજના અગ્રણી સ્વ. બેચરભા પાંચાભા પરમારની પુણ્યતિથિ નિમિત્તે રકતદાન કેમ્પ યોજાયો

રાજકોટ,તા.૩

ક્ષત્રિય રાજપૂત સમાજ અગ્રણી સમાજ શ્રેષ્ઠી સ્વ. બેચરભા પાંચાભા પરમારની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે મહા રકતદાન કેમ્પ તથા રામ ધૂન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં બહોળા પ્રમાણમાં રકતદાતાઓ ઉમટ્યા હતા અને રકતદાન કર્યું હતું. રાજકોટ વોલન્ટરી બ્લડ બેન્ક તથા નાથાણી બ્લડ બેન્ક દ્વારા ૧૬૬ બોટલ બ્લડ કલેક્ટ કરવામાં આવ્યું હતું.

બપોર પછી ૦૪:૦૦ થી ૦૬:૦૦ ના સમયે શ્રી રામ ધૂન સુંદર આયોજન કરાયું હતું જેના મુખ્ય કલાકાર અશોકભાઈ ભાયાણી દ્વારા રામ નામ કે હિરે મોતિ અને વિવિધ ધૂનનુ રસપાન કરાવવામાં આવ્યું હતું.

મહા રકતદાન કેમનુ દીપ પ્રાગટય શ્રી સ્વામિનારાયણ મંદિર બીએપીએસના કોઠારી સ્વામીના, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ તથા પરમાર પરિવારના વડીલોના હસ્તે કરવામાં આવ્યું હતું તથા સામાજિક અને રાજકીય અને વિવિધ ક્ષેત્રના આગેવાનોમાં ગુજરાત રાજ્યના મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, ભા.જ.પ. મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, મનહરભાઈ બાબરીયા, ઓમ શાંતિના રેખા દીદી, બેડીપરા રાજપૂત સમાજ પ્રમુખ રમેશભાઈ ચૌહાણ, રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલના ટ્રસ્ટી ધીરુભા ડોડીયા ઉપસ્થિત રહ્યા હતાં.

મોરબીમાં ઠપકો દેવા ગયેલ યુવાનની હત્યાના ગુનામાં એક આરોપીને આજીવન કેદ, ત્રણ લાખનો દંડ

લુખ્ખાગીરી કરનાર રમલો હવે જેલમાં: અન્ય ત્રણ આરોપીને નિર્દોષ છોડી મૂકતી અદાલત

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૩

મોરબીમાં ત્રાજપર ચોકડી પાસે કપડાની ખરીદી કરવા માટે તેને બે મિત્રો ગયા હતા ત્યારે ત્યાં નાના સાત વર્ષના બાળકનો હાથ મરડીને તેને હેરાન કરનારા શખ્સને તે બંને મિત્રો સમજાવવા માટે ગયા હતા ત્યારે સામેવાળાએ હથિયાર વડે ઘા ઝીકિને બે પૈકીનાં એક યુવાનને ગંભીર ઇજા કરીને તેની હત્યા કરી હતી જે બનાવ સંદર્ભે મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે હત્યાનો ગુનો નોંધાયો હતો અને આ કેસ મોરબીની કોર્ટમાં ચાલી જતા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને કોર્ટે સરકારી વકીલની દલીલો ધ્યાને લઈને એક આરોપીને આજીવન કેદની સજા અને ત્રણ લાખનો દંડ ફટકાર્યો છે.

બનાવની જાણવા મળતી વિગત પ્રમાણે મોરબીના લીલાપર રોડ ઉપર આવેલ હોથીપીરની દરગાહ પાસે ફકરી સોસાયટીમાં રહેતા હુસેનભાઇ ફકરુદ્દીનભાઈ વોરા (૨૩) નામના યુવાને બી ડિવિઝન ખાતે તા ૨૩/૩/૨૦૨૧ ના રોજ હત્યાની ફરિયાદ નોંધાવી હતી જેમાં તેને જણાવ્યુ હતું કે, તે લાતી પ્લોટમાં ગયો હતો ત્યારે તેના મિત્ર અજીત પરમારનો તેને ફોન આવ્યો હતો અને કપડાં લેવા જવું છે તેવું તેને કહેતા તે તેની સાથે ગયો હતો અને અજીત પરમાર પોતાની ઓટો રીક્ષા લઈને તેને લેવા માટે આવ્યો હતો ત્યારબાદ તે બંને રાત્રિના દસેક વાગ્યાના અરસામાં મોરબીમાં ત્રાજપર ચોકડી પાસે એસ્સારના પંપ પાસે કપડાનો સેલ હતો ત્યાં કપડાની ખરીદી કરવા માટે તેને ગયા હતા અને તે સમયે એક શખ્સ સાત વર્ષના બાળકનો હાથ મરડીને તેને હેરાન કરતો હતો જેથી કરીને આ બંને મિત્ર નાના બાળકને હેરાન ન કરવા તેને સમજાવતા હતા ત્યારે આ શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે બેફામ ગાળો આપી હતી ત્યાર બાદ ઝપાઝપી કરી હતી અને બંનેના મુંઢ માર માર્યો હતો ત્યાર બાદ આ શખ્સે પોતાની પાસે રહેલ તીક્ષ્ણ હથિયાર વડે અજીતને પેડુના ભાગે ગંભીર ઇજા કરી હતી જેથી કરીને તેને તાત્કાલિક હોસ્પિટલે લઇ ગયા હતા અને ત્યાં ફરજ ઉપરના ડોક્ટર તેને જોઈ તપાસીને મૃત જાહેર કર્યો હતો.

સારવાર લીધા બાદ ફરિયાદીએ નોંધાવેલ ફરિયાદ આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીઓની ધરપકડ કરી હતી આ કેસ મોરબીમાં સ્પેશિયલ જજ એટ્રોસિટી અને બીજા એડિશનલ સેશન્સ જજ વિરાટ એ. બુદ્ધા સાહેબની કોર્ટમાં ચાલી જતા મદદની સરકારી વકીલ સંજયભાઈ સી. દવે દ્વારા કરવામાં આવેલ દલીલો તેમજ ૧૬ મૌખિક અને ૪૧ દસ્તાવેજી પુરાવોને ધ્યાને લઈને કોર્ટે હત્યાના આ ગુનામાં આરોપી રમેશભાઈ ઉર્ફે રમલો મંગાભાઈ બાંભવા (૩૪) રહે. મહેન્દ્રસિંહજી હોસ્પિટલ પાસે ને આજીવન કેદની સજા અને ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

જો કે આ કેસમાં પકડાયેલ જીજ્ઞાબેન ઉર્ફે જુલી પેથાભાઈ મોરવાડિયામ કિશનભાઈ બાબુભાઈ વલિયાણી અને નિલેશ ઉર્ફે હિતો વાલજીભાઈ રાઠોડને નિર્દોષ છોડી મૂકવા હુકમ કરાયો છે.

પ્રાંત-૧ કચેરી ખાતે કર્મચારીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન

૭૦ રાજકોટ દક્ષિણમાં મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી ખાતે એ ડિવિઝન પોલીસ સ્ટેશન, ભક્તિનગર પો.સ્ટેશન અને માલવિયા નગર પો. સ્ટેશનના પોલીસ સ્ટાફ તથા ઝોનલ, આસી.ઝોનલ, એઆરઓ કચેરી સ્ટાફ, મામલતદાર કચેરી સ્ટાફ, માઇક્રો ઓબ્સર્વર, વિડિયો ગ્રાફર, વેબ કાસ્ટીંગ સ્ટાફ, ડ્રાઈવર, પટ્ટાવાળા વિગેરે અન્ય સ્ટાફનું પોસ્ટલથી મતદાનની કામગીરી ચાલી રહી છે. જે તા.૫ સુધી સવારના ૯ થી સાંજના ૫ કલાક દરમિયાન ચાલનાર છે.

આજનો દિવસ માત્ર મારી યાત્રામાં જ નહી પરંતુ માનવ સિદ્ધિના ક્ષેત્રમાં પણ એક ઐતિહાસિક સીમાચિન્હરૂપ છેઃ પૂ.ડો.અજીતચંદ્રસાગરજીમ.

તા.૧લીના મુંબઈના વરલી ખાતે NSCI સ્ટેડિયમ ખાતે યોજાયેના પૂ.ડો.અજીતચંદ્રસાગરજીમ.ના સહસ્ત્રાવધાન કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોના વિશિષ્ટ હસ્તીઓની સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શિંદે, કેબીનેટ મંત્રી મંગલ પ્રભાત લોઢા, જાણીતા દિગ્દર્શક સુભાષ ઘાઈની ઉપસ્થિતિઃ મહારાષ્ટ્રની શાળાના અભ્યાસક્રમમાં મુખ્યમંત્રી શિંદે સરસ્વતી સાધનાનો સમાવેશ કરાવશે

રાજકોટ,તા.૩

ગઈ તા,૧લીના સંત જૈન ડો.અજિતચંદ્ર સાગરજી મહારાજે સહસ્રવધન તરીકે ઓળખાતી સહસ્ત્રવધન વસ્તુઓને યાદ કરવાની અનોખા સિદ્ધિ હાંસલ કરીને ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કર્યું છે, તેમણે સ્થળ પર જ ૧૦૦૦ વસ્તુઓ યાદ કરી હતી. આ અસાધારણ સિદ્ધિ, ૧ મે, ૨૦૨૪ ના રોજ સાકાર થઈ, ધ્યાન અને એકાગ્રતા કેળવાયેલા માનવ મનની અમર્યાદીત ક્ષમતા હોય છે. ડો. અજિતચંદ્ર સાગરજી મહારાજની આ શિખર સુધીની સફર શતાવધાન (૧૦૦ વસ્તુઓને યાદ રાખવા)થી શરૂ થઈ, દ્વિશતાવધન (૨૦૦ વસ્તુઓ) સુધી આગળ વધી અને અંતે મહાશતાવધન (૫૦૦ વસ્તુઓ)માં નિપુણતા મેળવી.

મુંબઈના વરલી ખાતે NSCI સ્ટેડિયમમાં ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મનોરંજન, કાયદા અમલીકરણ, કોર્પોરેટ, મેડિકલ અને શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોના મહેમાનોની વિશિષ્ટ હસ્તીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી માન. એકનાથ શિંદે, કૌશલ્ય રોજગાર, ઉદ્યોગ સાહસિકતા અને નવીનતા સરકારના મંત્રી. મહારાષ્ટ્રના શ્રી મંગલ પ્રભાત લોઢા અને જાણીતા દિગ્દર્શક સુભાષ ઘાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ આ નોંધપાત્ર સિદ્ધિની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ''આજે આપણે સરસ્વતી સાધનાના અદ્ભુત સિદ્ધિના સાક્ષી છીએ. મહારાષ્ટ્રમાં સહસ્રવધાન કરાવવા અને તેને પ્રેક્ષકો માટે જીવંત કરવા માટે હું મુનિજીની પ્રશંસા કરું છું. સાધના તમામ ક્ષેત્રોમાં બધા માટે મહત્વપૂર્ણ છે. હું ઈચ્છું છું કે ટૂંક સમયમાં રાજ્યની શાળાઓમાં સરસ્વતી સાધના શરૂ કરાશે. જેનાથી વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવાની મદદ મળશે અને તેઓ આગળ સફળ થવા માટે પ્રોત્સાહિત થશે.''

ડો. અજિતચંદ્ર સાગરજી મહારાજને ૧૦૦૦ અવધાન પૂર્ણ કરવા પર હાઈકોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ ટેટેડ દ્વારા ''સહસ્રવધની'' નું બિરુદ આપવામાં આવ્યું હતું, જે ૬૫૦ વર્ષોમાં સિદ્ધ થયું ન હતું. આચાર્ય શ્રી નયચંદ્ર સાગર સૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન હેઠળ, તેમણે નાનપણથી જ યાદ રાખવાની અસાધારણ કૌશલ્ય દર્શાવ્યુ હતું, જે ઐતિહાસિક સહસ્ત્રવધન-૧૦૦૦ અવધાનમાં પરિણમ્યું.

સહસ્રવધાની ડો. અજિતચંદ્ર સાગરજી મહારાજે કહ્યું, ''આજનો દિવસ માત્ર મારી યાત્રામાં જ નહીં, પરંતુ માનવ સિદ્ધિના ક્ષેત્રમાં પણ એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. સહસ્રવધન પૂર્ણ કરવું, સ્થળ પર ૧૦૦૦ વસ્તુઓ યાદ રાખવી એ મારા સમર્પણ અને શક્તિની ઊંડી પરીક્ષા છે. ધ્યાનથી હું આ સિદ્ધિથી મેળવી શક્યો છું અને મારા ગુરુના માર્ગદર્શન અને મારી સાથે આ ક્ષણની ઉજવણી કરનારા તમામના સમર્થન માટે આભારી છું.'' સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશન કર્ણાટકના દુર્ગમાં સ્થિત જીરાવાલા ધામ, જૈન મંદિર અને સરસ્વતી માતા મંદિરનું નિર્માણ પૂર્ણતાના આરે છે.

આ કાર્યક્રમમાં પડકારજનક ગણિતના પ્રશ્નો, અવતરણો અને કવિતાઓ સહિત વિવિધ પ્રશ્નોની યાદી હતી, જે તમામના ડો. અજીતચંદ્ર સાગરજી મહારાજે વ્યાપકપણે જવાબ આપ્યા હતા. ઘટનાનું એક રસપ્રદ પાસું સંયુક્ત ધ્યાન હતું, જ્યાં તેની આસપાસ ૧૫ એક સાથે પ્રક્રિયાઓ થઈ હતી, જે તેના અસાધારણ ધ્યાન અને જ્ઞાનાત્મક પરાક્રમને દર્શાવે છે.

પુષ્ટિ પ્રર્વતક શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો કાલે પ્રાગ્ટય દિવસ

રાજકોટ, તા.૩

આ ચૈત્ર માસમાં રસરાજ પ્રભુ વિવિધ સમયે વિવિધ સ્વરૂપે પ્રકટ્યા છે. ચૈત્ર સુદ એકમે સત યુગનો પ્રારંભ થયો હતો. ત્યારે સત્ય સ્વરૂપે પ્રકટ્યા. ચૈત્ર સુદ-છઠ્ઠના રોજ દ્વવીભૂત રસરૂપા શ્રી યમુનાજી સ્વરૂપે પ્રકટ્યા. ચૈત્ર સુદ-નોમના દિવસે મર્યાદા પુરુષોતમ શ્રી રામ સ્વરુપે પ્રકટ્યા. શ્રી હરિ રૂપે વ્રજમાં ગિરિકંદ્રામાં શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાક્ટ્ય થયું. ચંપારણ્યમાં 'ગુરૂણા-ગુરૂ' સ્વરૂપે શ્રી વલ્લભનું પ્રાક્ટ્ય થયું. વ્રજમાં ગિરિ તળેટીમાં આવેલા જમુનાવતા ગામમાં ભક્તરત્ન અષ્ટસખા શ્રી કુંભનદાસજીનું પ્રાક્ટ્ય થયું.

ચૈત્ર સુદ એકાદશીથી શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રાક્ટ્ય ઉત્સવની વધાઈનો પ્રારંભ થાય છે.

જયોતિધર જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય છત્તીસગઢ રાજયના રાયપુર નજીક વૃક્ષઘટાથી પરમ શોભાયમાન એવા ચંપારણ્ય ધામમાં વિ.સ. ૧૫૩૫ના ચૈત્ર વદ-એકાદશીને રવિવારના રોજ થયું હતું. દૈવી જીવોનો ઉદ્ધાર કરવાના ઉદેશ્યથી વૈષ્ણવ સંપ્રદાયનું સ્થાપન કર્યું, જેને 'પુષ્ટિ સંપ્રદાય' કહેવામાં આવે છે.

'પ્રિતી પૂર્વક ભગવદ્ સેવા સાથે સાથે જીવ માત્રની શરીર, મન, ઇન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ તેમજ ધન વૈભવનો સમર્પણપૂર્વક વિનિયોગ કરવો.' આ છે શ્રી વલ્લભનો મુખ્ય સિદ્ધાંત અને દિવ્ય સંદેશ.

પર્વ વિશેષ
સંકલન
સુરેશચંદ્ર આડેસરા-રાજકોટ

આજ આનંદ ભયો હો, ભયો જગતીપર જય જયકાર, શ્રી લક્ષ્મણ ગૃહ પ્રકટ ભયે હે શ્રી વલ્લભ સુકુમાર

કાલે શ્રી વલ્લભાચાર્ય જયંતીઃ રાજકોટની હવેલીઓમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજનોઃ શોભાયાત્રા-મહાપ્રસાદ

દરબારગઢ હવેલી, શ્રીનાથજીધામ હવેલી, શ્રીકૃષ્ણધામ હવેલી, શ્રીનાથજીધામ હવેલીમાં કાલે શ્રીમદ્ વલ્લભાચાર્ય જયંતીની ધર્મોલ્લાસ સાથે કરાશે ઉજવણીઃ સર્વોત્તમ સેવા સંસ્થાનના ઉપક્રમે કાલે શોભાયાત્રા-મહાપ્રસાદનું આયોજનઃ વૈષ્ણવ સમાજમાં ઉજવણીનો અનેરો ઉમંગ

રાજકોટ તા.૩

પુષ્ટિ માર્ગના સ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો આવતીકાલે ૫૪૫મો પ્રાગટય દિન છે. ચૈત્ર સુદ એકાદશીથી શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રાકટય ઉત્સવની વધાઈનો પ્રારંભ થાય છે. જગદ્ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજીનું પ્રાગટય છત્તીસગઢના રાયપુર નજીક ચંપારણ્ય ધામમાં વિ.સં. ૧૫૩૫ના ચૈત્ર વધ એકાદશીના રવિવારે થયું હતું. તેમણે દૈવી જીવોને ઉધ્ધાર કરવાના ઉદેશથી વૈષ્ણવ સંપ્રદાયનું સ્થાપન કર્યું. જેને પુષ્ટિ સંપ્રદાય કહેવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ વિશ્વને સેવા, સમર્પણ અને સ્નેહનો સંદેશ આપ્યો છે અને અનેકવિધ ગ્રંથોની રચના કરી છે.

આવતીકાલે રાજકોટમાં આવેલી હવેલીઓમાં શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટયોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોના આયોજનો કરાયા છે. શ્રીનાથજીધામ હવેલી દરબારગઢ હવેલી, કૃષ્ણાશ્રમ હવેલી, શ્યામલાલજીની હવેલી, પંચનાથ હવેલી સહિત અન્ય હવેલીઓમાં વિવિધ અનુષ્ઠાનો યોજાયા છે. આવતીકાલે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટમાં સર્વોત્તમ સેવા સંસ્થાનના ઉપક્રમે વૈષ્ણવાચાર્ય ગો.શ્રી પરાગકુમારજીની અધ્યક્ષતામાં તા.૧થી ૪ સુધી પુષ્ટિ સત્સંગ શિબિરનું આયોજન કરાયું છે.

આવતીકાલ તા.૪થીના શનિવારે વૈષ્ણવ વૈષ્ણવ સંપ્રદાયના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાગટય દિન નિમિત્તે સાંજે પાંચ વાગે શ્રી કૃષ્ણધામ હવેલીથી શોભાયાત્રાનો પ્રારંભ થશે. શ્રી મહાપ્રભુજીના ચિત્રજીને બગીમાં પધરાવી વૈષ્ણવાચાર્યોના સાંનિધ્યમાં કીર્તન મંડળી અને વિશાળ વૈષ્ણવ સમુદાય જોડાશે.

આ શોભાયાત્રા શ્રીકૃષ્ણધામ, જીવરાજ પાર્ક, અંબિકા ટાઉનશીપ ખાતેથી કાલે સાંજે પાંચ વાગે શરૂ થઈને કસ્તુરી, સ્પીડવેલ ચોકથી પસાર થઈને સાંજે ૭-૩૦ કલાકે પુષ્ટિ સત્સંગ સ્થળે ધર્મસભાના રૂપમાં પરિવર્તિત થશે.

ધર્મસભામાં વૈષ્ણવાચાર્ય ગો.શ્રી ગોપેશકુમારજી મ. તથા ગો.શ્રી પરાગકુમારજીના પ્રવચનો બાદ વૈષ્ણવો માટે રાસનું આયોજન કરવામાં આવેલ છે. તમામ વૈષ્ણવ સમુદાય માટે મહાપ્રસાદ રાખવામાં આવેલ છે.

સમસ્ત વૈષ્ણવ સમાજમાં મહાપ્રભુના પ્રાગટોત્સવની ઉજવણીનો ઉમંગ છવાયો છે.

મહાવીર સ્વામી જન્મકલ્યાણક મહોત્સવ અદ્ભૂતપૂર્વ સફળતા બદલ

જૈનમ દ્વારા દાતાઓ, સંઘો, સંસ્થાઓનું બહુમાન કરાયું

રાજકોટ,તા.૩

મહાવીરસ્વામી જન્મકલ્યાણક મહોત્સવની ભવ્ય સફળતા બાદ જૈનમદ્વારા આમહોત્સવને સફળતા અપાવવા માટે જેમનો સિંહફાળો છે તે વાદાનવીરદાતા શ્રીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, અલગ અલગ સાથી સંસ્થાઓ, જૈનસંઘો, ઉપાશ્રયો, જિનાલયોનાં ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, વિવિધમંડળો વિગેરેનુંઋણ સ્વિકાર કરવા માટે યોજાયેલ કાર્યક્રમમાં આ તમામનું સ્મૃતિ ચિન્હ આપી બહુમાન કરાયું હતું. આમ જૈનમ દ્વારા આ મહોત્સવને ભવ્યાતિ ભવ્ય સફળતા અપાવનાર તમામનો ઋણસ્વિકાર કરવામાં આવ્યો હતો. આ ઋણસ્વિકાર કાર્યક્રમમાં મહેમાનોનું શબ્દોથી સ્વાગત તથા આભાર વિધી જયેશ ભાઈ વસાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન વિભાશભાઈ શેઠ અને નિપુલભાઈ દોશીએ કરેલ હતું. જૈનમનાં જીતુભાઈ કોઠારીએ પ્રેરક ઉદ્બોધન આપેલ હતું સાથે ગૌતમપ્રસાદનાં દાતા તરફથી મળેલદાન માંથી ખર્ચબાદ કરતા વધેલરકમ તમામદાતાઓને બહુમાન સાથે જપરત કરવામાં આવી રહી છે તેવી જાહેરાત પણ કરી હતી. જેને ઉપસ્થિતતમાએ હર્ષભેર વધાવી હતી. આ ઋણસ્વિકારમાં ધર્મસભા, ધર્મયાત્રાનાં અધ્યક્ષા મીનીબેન પીયુષભાઈ કામદાર, દાનવીર દાતા જીતુભાઈબેનાણી, રાજકોટ જૈનત પગચ્છ સંઘ (દાદાવાડી દેરાસર) હસ્તેજીતુભાઈ ચાવાળા, રૂષભભાઈ ચંદ્રકાંતભાઈ શેઠ, જયભાઈ ખારા, અનિલભાઈ દેસાઇ, જીગરભાઈ શેઠ, મુકેશભાઈ દોશી - મોર્ડન, અજયભાઈ નટવરલાલ શેઠ, વિરેશભાઈ પ્રવિણચંદ્ર ગોડા, તનસુખભાઈ રતિલાલ દોશી, દિપકભાઈ ચિમનલાલ માટલીયા, જનીશભાઈ અજમેરા, કમલેશભાઈ શાહ, દર્શનભાઈ શાહ, અનિષભાઈ વાધર, ભરતભાઈ દોશી (અમરેલી), જયેશભાઈ શાહ (આર.પી.), શૈલેષભાઈ માઉં, વિભાશભાઈ શેઠ, સુજીતભાઈ ઉદાણી, જયેશભાઈ વસા, હિતેશભાઈ મહેતા, જુગલભાઈ દોશી, ધીમંતભાઈ કોઠારી, ખારા પરિવારનાંમોભીઓ સર્વ વિરેન્દ્રભાઈ, ગીરીશભાઈ, જીતેન્દ્રભાઈ, સુનિલભાઈ ખારા, નિતીનભાઈ કામદાર, પ્રદિપભાઈ વોરા, કરણભાઈ શાહ (સાંજસમાચાર), શ્રી કોઠારી રાધારમણ સ્વામી, જયભાઈ કામદાર, જૈન શ્રાવક, શ્રીસ્થાનકવાસી જૈનમોટાસંઘ, શ્રીમણીયાર દેરાસરજી, શ્રીમદ્રાજચંદ્રજ્ઞાન મંદિર ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ, ડો.પારસભાઈ ડી. શાહ, સુનિલભાઈ શાહ, મીહીરભાઈ શેઠ, અમિષભાઈ દેસાઈ, જૈનસોશ્યલ ગ્રુપ રાજકોટ રોયલ, યુનિ.રોડશ્વે.મુર્તિ. તપગચ્છ સંઘ, મનિષભાઈ દોશી, જયેશભાઈ શાહ (સોનમ), જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ ડાઉનટાઉન, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ, જૈન સોશ્યલગ્રુપ રાજકોટ એલીટ, જૈનસ્પોર્ટસ ઓર્ગેનાઈઝેશન, જૈન સોશ્યલગ્રુપ રાજકોટ મીડટાઉન, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ યુવા, સદરસ્થા. જૈનસંઘ, કિશોરભાઈ દોશી, હરીજ્યોત વખારીયા ઉપાશ્રય, નિપુણભાઈ દોશી, જીતુભાઈ ગાંધી (મારવાડી), અશ્વીનભાઈ શાહ, વિશેષભાઈ કામદાર, કુમારી હસ્તીબેન જીતેન્દ્રભાઈ કોઠારી, દિવ્યેશભાઈ જસાણી, પ્રશાંતભાઈ સંઘવી, ભાવિકભાઈ શાહ (રોયલ), રાજેશભાઈ પારેખ, હરેશભાઈ વોરા, જાગનાથ શ્વે. મુર્તિ. જૈનસંઘ, મહાવીરનગર સ્થા.જૈનસંઘ, ઉમંગભાઈ ગોસલીયા, દિગંબાર જૈનસ્વાધ્યાય મંદિરટ્રસ્ટ, પંચવટી શ્વે. મુર્તિ. જૈનસંઘ, ડો.અમીત હપાણી વિગેરેનું મોમેન્ટોઆપી અદેકરું બહુ માન અને ઋણસ્વિકાર કરવામાં આવ્યો હતો.

શ્રીમહાવીર સ્વામી જન્મકલ્યણાક મહોત્સવને અભુતપૂર્વ સફળતા અપાવવા બદલ જે મને ખૂબજ જહેમત ઉઠાવી હતી અને આઋણ સ્વિકાર કાર્યક્રમમાં હાજર રહેલા જૈનમ પરિવારનાં સભ્યો મેહુલ દામાણી, સેજલ કોઠારી, પારસ શેઠ સહીતનાં લોકો પૈકી મોટાભાગનાં સભ્યો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં.

સ્વયંભૂ બ્રહ્મસેવક દ્વારા ૫ થી ૧૦ મે સુધી ભગવાન પરશુરામ જન્મોત્સવ ઉજવાશે

રાજકોટ : તા ૩

સ્વયંભુ બ્રહ્મ સેવક-રાજકોટ દ્વારા તા. ૦૫-૦૫-૨૪ થી તા.૧૦-૦૫-૨૦૨૪ સુધી ભગવાન પરશુરામ જનમોત્સવ ની જાજરમાન ઉજવણી કરવામાં આવશે. ભગવાન પરશુરામ દાદા ની ભવ્ય ઉજવણી કરવા માટે સ્વયંભૂ બ્રહ્મસેવક દ્વારા તા.૫-૫-૨૪ રવિવાર ના રોજ ગૃહમંદિર એપાર્ટમેન્ટ, અયોધ્યા રેસીડન્સી, અયોધ્યા ચોકથી બપોરે ૪:૦૦ કલાકે વાજતે ગાજતે આલાપ ગ્રીન સિટી પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ સામે જાજરમાન રેલી દ્વારા સ્થાપના કરવામાં આવશે.

ત્યારબાદ રાતે ૮:૦૦ કલાકે મહાઆરતી,તા.૬-૫-૨૪ સોમવાર ને સાંજે ૮-૦૦ કલાકે આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમો, બાળકો માટે અલગ અલગ સ્પર્ધા રાખેલ છે. તા.૭-૫-૨૪ મંગળવાર સાંજે ૮-૦૦ કલાકે લાઈવ નાસીક ઢોલ પર દાદાની મહાઆરતી ત્યારબાદ હાસ્ય જગતના દિગ્ગજ કલાકાર જેમને અનેક ટીવી ચેનલોમાં પ્રોગ્રામો આપે એવા કલાકારો સાથે હાસ્ય કાર્યક્રમ, તા.૭-૫-૨૪, બુધવાર સાંજે ૮-૦૦ કલાકે મહાઆરતી ત્યાર બાદ શિવ ડાંર્સીકલ ગ્રુપ દ્વારા નૃત્ય અને સાંસ્કૃતિક ડાન્સના અવનવા પર્ફોમન્સ,તા.૮-૫-૨૪ ગુરૂવાર સાંજે ૫-૦૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા અને સાંજે ૮-૦૦ કલાકે મહાઆરતી, મહાઅન્નકૂટ પ્રસાદ તથા દાંડીયા રાસની રમઝટ, તા.૧૦-૫-૨૪, શુક્રવાર સવારે ૮-૩૦ વાગે યજ્ઞ, ત્યારબાદ ઉત્થાપન, આમ ભગવાન પરશુરામ જન્મોત્સવ ઉજવણી અંતર્ગત તા.૫ મે થી ૧૦ મે સુધી રોજરોજ ભક્તિસર અને સાંસ્કૃતિક કાર્યક્રમ ની રમઝટ બોલાવવામાં આવશે.

આલાપ ગ્રીન સિટી ગ્રાઉન્ડ પાસે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ સામે આ તમામ કાર્યક્રમ ની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ આયોજન ને સફળ બનાવવા સમીરભાઈ પંડ્યા,વિરલ દવે (ભારદ્વાજ),આનંદ પુરોહિત (લંકેશ), દર્શનભાઈ પંડ્યા, તેજસભાઈ રાવલ, હર્ષ રાવલ, મહેશ પાઠક, મિતેશભાઈ પંડ્યા, મનીષભાઈ દવે, હેતલભાઈ શુક્લ, સંકેત આચાર્ય, સિદ્ધાર્થ દેસાઈ, વિજય વ્યાસ, દિનેશભાઈ બોરીસાગર, કુલદીપભાઈ રાવલ, હાર્દિકભાઈ પાઠક, કેતનભાઈ બોરીસાગર, ધર્મેશ રાવલ જહેમત ઉઠાવી રહ્યા છે.

નાસીક ઢોલ પર દાદાની મહાઆરતી ,હાસ્ય કાર્યક્રમ,દાંડીયા રાસ સહિતના કાર્યક્રમોની વણઝાર

વેસ્ટ મેનેજમેન્ટના નવા રસ્તાઓ અંગે સેમીનાર યોજાયો

મનપા તથા યુએસએઆઈડીના સંયુકત ઉપક્રમે સ્થાનિક સંસ્થાઓના અધિકારીઓની વ્યવસાયિક કાર્યક્ષમતા વધારવા ઇનોવેટીવ એપ્રોચીસ ફોર વેસ્ટ મેનેજમેન્ટ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાહેરના પ્લાસ્ટિક કચરા, ઔદ્યોગિક કચરા વગેરેને હેન્ડલ કરવા અને તેને ઉપયોગી સામગ્રીમાં રૂપાંતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ વિશે પણ સમજાવવામાં આવ્યું હતું. ડો. ઉપેન્દ્ર પટેલ (પ્રો. સિવિલ એન્જી. વિભાગ, એમએસયુ વડોદરા) દ્વારા ન્યુનતમ ઉર્જા અને ગટર માટે ઓછી કિંમતની અને વિશ્વસનીય ટ્રીટમેન્ટ સિસ્ટમ પર ચર્ચા કરાઇ હતી. મનીષ કોઠારી (મે. ડિરેક્ટર રાઈનો મશીન્સ) દ્વારા શહેરના પ્લાસ્ટિક કચરા અને ઔદ્યોગિક કચરા વગેરેનું સંચાલન કેવી રીતે કરવું અને તેને ઉપયોગી સામગ્રીમાં રૂપાંતરિત કરવું તે અંગે તેમની આંતરદ્રષ્ટિ રજુ કરવામાં આવી હતી. આ સેમિનારમાં ડે. કમિશનર સ્વપ્નિલ ખરે, ચેતન નંદાણી, સહાયક કમિશનર એસ. જે. ધડુક, ઇજનેરો સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

જામસાહેબ વડીલ હોવા છતાં મારૂ ફૂલહાર અને પાઘડીથી સન્માન કરી આશિર્વાદ આપે એ મારા માટે મોટી વાત...

જામસાહેબના વિજયીભવઃનાં આશિર્વાદ મળ્યા એટલે કાંઇ ન ઘટેઃ મોદી ખુલીને ખિલ્યા

ક્ષત્રિય આંદોલનના એ.પી.સેન્ટર બનેલા જામનગરમાં ગઇસાંજે યોજાયેલી ભાજપની ચૂંટણી સભામાં વડાપ્રધાનના વકતવ્યમાં રાજ-રાજા અને રજવાડા છવાયા

જામસાહેબ અને જામનગર સાથેના અનેક સંસ્મરણો તાજા કરી શ્રોતાઓના દિલ જીત્યા : કોંગ્રેસ અને રાહુલ ગાંધી ઉપર પણ કર્યો રાજકીય હુમલો

જામનગર તા.૩ઃ

ક્ષત્રિયોના બીલદાન સામે મુખ્યમંત્રીપદની કિંમત નથી તેમ માની હું ધ્રોલ ખાતેના ઐતિહાસિક ભૂચરમોરી શહીદ સ્મારક ખાતે યોજાયેલ શહીદોને શ્રધ્ધાંજિલ-વીરાંજલિ કાર્યક્રમમાં રાજપુત સમાજના નિમંત્રણને માન આપીને હાજરી આપી હોવાની ઘટના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જામનગર ખાતે ગઇકાલે સાંજે યોજાયેલી ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના ચૂંટણી પ્રચાર માટેની જાહેરસભામાં યાદ કરી હતી. તેઓએ સભા સ્થળે પહોંચતા પહેલા એરપોર્ટથી સીધા પાયલોટ બંગલા ખાતે ગયા હતા અને ત્યાં પૂર્વ રાજવી જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજા સાથે મુલાકાત કરી તેમના આર્શીવાદ લીધા હતા. જામસાહેબ દ્વારા વિજયીભવના આર્શીવાદ મળ્યા એટલે જીત નક્કી જ હોય તેમ કહેતા જ સભા મંડપમાં ઉપસ્થિત મેદીનીએ તાળીઓના ગડગડાટથી તેઓને વધાવી લીધા હતા. તેમણે જામનગરના મહારાજા દિગ્વિજયસિંહજીએ બીજા વિશ્વ યુદ્ધ વખતે પોલેન્ડના નાગરિકોને સાચવી આસરા ધર્મનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂ પાડયું હતું જેને પોલેન્ડની જનતા અને સરકાર આજે પણ યાદ કરે છે તેમ કહી જામનગરના રાજવી પરિવારની ગરીમાના વખાણ પણ કર્યા હતા.

જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના સમર્થનમાં જામનગર શહેર અને જિલ્લા ભાજપ દ્વારા જામનગરના પ્રદર્શન મેદાન ખાતે ગઇકાલે સાંજે એક વિશાળ જાહેરસભા યોજવામાં આવી હતી. આ સભામાં મુખ્ય વકતા તરીકે ભાજપના ફાયરબ્રાન્ડ પ્રચારક અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કોંગ્રેસની ભાગલાવાદી અને તૃષ્ટીકરણની નીતિની ટીકા કરી કોંગ્રેસ ઉપર આકરા શાબ્દીક પ્રહારો કર્યા હતા.

જૂનાગઢમાં યોજાયેલ જાહેરસભા બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જામનગર આવી પહોંચ્યા હતા. જામનગર એરપોર્ટ ખાતે ઉતર્યા બાદ તેઓ સીધા જ શરૂ સેકશન રોડ ઉપર આવેલ જામનગરના પૂર્વ રાજવી શ્રી શત્રુશલ્યસિંહજી જાડેજા (જામસાહેબ)ના નિવાસસ્થાન પાયલોટ બંગલા ખાતે પહોંચ્યા હતા. જામસાહેબ સાથેના ગાઢ નાતાને કારણે તેઓએ જામસાહેબના આર્શીવાદ લેવાનું નક્કી કર્યુ હોવાનું જણાવી ઉમેર્યુ હતું કે, જામસાહેબ મારા પ્રત્યે અપાર લાગણી ધરાવે છે અને તેથી જ તેઓ વડીલ હોવા છતા મારૂ સન્માન કરે છે. જામસાહેબે માત્ર મારૂ ફૂલહારથી સન્માન જ કર્યુ નહીં પરંતુ મને હાલારી પાઘડી પહેરાવી આર્શીવાદ આપ્યા હતા. જામસાહેબે મને વિજયીભવના આર્શીવાદ આપ્યા તે હું કદી ભૂલી નહીં શકું. જામસાહેબના આર્શીવાદ મળી જાય એટલે જીત નિશ્ચિત બની જાય છે. જામસાહેબના આર્શીવાદ હોય પછી બીજુ કાઇ ઘટે નહીં.

તેમણે મંચ ઉપરથી તેમના વકતવ્યની શરૂઆત જ જામસાહેબથી કરીને જાણે રૂપાલા વિવાદ મામલે ક્ષત્રિય સમાજના ભાજપ વિરૂદ્ધ ચાલતા આંદોલન વચ્ચે સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તેમણે કહ્યું કે, જામસાહેબના દર્શન કરવા હું ગયો હતો. તેઓએ મને પાઘડી પહેરાવી. જામસાહેબ પાઘડી પહેરાવે પછી કાંઇ બાકી જ ન રહે. મારા માટે આ પાઘડી મોટો પ્રસાદ છે. મારા સ્વાગત માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇએ પણ પાઘડી તૈયાર રાખી હતી પરંતુ મે સહર્ષ અસ્વીકાર કર્યો કેમ કે, જામસાહેબની પાઘડી અમૂલ્ય છે. જામસાહેબ સાથે મારે ઘણો અને જૂનો નાતો છે.

તેમણે આગળ કહ્યું કે, આમ તો મત માંગવા મારે ગુજરાતમાં આવવાનું ન હોય પરંતુ પ્રચાર અને પ્રેમમાં ફરક છે. હું પ્રચાર માટે નહીં પણ ગુજરાતની પ્રજાનો પ્રેમ પામવા આવવું છું. આજે જામનગર આવતા જ જામનગરની અનેક જૂની યાદો તાજી થઇ છે.

તેઓએ જામસાહેબને યાદ કરી વધુમાં જણાવેલ કે, દેશના રજવાડાઓએ અખંડ ભારત માટે રાજપાઠ સોંપી દીધા હતા. રાજા રજવાડાઓના આ યોગદાનને દેશ કદી ભૂલી શકે નહીં. તેઓએ રાહુલ ગાંધી ઉપર નિશાન તાંકતા કહ્યું હતું કે, સહજાદાએ રાજા રજવાડાની કરેલી ટીકા નિંદનીય છે સરદાર પટેલને યાદ કરીને નર્મદા કિનારે બનાવેલ તેમની મહાકાય પ્રતિમા પાસે રાજપરિવારોના વારસાને અને ત્યાગને ચિરંજીવી રાખવા એક વિશાળ મ્યુઝીયમનું નિર્માણ થઇ રહ્યું છે જેમાં અખંડ ભારત માટે પોતાનું રાજ છોડનાર તમામ રાજપરિવારોને યાદ કરાશે કારણ કે હું ઇતિહાસની મહાનતાને પૂજવાવાળો છું. જે વ્યકિત ઇતિહાસ ભૂલી જાય તે કદી ઇતિહાસ બનાવી ન શકે.

તેમણે પોતાના વ્યકતવ્યના અંતમાં કહ્યું હતું કે, ગુજરાતની પ્રજા મને તમામ ૨૬ બેઠક ભાજપને જ જીતાડીને ભેટમાં આપશે તેવો વિશ્વાસ છે આમ છતા હું અપીલ કરૂ છું કે પહેલા મતદાન અને પછી જલપાન. જામનગર લોકસભા બેઠકના ઉમેદવાર પૂનમબેન માડમને તથા પોરબંદર વિધાનસભાની પેટાચૂંટણીના ઉમેદવાર અર્જુનભાઇ મોઢવાડીયાને જંગી બહુમતીથી જીતાડવા તેઓએ અપીલ કરી હતી. આ સભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા સાથે સભા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. જેને લઇને ભાજપ ઉપરાંત વહીવટી તંત્ર અને સુરક્ષા તંત્ર તેમજ નાગરિકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

ભૂચરમોરી ખાતે શહીદોને વીરાંજલિ આપવા મેં મુખ્યમંત્રીપદની ચિંતા ન્હોતી કરીઃ મોદી

જામનગર ખાતે યોજાયેલી જાહેરસભામાં તેઓએ ક્ષત્રિય સમાજ ઉપરાંત સમગ્ર સમાજ માટે ગૌરવરૂપ ગણાય તેવા ધ્રોલના ભૂચરમોરી શહીદ સ્મારક સ્થળનો એક પ્રસંગ જણાવ્યો હતો.

તેમણે કહેલ કે, હું જ્યારે પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યો હતો ત્યારે આ ઐતિહાસિક ભૂચરમોરી યુદ્ધમાં આશરા ધર્મ માટે શહીદ થયેલા બહાદુર ક્ષત્રિયોને શ્રધ્ધાંજલિ આપવા યુદ્ધભૂમિ ઉપર કે જયાં શહીદોના સ્મારકનું નિર્માણ થયું છે ત્યાં શ્રધ્ધાંજલિ સમારોહમાં ભાગ લેવા માટે ક્ષત્રિય સમાજે મને નિમંત્રણ આપ્યું હતું. તે વખતે અમુક આગેવાને કહેલ કે, અમારી લાગણી અને ફરજ છે કે, મુખ્યમંત્રી તરીકે તમને નિમંત્રણ આપીએ પરંતુ તમે આવશો નહીં તે પણ અમને ખબર છે ત્યારે મેં તેઓને પુછેલ કે, એવું કેમ માનો છો? ત્યારે મને એવુ કહેવાયેલ કે, કોઈ મુખ્યમંત્રી ધ્રોલના ભૂચરમોરી યુદ્ધ ભૂમિ ખાતેના શ્રધ્ધાંજલિ સમારોહમાં આવતા નથી કેમ કે, એવી લોકવાયકા છે કે, અહીં જે આવે તેનું મુખ્યમંત્રીપદ ટકતું નથી ત્યારે મેં સ્પષ્ટ કહેલ કે, ક્ષત્રિય સમાજના બલિદાનની સામે મુખ્યમંત્રી પદની કોઈ કિંમત નથી. હું ચોક્કસ આવીશ અને હું ત્યાં ગયો પણ હતો.

પોલેન્ડની સંસદમાં દરેક સત્રના પ્રારંભે જામશ્રી દિગ્વિજયસિંહજીને યાદ કરાય છેઃ વડાપ્રધાન

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જામનગરના રાજવી પરિવારને બિરદાવતા કહ્યું હતું કે, જામનગરના માજી રાજવી જામશ્રી દિગ્વિજયસિંહજીની દરિયાદિલીને પોલેન્ડની જનતા આજે પણ ભૂલી નથી. ૧૯૬૫માં બીજા વિશ્વ યુદ્ધ વખતે પોલેન્ડના નાગરિકોને કોઇ દેશ આશરો આપવા તૈયાર નહોંતું ત્યારે જામનગરના ત્યારના જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજીએ આશરા ધર્મ નિભાવ્યો હતો અને હિંમતભેર પોલેન્ડના નાગરિકોને લાંબો સમય સુધી આશરો આપી તેઓની સંપૂર્ણ દરકાર લીધી હતી.

જામનગરના આ પૂર્વ રાજવીને આજે પણ પોલેન્ડવાસીઓ ભૂલ્યા નથી. એટલું જ નહીં પોલેન્ડની સંસદમાં નવા સત્રના પ્રારંભ પહેલા જામનગરના શ્રી દિગ્વિજયસિંહજીને યાદ કરવામાં આવે છે અતે તે પછી સંસદની કાર્યવાહી શરૂ કરાય છે. જામ દિગ્વિજયસિંહજીની આ સેવાના જ કારણે થોડા સમય પહેલા રશિયા અને યુકેન વચ્ચેના યુધ્ધમાં ફસાયેલા અનેક ભારતીય નાગરિકોને બચાવી સ્વદેશ હેમખેમ લાવવામાં આવ્યા તેમા પોલેન્ડની સરકારે સારો સહકાર આપ્યો હતો.

ક્ષત્રિયોના બલિદાનનો ઇતિહાસ હું ભૂલ્યો નથી, જે ઇતિહાસ ભૂલી જાય તે ઇતિહાસ બનાવી ન શકેઃ સરદાર પટેલની પ્રતિમા પાસે રજવાડાઓના ત્યાગને ઉજાગર કરી ચિરંજીવી બનાવવા ભવ્ય અને વિશાળ મ્યુઝિયમનું નિર્માણ શરૂ

અમેઠીમાં ૨૫ વર્ષ બાદ ગાંધી પરિવારનો કોઈ સભ્ય ચૂંટણી નહિ લડે

સંજય ગાંધી, રાજીવ ગાંધી, રાહુલ ગાંધી આ બેઠક પરથી ચૂંટણી લડી ચૂક્યા છે

અમેઠી :

છેલ્લા ઘણા દિવસોથી દેશભરમાં ચર્ચા ચાલી રહી હતી કે કોંગ્રેસનો ગઢ ગણાતા અમેઠીમાંથી આ વખતે પાર્ટી કોને મેદાનમાં ઉતારશે . હવે કોંગ્રેસ હાઈકમાન્ડે આ બેઠક માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે. જો કે તેઓ આ બેઠક પરથી ગાંધી પરિવારનાં સભ્ય ચૂંટણી લડતા આવ્યા છે, પરંતુ આ વખતે કોંગ્રેસે અહીંથી કેએલ શર્માને ઉમેદવાર બનાવ્યા છે . જ્યારે રાહુલ ગાંધી તેમની માતા સોનિયા ગાંધીની બેઠક રાયબરેલીથી ચૂંટણી લડવા ઉતાર્યા છે.

અમેઠી બેઠક નેહરુ-ગાંધી પરિવારનો જૂનો ગઢ છે :

ઉત્તર પ્રદેશની ૮૦ લોકસભા સીટો પૈકી અમેઠી સીટ નેહરુ-ગાંધી પરિવારનો ગઢ માનવામાં આવે છે. જો કે, આ બેઠક પરથી છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને ભાજપની સ્મૃતિ ઈરાનીએ જંગી અંતરથી પરાજય આપ્યો હતો. પરંતુ અમેઠીમાં અત્યાર સુધીની લોકસભા ચૂંટણીના ઈતિહાસ પર નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે આ સીટ મોટાભાગે કોંગ્રેસ પાસે જ રહી છે. અમેઠીને ઉત્તર પ્રદેશની હાઈ પ્રોફાઈલ બેઠકોમાંથી એક ગણવામાં આવે છે. અમેઠીની આ બેઠક ૨૦૧૯થી ભારતીય જનતા પાર્ટી પાસે છે જ્યાં સ્મૃતિ ઈરાની જીત્યા હતા.

૨૫ વર્ષ પછી ગાંધી પરિવારનો કોઈ વ્યક્તિ અમેઠીથી ચૂંટણી લડી રહ્યો નથી.

કેએલ શર્મા, જેમને કોંગ્રેસે અમેઠીમાં પોતાનો ઉમેદવાર બનાવ્યો હતો, તેઓ ગાંધી પરિવારના નજીકના માનવામાં આવે છે. નોંધનીય બાબત એ છે કે ૧૯૯૮ પછી એટલે કે ૨૫ વર્ષ પછી આ પહેલીવાર બન્યું છે જ્યારે ગાંધી પરિવારનો કોઈ વ્યક્તિ અમેઠી બેઠક પરથી ચૂંટણી મેદાનમાં નથી . સતીશ શર્મા છેલ્લી વખત વર્ષ ૧૯૯૮માં ચૂંટણી લડ્યા હતા, જેમને સંજય સિંહથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ એ જ અમેઠી છે જે એક સમયે કોંગ્રેસનો અભેદ્ય કિલ્લો માનવામાં આવતો હતો. આ ઉપરાંત, તે દાયકાઓ સુધી ગાંધી પરિવારનો ગઢ માનવામાં આવતો હતો.

મેનકા ગાંધીએ રાજીવ ગાંધી સામે અપક્ષ ઉમેદવારી પણ નોંધાવી હતી જેમાં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો : રાજીવ આ બેઠક પરથી જીતી, વડાપ્રધાન તરીકેના શપથ લીધા હતા

અમેઠી બેઠકનો ચૂંટણી ઈતિહાસ

અમેઠી લોકસભા સીટ ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં પ્રથમ વખત અસ્તિત્વમાં આવી હતી. આ નવી સીટ પર કોંગ્રેસના વિદ્યાધર વાજપેયી સાંસદ બન્યા હતા. ત્યારબાદ તેમણે ભાજપના ગોકુલ પ્રસાદ પાઠકને સાડા ત્રણ હજારથી વધુ મતોની સરસાઈથી હરાવ્યા હતા. આ પછી વિદ્યાધર વાજપેયી ૧૯૭૨માં ફરી અમેઠીના સાંસદ બન્યા. ૧૯૭૭ની ચૂંટણીમાં પહેલીવાર ગાંધી પરિવારમાંથી કોઈએ આ બેઠક પરથી પોતાનો દાવો રજૂ કર્યો હતો. કોંગ્રેસ પાર્ટીએ ગાંધી પરિવારમાંથી સંજય ગાંધીને મેદાનમાં ઉતાર્યા હતા. પરંતુ કટોકટી દરમિયાન સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓની તીવ્ર ટીકાને કારણે, જનતાએ સંજય ગાંધીમાં વિશ્વાસ કર્યો ન હતો. પરિણામ એ આવ્યું કે આ ચૂંટણીમાં સંજય ગાંધીનો પરાજય થયો. અને જનતા પાર્ટીના ઉમેદવાર રવિન્દ્ર પ્રતાપ સિંહ અહીંથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૧૯૮૦માં સંજય ગાંધીના અવસાન બાદ યોજાયેલી પેટાચૂંટણીમાં ઈન્દિરા ગાંધીના મોટા પુત્ર રાજીવ ગાંધીએ અમેઠીની બાગડોર સંભાળી હતી. આ પછી, ૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં રાજીવ ગાંધીને ફરી એકવાર અમેઠીથી મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા.

તત્કાલિન રાષ્ટ્રપતિ ગિયાની ઝૈલ સિંહે રાજીવને વડાપ્રધાન તરીકે શપથ લેવડાવ્યા હતા. આ પછી લોકસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે રાજીવ ફરીથી અમેઠીથી લોકસભાની ચૂંટણી લડવા ગયા ત્યારે મેનકાએ રાજીવ સામે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે પરિણામો આવ્યા, ત્યારે રાજીવે મેનકા પર જંગી જીત મેળવી. ૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં રાજીવને ૩,૬૫,૦૪૧ વોટ મળ્યા હતા જ્યારે તેમની સામે ચૂંટણી લડનાર મેનકાને માત્ર ૫૦,૧૬૩ વોટ જ મળ્યા હતા. આ રીતે મેનકાને ૩,૧૪,૮૭૮ મતોથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. જો ૧૯૮૯ અને ૧૯૯૧ની લોકસભા ચૂંટણીની વાત કરીએ તો ફરી એકવાર રાજીવ ગાંધી આ બેઠક પરથી સાંસદ બન્યા હતા. ૧૯૯૧ની લોકસભા ચૂંટણી દરમિયાન, પ્રથમ તબક્કાનું મતદાન ૨૦ મેના રોજ થયું હતું. ૨૧ મેના રોજ રાજીવ ગાંધી ચૂંટણી પ્રચાર માટે તમિલનાડુ ગયા હતા. ત્યારપછી આ દરમિયાન ૧૯૯૧ અને ૧૯૯૬માં અમેઠી લોકસભા સીટ પર પેટાચૂંટણી થઈ હતી, જે બાદ કોંગ્રેસના સતીશ શર્મા સાંસદ બન્યા હતા. જોકે, ૧૯૯૮માં કોંગ્રેસને બીજી વખત હારનો સામનો કરવો પડ્યો હતો.

૧૯૯૯માં રાજીવ ગાંધીના પત્ની સોનિયા ગાંધીએ કોંગ્રેસ તરફથી ચૂંટણી લડી હતી અને સંજય સિંહને ૩ લાખથી વધુ મતોથી હરાવ્યા હતા. આ પછી, ૨૦૦૪ ની ૧૪મી લોકસભા ચૂંટણીમાં, રાહુલ ગાંધી પ્રથમ વખત આ બેઠક પરથી ચૂંટણી લડ્યા, તેમણે ઇજ્જ ઉમેદવાર ચંદ્રપ્રકાશ મિશ્રાને ૨ લાખથી વધુ મતોના માર્જિનથી હરાવ્યા. ૨૦૦૯માં પણ રાહુલ અમેઠી બેઠક પરથી જીત્યા હતા. આ વખતે વિજયનું માર્જીન સાડા ત્રણ લાખથી વધુ હતું. ૨૦૧૪માં રાહુલ ગાંધી આ બેઠક પરથી સતત ત્રીજી વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમની સામે ભાજપ તરફથી સ્મૃતિ ઈરાનીએ ચૂંટણી લડી હતી. જો કે, તે સમયે જીતનું માર્જીન માત્ર ૧ લાખ મતોથી વધુ હતું. ૨૦૧૯માં સ્મૃતિ ઈરાનીએ આ બેઠક પરથી જીત મેળવી હતી.

સુરેન્દ્રનગરમા (૪૨ ડિગ્રી) અમદાવાદમા (૪૧.૪ ડિગ્રી) હોટ સિટી

રાજકોટ સહિત અનેક સ્થળોએ ૪૦ ડિગ્રી ઉપર તાપમાન નોંધાયું

રાજકોટ તા.૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગઈકાલે આંશિક વાદળછાયા વાતાવરણ વચ્ચે વિવિધ સ્થળોએ ૪૦થી ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગઈકાલે રાજયમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગર ખાતે ૪૨ ડીગ્રી નોંધાઈ હતી.

જયારે રાજકોટમાં ૪૦.૩ ડીગ્રી, પોરબંદરમાં ૩૬, વેરાવળમાં ૩૨,૪, તથા અમદાવાદ ખાતે ૪૧.૪, અમરેલીમાં ૪૦.૬, વડોદરામાં ૩૯.૬, ભાવનગરમાં ૩૭.૮, તથા ભૂજમાં ૪૦.૬ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત છોટા ઉદેપુરમાં ૩૮./૭, દાહોદમાં ૩૮.૭, ડાંગમાં ૩૯.૬, ડીસામાં ૪૦.૭, ગાંધીનગરમાં ૩૯, તથા નર્મદામાં ૩૯.૬ ડીગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. જયારે જામનગરમાં આજે બીજા દિવસે પણ સુર્યદેવતા કોપાયમાન થયા હોય તેમ તાપમાન ૩૮ ડીગ્રીએ પહોંચ્યું હતું અને જનજીવન પર અસર જોવા મળી રહી છે. તો શહેરના રસ્તાઓ બપોરના સમયે મસામ બની જાય છે. જામનગરમાં લોકસભાની ચુંટણીને લઈને રાજકિય પક્ષોમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્યારે બીજી બાજુ સુર્યદેવતા પણ કોપાયમાન બન્યા હોય તેમ આકાશમાંથી અગન ગોળા વરસાવી કહ્યા છે.

ઉનાળા મૌસમમાં મહતપ પારો ૩૮ ડીગ્રી રહ્યો હતો. મહતમ નાપમાન ૩૮ ડીગ્રી રહ્યું હતું. જયારે લઘુતમ તાપમાન ૨૫.૫ ડીગ્રી તેમજ ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને પવનની ગતિ પ્રતિકલાકના ૮.૪ કી.મી.ની ઝડપે ફુંકાયો હતો. સુર્યદેવતા આકારમાંથી ગરમ ગોળા વરસાવી રહ્યા હોય તેમ લોકો આકરા તાપથી અકળાઈ ઉઠ્યા હતાં. જનજીવન ઉપર અસર જોવા મળી રહી હતી. શહેરમાં બપોર થતાની સાથે જ રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતાં. યુવતીઓ મહિલાઓએ તાપથી બચવા માટે શરીરને ઢાંકીને બજારમાં નિકળે છે. તો ગ્રામ્ય વિસ્તારમાં પણ પશુઓને ગરમીથી રાહત મળે તે માટે - વૃક્ષો તેમજ પાણીવાળા વિસ્તારોમાં બાંધવામાં આવે છે અને પશુઓને પણ પાણીનો છંટકાવ કરવામાં આવે છે. એક બાજુ લોકસભાની ચુંટણી ચાલી રહી હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પડતા ભારે તાપના કારણે રાજકિય કાર્યકર્તાઓમાં દિવસે ઉત્સાહ જોવા મળતો નથી.જો કે રાત્રીના સમયે જામનગર શહેરમાં રાજકીય ચૂંટણી કાર્યાલયો ધમધમી રહ્યા હોય છે.

શરાબની રેલમછેલ : વિક્રમજનક ૫.૩૮ લાખ લીટર દારૂ પકડાયો

સૌથી વધુ મોરબી, સુરેન્દ્રનગર, સુરત ગ્રામ્ય, દાહોદ અને બનાસકાંઠામાંથી જપ્તી : ૨૦૧૯માં ૩.૯૬ લાખ લીટર દારૂ પકડાયો હતો

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના આડે માંડ ચાર દિવસ બાકી રહ્યા છે ત્યારે અત્યાર સુધીમાં ૫.૩૮ લાખ લીટર શરાબ જપ્ત થયો છે અને આ આંકડો ૨૦૧૯ની ચૂંટણીને પણ વટાવી ગયો છે.

ચૂંટણી દરમ્યાન મતદારોને લલચાવવા કે પ્રલોભન આપવા માટે દારૂની રેલમછેલ કરવામાં આવતી હોય છે. ચૂંટણી પંચના આંકડાકીય રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ૧૬ માર્ચથી ૩૦ એપ્રિલ સુધી દરરોજ સરેરાશ ૧૨ હજાર લીટર દારૂ જપ્ત થયો છે. ૨૦૧૯ની ચૂંટણીમાં પકડાયેલા જથ્થા કરતા આ વખતે દોઢ લાખ લીટર વધુ દારૂ પકડાયો છે. અત્યાર સુધીમાં રાજયના જુદા જુદા ભાગોમાંથી ૫.૩૮ લાખ લીટર દારૂ પકડી પાડવામાં આવ્યો છે. જે ૨૦૧૯ની સરખામણીએ વધુ હોવાનું રાજયના ચૂંટણી ખર્ચ વિભાગના નોડલ અધિકાર નરસિંહા કોમરે જણાવ્યું હતું. ૨૦૧૯ની ચૂંટણીમાં ૩.૯૬ લાખ લીટર દારૂ પકડાયો હતો.

તેઓએ કહ્યું કે આચારસંહિતા લાગુ કર્યા બાદ આ જપ્ત થયેલા ૫.૩૮ લાખ લીટર દારૂની કિંમત ૧૬.૫૯ કરોડ થવા જાય છે. મોટા ભાગનો દારૂ મોરબી, સુરત ગ્રામ્ય, સુરેન્દ્રનગર, દાહોદ અને બનાસકાંઠામાંથી પકડાયો છે. દારૂ પહોંચાડવા માટે બુટલેગરો દ્વારા જુદા જુદા કારસ્તાનો કરવામાં આવતા હોય છે પરંતુ ચૂંટણી પંચ હેઠળની ટીમો દ્વારા વિવિધ કિમીયા નિષ્ફળ બનાવવામાં આવે છે. વાહનો આંતરીને દારૂ પકડી પાડવામાં આવે છે. પકડાયેલા શરાબનું વિશ્લેષણ કરવામાં આવતા એવું માલુમ પડયું છે કે ગુજરાતમાં ઘુસેલો ૩૮ ટકા દારૂ પંજાબથી આવ્યો હતો ત્યારે ૧૯ ટકા રાજસ્થાન, ૯ ટકા ગોવાથી અને હરિયાણા તથા તામિલનાડુથી ૭-૭ ટકા દારૂ આવ્યો હતો. ચૂંટણી દરમ્યાન મતદારોને લલચાવા માટે ઘુસાડાતો શરાબ પકડવા ચૂંટણી પંચ દ્વારા ખાસ સુચના આપવામાં આવી છે. શહેર જિલ્લા પોલીસ ઉપરાંત સ્ટેટ મોનીટરીંગ સેલ સહિતની એજન્સીઓ રાઉન્ડ ધ કલોક ચેકીંગ ડ્રાઇવ હાથ ધરી રહી છે. તેઓએ જણાવ્યું કે પંજાબમાંથી મોટા પ્રમાણમાં દારૂ ગુજરાતમાં ઘુસતો હોવાથી પંજાબ સરકારને પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. તેના પગલે પંજાબના એકસાઇઝ વિભાગ દ્વારા દારૂના બોકસ પર બારકોડ લગાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. બારકોડ સ્કેન કરવામાં આવતા તે કયાંથી આવે છે તેની તમામ માહિતી ઉપલબ્ધ બની જાય છે અને તેના આધારે સ્થાનિક તંત્ર સંબંધીત સપ્લાયરનું ગળુ પકડી શકે છે.

બાળવિવાહ રોકવાની જવાબદારી ગામના સરપંચની રહેશેઃ હાઈકોર્ટ

અક્ષય તૃતિયામાં મોટાપાયે બાળવિવાહ યોજાવાની શકયતા

જયપુરઃ

દેશમાં બાળવિવાહ- ખાસ કરીને છોકરીઓની લગ્નની કાનૂની ઉમર કરતા ઓછી વયે લગ્ન કરાવી આપવામાં રાજસ્થાન ટોચ પર છે અને હાલ અક્ષય તૃતીયા સમયે રાજયના ગ્રામીણ ક્ષેત્રમાં આ પ્રકારના લગ્નો મોટી સંખ્યામાં થતા હોય છે તે સમયે રાજસ્થાન હાઈકોર્ટ હવે આ પ્રકારે બાળવિવાહ અટકાવવા ગામના સરપંચ પર જવાબદારી નાખી છે. રાજયમાં બાળવિવાહ સરકારી તંત્રની જાગૃતિના કારણે ઘટયા છે તે સ્વીકારતા હાઈકોર્ટે જણાવ્યું કે તેમ છતાં દૂર-દૂરના ગામોને આ પ્રકારે લગ્ન થતા હોય છે અને તે રોકવામાં જીલ્લા તંત્ર બધે પહોંચી શકે નહી તે સ્વાભાવિક છે પણ સરપંચ જે ગામના મુખીયા અને દરેક પરિવારને ઓળખતા હોય છે. તેઓ આ પ્રકારે લગ્ન અટકાવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે અને રાજસ્થાનમાં બાળવિવાહ પ્રતિબંધ ધારા હેઠળ રાજયમાં બાળવિવાહ રોકવાની જવાબદારી સરપંચ પર નાખવામાં આવી છે અને રાજય સરકાર નિયમની રીતે તેનો રિપોર્ટ માંગે તે જરૂરી છે અને સરપંચે એ નિશ્ચિત કરવાનું રહેશે કે તેના ગામમાં કોઈ બાળવિવાહ યોજાય નહી. જો આ પ્રકારે લગ્ન થતા હોય તો તેણે તાલુકા-જીલ્લા અધિકારીને જાણ કરવી પડશે અને જો સરપંચ તેમાં નિષ્ફળ જાય તો બાળવિવાહ માટે તે જવાબદાર રહેશે.

કોંગ્રેસ અને રાયબરેલીમાં પણ પ્રિયંકા ગાંધી ચૂંટણી લડે તેવી પ્રબળ માંગ હતી

ફરી એક વખત ભાઈ રાહુલ માટે બહેન પ્રિયંકાએ રાજકીય માર્ગ ખાલી કર્યો

સોનિયા ગાંધીના વિકલ્પમાં પ્રિયંકા જ રાયબરેલીના શ્રેષ્ઠ ઉમેદવાર હોવાની કોંગ્રેસમાં રિપોર્ટ થયો હતો

જો રાહલ અને પ્રિયંકા બંને લોકસભામાં એક સાથે આવે તો રાહલની રાજકીય વિરાસતને પડકાર મળે તેવું હતું જે સોનિયા ઈચ્છતા નૅ હતા

નવી દિલ્હીઃ

લોકસભા ચૂંટણીમાં ગાંધી કુટુંબ માટે પ્રતિષ્ઠિત ગણાવી અમેઠી-રાયબરેલી બેઠકમાં હવે આ કુટુંબ માટે રાયબરેલી બેઠક જાળવી રાખવાનો પડકાર છે. સોનિયા ગાંધીએ સ્વાસ્થ્યના કારણે હવે ચૂંટણી નહી લડવા નિર્ણય લઈને રાજયસભાના સભ્ય બન્યા છે તો ૨૦૧૯માં જ અમેઠી બેઠક પરથી રાહુલ ગાંધી પરાજીત થતા એક બેઠક પર ભાજપે વર્ચસ્વ બનાવ્યુ હતું.

સોનિયા ગાંધીએ રાયબરેલી લોકસભા બેઠક પર ચુંટણી નહી લડવાની જાહેરાત કરતા હવે આ બેઠક પર તેમના પુત્રી અને કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી રાયબરેલી લોકસભા બેઠક પરથી ચુંટણી લડશે તેવા સંકેત હતા.

પ્રિયંકા માટે આ ચુંટણીના રાજકારણમાં મેઈડન એન્ટ્રી બની શકે તેમ હતું અને જે રીતે કોંગ્રેસ તથા દેશમાં રાહુલ ગાંધી કરતા પ્રિયંકા ગાંધીની જે લોકપ્રિયતા છે તેથી તેઓ રાયબરેલી બેઠક પરથી આસાનીથી વિજેતા બની શકે પણ ગાંધી કુટુંબમાં ફરી એક વખત ભાઈ માટે બહેને તેમની રાજકીય મહાત્વાકાંક્ષાને પાછળ ધકેલી છે. કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ પ્રિયંકા ગાંધી ઈચ્છતા ન હતા કે રાજકારણમાં તેમની સ્પર્ધા રાહુલ ગાંધી સાથે થાય અને જો બન્ને લોકસભામાં બેસે તો સર્વોપરીતાનો પણ જંગ ખેલાઈ શકે છે. એક સમયે ઉતરપ્રદેશના ઈન્ચાર્જ પ્રિયંકા ગાંધીએ ૨૦૨૨માં આ પ્રદેશમાં કોંગ્રેસના લગભગ સફાયા બાદ પોતાને આ રાજયમંત્રી ધીમે ધીમે પુરુ કર્યા હતા. પ્રિયંકા માટે રાયબરેલી- પ્રયાગરાજ ફુલપુર, વારાણસી બેઠકોનો સર્વે થયો છે જેમાં ફુલપુર અને રાયબરેલી બેઠક પર પ્રિયંકા ગાંધી માટે સાનુકુળ હોવાનો રિપોર્ટ આવ્યો હતો. ફુલપુર બેઠક પર એક સમયે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ચુંટણી લડી હતી અને રાયબરેલી બેઠક સોનિયા ગાંધીએ ખાલી કરેલી હોવાથી પ્રિયંકાને આ બેઠક માટે વધુ સાનુકુળ હતું. સોનિયાની ગેરહાજરીમાં તેઓ જ રાયબરેલી મતવિસ્તારની ચિંતા કરતા હતા. પરંતુ અંતે તેમણે વધુ એક વખત રાહુલ ગાંધી માટે ખસી જવુ પડયું છે અને હવે રાહુલને જીતાડવાની જવાબદારી પણ તેમની જ હશે.

અમેઠીથી ભાગ્યા, હવે રાહુલ ગાંધીને રાયબરેલીથી પણ પરાજય મળશેઃ ભાજપ

ગાંધી કુટુંબની બેઠક પર કોઈ કોંગ્રેસી ઉમેદવાર લડવા તૈયાર નથી તેથી પંજાબથી ઉમેદવાર લાવ્યાઃ કટાક્ષ

નવી દિલ્હી તા.૩

રાહુલ ગાંધીએ અમેઠી બેઠકને બદલે રાયબરેલીમાં ઉમેદવારી કરવાનો નિર્ણય લીધો તેના પર આકરો પ્રતિભાવ આપતા ભાજપે કહ્યું કે રાહુલ અમેઠી છોડીને ભાગ્યા છે અને રાયબરેલીમાં પણ તેમને તેવા જ પડકારનો સામનો કરવાનો રહેશે. રાયબરેલી એ ગાંધી કુટુંબની પરંપરાગત બેઠક છે અને તેથી રાહુલે આ બેઠકને સલામત માની છે. પરંતુ હવે રાહુલને રાયબરેલીથી પણ પરાજીત કરવા ભાજપ આકાશ પાતાળ એક કરી દેશે. ભાજપના નેતા મનજીંદરસિંહ શિરસાએ કહ્યું કે રાહુલ વાયનાડથી હારી રહ્યા છે અને તેથી રાયબરેલી આવ્યા છે અને અમેઠી અગાઉ જ હારી ચૂક્યા છે અને આ બેઠક પર કોંગ્રેસમાં કોઈ લડવા તૈયાર નહી હોવાથી છેક પંજાબથી કે.એલ.શર્માને લાવવામાં આવ્યા છે અને રાહુલને આ બેઠક પરથી પરાજય મળશે.

શા માટે રાહુલ ગાંધી ફરી અમેઠી ચુંટણી લડવા ન ગયા

છેલ્લા પાંચ વર્ષમાં રાહલે અમેઠીથી અંતર બનાવી લીધુ હતું અને સ્મૃતિ ઈરાની પોતાની રાજકીય ભૂમિ મજબૂત કરતા જતા હતા

નવી દિલ્હી તા.૩

૨૦૧૯ની ચુંટણીમાં અમેઠી બેઠક પરથી પરાજીત થયા બાદ રાહુલ ગાંધીએ વાયનાડની બેઠક લડી હોવાથી તેમનું સાંસદ પદ જળવાઈ રહ્યું પરંતુ તેમણે ફરી કદી અમેઠી બેઠક જીતવા માટે પ્રયાસ કર્યો ન હતો અને પાંચ વર્ષમાં ભાગ્યે જ એકાદ વખત અમેઠીનો પ્રવાસ કર્યો હતો. આમ ખુદે જ પોતાને અમેઠીથી દુર કરી દીધા હતા અને ૨૦૨૪ની ચુંટણીમાં જ્યારે ફરી અમેઠીથી ગાંધી કુટુંબના કયા સભ્ય ચુંટણી લડે તે ચર્ચા હતી તે સમયે રાહુલે અમેઠીથી લડવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો અને રાયબરેલીમાં તેઓ સુરક્ષિત રીતે જીતી જશે તેવું માને છે. કોંગ્રેસ ઈચ્છતી હતી કે રાહુલ અમેઠીથી લડીને ફરી પોતાની જુની બેઠક કબ્જે કરે પણ તેમના માટે અમેઠી જીતવી અઘરી બની ગઈ હતી. છેલ્લા પાંચ વર્ષમાં ભાજપના સાંસદ સ્મૃતિ ઈરાનીએ જે રીતે અમેઠીમાં પોતાની રાજકીય ભૂમિ મજબૂત કરી હતી તે પછી રાહુલ ગાંધી માટે આ બેઠક ફરી કબ્જે કરવી લગભગ અશકય બની ગયું હતું અને ફરી તેઓ પરાજીત થવા માંગતા ન હતા. હવે વાયનાડ બેઠક પર તેઓ હાલ સલામત ગણાય છે પરંતુ ભાજપે આ ચુંટણીમાં કેરળની આ બેઠક પર જબરી સ્પર્ધા સર્જી દીધી છે અને જો રાહુલ વાયનાડ ગુમાવે તો લોકસભામાં તેમની એન્ટ્રી થઈ શકશે નહી. રાહુલે એવું બહાનુ આવ્યુ કે અમેઠીમાં નવા નેતૃત્વને વિકાસ થવાની તક મળવી જોઈએ.

વ્યભિચારી ઉ.કોરીયાના સર્વોચ્ચ નેતાની સનસનીખેજ વાતો

કિમ જોંગ ઉન દર વર્ષે ૨૫ કુંવારી છોકરીઓને પ્લેઝર સ્કવોડમાં પસંદ કરી તેના મહેલમાં રાખે છે

ઉત્તર કોરીયાનો વ્યભિચારી નેતા કિમ જોંગ

ઉત્તર કોરિયાના પ્રખ્યાત યુટ્યુબરે સરમુખત્યાર કિમ જોંગના જીવન વિશે ઘણા દાવા કર્યા છે. તેમનું કહેવું છે કે કોરિયામાં સ્થિતિ એટલી ગંભીર છે કે માતા-પિતા પણ તેમની દીકરીઓને કિમ જોંગ ઉન પાસે આ આશાએ મોકલે છે કે ઓછામાં ઓછી તેઓ ભૂખથી ન મરી જાય. યુટ્યુબરે દાવો કર્યો છે કે ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન દર વર્ષે ૨૫ કુંવારી છોકરીઓ પસંદ કરે છે. આ છોકરીઓને પસંદ કરીને તે તેમને પોતાની પ્લેઝર સ્કવોડ બનાવે છે અને તેમને પોતાના મહેલમાં રાખે છે અને તેમની સાથે શારીરિક સંબંધ બાંધે છે. ડેલી સ્ટારના એક અહેવાલમાં ૩૦ વર્ષીય કોરિયન યુટ્યુબર અને લેખક ઓન્મી પાર્કે દાવો કર્યો છે કે છોકરીઓની પસંદગી કરતી વખતે તેમની સુંદરતાની સાથે તેમની રાજકીય વફાદારી પણ ધ્યાનમાં લેવામાં આવે છે. પાર્ક દાવો કરે છે કે પ્લેઝર સ્કવોડમાં સમાવેશ કરવા માટે તેને બે વખત શોધવામાં આવી હતી. પરંતુ ફૌટુંબિક સંજોગોને કારણે તેની પસંદગી કરવામાં આવી ન હતી. ઓન્મી ૨૦૦૭માં ૧૩ વર્ષની ઉંમરે ઉત્તર કોરિયાથી ભાગી ગઇ હતી. આ પછી તે દક્ષિણ કોરિયા જઇ અને ત્યારબાદ અમેરિકા સ્થાયી થઇ હતી.

ફૌટુંબિક, રાજકીય પરિસ્થિતિ જોઇને છોકરીઓ પસંદ કરે છે

પાર્ક કહે છે કે છોકરીઓ પસંદ કરવાનું કામ મોટા પાયે ચાલે છે. કિમ જોંગ ઉનના લોકો શાળાઓમાં જઈ સુંદર છોકરીઓ શોધે છે. એકવાર તેને કેટલીક સુંદર છોકરીઓ મળી જાય, પછી તેમની ફૌટુંબિક અને રાજકીય સ્થિતિની તપાસ કરવામાં આવે. જે યુવતીઓના પરિવારના સભ્યો ઉત્તર કોરિયામાંથી ભાગી ગયા હોય અથવા દક્ષિણ કોરિયા અને અન્ય દેશોમાં સંબંધીઓ થી આવતા હોય તેવી તમામ યુવતીઓના નામ કાઢી નાખવામાં આવે છે.

વર્જિનિટી ટેસ્ટ કરવામાં આવે છે

રિપોર્ટ અનુસાર છોકરીઓની ફૌટુંબિક પરિસ્થિતિની તપાસ કર્યા બાદ તેઓ દ્વારા આગળના પગલાં લેવામાં આવે છે. તબીબી તપાસ થાય છે. મેડિકલ તપાસનો હેતુ એ જોવાનો છે કે છોકરી વર્જિન (કુવારી) છે કે નહીં. આ પછી છોકરીઓના કેટલાક વધુ મેડિકલ ટેસ્ટ કરાવવા પડશે. છોકરીના શરીર પરના નાના નિશાન પણ અયોગ્યતાનું કારણ બની શકે છે. વિવિધ પરીક્ષણો બાદ છોકરીઓની પસંદગી કરીને તેમને રાજધાની ખ્યોંગયાંગ મોકલવામાં આવે છે.

૧૯૮૦થી ચાલી રહ્યું છે આ બધું

પાર્કે કહ્યું કે કિમ જોંગ ઉનના પિતા કિમ જોંગ ઇલ માનતા હતા કે કિશોરીઓ

સાથેની જાતીય આત્મીયતા તેમને અમર બનાવી શકે છે. કિમ જોંગ ઇલે ૧૯૮૦ના દાયકામાં આ માટે કેટલીક સુંદર છોકરીઓ પસંદ કરવાનું નક્કી કર્યું હતું. ૨૦૧૧માં ૭૦ વર્ષની વયે હાર્ટ એટેકથી તેમનું અવસાન થયું અને સત્તા તેમના પુત્ર કિમ જોંગ ઉનના હાથમાં આવી. કિમ જોંગ ઉન પણ આ જ રસ્તે ચાલી રહ્યા છે.

પ્લેઝર સ્કવોડમાં ત્રણ વિભાગ છે

પાર્ક કહે છે કે આ ટુકડીમાં ત્રણ અલગ-અલગ વિભાગો પણ છે. કેટલીક છોકરીઓને મસાજની તાલીમ આપવામાં આવે છે. કિમ અને તેની નજીકના લોકોનું મનોરંજન કરવા માટે એક વિભાગ ગાયન અને નૃત્યમાં નિષ્ણાત હોય છે. ત્રીજા જૂથ જાતીય પ્રવૃત્તિઓ માટે છે. દાવો કરવામાં આવે છે કે તેમાં સામેલ સૌથી સુંદર છોકરીઓને કિમને મોકલવામાં આવે છે. ઓછી સુંદર છોકરીઓ સેનાપતિઓ અને અન્ય રાજકારણીઓને મોકલવામાં આવે છે. ઓન્મી પાર્ક કહે છે કે જ્યારે આ ટુકડીની મહિલાઓ ૨૫ વર્ષની વય વટાવે છે ત્યારે તેઓ નિવૃત્ત કરવામાં આવે છે. સામાન્ય રીતે તેઓ કિમના અંગરક્ષકો સાથે લગ્ન કરે છે. પ્લેઝર સ્કવોડની મહિલાઓને સુરક્ષા સેવાઓના સભ્ય સાથે લગ્ન કરવાનો વિશેષાધિકાર છે.

આજનો I.P.L. મેચ

મુંબઈને ફોર્મ સુધારવાની તક : KKRનું પ્લે-ઓફમાં જરૂરી સ્થાન નકકી જ છે : મુંબઈના બેટરોની નિષ્ફળતા ચિંતા કરાવે છે

હાર્દિક પંડયા

શ્રેયસ ઐયર

મુંબઇ : IPLમાં પોતાની નબળાઈઓને દૂર કરવાના ઈરાદા સાથે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) આજે ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલી મુંબઈ ઈન્ડિયન્સ સામે મેદાનમાં ઉતરશે. KKR પોઈન્ટ ટેબલમાં નવ મેચમાં છ જીત બાદ ૧૨ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે અને પ્લે-ઓફમાં તેનું સ્થાન લગભગ નિશ્ચિત જણાય છે. KKR છેલ્લી છમાંથી ત્રણ મેચ હારી છે અને પંજાબ કિંગ્સે રેકોર્ડ લક્ષ્યાંકનો પીછો કરતી વખતે હરાવ્યા હતા. ત્યારબાદ KKRએ પુનરાગમન કર્યું અને દિલ્હી કેપિટલ્સને સાત વિકેટે હરાવ્યુ.

બોલિંગમાં સુધારાનો અવકાશ

KKRને બેટિંગમાં તેના આક્રમક અભિગમથી ફાયદો થયો છે, પરંતુ તેના બોલિંગ વિભાગમાં સુધારાનો અવકાશ છે. મિચેલ સ્ટાર્ક ૧૨ પ્રતિ ઓવરના દરે રન આપી રહ્યો છે અને તેને માત્ર સાત વિકેટ મળી છે. આ ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર બોલરો માટે મદદરૂપ બનેલી પીચો પર કોઈ અજાયબી કરી શકતો નથી. હર્ષિત રાણાએ સૌથી વધુ ૧૧ વિકેટ લીધી છે, પરંતુ તેના પર એક મેચનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વૈભવ અરોરાએ પાંચ મેચમાં નવ વિકેટ લીધી છે.

પ્લેઓફ માટે જીત જરૂરીઃ મુંબઈ ઈન્ડિયન્સ પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર થઈ ગઈ છે. તેણે વધુ પાંચ મેચ રમવાની છે અને જો તે બધી જીતી જાય તો પણ તેની પાસે માત્ર ૧૬ પોઈન્ટ હશે, જે પ્લે-ઓફમાં જગ્યા બનાવવા માટે કદાચ ઓછા હશે. જસપ્રિત બુમરાહ (૧૪ વિકેટ) અને ગેરાલ્ડ કોએત્ઝી (૧૩

વિકેટ) મુંબઈના સર્વશ્રેષ્ઠ બોલર રહ્યા છે, પરંતુ એક યુનિટ તરીકે ટીમ બોલિંગમાં સારું પ્રદર્શન કરી શકી નથી. બેટિંગમાં તિલક વર્માએ ત્રણ અડધી સદી સહિત ૩૪૩ રન બનાવ્યા છે, પરંતુ બાકીના બેટ્સમેન નિષ્ફળ રહ્યા છે.

કોલકાતા નાઈટ રાઈડર્સઃ ફિલ સોલ્ટ (વિકેટકીપર), સુનીલ નારાયણ, અંગક્રિશ રઘુવંશી, વેંકટેશ ઐયર, શ્રેયસ ઐયર (કેપ્ટન), રિંકુ સિંઘ, રમનદીપ સિંહ, આન્દ્રે રસેલ, મિચેલ સ્ટાર્ક, વૈભવ અરોરા, વરુણ ચક્રવર્તી પોટેન્શિયલ ઈમ્પેક્ટ પ્લેયરઃ અનુકુળ રોયલ

મુંબઈ ઈન્ડિયન્સઃ ઈશાન કિશન (વિકેટકીપર), રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા, નિહાલ વાધેરા, હાર્દિક પંડ્યા (કેપ્ટન), ટિમ ડેવિડ, મોહમ્મદ નબી, ગેરાલ્ડ કોએત્ઝી, પીયૂષ ચાવલા, જસપ્રિત બુમરાહ સંભવિત. ઈમ્પેક્ટ પ્લેયરઃ નુવાન તુશારા

પિચ અને હવામાન

વાનખેડે સ્ટેડિયમની પીચ બેટ્સમેનો માટે ખૂબ જ સચદાકારક છે. ફરી એકવાર ઉચ્ચ સ્કોરિંગ રમત બનવાની અપેક્ષા છે. મુંબઈમાં આજે સાંજે તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. વરસાદની કોઈ શક્યતા નથી.

ઈસરોના નવા અભ્યાસમાં થયેલો દાવો...

ચંદ્ર પરના ખાડાઓમાં અનેક ગણો બરફ પડેલ છે



કેટલાક મીટર નીચે બરફનું પ્રમાણ સપાટી કરતાં ૫ થી ૮ ગણું વધારે છે.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ ચંદ્રના ખાડાઓમાં પાણી સાથે બરફ હોવાનો દાવો કર્યો છે, આ અભ્યાસ સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC)/ ISROના વૈજ્ઞાનિકો દ્વારા IIT કાનપુર, યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયા, જેટ પ્રોપલ્શન લેબ અને IIT (ISM) ધનવડના સંશોધકોની મદદથી કરવામાં આવ્યો હતો. ISROએ જણાવ્યું હતું કે, ISPRS જર્નલ ઑફ ફોટોગ્રામમેટ્રી એન્ડ રિમોટ સેન્સિંગમાં પ્રકાશિત અભ્યાસ દર્શાવે છે કે સપાટીથી થોડા મીટર નીચે બરફનું પ્રમાણ સપાટી કરતાં ૫ થી ૮ ગણું વધારે છે.

બરફની શોધ ભવિષ્યના ચંદ્ર મિશનમાં મદદરૂપ થશે

ઈસરોએ કહ્યું છે કે આ માહિતી ભવિષ્યના મિશનમાં ચંદ્ર પર બરફના નમૂનાઓ એકત્ર કરવા અથવા ખોદવા અને માનવોની લાંબા ગાળાની હાજરી માટે ડ્રિલિંગ કરવામાં સહાય કરશે. બરફની ઊંડાઈના આધારે, તે ભવિષ્યના ચંદ્ર મિશનના ઉતરાણ માટે યોગ્ય સ્થળ અને યોગ્ય નમૂના એકત્રિત કરવા માટે પણ મદદ કરશે.

ચંદ્રના ઉત્તર ધ્રુવ પર બરફનું પ્રમાણ દક્ષિણ ધ્રુવ કરતાં વધુ છે

ઈસરોએ આ અભ્યાસ દ્વારા એવો પણ દાવો કર્યો છે કે ચંદ્રના ઉત્તર ધ્રુવમાં પાણીમાં જામેલ બરફનું પ્રમાણ દક્ષિણ ધ્રુવ કરતાં બમણું છે. ૨૦૦૮માં મોકલવામાં આવેલા ચંદ્રયાન મિશન દરમિયાન, એવી આગાહી કરવામાં આવી હતી કે ચંદ્રની સપાટી પર પાણીથી જામેલા બરફ હશે.આ નવો અભ્યાસ જૂના અભ્યાસોને સમર્થન આપે છે. અગાઉના અભ્યાસમાં પણ ઈસરોએ ચંદ્રના ધ્રુવીય ખાડાઓમાં બરફની હાજરી શોધી કાઢી હતી.

ધરમ-હેમાએ ૪૪મી મેરેજ એનિવર્સરી ઉજવી

૪૪ વર્ષનો સહવાસ, સુંદર દીકરીઓ, દોહિત્રો આથી વધુ જિંદગીમાં શું જોઈએઃ હેમા

મુંબઈઃ હિન્દી ફિલ્મોની એક જમાનાની સુપર હિટ જોડી ધર્મેન્દ્ર અને હેમા માલિનીએ તેમના લગ્નની ૪૪મી વર્ષ ગાંઠ તાજેતરમાં ઉજવી હતી. હેમા માલિનીએ આ અવસરે સોશિયલ મીડિયા પર તેમની યાદગાર તસવીરો શેર કરીને લખ્યું હતું-આજે અમારી ૪૪મી વેડીંગ એનિવર્સરી છે. ૪૪ વર્ષનો સહવાસ, બે સુંદર દીકરીઓ, મજાના દોહિત્રો અને તેમનો પ્રેમભર્યો સાથ છે, અમારા પ્રશંસકોની પણ અસીમ પ્રશંસાઓ પણ સાથે છે. આથી વધુ જિંદગીમાં શું જોઈએ આ કૃપા માટે અમે પરમ કૃપાળુ પરમાત્માના આભારી છીએ.

બોલિવૂડની કોઇ મોટી ફિલ્મોની રિલીઝ નથી ત્યારે...

સિનેમાહોલ હવે સાઉથની ફિલ્મોના સહારે

'કલ્કી ૨૮૯૮ એડી', 'ઈન્ડિયન-૨', દેવરા, પુષ્પા-૨ જેવી ફિલ્મોથી મોટી

મુંબઈ, તા.૩

વર્ષ ૨૦૨૪ના પ્રથમ ચાર મહિના બોલીવૂડ માટે કમનસીબ રહ્યા છે. એકપણ ફિલ્મ ૨૦૦ કરોડનો બિઝનેસ પાર કરી શકી નથી. જેને લઈને ફિલ્મવાળાઓમાં નિરાશાનો માહોલ છે. હાલ ચૂંટણીનો માહોલ આઈપીએલના કારણે પણ નવી-મોટી ફિલ્મોની રિલીઝ અટકી છે. સિનેમા હોલ ખાલી છે. ટિકિટોના ભાવ ઘટાડવા છતાંય માત્ર સમર સીઝર નહીં બલ્કે દિવાળી પહેલા પણ બોલીવૂડની કોઇ મોટી ફિલ્મની રિલીઝની જાહેરાત નથી. આ સંજોગોમાં હાલ સાઉથની હિન્દીમાં ડબ થઈને રજુ થનારી ફિલ્મોનો જ સહારો છે.

આઝાદી દિન પર્વે અજય દેવગનની 'સિંઘમ અગેઇન' રીલીઝ થવાની હતી પણ તેની ફિલ્મ પોસ્ટપોન થઇ ગઇ છે. હવે તે દિવાળી પર રજૂ થશે. એક ચર્ચા એવી પણ છે કે શૂટીંગ પુરું ન થઇ શકવાના કારણે ફિલ્મની રિલિઝ હવે આવતા વર્ષે જ થશે. બોલીવૂડની મોટી ફિલ્મો પૈકી 'ભુલ ભુલૈયા-૩' અને આમિર ખાનની 'સિરાતે જમીન પર', અક્ષયકુમારની 'વેલકમ ટુ જંગલ' દિવાળી અને ક્રિસમસ પર રજુ થશે.

જ્યારે બીજી બાજુ સાઉથની એક પછી એક મોટી ફિલ્મો આવી રહી છે. જેમાં જુનમાં પ્રભાસની ફિલ્મ 'કલ્કી ૨૮૯૮' અને કમલ હસનની ફિલ્મ 'ઈન્ડિયન-૨' જૂનમાં રીલીઝ થઇ રહી છે.

આ વર્ષે રિલિઝ થનારી સાઉથની ફિલ્મોમાં બોલીવૂડના સ્ટાર્સ પણ મહત્વના રોલમાં જોવા મળશે. ફિલ્મ 'કલ્કી'માં અમિતાભ બચ્ચન, દિપીકા દિશા ચમકી રહ્યા છે. દશેરાએ તો રીલીઝ થનાર જુનીયર એનટીઆરની ફિલ્મ 'દેવરા'માં સૈફ અલીખાન અને જહાનવી કપૂર નજરે પડશે.

રીલ હીરો ખુદ રીલ હીરો બનશે!

સુપર સ્ટાર રજનીકાંતની બાયોપિક બનશે



મુંબઇ, તા.૩

હવે સાઉથના સુપર સ્ટાર રજનીકાંતની પણ બાયોપિક બનશે. છેલ્લા ૫૦ વર્ષથી ફિલ્મ ઉદ્યોગમાં સક્રિય રજનીકાંતે ૧૭૦ ફિલ્મોમાં કામ કર્યું છે.

સુપર સ્ટાર રજનીકાંત ઇન્ડિયન સિનેમાના સૌથી પોપ્યુલર એક્ટર્સમાંના એક છે. છેલ્લા પાંચ દાયકાથી તેઓ લોકોના દીલ જીતી રહ્યા છે. રજનીકાંત ૧૭૦ જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે, તેમની કેટલીક ભૂમિકા તો લોકોને હંમેશા મજા કરાવે છે. હવે છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર એવા સમાચાર આવી રહ્યા છે કે બોલીવૂડના એક જાણીતા પ્રોડ્યુસરે સુપર સ્ટાર રજનીકાંતના જીવન પર ફિલ્મ બનાવવાનું બીડુ ઝડપ્યું છે.

'૮૩,' 'સુપર ૩૦', 'કિક', 'ટુ સ્ટેટ્સ' જેવી ફિલ્મો બનાવનાર સાજિદ નડિયાદવાલા આ બાયોપિક પર કામ કરી રહ્યા છે. સાજિદ નડિયાદવાલાએ આ બાયોપિક માટે રસ દાખવ્યો છે અને રજનીકાંતની મંજુરી પણ લઇ લીધી છે. સાજિદ જ આ ફિલ્મ લખી રહ્યા છે અને તેમણે સ્ક્રિપ્ટ પર કામ શરુ કરી દીધું છે. એક વખત સ્ક્રિપ્ટ તૈયાર થઇ જાય પછી તેના પર આખરી નિર્ણય લેવાશે. રજનીકાંત દ્વારા પ્રાથમિક કામને મંજુરી આપી દેવાઇ છે. એ વાત પાક્કી છે કે આ એક ઐતિહાસિક ફિલ્મ હશે, આ અંગે રજનીકાંતના ફેન્સ પણ તેમની સ્ટોરી મોટા પડદે જોવા ઉત્સુક છે. રજનીકાંત હાલ તેમની ૧૭૦ અને ૧૭૧મી ફિલ્મ 'વેતૈયા' અને 'કુલી' માટે કામ કરી રહ્યા છે. ટી.જે. જ્ઞાનવલની ફિલ્મ 'વેતૈયા'નું શૂટ ટ્રેક સમયમાં પુરું થશે. જ્યારે લોકેશ કનગરાજની 'કુલી' ટ્રેક સમયમાં ફ્લોર પર જશે.



જોનની દિલદારીઃ ફેનને જન્મ દિવસે ૨૨ હજારના શૂઝની ગિફ્ટ આપી

વાયરલ વીડિયોમાં જોન અબ્રાહમ ખુદ ફેનને બુટ પહેરાવી દોરી બાંધતો નજરે પડે છે

મુંબઈઃ જોન અબ્રાહમ માત્ર પોતાના ફેન્સમાં લોકપ્રિય જ નથી બિલકે તે પોતાના ફેન્સનો ખૂબ જ ખ્યાલ પણ રાખે છે. હાલમાં જ જયારે જોનના એક ફેનનો જન્મ દિવસ હતો ત્યારે તેણે ફેનને માત્ર કેક જ નહોતો ખવડાવ્યો બલકે તેને ૨૨ હજાર રૂપિયાના જૂતા પણ ગિફ્ટ આપ્યા હતા. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયોમાં જોન અબ્રાહમ બ્લેક શર્ટમાં નજરે પડે છે સાથે સાથે તેનો ફેન પણ નજરે પડે છે વીડિયોમાં જોવા મળે છે કે પહેલા જોન કેક કાપે છે પછી ફેનને હાથે ખુદ કેક ખાય છે. આટલું જ નહીં જોને ફેનને ૨૨ હજારની કિંમતના શૂઝ પણ ગિફ્ટ આપ્યા હતા. ખબરો મુજબ આ શૂઝ વાઈકર કંપનીના છે. ખુદ જોનને પણ વાઈકીંગના જૂતા પસંદ છે.

વીડિયોમાં એ પણ જોવા મળે છે કે ફેન જયારો શૂઝ પહેરે છે ત્યારે જોન અબ્રાહમ ખુદ નીચે બેસીને શૂઝની દોરી બાંધતો નજરે પડે છે.

તમે કયાં વિસ્તારમાં કેવા પ્રભાવશાળી માફીયાઓ છો તેના પરથી પોલીટીકલ અને કાનુની એકશન નિશ્ચિત થતા હોય છે

શું દેશની દિકરીઓને હારવાનું જ છે ?

એક સમયે # મી-ટુ મુવમેન્ટ એ કેન્દ્રીય મંત્રીને પણ રાજીનામુ આપવાની ફરજ પડી હતી અને આપણે એ પણ સંતોષ લીધો કે રાજકારણમાં નૈતિકતા હજુ પણ બચી છે અનેક સેલીબ્રીટીઓને પણ સામાજીક શરમનો સામનો કરવો પડયો અને તેઓ અનેક પ્રોજેકટમાં પડતા પણ મુકાયા, ભલે ફોજદારી કેસ ન થયા હોય તે અલગ બાબત છે પરંતુ કાનુન કરતા સામાજિક દબાણ વધુ મહત્વપૂર્ણ પુરવાર થાય છે અને તે લાંબા ગાળાની અસર ધરાવે છે પરંતુ બ્રીજભૂષણ એ ફકત કુસ્તી સંઘ નહીં પોલીટીકસ કુસ્તીમાં પણ પોતાના અખાડામાં જ રાજકીય પક્ષને રમવું પડશે તે નિશ્ચિત કરી દીધુ છે

રાજકીય મજબુરી કેવી હોય છે તે આપણા સામે રોજ દ્રશ્યો આવી રહ્યા છે અને તેમાં ઉતરપ્રદેશમાં જે રીતે બ્રીજભૂષણ શરણસિંહ નહીં તો તેના પુત્રને ભાજપે ટીકીટ આપી તે દર્શાવે છે કે આ બાહુબલીને નજરઅંદાજ કરી શકાય નહીં પછી ભલે તેની સામે મહિલા કુસ્તીબાજો એ છેક મેડલ પરત કરવા સુધીનું આંદોલન કર્યુ પરંતુ બ્રીજભૂષણ પોતાના પોલીટીકસ મસલ્સ પર મુસ્તાક હતો અને પૂર્વીય યુપીમાં ભાજપ માટે તે જરૂરી છે તે પણ નિશ્ચિત થઇ ગયું છે, બ્રીજભૂષણ ફકત એક પ્રતીક છે પરંતુ રાજકારણમાં જે રીતે હવે માફીયાઓને ભ્રષ્ટાચાર સાથે સમાધાન થઇ રહ્યા છે તે દર્શાવે છે કે પોલીટીકસને સ્વચ્છ કરવામાં કોઇને રસ નથી

૭ નવેમ્બર ૨૦૧૭ દેશની સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ખાસ કરીને મંત્રીઓ સાથે જે ફોજદારી કેસો પેન્ડીંગ છે તેનું સ્ટેટસ માંગતા જણાવ્યું હતું કે જેઓ કાયદાને તોડે છે તેઓ જ કાયદો બનાવનાર બની જાય છે એટલે કે લો મેકર્સ અને લો બ્રેકર્સ વચ્ચેની જે એક વિશાળ ભેદરેખા હોવી જોઇએ તે કદાચ હવે ભારતીય રાજકારણમાં ભુલાઇ ગઇ છે સુપ્રિમ કોર્ટે તે સમયે રાજકીય નેતાઓ ખાસ કરીને જેઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે તેવા ધારાસભ્યો અને સાંસદો સામે કેસ ચલાવવા ખાસ કોર્ટની રચના કરવા માટે જણાવ્યું અને એટલું જ નહીં એક વર્ષમાં તેમની સામે કમ સે કમ ટ્રાયલ કોર્ટમાં સુનાવણી પુરી થાય અને ચુકાદો આવે તે નિશ્ચિત કરવા પણ જણાવાયું પરંતુ ભાગ્યે જ તેમાં કોઇ આજે પરિણામ લાવી શકાયું છે અને પોલીટીકસ તેમજ ક્રિમીનલનો સંબંધ ધીમે ધીમે એટલો ગાઢ થઇ ગયો છે હવે ક્રિમીનલ જ પોલીટીશીયન બનવા લાગ્યા છે તેમને સ્વીકાર કરવાની ફરજ જનતાને પડે તે રીતે આપણા રાજકીય પક્ષો આગળ વધી રહ્યા છે. લોકસભા સહિત ચૂંટણી ઉમેદવારો સામે જે ફોજદારી કેસ હોય તેઓને ઉમેદવારી નોંધાવ્યા બાદ કમ સે કમ ત્રણ વખત સ્થાનિક અખબારોમાં તેમની સામે ફોજદારી કેસો અંગે માહિતી આપવાની ફરજ અપાઇ છે. તેમાં જે કઇ માહિતી પ્રસિધ્ધ થાય તે એટલી ગુંચવણ ભરી હોય છે કે સામાન્ય લોકોને ભાગ્યે જ કાયદા અંગે જ્ઞાન હોય છે જેથી નકકી કરી શકે કે તેઓ જેમને મત આપવા માંગે છે તે કેટલા ક્રિમીનલ છે એ વાસ્તવિકતા નિશ્ચિત થઇ રહ્યું છે. મહત્વની બાબત એ છે કે ૨૦૨૪ની ચૂંટણીમાં પણ જે રીતે ફોજદારી કેસો ધરાવતા અથવા તો જેમને અદાલતોએ સજા કરી છે પરંતુ સ્ટે મેળવી લેનાર ઉમેદવારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ બિન્દાસ્ત રીતે શાસક બનીને આપણા ઉપર રાજ કરે છે એટલું જ નહીં એક વખત તે શાસક બન્યા પછી પોલીસ સહિતનું સરકારી તંત્ર તેની સામે લાચાર થઇ જાય છે અપરાધી હોવું એ નેતાઓ માટે કોઇ છોછ રહ્યો નથી.

કર્ણાટકમાં જે રીતે પ્રજજવલ રેવન્ના સેકસ કાંડ બહાર આવ્યું તે પછી તે ફરી સાંસદ તરીકે ચૂંટાશે તે નિશ્ચિત બની રહ્યું છે, ૨૦૧૭માં દેશની સુપ્રિમ કોર્ટે આપણા લો-મેકર્સ હવે લો-બ્રેકર્સ બની રહ્યા છે તેવો વસવસો કરીને સાંસદો અને ધારાસભ્યો સામેના કેસમાં એક ખાસ ટ્રાયલ કોર્ટ રચીને એક વર્ષમાં ચુકાદો આવે તે નિશ્ચિત કરવા જણાવાયું પરંતુ ભાગ્યે જ તેમાં કોઇ નોંધપાત્ર પ્રગતિ જોવા મળી એ ચોકકસ છે કે જો પોલીટીકલ આવશ્યકતા હોય તો કેન્દ્રીય એજન્સીઓ અને કાનુન મેરેથોન રેસની જેમ દોડવા લાગે છે જયારે અન્ય કેસમાં કાચબા ગતિ પણ અપનાવતા નથી

આ ઇન્ટ્રો લખતા સમયે એક સમાચારે પણ આંચકો અપ્યો છે ઉતરપ્રદેશમાં કેશરગંજ લોકસભા બેઠક પર ભારતીય જનતા પક્ષે સાંસદ બ્રીજ ભૂષણ શરણસિંહના સ્થાને તેના પુત્ર કરણસિંહને ટીકીટ આપી છે. છેલ્લા કેટલાક વખતથી બ્રીજભૂષણ ચર્ચાના કેન્દ્રમાં રહ્યો છે ખાસ કરીને મહિલા કુસ્તીબાજો સાથે જાતીય દુવ્યવહાર અને શોષણ સહિતના આરોપો ભાજપના સાંસદ સામે લાગ્યા અને અંતે તેમને કુસ્તી સંઘના અધ્યક્ષ પદ પરથી હટાવવા પડયા તે સમયથી એ ચર્ચાતુ હતું કે શું ભાજપ બાહુબલી બ્રીજભૂષણને એક બાજુ કરવાની હિંમત દાખવી શકશે પરંતુ છેલ્લા સમાહથી જે રીતે કર્ણાટકમાં જનતા દળ એસના નેતા અને પૂર્વ વડાપ્રધાન એચ.ડી.દેવગૌડાના પૌત્ર અને સાંસદ પ્રજજવલ રેવન્નાના સેકસ કેન્ડલની માહિતી બહાર આવી અને જે રીતે ભાજપને પણ અહીં તેના સાથી પક્ષના આ ફેમીલીથી દુર થવાની ફરજ પડી તેમ છતાં પણ રેવન્ના ફરી એક વખત સાંસદ તરીકે ચૂંટાશે તો કદાચ તેનો કોઇ વિરોધ નહીં હોય કારણ કે સેકસ કાંડ બહાર આવ્યા પહેલા જ તેમના વિસ્તારમાં મતદાન થઇ ગયું હતું અને જેવી ટેપ બહાર આવી કે તુર્ત જ રેવન્ના વિદેશ નાસી ગયો અને તે હવે ૧૫ તારીખના પરત આવશે તેવી ચર્ચા છે પરંતુ આવ્યા બાદ પણ શું તેને દેશના લો મેકર બનતા અટકાવી શકાશે અને જે રીતે આપણા દેશમાં ક્રિમીનલનો સાથ એ રાજકીય પક્ષો અને નેતાઓની રાજકીય મજબુરી બની ગઇ છે તે પછી રેવન્ના પ્રકરણ ભુલાઇ જાય તો કદાચ આશ્ચર્ય થશે નહીં અને ફરી એક વખત તેઓ લો મેકર્સ બની જશે. હજુ એ મી-ટુ મુવમેન્ટ ભુલાઇ નથી જે સમયે દેશમાં અનેક રાજકીય નેતાઓ અને સેલીબ્રીટીઓએ તેમની સાથે જે જાતીય દુર્વ્યવહાર થયા હતા તે અંગે એક પછી એક મહિલાઓએ જાહેરમાં આવવાની હિંમત બતાવી અને તેના પરિણામે કેન્દ્રીય મંત્રી સહિત અનેકને પોતાના પદ છોડવા પડયા આ એક સામાજીક શરમની સ્થિતિ બની અને તેનું પરિણામ હતું. કદાચ દેશમાં તેનાથી મહિલાઓમાં પોતાની વાત કહેવાનો એક જે માહોલ બન્યો હતો તે હવે ભાગ્યે જ રહ્યો છે અને ફરી વખત આપણે એ મહિલાઓના અવાજને દબાવી રહ્યા છે જેને ભુતકાળમાં પોતાની સામેના આ પ્રકારના અત્યાચાર સામે પ્રશ્ન ઉઠાવ્યા હતા.

બ્રીજભૂષણને ટીકીટ ન આપી પરંતુ તેને પોલીટીકસ કે પક્ષથી અલગ કરવાનું સાહસ ભાજપ કરી શકયો નથી તે દર્શાવે છે કે તેની પણ રાજકીય મજબુરી છે કે આ પ્રકારના આરોપો છતાં પણ તે પરિવારને રાજકારણમાં મહત્વ આપવું પડે છે. બ્રીજભૂષણ જે મત વિસ્તારમાં એટલે કે કેસરગંજ ન નહીં પરંતુ આ દબંગ નેતા પૂર્વ ઉતરપ્રદેશની અનેક બેઠકો પર પ્રભાવશાળી વ્યકિત છે. જયારે તેના જ વિશ્વાસુ સંજયસિંઘ ભારતીય કુસ્તીબાજ સંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા તે પણ બ્રીજભૂષણની જ કમાલ હતી અને તે સમયે તેમના નિવાસ સ્થાને એવા સુત્રો પોકાર્યા હતા કે 'દબદબા તો હૈ દબદબા તો રહેગા અને સૌએ તે લાચાર રીતે સાંભળી પણ રહ્યા. આમ પોલીટીકસ જ નહીં પરંતુ ખેલકુદમાં વર્ચસ્વ કેટલું છે તે આપણી સમક્ષ આવી જાય છે. બ્રીજભૂષણ સામે કદાચ દિલ્હી પોલીસને પુરાવા ન મળ્યા હોય રાજકીય દબાણના કારણે તપાસ આગળ ધરી ન હોય વાસ્તવિકતા એ છે કે મહિલા કુસ્તીબાજોએ આરોપ મુક્યા હતા તે ગંભીર પ્રકારના છે અને જયારે દેશમાં મહિલા સન્માનની વાત થતી હોય તે સમયે આ આક્ષેપો ગંભીર બની જાય છે. વારંવાર દાખલા અપાઇ છે કે સીતાને પણ અગ્નિ પરીક્ષા આપી હતી પરંતુ અહીં તો દરેક સમયે સીતાને જ સહન કરવું પડે તેવી સ્થિતિ છે. મણીપુર કાંડ હોય ઉન્નાવ તમામમાં આપણે જોયુ છે અને ફરી એક વખત આપણે તે નિહાળશું જો બ્રીજભૂષણ સંદેશ ખાલીનો વિલન હોત તો વાત જુદી હતી....

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

રોમાંચક મેચમાં એક રનથી હાર્યું રાજસ્થાન રોયલ્સઃ SRHએ પમી વખત ૨૦૦+ સ્કોર કર્યો, સૌથી નાના માર્જીનથી જીત

રેડ્ડીએ ૮ સિક્સ ફટકારીઃ હૈદરાબાદના અનકેપ્ડ પ્લેયર તરીકે સૌથી વધુ રન કર્યા : ભુવનેશ્વર કુમારે છેલ્લી ઓવરમાં ૧૩ રન ડિફેન્ડ કર્યા – પ્લેયર ઓફ ધી મેચ ઘોષિત

હૈદરાબાદ :

ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪ની રોમાંચક મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને એક રનથી હરાવ્યું. ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમારે છેલ્લી ઓવરમાં ૧૩ રનનો બચાવ કર્યો હતો.

ગુરુવારે આ જીત સાથે, સનરાઈઝર્સ વર્તમાન સિઝનના પોઈન્ટ ટેબલના ટોપ-૪માં સ્થાન મેળવી લીધું છે, જ્યારે રાજસ્થાનની પ્લેઓફ માટે ક્વોલિફાય થવાની રાહ વધી ગઈ છે. હાર છતાં રોયલ્સ ૧૬ પોઈન્ટ સાથે ટેબલમાં ટોચ પર છે.

રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ટોસ જીતીને બેટિંગ કરતા હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૦૧ રન બનાવ્યા હતા. ટીમે સિઝનમાં પમી વખત ૨૦૦ રનનો આંકડો પાર કર્યો છે. જવાબમાં રાજસ્થાન ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૦ રન જ બનાવી શક્યું હતું. રોયલ્સને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૧૩ રનની જરૂર હતી, પરંતુ ભુવનેશ્વર કુમારે માત્ર ૧૧ રન આપ્યા હતા. ભુવી પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ૪૧ રનમાં ૪ વિકેટ લીધી હતી.

અનકેપ્ડ રેડ્ડીએ બનાવ્યો સૌથી વધુ સ્કોર SRH બેટ્સમેન :

નીતિશ કુમાર રેડ્ડીએ ૪૨ બોલમાં ૭૬ રનની ઈનિંગ રમી. તેણે હજુ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું નથી, આ સાથે તે હૈદરાબાદ માટે સૌથી વધુ સ્કોર બનાવનાર અનકેપ્ડ ખેલાડી બન્યો. તેણે રાહુલ ત્રિપાઠીના રેકોર્ડની બરાબરી કરી, જેણે ૨૦૨૨માં ૭૬ રન બનાવ્યા હતા

હૈદરાબાદે સિઝનમાં પમી વખત ૨૦૦ પ્લસ રન બનાવ્યા :

એક સિઝનમાં સૌથી વધુ ૨૦૦ રન બનાવનારી ટીમોમાં ટીમ બીજા સ્થાને પહોંચી છે.

ગત સિઝનમાં મુંબઈએ ૬ વખત ૨૦૦થી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

ભુવનેશ્વર પાવરપ્લેમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો :

ભુવનેશ્વર કુમારે રાજસ્થાન રોયલ્સ સામે પાવરપ્લેમાં ૨ વિકેટ લીધી હતી. આ સાથે IPL પાવરપ્લેમાં તેની કુલ ૬૭ વિકેટ થઈ ગઈ છે. તે ટૂર્નામેન્ટના પાવરપ્લેમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે.

પાવરપ્લેમાં હૈદરાબાદે આ સિઝનનો સૌથી ઓછો સ્કોર બનાવ્યો :

આ સિઝનમાં આ તેમનો સૌથી ઓછો પાવરપ્લે સ્કોર હતો, આ પહેલા ટીમે મુલ્લાનપુર મેદાન પર ૪૦ રન બનાવ્યા હતા. ટીમે પાવરપ્લેમાં ૬ ઓવરમાં ૧૨૫ રનનો રેકોર્ડ સ્કોર પણ બનાવ્યો છે.

ખેલાડીઓનું પ્રદર્શનઃ હેડ અને નીતિશ તરફથી ફિફ્ટી

SRH તરફથી નીતીશ રેડ્ડીએ ૪૨ બોલમાં ૭૬ રનની અણનમ અડધી સદી ફટકારી હતી, જ્યારે ટ્રેવિસ હેડે ૪૪ બોલમાં ૫૮ રન બનાવ્યા હતા. હેનરિક ક્લાસને ૧૯ બોલમાં અણનમ ૪૨ રનનું યોગદાન આપ્યું હતું. અવેશ ખાનને ૨ વિકેટ મળી હતી.

આરઆર માટે રિયાન પરાગે ૪૯ બોલમાં ૭૭ રન બનાવ્યા હતા જ્યારે યશસ્વી જયસ્વાલે ૪૦ બોલમાં ૬૭ રનની ઈનિંગ રમી હતી. ભુવનેશ્વર કુમાર ઉપરાંત ટી નટરાજન અને પેટ કમિન્સને ૨-૨ વિકેટ મળી હતી.

DNA મેચ ન થાય તો પણ દુષ્કર્મનો આરોપ નકારી ન શકાયઃ હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

પીડીતાની કેફીયતને ધ્યાને રાખીને આરોપીનાં જામીન ફગાવ્યા

ગાંધીનગર તા.૩

રેપ અને પોકસોનાં કાયદા હેઠળ નોંધાયેલી એફઆઈઆરના આરોપીને જામીન આપવાનો ઈન્કાર કરતાં હાઈકોર્ટનાં જસ્ટીસ એમ.આર.મેંગડેએ એવું અત્યંત મહત્વપૂર્ણ તારણ રજુ કર્યુ હતું કે 'માત્ર આરોપી અને પીડીતાના ગર્ભના ભૃણનું ડીએનએ મેચ ન થતું હોય તો તેવા કિસ્સામાં રેપ અને પોકસોનાં કાયદા હેઠળ નોંધાયેલી એફઆઈઆરના આક્ષેપોને નકારી શકાય નહીં. શહેરના નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરમાં નિયમીત જામીન મેળવવા માટે આરોપી દ્વારા કરવામાં આવેલી અરજીને રદ કરતા હાઈકોર્ટે ઉકત આદેશ કર્યો હતો.

અત્યંત આંટીઘુંટી ભરેલા આ કેસમાં એવી હકીકતો સામે આવી હતી કે, અરજદાર આરોપી પીડીતા સાથે સોશ્યલ મીડીયા મારફતે સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ તેને મળ્યો હતો અને પોતાના બાઈક પર બેસાડીને હોટેલમાં લઈ ગયો હતો અને બળજબરીપૂર્વક પીડીતાની સંમતિ વિરૂદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા.આ ગુનામાં પ્રસ્તુત કેસનાં અરજદાર ઉપરાંત અન્ય એક આરોપી પણ સામેલ હતો. અને બન્ને આરોપીઓએ પીડીતા સાથે બળજબરી કરીને શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની એફઆઈઆર નોંધાતા આરોપીએ જામીન મેળવવા અરજી કરી હતી. જે અરજી નીચલી કોર્ટે ફગાવી દેતાં આરોપીએ હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા હતા.

આરોપી તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે પીડીતા આરોપી સાથે સંબંધમાં આવી એ પહેલા તે કોઈ અન્ય વ્યકિત સાથે પણ શારીરીક સંબંધમાં હતી. પીડીતાના ગર્ભમાં રહેલા ભૃણ અને આરોપીને ડીએનએ મેચ થયું નથી અને તેથી અરજદારે એફઆઈઆર મુજબનો ગુન્હો કર્યો હોવાનું કહી શકાય નહિં. અરજદાર ક્યારેય પણ પીડીતા સાથે હોટેલમાં ગયો નહોતો અને પીડીતા તેના મંગેતર સાથે હોટેલમાં ગઈ હતી એના મંગેતરનું આઈડી પણ હોટેલનાં રજીસ્ટરમાં જોઈ શકાય છે. પીડીતાનાં નિવેદનોમાં પણ વિરોધાભાસ હોવાથી અરજદારોને જામીન પર મુકત કરવો જોઈએ.

બીજી તરફ રાજય સરકારે અરજીનો વિરોધ કરતાં કહ્યું હતું કે અરજદાર અને પીડીતા બન્ને ઓળખતા હતા અને અરજદાર પીડીતાને બાઈક પર બેસાડીને હોટેલ લઈ ગયો હતો જયાં તેણે બળજબરીથી શરીર સંબંધ બાંધ્યા હતા અને તેના કારણે પીડીતા સગર્ભા થઈ હતી.અરજદારે પીડીતાના વાંધાજનક ફોટા પણ પાડયા હતા. અને તેને બ્લેકમેઈલ પણ કરી હતી. તેથી ગુનામાં તેની ભૂમિકા સક્રિય અને ભાગીદારીને નકારી શકાય નહિં.

હાઈકોર્ટે નોંધ્યુ હતુંકે પીડીતા આરોપી સાથે સોશ્યલ મીડીયાના માધ્યમે સંપર્કમાં આવી હતી અને આરોપી પીડીતાને બોલાવીને હોટેલમાં લઈ ગયો હોવાની કેફીયત પીડીતાએ જ દર્શાવી છે.આરોપી અને અન્ય વ્યકિત પીડીતાને હોટેલમાં લઈ આવ્યા હતા અને એવુ નિવેદન હોટેલનાં મેનેજરે આપ્યું છે.સહ આરોપીએ પણ પણ પીડીતા સાથે સંબંધ બાંધ્યો હતો અને હાલ તે ભાગેડુ છે. પીડીતાએ એફઆઈઆરમાં જે હકીકતો લખાવી છે એજ હકીકતો તેણે ડોકટર સમક્ષ તપાસ દરમ્યાન પણ આપી છે.આ સંજોગોમાં માત્ર આરોપી અને પીડીતાના ગર્ભનાં ભૃણનું ડીએનએ ન મળતુ હોવાના આધારે રેપ અને પોકસોનાં કાયદા હેઠળ નોંધાયેલી ફરીયાદના આરોપોને નકારી શકાય નહિં.

અહીં આવીને લાગ્યું કે રામરાજય આવુ જ હશેઃ પાક.શ્રધ્ધાળુ

પાક.થી ભારતની યાત્રાએ આવેલા શ્રધ્ધાળુઓ બોલ્યા-કાશ, આવી આઝાદી અમારે ત્યાં હોય!

સિંધી શ્રધ્ધાળુઓએ રામલલ્લાનાં દર્શન કર્યાઃ પાકિસ્તાનમાં અમને શિવરાત્રી, જન્માષ્ટમી, સમુહમાં ઉજવવાની મંજુરી નથીઃ શ્રધ્ધાળુઓ

અયોધ્યા તા.૩

પાકિસ્તાનનાં સિંધ પ્રાંતમાં લઘુમતીઓ માટે માહોલ ઠીક નથી. ત્યાં તહેવારો ધાર્મિક આયોજનો પર જબરજસ્ત પ્રતિબંધો છે જયારે હિન્દુસ્તાનમાં દરેક બાજુ ખુલ્લો માહોલ છે. કયાંય પાબંદી નથી. મોડી રાત સુધી મરજી મુજબ કપડા પહેરીને આવતી જતી મહિલાઓ બતાવે છે કે માહોલ કેટલો સારો છે. આ પ્રતિક્રિયા છે.પાકિસ્તાનથી આવેલા શ્રધ્ધાળુઓની આ શ્રધ્ધાળુઓએ જણાવ્યું હતુંકે કાશ અમારે ત્યાં આવી આઝાદી હોત.

પાકિસ્તાનનાં ૩ ૪ જીલ્લામાંથી આવેલા સિંધી શ્રધ્ધાળુઓના જુથે આ ભાવના વ્યકત કરી હતી ગુરૂવારે મોડી સાંજે અયોધ્યામાં રામલલાનાં દર્શને પહોંચેલા શ્રધ્ધાળુઓમાં સિંધ પ્રાંતનાં સાંગણ જીલ્લાનાં શેદાતપુર નિવાસી નરેન્દ્રકુમારે જણાવ્યું હતું કે પહેલીવાર હિન્દુસ્તાન આવ્યા છે તેમણે કહ્યું હતુંકે જે વુ સાંભળ્યુ હતું એવુ જ જોયું. રામ રાજય આવુ જ હશે.સિંધમાં તહેવાર અમે ઉજવી શકતા નથી. મંદિર નથી, શિવરાત્રી, જન્માષ્ટમી, બડામંગલ, રામનવમી અમને સામુહીક ઉજવવાની મંજુરી નથી.

૧૫ દિવસ પહેલા ભારત પહોંચ્યા હતાઃ

ઉતર પ્રદેશ સિંધી યુવા સમાન પ્રદેશ અધ્યક્ષ ઓમપ્રકાશ ઓમીએ જણાવ્યું હતું કે જુથમાં કરાંચી, લાહોર, ઘોટકી, હૈદરાબાદથી શ્રધ્ધાળુઓ આવ્યા છે. ૧૫ દિવસ પહેલા આ સિંધી શ્રધ્ધાળુઓ ભારત આવ્યા હતા.

અહી તેઓ અમૃતસર, અમરાવતી, રાયપુર, પ્રયાગરાજ, અયોધ્યા, હરીદ્વારમાં મુલાકાત લઈને પાકિસ્તાન પરત ફરશે.

મતદાનને પ્રોત્સાહન આપવા ચૂંટણી પંચની પહેલ

મતદાન બાદ મતદારને ઘેર જવા ફ્રી બાઈક ટેકરની રાઈડની સુવિધા મળશે

નિઃશુલ્ક પરિવહન સેવા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, આણંદમાં કોમ્યુટ એપ રેપિડો આપશે

અમદાવાદ તા.૩

મતદાનને પ્રોત્સાહન આપવા ચૂંટણી પંચ દ્વારા તમામ મતદારોને મતદાન કરી તેમના ઘેર જવા માટે વિનામુલ્યે ફ્રી બાઈક ટેકસી રાઈડની ઓફર રજુ કરી છે. આ માટે રેપિડો કોમ્યુટ એપ સાથે ચૂંટણી પંચે હાથ મીલાવ્યા છે.

ગુજરાતમાં ૭મીએ ૨૬ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે ત્યારે તેમાં મતદાન વધે તે માટે ચૂંટણી પંચ દ્વારા ઘણા પ્રયત્નો-પ્રયોગો હાથ ધરાઈ રહ્યા છે. જેના એક ભાગરૂપે જ ચૂંટણી પંચ દ્વારા તમામ મતદારોને મતદાન બાદ તેમના ઘેર પરત જવા માટે 'ફ્રી બાઈક ટેકસી રાઈડસ'ની ઓફર રજુ કરી છે. જે ૭મીએ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને આણંદમાં ઉપલબ્ધ કરાવાશે. ભારતની અગ્રણી કોમ્યુટ એપ રેપિડો 'સવારી જીમ્મેદારી કી'ની પહેલ લોંચ કરી છે. આ માટે રેપિડોએ લોકસભાની ચૂંટણીમાં મતદારોને મતદાન માટે પ્રોત્સાહન આપવા માટે ગુજરાતનાં મુખ્ય ચૂંટણી કાર્યાલય સાથે હાથ મીલાવ્યા છે.ગુજરાતનાં મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતી અને ગાંધીનગર સ્થિત મૂખ્ય ચૂંટણી કાર્યાલય ખાતેથી સંયુકત ચૂંટણી અધિકારી પી.ડી.પલસાણાએ ઉપસ્થિત રહી તેમને પ્રોત્સાહીત કર્યા હતા.

આ આયોજન મુજબ ચૂંટણીના દિવસે મતદાતા મતદાન કર્યા બાદ શાહીવાળી આંગળી બતાવીને ટ્યઝઊગઘઠ કોડનો ઉપયોગ કરી રેપિડો એપ પર ફ્રી રાઈડસની સુવિધા મેળવી શકે છે.

રાજકોટ જિલ્લાની ૫ સહિત રાજયની ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં સોમવારથી ત્રણ દિ'ની રજા જાહેર

જામકંડોરણા, પડધરી, જેતપુર, વિછીંયા, અને જસદણની કચેરીનો સમાવેશઃ દસ્તાવેજ નોંધણીના ટોકન કેન્સલઃ સ્ટાફ ચૂંટણી ફરજમાં

રાજકોટ,તા.૩

લોકસભાની ચૂંટણીમાં સબરજિસ્ટ્રાર કચેરીઓના કર્મચારીઓને ફરજ સોંપાતા રાજકોટ જિલ્લાની પાંચ સહિત રાજય ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવી છે.આ અંગે રાજ્યના નોંધણીસર નિરીક્ષકની કચેરી દ્વારા પરિપત્ર ઈશ્યુ કરી દેવામાં આવેલ છે. રાજયની ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવી છે. જેમાં રાજકોટ જિલ્લાની જામકંડોરણા, પડધરી, જેતપુર, વિછીંયા અને જસદણની સબ રજિસ્ટ્રાર કચેરી ઓનો સમાવેશ થાય છે આ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં મિલ્કત દસ્તાવેજોની નોંધણી માટે તા. ૬ સુધીના જેઓએ ટોકન લીધા છે. તે ટોકન કેન્સલ કરવામાં આવેલ છે.લોકસભાની ચૂંટણીની કામગીરીમાં કર્મચારીઓને મતદાન પુર્વે તા. ૬ના મતદાને મથકો પર પહોંચવાનું હોય છે. અને તા.૭ના મતદાન પૂર્ણ થયા બાદ બીજા દિવસે ચૂંટણી સ્ટાફને રજા છે. જેથી તા. ૬ થી ૮ સુધી રાજયની ૨૧૦ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવીને જેના પગલે આ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં જેઓએ દસ્તાવેજ નોંધણીના ટોકન લીધા છે. તે કેન્દ્રીય કરવામાં આવેલ છે.

રાજકોટમાં ૩૨ વર્ષીય યુવાનનું હાર્ટએટકથી મોત

સતત ત્રીજા દિવસે યુવા વયની વ્યકિતને હૃદયરોગના હુમલાનો બનાવ : મોરબી રોડ પર જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતો ધવલ ગોપાલકા ઘરે બેભાન થયા બાદ સારવારમાં દમ તોડ્યો

રાજકોટ, તા.૩

રાજકોટમાં ૩૨ વર્ષીય યુવાનનું હાર્ટ એટકથી મોત થયું છે. સતત ત્રીજા દિવસે યુવા વયની વ્યકિતને હૃદય રોગના હુમલાનો બનાવ બનતા ચિંતા સાથે ચકચાર મચી છે. મૃતક ધવલ પ્રવિણભાઈ ગોપાલકા (ઉ.વ.૩૨, રહે.જય જવાન જય કિશાન સોસાયટી, મોરબી રોડ, રાજકોટ) પોતાના

મૃતક મૂળ ધોરાજી તાલુકાના પીપળીયા ગામનો વતની, ૨ પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત

ઘરે હતો ત્યારે છાતીમાં અસહ્ય દુઃખાવો ઉપડતા સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ટૂંકી સારવારમાં જ દમ તોડી દીધો હતો. મૃતક મૂળ ધોરાજી તાલુકાના પીપળીયા ગામનો વતની છે. હાલ રાજકોટમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

આ તસવીર... ઘણું કહી જાય છે...

હાથ-ના-સાથના દ્રશ્યો તો રોજ જોવા મળે છે પણ તસવીરમાં બીજી હરોળમાં બેસેલા કેસરીયા- ટોપી ધારકના ચહેરા પર પણ એક સંદેશ છે

જો તમો પોરબંદર ધારાસભા બેઠકની પેટાચૂંટણી લડી રહેલા કોંગ્રેસના પુર્વ નેતા અને હાલ ભાજપના ઉમેદવાર અર્જુનભાઈ મોઢવાડીયાના ફેસબુક-ટવીટર કે તેવા સોશ્યલ મીડીયા એકાઉન્ટની હજું બે વર્ષ આસપાસની પોસ્ટ વાંચો તો માની પણ શકો નહી કે આ તસવીર સાચી છે. ડીપફેક નથી... હાડોહાડ કોંગ્રેસી તરીકે ત્રણ-ચાર દશકા ગુજરાતના રાજકારણમાં વિતાવનાર અર્જુનભાઈ મોઢવાડીયાએ કેસરીયા કર્યા બાદ હવે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મંચ પર નજીક બેસી શકે તે લાયકાત મેળવી છે અને હવે ચુંટાયા પછી તેઓ મંત્રીમંડળમાં પણ સ્થાન મેળવશે તો તેની આસપાસ તેમના જૂના સાથીઓજ નજરે પડશે. ફકત સૌરાષ્ટ્ર કે ગુજરાત જ નહી દરેક રાજય દરેક લોકસભા-ધારાસભા બેઠક પર તમોને આવા 'મોઢવાડિયા' નજરે ચડશે. મહારાષ્ટ્રમાં પણ હાલના નાયબ મુખ્યમંત્રી તથા દેવેન્દ્ર ફડનવીસે જેના માટે જેલમાં ચકકી પીસીંગ તેવા શબ્દો એક નહી અનેક વખત ઉચ્ચાર્યા તે અજીત પવાર આજે તેમની જ બાજુમાં સાથે નાયબ મુખ્યમંત્રીપદે બેઠા છે અને અજીત પવાર હાલમાં જ વડાપ્રધાન સાથે પણ સ્ટેજ શેર કરી ગયા. આ દર્શાવે છે કે જનતાએ હવે આવા દ્રશ્યોથી બહું અફસોસ કરવા જેવું નથી. રાજકારણમાં હવે ભ્રષ્ટાચારનો છોછ નથી. નૈતિકતા તો લાંબા સમયથી 'ગુમ' છે અને રાજકીય માપદંડો સગવડતા મુજબ નિશ્ચિત થાય છે પણ આ તસ્વીરમાં પાછળ જે દેખાય છે તે રસપ્રદ છે. સ્ટેજ પર પાછળ 'કેસરી ટોપી' પહેરીને બેસેલા ભાજપના નેતાનો ચહેરો ઘણું કહી જાય છે કે તેઓ માટે હવે બીજી હરોળ જ ખાલી છે. પ્રથમ હરોળ હવે પક્ષપલટુઓ માટે રીઝર્વ બની ગઈ છે. આ નેતાનો અફસોસ એ ભાજપના લાખો કાર્યકર્તાઓને અફસોસ છે પણ તેઓનું ડીએનએ આર.એસ.એસ.નું છે તેથી તેઓ 'સદા વત્સલે માતૃભૂમિ' ને વંદન કરીને 'સંઘ-દક્ષ' સાથે કામ કરવાનું છે અને નેતૃત્વને સલામી કરવાની છે.

વોટસએપ પર ફરિયાદ કરનારા વેપારીઓ પાસે વ્યવસાય વેરાની ડિજિટલ ઉઘરાણી : ધડાધડ મેસેજ

ટોલ ફ્રી નંબરના ઉપયોગમાં પણ બાકી ટેકસના સંદેશા મોકલતું કોર્પો. : દોઢ લાખ વ્યવસાયિકો રડારમાં : અસુવિધાની ફરિયાદ નોંધવા સાથે સર્વરમાંથી પ્રોફે. ટેકસની સ્મૃતિ રવાના

રાજકોટ, તા. ૩

મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલ દ્વારા મિલ્કત વેરાની વિક્રમી વસુલાત કરવામાં આવ્યા બાદ પ્રોફેશનલ ટેકસની આવક ઉપર પણ પુરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષના ૪૦ કરોડના વેરાના લક્ષ્યાંક નજીક સમયસર પહોંચવા જુદા જુદા ડિજીટલ રસ્તે પણ પ્રોફેશનલ ટેકસની ઉઘરાણી શરૂ કરી દીધી છે. જેમાં કોઇ પણ વેપારી જાહેર સુવિધા અંગે વોટસએપ પર ફરિયાદ કરે તો તેના નંબર ઉપરાંત કેટલો વ્યવસાય વેરો ભરવાનો બાકી છે તેનો તાબડતોબ મેસેજ આવવા લાગ્યો છે.

મનપાની સૌથી સફળ સેવા કોલ સેન્ટરની છે જ્યાં નાગરિક ફરિયાદ નોંધાવે એટલે ઓટીપી સુવિધા સાથે ફરિયાદના નિકાલ કરવામાં આવે છે. આ સિવાય ડિજીટલ યુગમાં વોટસએપ પર ફરિયાદ અને સેવાઓ તથા ટોલ ફ્રી નંબર ઉપર પણ ફરિયાદ નોંધવાની સગવડતા આપવામાં આવી છે. વોટસએપ સેવાનો લોકો મોટી સંખ્યામાં ઉપયોગ કરતા હોય છે. હવે આ સેવાના ઉપયોગ સાથે દોઢ લાખ જેટલા વ્યવસાયિકો અને કારખાનેદારોના બાકી પ્રોફે. ટેકસની વિગત કનેકટ કરી દેવામાં આવી છે.

છેલ્લા થોડા દિવસથી કોઇ ધંધાર્થી વોટસએપ પર કોઇ પણ જાહેર સેવા કે સુવિધા અંગેની ફરિયાદ નોંધાવે તો તેને રાબેતા મુજબ ફરિયાદનું સ્ટેટસ અને નંબર તો મળી જ જાય છે, આ ઉપરાંત મોબાઇલ નંબરના આધારે તેમની પેઢીનો બાકી વ્યવસાય વેરો શોધીને વોટસએપ પર આ બાકી રકમની વિગત તુરંત પહોંચાડી દેવામાં આવે છે. એક રીતે કોર્પો.ની સેવાના ઉપયોગ સાથે વ્યવસાય વેરાની ઉઘરાણી પણ મનપા કરી લે છે.

મિલ્કત વેરા માટે તો મેસેજ પર ઉઘરાણીના મેસેજ અને પહોંચ ડાઉનલોડ કરવાની સુવિધા છે. આ ઉપરાંત હવે પ્રોફેશનલ ટેકસમાં પણ ડીજીટલ ઉઘરાણી શરૂ થઇ ગઇ છે. થોડા દિવસ પહેલા કમિશ્નરે કોર્પો.ની તમામ સુવિધા અને મંજૂરીઓ માટે વ્યવસાય વેરો ભરવો ફરજીયાત કરી દીધો છે તે ઉલ્લેખનીય છે.

મહાનગરપાલિકાની વિવિધ કામગીરી અંતર્ગત વ્યવસાયવેરા નોંધણી ચકાસવા કમિશનરે તાજેતરમાં જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે, કોર્પો. દ્વારા રાજ્ય સરકાર વતી વ્યવસાયિકો પાસેથી ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ વ્યવસાય વેરો વસૂલવામાં આવે છે. શહેરમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ મુજબ એકમો, વ્યકિત, પેઢીઓ, સંસ્થાઓ વગેરેને વ્યવસાય વેરા માટે નોંધણી કરવાની રહે છે જે અંતર્ગત સ્વતંત્ર વ્યવસાયિકો બિલ્ડર, શેરબ્રોકર, આર્કીટેક્ટ. કન્સલ્ટીંગ એન્જીનીયર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, તબીબો, નોટરી, સ્ટેમ્પ વેન્ડર, વકીલ, વિમા એજન્ટો વગેરેએ પણ અધિનિયમની જોગવાઇઓ હેઠળ વ્યવસાય વેરો ભરવાનો થાય છે.

મનપાના વિવિધ વિભાગોની કામગીરીનો વ્યાપ વધવા પામેલ છે. વિભાગો દ્વારા આઉટ સોર્સિંગ એજન્સી મારફત કામગીરી કરાવવામાં આવે છે. તેમજ કોર્પો.ની જરૂરિયાત મુજબ વખતો વખતો જરૂર પ્રમાણે રેઈટ કોન્ટ્રાક્ટથી વસ્તુ, સેવાઓ પૂરી પાડવા એજન્સીઓ પણ નીમેલ છે. મનપાની શાખાઓ દ્વારા અરજી મુજબ પરવાનો, મંજુરી, લાઇસન્સ પણ આપવામાં આવે છે. આ સમગ્ર કામગીરી વ્યવસાય અનુલક્ષીને હોય, ત્યારે વ્યવસાય વેરા'ની જોગવાઈ મુજબ જે તે અરજદાર, એકમ, આસામી, વ્યવસાયિક વગેરે વ્યવસાય વેરા નોંધણી પાત્ર બને છે.

આ સંજોગોમાં હવે પછીથી તમામ શાખાઓએ કામગીરી કરતી વખતે વ્યવસાય વેરા અંગેની જોગવાઈ ધ્યાને રાખવાની રહેશે. ટેન્ડર બહાર પાડવાથી લઇ, એજન્સી દ્વારા કામગીરી સબબ બીલ રજુ થયેના સંપૂર્ણ સમય ગાળા દરમિયાન એજન્સી દ્વારા વ્યવસાય વેરો ચૂકતે કરેલ છે કે કેમ? તે ચકાસ્યા બાદ જ આગળની મંજૂરી અપાશે. જે એજન્સી વ્યવસાય

(અનુસંધાન છઠ્ઠા પાને)

પાણી સપ્લાયના આંકડાઓના આધારે સુરતની વસ્તી અમદાવાદને વટાવી ગઇ હોવાનું તારણ

રાજકોટમાં દરરોજ માથાદીઠ ૨૦૯ લીટર, જામનગરમાં ૧૮૩ લીટર પાણીનું વિતરણ

સૌથી વધુ દૈનિક માથાદીઠ ૨૩૭ લીટર પાણીનું વિતરણ વડોદરામાં, ૨૧૩ લીટર સાથે ભાવનગર બીજા ક્રમે : રાજકોટનું ત્રીજુ સ્થાન

અમદાવાદ, તા. ૩

રાજ્યના આઠ મહાનગરોમાં સૌથી વધુ પાણી સપ્લાય સુરતને થઇ રહી છે ત્યારે રાજકોટનો નંબર ત્રીજો છે. પાણી સપ્લાયના આધારે સુરતની વસ્તી અમદાવાદ કરતા પણ વધી ગઇ હોવાનું તારણ નીકળ્યું છે. વસ્તીની દ્રષ્ટિએ રાજકોટ કરતા ભાવનગરની વસ્તી ઓછી હોવા છતાં ત્યાં પાણીનો વધુ વપરાશ છે માથાદીઠ સૌથી ઓછી પાણીની સપ્લાય જુનાગઢમાં થાય છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગના રીપોર્ટના આધારે રાજ્યના આઠ મહાનગરોમાં પાણી વિતરણનું રસપ્રદ તારણ નીકળી રહ્યું છે. રાજ્યમાં સૌથી મોટો ૪૮૦ સ્કવેર કિ.મી.નો વિસ્તાર અમદાવાદનો છે છતાં ૪૬૨.૧૪ સ્કવેર કિ.મી.નો વિસ્તાર ધરાવતું સુરત ૮૨ લાખ લોકોને પાણી પુરૂ પાડે છે. અમદાવાદ ૮૦ લાખ લોકોને પાણીનું વિતરણ કરે છે. સતાવાર આંકડા પ્રમાણે સુરતમાં હિજરતી વસ્તી વધારે હોવાથી પાણીનો વપરાશ વધુ છે. સુરતમાં પાણી તાપીમાંથી મળે છે. ૨૦૧૧ના વસ્તી ગણતરીના રીપોર્ટ પ્રમાણે અમદાવાદની વસ્તી ૫૫.૭૭ લાખ નોંધાઇ હતી ત્યારે સુરતની ૪૪.૬૬ લાખ હતી. અમદાવાદ કરતા સુરતમાં વધુ પાણી વિતરણથી શહેરી વિકાસ મંત્રાલય પણ આશ્ચર્ય વ્યકત કરી રહ્યું છે. મંત્રાલયના રીપોર્ટમાં માથાદીઠ પાણી વિતરણના તફાવત વિશે પણ રસપ્રદ વિગતો જાહેર કરવામાં આવી છે.

રાજકોટને લાગે વળગે છે ત્યાં સુધી દરરોજ ૩૭૫ એમએલડી પાણી વિતરણ કરવામાં આવે છે અને તેમાંથી ૩૬ ટકા નર્મદાનું પાણી હોય છે બાકીનું આજી, ન્યારી જળાશયો આધારીત છે. રાજકોટમાં માથાદીઠ ૨૦૯ લીટર પાણીનું વિતરણ થાય છે.

શહેર	વિસ્તાર (સ્કવેર કિ.મી.)	વસ્તીને પાણી વિતરણ	માથાદીઠ પાણી વિતરણ	નર્મદાની સપ્લાય
અમદાવાદ	૪૮૦	૮૦ લાખ	૨૦૦ લીટર	૧૪૦૦ એમએલડી
સુરત	૪૬૨.૧૪	૮૨.૩૨ લાખ	૧૮૨ લીટર	૦ એમએલડી
વડોદરા	૨૨૦.૩	૨૭.૦૫ લાખ	૨૩૭ લીટર	૭૫ એમએલડી
ભાવનગર	૧૦૮.૩	૮ લાખ	૨૧૩ લીટર	૭૭ એમએલડી
રાજકોટ	૧૭૦	૧૭.૯૭ લાખ	૨૦૯ લીટર	૧૩૫ એમએલડી
જામનગર	૧૨૫	૭.૬૫ લાખ	૧૮૩ લીટર	૨૫ એમએલડી
ગાંધીનગર	૩૨૬	૫.૩ લાખ	૧૭૦ લીટર	૬૦ એમએલડી
જુનાગઢ	૧૬૦	૩.૮૩ લાખ	૫૭ લીટર	૦ એમએલડી

ભાવનગરમાં આઠ લાખની વસ્તી હોવા છતાં માથાદીઠ પાણી વિતરણ ૨૧૩ લીટરનું રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં માથાદીઠ સૌથી વધુ પાણી વિતરણ કરતા શહેરોમાં ભાવનગર બીજા ક્રમે છે. દરરોજ ૧૭૦ એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવે છે. જોકે ૧૦ એમએલડીની ખાધ રહેતી હોય છે.

વડોદરા ૨૨૦.૧૩ સ્કવેર કિ.મી.નો વિસ્તાર ધરાવે છે અને દરરોજ માથાદીઠ ૨૩૭ લીટર પાણીનું વિતરણ કરે છે. જુનાગઢમાં સૌથી ઓછું માથાદીઠ

આઠ મહાનગરોમાં પાણી સપ્લાય અને માથાદીઠ વિતરણ વિશે શહેરી વિકાસ વિભાગનો રસપ્રદ રીપોર્ટ : સુરત અને જુનાગઢ સિવાયના શહેરોને નર્મદાના પાણી આપવા પડે છે

(અનુસંધાન છઠ્ઠા પાને)

ખાદ્ય તેલો મોંઘા થશે ! જુના ડબ્બામાં વેંચાણ બંધ કરાવવા ફૂડ વિભાગનો આદેશ

રાજયના ફૂડ કમિશ્નર દ્વારા કોર્પોરેશન સહિત તમામ શહેર-જિલ્લાના વિભાગોને પરિપત્ર : તેલ મીલો વેપારીઓ પર ચેકીંગ કરવાની સૂચના : જુના ડબ્બામાં વેપાર બંધ થવાના સંજોગોમાં ભાવ વધારો અને ખાલી ટીનની અછત સર્જાવાની આશંકા

રાજકોટ, તા. ૩

ખાદ્ય તેલમાં વખતોવખત સર્જાતી તેજી-મંદીથી ઉદભવતા ઉહાપોહ વચ્ચે તેલ મિલરો-વેપારીઓ માટે હવે નવો પડકાર સર્જાવાના એંધાણ છે. ખાદ્ય તેલોનું જુના ડબ્બામાં વેંચાણ બંધ કરાવવા અને કડક ચેકીંગ હાથ ધરવાનો પરિપત્ર ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નર દ્વાર જારી કરવામાં આવ્યો છે. આ નિયમનો કડક અમલથી ખાદ્ય તેલો મોંઘા બનવાની ભીતિ છે ઉપરાંત ખાલી ડબ્બાની પણ અછત ઉભી થઇ શકે તેવી આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

રાજયના ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશ્નરની કચેરી દ્વારા ૩૦મી એપ્રિલે મ્યુનિ. કોર્પોરેશન સહિત તમામ શહેર જિલ્લાના ફૂડ વિભાગના અધિકારીઓને એક પરિપત્ર પાઠવવામાં આવ્યો છે. તેમાં એમ દર્શાવવામાં આવ્યું છે કે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ (પેકેજીંગ) રેગ્યુલેશન-૨૦૧૮ હેઠળ સબરેગ્યુલેશન ૨.૧.૨.ની જોગવાઇ (૨) મુજબ ખાદ્ય તેલ સહિત ખાદ્ય પદાર્થના જુના ટીનનો ઉપયોગ પ્રતિબંધિત છે. આ સિવાય ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી દ્વારા તા. ૨૬-૯-૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલી એડવાઇઝરી હેઠળ કલમ ૧૬(૫) મુજબ જુના ટીનનો ઉપયોગ પ્રતિબંધીત છે. ઉત્પાદકો દ્વારા અવારનવાર જુના ટીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યારે પોતપોતાના વિસ્તારમાં ઉત્પાદન કરતી પેઢીઓમાં તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવે છે.

રાજયના ફૂડ વિભાગના આ પરિપત્રથી ખાદ્ય તેલ ઉદ્યોગમાં જબરો ઉહાપોહ શરૂ થયો છે. તેલ બજારના સુત્રોએ જણાવ્યું છે કે અનેક તેલ મીલોએ જુના ડબ્બામાં હવેથી પેકીંગ બંધ કરવાનો નિર્ણય લીધો છે અને આ વિશે વેપારીઓને સંદેશા આપવાનું પણ શરૂ કરી દીધું છે. તેલ બજારના ધારાધોરણ મુજબ વેપારી ખરીદી કરે પછી કેટલાક દિવસો સુધી માલ મીલોમાં રાખતા હોય છે અને જરૂર મુજબ ઉપાડતા હોય છે. અમુક મીલોએ તો વેપારીઓને હવે બે જ દિવસમાં જુની ખરીદીના જુના ડબ્બાનો માલ ઉપાડી લેવાની સૂચના આપી છે. અન્ય મીલો પણ હવે તેનું અનુસરણ કરે એવી શકયતા છે. એટલું જ નહીં જુના ડબ્બામાં ખાદ્ય તેલ ભરવાનું અને વેચાણ કરવાનું બંધ કરે તેવી શકયતા છે.

વેપારીઓએ એમ કહ્યું કે, અત્યારની સ્થિતિએ સૌથી વધુ વેચાણ પામોલીનનું હોય છે, પામોલીનના ડબ્બા જુના ટીનમાં ભરાતા અને વેંચાણ થતા હોય છે. એક જ ઝાટકે પામોલીનના જુના ડબ્બાનું વેચાણ અટકાવી દેવામાં આવે તો સીધો ૫૦ રૂપિયાનો ભાવ વધારો થઇ જાય તેમ છે. તેનાથી પણ વધુ મહત્વની બાબત એ છે કે નવા ટીન જરૂરીયાત મુજબ ઉપલબ્ધ જ બની શકે તેમ નથી. નવા ટીનની અછત સર્જાઇ શકે છે અને તે સંજોગોમાં તેનો સીધો બોજ ભાવ સપાટી પર પડી શકે.

પામોલીન ઉપરાંત સીંગતેલ, કપાસીયા તેલ જેવા મોટો વપરાશ ધરાવતા ખાદ્ય તેલોમાં પણ ૩૦ થી ૪૦ ટકા ડબ્બા જુના ટીનમાં જ વેચાણ થતા હોય છે. તેમાં પણ ભાવ વધારાનો ડામ લાગી શકે છે. ખાસ કરીને રીટેલમાં ખાદ્ય તેલો વહેંચતા નાના વેપારીઓ જુના ડબ્બામાં જ ખરીદી કરતા હોય છે. તેઓને પણ નવા ટીનમાં ખરીદીની ફરજ પડવાના સંજોગોમાં રીટેલ ભાવમાં વધારો થવાની સંભાવના છે. રીટેલ ભાવ ૩ થી ૫ રૂપિયા સુધી વધી જાય તેવી આશંકા છે.

ફૂડ વિભાગના આ પરિપત્રથી તેલ ઉદ્યોગમાં જબરો ઉહાપોહ ઉભો થવા લાગ્યો છે. તેલ મીલો જુના ડબ્બામાં વેંચાણ બંધ કરી દે ત્યારબાદ ઉહાપોહ

(અનુસંધાન છઠ્ઠા પાને)

ઓફિસ વેચવાની છે
૨૨-ન્યુ જાગનાથ, કેપીટલ માર્કેટ
૩૦% બદલો ચાલશે
M. 94 26 26 42 42

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઇટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીજીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

જોઈએ છે
ફુલ ટાઇમ ગાયનેક અને એમડી ફિઝીશ્યન
નંદકુવરબા મલ્ટી સ્પેશ્યાલિસ્ટ ટ્રસ્ટ હોસ્પિટલ - ધોરાજી
સંપર્ક બાસિત પટેલ
95742 99503

દુકાન વેચવાની છે
ગ્રાઉન્ડ ફ્લોર (કોઈપણ બિઝનેસ માટે)
આશરે 190 sq.ft. (લોનેબલ)
અંદાજીત 10x25' ફી વાપરવા મળશે
ભીમનગર ચોક, નાનામવા રોડ
76000 50450

Silk Sajavat
Furnishing Your Dreams
AN OFFER NEVER SEEN BEFORE!
FLASH
SALE
BRANDED KING SIZE BEDSHEET
BUY 1 GET 1 FREE!
Ramkrishna Nagar Main Road, Rajkot. | 94271 66441

જાહેરાત

ધી ધ્રાંગધ્રા પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લી. કલ્પવૃક્ષ માંડવી ચોક, ધ્રાંગધ્રા. માટે મેનેજરની (જગ્યા-૧) તથા આઈ.ટી.ઓફીસરની (જગ્યા-૧) ખાલી પડેલ જગ્યા ભરવા બાબત.

મેનેજર - શૈક્ષણિક લાયકાત / અનુભવ

માન્ય યુનિવર્સિટીનો B.Com/M.Com. પોસ્ટ ગ્રેજ્યુએટ, બેંકીંગ એન્ડ ફાઈનાન્સ ઓફ કો. ઓપરેટીવ મેનેજમેન્ટ મા' ડીપ્લોમાં કરેલ હોય, M.B.A ફાઈનાન્સ, C.I.I.B. તથા C.A. ઉમેદવારને પ્રથમ પસંદગી ને પાત્ર રહેશે. ઉપરાંત ઉમેદવારને કોમ્પ્યુટરનુ જ્ઞાન, અંગ્રેજી તથા ગુજરાતી ભાષાનું લેખન તથા બોલચાલ બાબતે ઉતમ કોશલ આવશ્યક છે. ઉમેદવાર ગુજરાત કો. ઓપરેટીવ સોસાયટી એકટ ૧૯૬૧ તથા રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની કો. ઓપરેટીવ બેંકને લાગુ પડતી માર્ગદર્શિકાથી માહિતગાર હોવો જોઈએ.

અનુભવઃ- ઉમેદવારને બેંકીંગ ક્ષેત્રમાં વરિષ્ટ મેનેજમેન્ટ સ્તરે ઓછામાં ઓછો ૮ વર્ષનો અનુભવ હોવો જોઈએ.

આઈ.ટી.ઓફીસર - શૈક્ષણિક લાયકાત / અનુભવ

માન્ય યુનિવર્સિટીમાં B.C.E. તથા M.C.E. તથા B.E. તથા M.E. કોમ્પ્યુટરવાળાને પ્રથમ પસંદગીને પાત્ર રહેશે. ઉમેદવાર પાસે બેંક આઈ.ટી. ઓપરેશન, નેટવર્ક મેનેજમેન્ટ, ફાયર વોલ મેનેજમેન્ટ, ડેટા બેઈઝ મેનેજમેન્ટ તદ્ઉપરાંત ખાસ કરીને ORACLE CLOUD કોમ્યુટીંગમાં વ્યાપક જ્ઞાન હોવુ જરૂરી છે.

અરજદાર વિવિધ સોફટવેર વેન્ડર્સ સાથે સંપર્કમાં તેમજ નિયમકારી અનુપાલન, ઓડીટ, સાયબર સીકયુરીટી ઓડીટ અને સોફટવેર કોર બેકીંગ હેન્ડલ કરવામાં નિષ્ણાંત હોવા જોઈએ.

અનુભવઃ- ૩ વર્ષનો કે તેથી વધુ વર્ષનો હોવો જોઈએ.

- અરજી સાથે લાયકાતના પ્રમાણ પત્રો અનુભવના સર્ટીફીકેટ, પાસ પોર્ટ સાઈઝના ફોટા નંગ-૨ સાથે જાહેરાતની તારીખથી પંદર દિવસ સુધીમાં અરજી રજીસ્ટર પોસ્ટથી ઉપરોકત સરનામે મોકલવાની રહેશે.
- અધુરી માહિતીવાળી અરજી રદ બાતલ થશે.
- નિમણૂંક અંગેની તમામ કાર્યવાહી કરવાનો અને નિર્ણય લેવાનો બોર્ડ ઓફ ડીરેકટર્સને આબાધિત અધીકાર રહેશે. અને બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.

ચેરમેનશ્રી,
ધી ધ્રાંગધ્રા પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી.

જુનાગઢમાં વડાપ્રધાન મોદીનું વચન : વીજળી બિલ-વાહનોનાં ઇંધણના બિલ ઝીરો કરાશે

જુનાગઢ, તા. ૩

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડમાં ગુજરાતના પનોતા પુત્ર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગઇકાલે લોકસભાની ચૂંટણીની જાહેર સભાને સંબોધી હતી. જેમાં જય ગિરનારીના નાદ સાથે જણાવ્યું હતું કે સંતોના દર્શન કરવાનું સૌભાગ્ય મને મળ્યું છે. સંતોના આશિર્વાદ સાથે લોકોનો પ્રેમ ઘરના છોકરાને તેનો પરિવાર આપે તેનો આનંદ મને સોરઠમાં જ મળતો હોય છે.

વિરોધ પક્ષ ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે કોઇ વિપક્ષો પાસે લોકસભાની ૨૭૨ સીટ બહુમતી માટે જોઇએ તે ભાજપ સિવાય એક પક્ષ પાસે ઉમેદવાર જ નથી તો તેમને મત આપી વેડકી ન નંખાય, વિપક્ષની એવી સ્કીમ છે કે જો તેઓને સતા મળે તો એક એક પક્ષનો વડાપ્રધાન થવાની ફોર્મ્યુલા નકકી કરી છે. ૫૦૦ ફુટ બોર પાણી માટે કરવાનો હોય તો ૧૦ મીટરના બોર ઉંડા કરીએ તો પાણી આવે તેવો કટાક્ષ કર્યો હતો.

પીએમ મોદીએ જણાવ્યું છે કે ચૂંટણી બાદ મારે દરેકના વીજ બીલ ઝીરો કરવા છે. પીએમ સોલાર યોજના નીચે ઘરે ઘરે સોલાર સબસીડી સાથે શરૂ કરવા છે. તેમજ ટુ વ્હીલ-ફોર વ્હીલ સ્કુટી ઇલેકટ્રીક બેટરી ચાર્જ કરી પેટ્રોલમાંથી મુકત કરવા છે. આઝાદી સમયે ભારત છઠ્ઠા નંબરે હતું તે કોંગ્રેસ કાળમાં તેનું સ્થાન અગિયારમાં નંબરે પાછળ ધકેલી દેવામાં આવ્યું હતું તેને માત્ર ૨૦૧૪થી ૨૦૧૯ સુધીમાં પાંચમા સ્થાને ઉપર પહોંચાડી દેવામાં આવ્યું છે. આગામી સમયમાં વિશ્વના હરોળના એકથી ત્રણ સ્થાનમાં લઇ જવાની નેમ છે.

જુનાગઢ વિકસીત બને તે માટે પ્રયાસો છે જુનાગઢ જોવું હોય તો ૭ દિવસ રોકાવું પડે. ગિરથી ગિરનાર સુધી, ઉનાથી જુનાગઢ સુધી ફોર ટ્રેક રોડ બનાવાયા છે. સોમનાથ-ભાવનગર ફોર ટ્રેક બનાવાય છે. સોમનાથ, પોરબંદર, જુનાગઢનો હિસ્સો સમુદ્રનો છે. તેમાં ફીશીંગની સુવિધા ઉભી કરતા માછલીની નિકાસ આઠ ગણી થઇ છે. હજુ માંગરોળ, ચોરવાડ, સુત્રાપાડા, માઢવાડા, વેરાવળ, ચોરવાડ, કોડીનાર બંદરના વિકાસ થશે, માછીમારો સમુદ્ર ખેડુતો માટે વિમા કવચ, ફીશર મેન માટે અલગ મંત્રાલય આઝાદી બાદ ભાજપે ઉભુ કર્યુ છે. ૨૦ વર્ષમાં ચેકડેમ, સુજલામ સુફલામથી પાણીનો પ્રશ્ન હલ કરી ખેતીની જમીનમાં પાણી પીયતમાં મળતું થયું છે. ગામડાની ત્રણ કરોડ દિકરીઓ ને લખપતિ બનાવવાનું નકકી કરાયું છે. કોઇપણ વ્યકિત ૭૦ વર્ષની ઉમર ઉપર હોય તેઓના માટે તેમની સારવારની તમામ જવાબદારી આ તમામ દિકરાની છે તેનું બીલ તમારો દિકરો ભરશે. કેશોદ એરપોર્ટનો વિકાસ આધુનિકકરણ કરવું છે. કેશોદ એરપોર્ટ પર દુનિયાના પ્રવાસીઓ આવશે તેવું બનાવી જુનાગઢ જિલ્લો, પ્રવાસન તરીકે વિકાસ થશે.ઇ ૨૦૪૭માં દેશની આઝાદીના ૧૦૦ વર્ષ મનાવે ત્યારે ભારત દુનિયાનું વિકસીત રાષ્ટ્ર બનવાનું સ્વપ્ન છે. કોંગ્રેસ ફરી કલમ ૩૭૦ની લાગુ કરવાનો ઇરાદો ખુલ્લો પડી ગયો છે. દેશમાં બે સંવિધાન હતા તે બાબાસાહેબનું અપમાન ન હતું ? તેવો સવાલ કર્યો હતો બાબાસાહેબનું સ્વપ્ન હું પુરૂ કરી શકયો ૩૭૦ની કલમને હવે જમીનમાં દાટી દીધી છે. હવે હું જોઉં છું કે બાબાસાહેબનું અપમાન કરવાની કોનામાં હિંમત છે. ત્રણ તલાકને કાયદો બનાવી અનેક મા, બેન, દિકરીઓની જિંદગી બચાવી છે. મારો પડકાર છે હિંમત હોય તો હવે કરી તો જોકે યે મોદી હૈ મુકાબલા નહીં કર શકોગે ૨૦૧૩-૧૪ સુધી દેશમાં વિસ્ફોટ થતા હતા. કોંગ્રેસ પાકિસ્તાનના ઇશારે ફેસલા કરતી હતી.

આરોપી પરિણીત હોય કે ન હોય સહમતીથી યૌન સંબંધ દુષ્કર્મ નહીં : દિલ્હી હાઇકોર્ટ

હાઇકોર્ટે આરોપીને જામીન પર મુકત કર્યો

નવી દિલ્હી, તા. ૩

દુષ્કર્મના આરોપના એક કેસમાં દિલ્હી હાઇકોર્ટે એક મહત્વનો ચુકાદો આપી આરોપીનો જામીન પર છુટકારો આપતા ટીપ્પણી કરી હતી કે લગ્ન થયા હોય કે ન થયા હોય, સહમતીથી સેકસ સંબંધને ખોટા ન કહેવાય. આ અંગેની વિગત એવી છે કે મહિલાએ એક પુરૂષ પર આરોપ લગાવ્યો હતો કે લગ્નનો વાયદો કરીને તેની સાથે અનેકવાર જબરદસ્તીથી યૌન સંબંધ બાંધ્યા હતા. બાદમાં ખબર પડી કે તે પરિણીત અને બે બાળકોનો પિતા છે. આ મામલે અદાલતે મહિલાની અરજી ફગાવી ટીપ્પણી કરી હતી, સહમતીથી સંબંધ દુષ્કર્મ નથી, કોર્ટે આરોપીને જામીનમુકત કર્યો હતો.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનો રાજકોટ કાર્યક્રમ રદ્દઃ રાહુલનુ ફોર્મ ભરવા રાયબરેલી પહોંચ્યા

રાજકોટ, તા.૩

લોભસભાના ચૂંટણી પ્રચાર માટે આજે રાજકોટમાં જાહેરસભા અને પત્રકાર પરિષદનો કાર્યક્રમ કરનારા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનો રાજકોટનો કાર્યક્રમ છેલ્લી ઘડીએ રદ્દ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રાયબરેલીથી ફોર્મ ભરવાનું જાહેર કરતાં તેમાં હાજરી આપવામાં માટે ખડગે રાયબરેલી પહોંચી ગયા હતા. રાજકોટમાં જાહેરસભા તથા પત્રકાર પરિષદ કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીક તથા પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલે યોજી હતી.

ગાંધીજીમાં લુચ્ચાઇ હતી : ઇન્દ્રનીલ રાજગુરૂના રાજકોટની સભામાં નિવેદનથી નવો વિવાદ

રાહુલ ગાંધી દેશના બીજા સાચા ગાંધી છે : ઉત્સાહમાં કરેલા પ્રવચનમાં બફાઇ ગયું

રાજકોટ, તા. ૩

રાજકોટમાં ગઇકાલે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરૂએ કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં યોજાયેલી સભામાં મહાત્મા ગાંધીજી વિશે લુચ્ચાઇ જેવો શબ્દનો પ્રયોગ કરતા સોશ્યલ મીડિયામાં આ વાત વાયરલ થઇ ગઇ હતી. જુદા જુદા વર્ગમાંથી તેનો વિરોધ પણ ઉઠવા લાગ્યો છે.

કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના સમર્થનમાં ગઇકાલે યોજાયેલી સભામાં રાજગુરૂએ ઉત્સાહ સાથે એવું કહ્યું કે મને ખાતરી છે કે દેશમાં બીજો ગાંધી પાકશે તો એ રાહુલ ગાંધી જ હશે. એક સચ્ચાઇના રસ્તે ચાલતા નેતા છે.

ગાંધીજીમાં તો ક્યાંક લુચ્ચાઇ પણ હતી. પરંતુ આ માણસ સંપૂર્ણ નિખાલસ અને સાચો છે. અણીશુધ્ધ છે. તેને પપ્પુ ઠેરવવા પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

વડાપ્રધાન મોદી ૫૪૨ બેઠકનો બફાટ કરે તે સમજી શકાય તેમ છે પરંતુ રાહુલ ગાંધી પક્ષની ૧૪૦ બેઠક ધારે છે. આથી આ વાતમાં તથ્ય દેખાઇ રહ્યું છે. ૧૪૦ બેઠકમાં પણ રાજકોટની બેઠક આવશે તેવો તેમને વિશ્વાસ છે. રાજકોટની જનતાને આ રસ્તે મત આપવા અપીલ કરવા સાથે તેમને ગાંધી વિશે કરેલા ઉલ્લેખ ચર્ચાસ્પદ બની ગયા છે.

ઘરેલું હિંસાના કેસમાં આર્મીમેન પતિ નિર્દોષ

રાજકોટ તા.૩

અત્રે રાજકોટમાં રહેતી પરિણીતાએ પોતાના આર્મીમેન પતિ મયુરભાઈ અને સાસુ કૈલાસબેન સામે રાજકોટ મહિલા પોલીસ મથક ખાતે આઈપીસી ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૧૧૪ વગેરે મુજબ ફરિયાદ નોંધાવી હતી.

કેસની વિગત મુજબ, આરોપીએ તા.૧૦.૦૩.૨૦૧૯ થી તા.૧૬.૧૨.૨૦૧૯ના લગ્ન જીવન દરમ્યાન ફરિયાદીને નાની-નાની બાબતોમાં મોણા ટોણા મારી ઝઘડો કરી ગાળો આપી મારકુટ કરી શારીરિક માનસીક દુખત્રાસ આપેલ હતો. કેસ ચાલતા ફરિયાદી તથા અન્ય ૪ સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની લીધેલ અને ફરિયાદ સહીતના દસ્તાવેજો રજુ કરેલ બચાવ પક્ષે વકીલે લેખીત દલીલ રજુ રાખેલ અને મૌખિક દલીલમાં ફરિયાદે રિસામણે પિયર જતા રહેલ આરોપી મયુરભાઈ મામા-ફઈના થતા હોવાથી પહેલાથી જ ઓળખતા હતા. મયુરભાઈ (આર્મીમેન) સાથેના મેરેજ પહેલા તેની સાથે સગાઈ તુટી ગયેલ તેવું ફરિયાદીએ કબુલ કરેલ. આરોપીએ ફરિયાદી સામે લગ્ન હકકનો દાવો કરેલ છે. છતા ફરિયાદી તેમની સાથે રહેવા આવેલ નથી, ફરિયાદ પક્ષે કોઈ જુડીશ્યલ એવીડિન્સ રજુ ન હોય માત્ર આક્ષેપો કરેલ છે, તે રીતે ફરિયાદીએ રજુ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા જાણાવેલ આરોપીના વિદ્વાન વકીલ નયનાબેન ડી. ચૌહાણની દલીલ ધ્યાને લઈ આરોપી મયુરભાઈ (આર્મીમેન) તેમજ તેમના માતા કૈલાસબેનને શકનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીના વતી વકીલ નયનાબેન ડી. ચૌહાણ અને એચ.કે.બારોટ રોકાયેલ હતા.

સવારે દારૂનો જથ્થો ઉતાર્યાની કલાકોમાં જ પોલીસ ત્રાટકી : વામ્બે આવાસ કવાર્ટરમાંથી ઈરફાન ૯૧૭ બોટલ સાથે ઝડપાયો

એલસીબી ઝોન-૨ની ટીમે વહેલી સવારે દરોડો પાડી રૂા.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો : સપ્લાય કરનાર ગાયકવાડીના લીસ્ટેડ બુટલેગર તોફીક ઉર્ફે તોફલોની શોધખોળ

રાજકોટ, તા. ૩

કાલાવાડ રોડ પર આવેલ વામ્બે આવાસ કવાર્ટરમાં રહેતા બુટલેગર ઇરફાન સૈયદે વહેલી સવારે ઉતારેલા દારૂ અને બીયરના જથ્થા પર એલસીબી ઝોન-૨ની ટીમે દરોડો પાડી ઇરફાનને દબોચી ૯૧૭ બોટલ દારૂ અને બીયરનો જથ્થો મળી કુલ રૂા. ૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે સપ્લાય કરનાર ગાયકવાડીના તોફીક ઉર્ફે તોફલોની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર.એચ.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જયંતિગીરી ગોસ્વામીને કાલાવડ રોડ પર આવેલ

વામ્બે આવાસ યોજના કવાર્ટરમાં રહેતા ઇરફાન અલીમીયા સૈયદે દારૂનો મોટો જથ્થો વહેલી સવારે ઉતાર્યાની મળેલી ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી કવાર્ટરમાં તપાસ કરતા દારૂની અલગ અલગ બ્રાન્ડની ૯૧૭ બોટલ અને બીયારના ૪૬ ટીન મળી આવતા ઇરફાન સૈયદની ધરપકડ કરી રૂા.૧.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર ઇરફાન સૈયદને આજે સવારે જ લીસ્ટેડ બુટલેગર તોફીક ઉર્ફે તોફલો મહમ્મદ સંધાર (રહે. ગાયકવાડી શેરીનં.૩, જંકશન પ્લોટ) સપ્લાય કરી ગયો હોવાનું ખુલતા તોફીક ઉર્ફે તોફલાની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે ઇરફાન સૈયદ પર દારૂ, મારામારી સહિતના પાંચથી વધુ ગુના અલગ અલગ પોલીસ મથકમાં નોંધાયેલ છે. જયારે તોફીક ઉર્ફે તોફલો પર જામનગર સહિતના શહેરોમાં દારૂ સહિતના પાંચથી વધુ ગુના નોંધાયા છે.

માર્ચ માસમાં જ વોટસએપએ ૭૯ લાખ એકાઉન્ટ બ્લોક કર્યા

નવી દિલ્હી તા.૩

દેશમાં લોકસભા ચૂંટણી પુર્વે જાન્યુ. થી નવેમ્બર ૨૦૨૩ સુધીમાં વોટસએપ દ્વારા ભારતમાં અંદાજે ૭ કરોડ એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યા હતા અને તેમના પર પ્રતિબંધ મુકી દેવાયો છે. વોટસએપે આ અંગે જણાવ્યું કે લોકસભા ચૂંટણીના કારણે તે ફ્રોડ અને ગેરકાનુની રીતે ટેલી માર્કેટીંગ સહિતના કાનૂન હેઠળ તમામ એકાઉન્ટ પર સતત નજર રાખી રહી છે અને આઈટી એકટ મુજબ તેને જે સતા મળી છે તેનો ઉપયોગ કરી રહી છે. ચાલુ વર્ષે માર્ચ મહિનામાં વોટસએપે અંદાજે ૭૯ લાખ એકાઉન્ટ પર પગલા લીધા છે. જાન્યુ. ૨૦૨૩થી વોટસએપ આ પ્રકારના પગલા લઈ રહી છે અને ખાસ કરીને તેમાંથી ૭૮ હજાર જેટલી ફરિયાદોના આધારે પગલા લેવાયા છે.

૩૮ વર્ષીય શાકભાજીના ધંધાર્થીને હૃદય રોગનો હુમલો જીવલેણ નીકળ્યો

હુડકો ક્વાટર્સમાં હિતેશભાઈ મકવાણા પોતાનાં ઘરે બેભાન થઈ ઢળી પડ્યાંઃ યુવકે સારવારમાં દમ તોડી દિધો હતો

રાજકોટ, તા.૩

શાકભાજીના ધંધાર્થીનું હૃદય થંભી જતાં તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવની વિગત મુજબ હિતેશભાઈ રતિભાઈ મકવાણા (ઉ.વ.૩૮ રહે- બ્લોક નં- ડી ૨૮ હુડકો ક્વાટર્સ કોઠારીયા) નામનો યુવક આજ રોજ બપોરનાં બારેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે બેભાન થઈ જતાં તુરંત તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતક શાકભાજીનો ધંધો કરતો હતો. તેઓ એક ભાઈ અને એક બહેનમાં નાનો હતો. એકના એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

પાણી

(છેલ્લા પાનાનું ચાલું)

માત્ર ૫૭ લીટર પાણીનું વિતરણ થાય છે. તેનો વિસ્તાર ૧૬૦ સ્કવેર કિ.મી.નો છે. અને વસ્તી પણ ૩.૮૩ લાખની જ છે. અમદાવાદમાં દરરોજ ૧૬૦૦ એમએલડી પાણીનું વિતરણ થાય છે. વસ્તીને ગણતરીમાં લેવામાં આવતા માથાદીઠ ૨૦૦ લીટર થવા જાય છે. જ્યારે સુરતમાં માથાદીઠ ૧૮૨ લીટર પાણીનું વિતરણ થાય છે. કુલ સપ્લાય ૧૫૦૦ એમએલડીની રહે છે.

૨૦૧૬ના નેશનલ બિલ્ડીંગ કોડમાં એવું સૂચવાયું હતું કે માથાદીઠ ૧૫૦થી ૨૦૦ લીટરનું પાણી વિતરણ ઘટાડીને ૧૩૫ લીટર કરવામાં આવે, ૧૫૦થી ૨૦૦ લીટરના વિતરણમાં માથાદીઠ ૪૫ લીટર ફલશ કરવામાં જતું હોય છે અને બાકીનો વપરાશ અન્ય કામોમાં થતો હોય છે. શહેરી વિકાસ મંત્રાલયના આ રીપોર્ટના આધારે એમ સુચવાય છે કે સમગ્ર ગુજરાતમાં પાણી વપરાશના પેટર્નમાં સુધારો કરવાની અને તમામ શહેરોમાં સમાન ધોરણે પાણી ઉપલબ્ધ થાય તેવા કદમ ઉઠાવવાની જરૂર છે. ૨૦૦૯ પછી કોર્પોરેશનનો દરજ્જો પામેલા અનેક શહેરોને નિયમિત રીતે પાણી મળી શકતું નથી. વાસ્તવમાં માથાદીઠ પાણી વિતરણ ૮૦ થી ૧૦૦ લીટરનું જ હોઇ શકે છે પરંતુ ખુબ મોટો બગાડ થતો હોવાની આશંકા છે.

વોટસએપ

(છેલ્લા પાનાનું ચાલું)

વેશમાં નોંધાયેલ ન હોય, તેઓની સત્વરે 'ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈઓ અંતર્ગત નોંધણી કરાવવા પણ સુચના આપી દેવાઇ છે. આ વેરો ભર્યા બાદ તેની પહોંચના આધારે કામ થવાના છે. આ નિયમ ટીપી, બિલ્ડીંગ પ્લાન, આરોગ્ય અને ફૂડ, જુદા જુદા લાયસન્સ, ટેકસ સહિતની શાખામાં કોન્ટ્રાક્ટ રાખતા લોકો અને લાગુ વ્યવસાયિકોને જોડશે.

અદાણી ગ્રુપ

(પહેલા પાનાનું ચાલું)

નહીં કરાયાનો આક્ષેપ હતો. કંપનીનાં કોડ ઓફ કંડકટ (આચાર સંહીતા) ભંગ થયાનો પણ આક્ષેપ હતો.

અદાણી પાવર દ્વારા એમ કહેવાયું છે કે સેબીની નોટીસનો જવાબ આપી દેવાયો હતો સંબંધીત વર્ષના નાણાકીય હિસાબોમાં અમુક વ્યવહારો નહીં દર્શાવવાનો અને આવા વ્યવહારોની મંજુરી નહીં મેળવ્યાનો આક્ષેપ હતો.

સેબીની નોટીસોમાં સંબંધીત પક્ષોનાં વ્યવહારો, લીસ્ટીંગ નિયમોનું પાલન નહી કરવા, ભુતકાળમાં ઓડીટરોનાં સર્ટીફીકેટની વેલીડીટી જેવા મુદ્દાઓ પર ખુલાસા માંગવામાં આવ્યા છે.

હીડનબર્ગ રીપોર્ટનાં કાનુની જંગ વખતે ગત ઓગસ્ટમાં સેબીએ સુપ્રિમ કોર્ટને એમ કહ્યુ હતું કે સંબંધીત પાર્ટીનાં ૧૩ વ્યવહારોની ઓળખ મળી છે. અને તેની તપાસ કરવામાં આવી રહી છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે. હિડનબર્ગ રીપોર્ટમાં ૬૦૦૦ વ્યવહારોનો ઉલ્લેખ કરીને તેની યોગ્યતા વિશે સવાલ ઉઠાવવામાં આવ્યા હતા તે અત્રે ઉલ્લેખનીય છે.

રાહુલ

(પહેલા પાનાનું ચાલું)

ચૂંટણી લડવા નિર્ણય લીધા બાદ આજે તેઓએ ઉમેદવારી નોંધાવાના અંતિમ દિવસે સોનીયા ગાંધી-પ્રિયંકા ગાંધી તથા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગેની હાજરીમાં નોમીનેશન કર્યુ હતું. છેલ્લા એક સપ્તાહથી અમેઠી અને રાયબરેલી અંગે કોંગ્રેસના ઉમેદવારો કોણ હશે તેની જબરી ચર્ચા હતી. અને રાહુલ તથા પ્રિયંકા ગાંધીના નામ આ બેઠક માટે ચર્ચાતા હતા. જેમાં રાહુલ ગાંધીએ અમેઠી બેઠક પર લડવાનો ઈન્કાર કરીને રાયબરેલી બેઠક પર પસંદગી ઉતારી હતી. અને આજે સવારે તેઓ ખાસ વિમાન મારફત રાયબરેલી પહોંચ્યા હતા જ્યાં તેના માતા અને બહેન અને કોંગ્રેસના વરિષ્ઠ ઉમેદવારોની હાજરીમાં ઉમેદવારી નોંધાવી હતી તેમાં હવે તેમની ટકકર એક સમયના નહેરૂ ગાંધી કુટુંબના વફાદાર અને હાલ ઉત્તરપ્રદેશમાં યોગી સરકારના મંત્રી દિનેશ પ્રતાપસિંઘ સામે થશે. ૨૦૧૯માં સોનીયા ગાંધીએ આ બેઠક પરથી જ દિનેશ પ્રતાપસિંઘને પરાજીત કર્યા હતા. પરંતુ સ્વાસ્થ્યના કારણોસર સોનીયા ગાંધીએ ચૂંટણી ન લડવા નિર્ણય લીધો હતો અને તેઓ રાજસ્થાનથી રાજ્ય સભામાં ચૂંટાયા છે આમ અમેઠી અને રાયબરેલી બન્ને બેઠકો જે ગાંધી કુટુંબના વર્ચસ્વની બેઠક ગણાય છે તેના પર કોંગ્રેસના ઉમેદવાર અંગે સસ્પેન્સ સર્જાયો હતો. રાહુલ ગાંધી ૨૦૧૯માં અમેઠી બેઠક પરથી મોદી સરકારના મંત્રી અને મહિલા નેતા સ્મૃતિ ઈરાની સામે પરાજીત થયા હતા જોકે વાયનાડ બેઠક પર તેઓ વિજેતા બન્યા હોવાથી સાંસદ પદ બચી ગયું હતું. હવે રાયબરેલીમાં તેમના માટે ભાજપ ટફ સ્થિતિ બનાવશે તેવા સંકેત છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તે ટંકાર કરી પણ દીધો છે.

કોંગ્રેસે અમેઠીમાં હાર સ્વીકારી લીધી છેઃ સ્મૃતિનો ટંકાર

નવી દિલ્હી, તા.૩

અમેઠીમાંથી રાહુલ ગાંધીને ચૂંટણી લડવા માટે પડકાર આપનાર આ બેઠકના વર્તમાન સાંસદ સ્મૃતિ ઈરાનીએ રાયબરેલીથી ચૂંટણી લડવાના રાહુલ ગાંધીના નિર્ણય પર કટાક્ષ કરતા કહ્યું કે અમેઠીથી ગાંધી કુટુંબના કોઇ સભ્ય ચૂંટણી લડી રહ્યા નથી. તે દર્શાવે છે કે અમેઠીમાં કોંગ્રેસે હાર સ્વીકારી લીધી છે.

સુપ્રીમ

(પહેલા પાનાનું ચાલું)

ગોઠવણપૂર્વકનું હોય તો પણ અમે કંઈ કરી શકીએ નહી. કોઈને ફકત નામના આધારે ચુંટણી લડતા અટકાવી શકાય નહી. સુનાવણી સમયે ન્યાયમૂર્તિ બી.આર.ગવઈ એ કહ્યું કે માતા-પિતાએ નામ પાડયા હોય છે જોગાનુજોગ પણ થઈ શકે છે. હાલમાં જ લાલુપ્રસાદ યાદવના પુત્રી રોહિણી જે બેઠક પરથી લડે છે તે બેઠક પરથી લાલુપ્રસાદ યાદવ નામના અન્ય ઉમેદવાર પણ મેદાનમાં છે. કોઈ રાહુલ ગાંધી હોય કે લાલુપ્રસાદ યાદવ તેથી ફકત ચુંટણી લડતા તેમને રોકી શકાય નહી. તામિલનાડુમાં રામનાથપુરમ લોકસભા બેઠક પર એક જ નામના ચાર ઉમેદવારો મોજૂદ હતા તે પણ સુપ્રીમકોર્ટે નોંધ લીધી હતી.

સિવિલમાં આભા કાર્ડ પર રોજ ૧૫૦ નોંધ : આંકડો વધારવા સૂચના

સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.ત્રિવેદીએ સરપ્રાઇઝ વિઝીટ લીધી

રાજકોટ, તા.૩

ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો.આર.એસ.ત્રિવેદીએ હોસ્પિટલમાં સરપ્રાઇઝ વિઝીટ લેતા સ્ટાફમાં દોડધામ મચી ગઇ હતી.

આ અંગે મળતી વિગત મુજબ, સિવિલ હોસ્પિટલમાં ઘણા પ્રશ્ને દર્દીઓની ફરિયાદો મળતી હોય છે. જેના નિવારણ માટે સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા નિયમિત રીતે સરપ્રાઇઝ વિઝીટ કરવામાં આવતી હોય છે. જેને લઈ ગઈકાલે ડો.ત્રિવેદીએ ચેકીંગ કરતા કેસ બારી દવા બારી પર લાઈનો જોઈ હતી. જેથી સિનિયર સિટીઝન અને મહિલાઓ તેની લાઈનમાં જ રહે અને તેમાં અન્ય કોઈ દર્દી ન આવે તે તકેદારી રાખવા સૂચના કરાઈ હતી. એક કેસ બારી બંધ હોવાથી તેના નોડલ ઓફિસરને બોલાવી પૂછતાં ઝનાના હોસ્પિટલ શરૂ થઈ હોવાથી બારી બંધ કર્યાનો બચાવ કર્યો હતો. જોકે ડો.ત્રિવેદીએ દર્દીઓને સુવિધા મળે તે માટે તુરંત આ બારી ખોલી નાખવા સૂચના આપી હતી. આ ઉપરાંત આભા કાર્ડ પર રોજ ૧૫૦ એન્ટ્રી હાલ થતી હોવાની માહિતી મેળવી, આ એન્ટ્રીની સંખ્યા વધારવા સૂચના આપી હતી.

પ.બંગાળ

(પહેલા પાનાનું ચાલું)

પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવ્યા છે. સત્યનો વિજય થશે. તેણે વધુમાં કહ્યું કે હું કૃત્રિમ કથાઓથી ડરતો નથી. જો કોઈ મને બદનામ કરીને ચૂંટણીમાં ફાયદો મેળવવા માંગતું હોય તો ભગવાન મને આશીર્વાદ આપે. હું ભ્રષ્ટાચાર અને હિંસા સામેની લડાઈને રોકી શકતો નથી.

શું મોદીજી રાજ્યપાલ પાસેથી સ્પષ્ટતા માંગશે: સાગરિકા ઘોષ :

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાગરિકા ઘોષે મહિલાના આરોપો અંગે એક વીડિયો નિવેદન બહાર પાડ્યું છે. તેમણે કહ્યું છે કે બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. જ્યારે એક મહિલા રાજભવન ગઈ ત્યારે રાજ્યપાલ સીવી આનંદ બોઝે તેની સાથે છેડતી કરી, જાતીય સતામણી કરી અને તેની સાથે ગેરવર્તન કર્યું. મહિલા હવે પોલીસ સ્ટેશન પહોંચી છે, જ્યાં તે પોતાની ફરિયાદ નોંધાવી રહી છે.

તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોલકાતા પહોંચી રહ્યા છે ત્યારે આ ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. મોદીજી રાજભવનમાં જ રોકાશે. શું મોદીજી રાજ્યપાલ પાસે સ્પષ્ટતા માંગશે? શું મોદીજી પૂછશે કે રાજભવનમાં આવી ઘટના કેવી રીતે બની?

વીમા

(પહેલા પાનાનું ચાલું)

ટકાથી ૧૨.૫ ટકા વધારવા પડશે. એસીકિઓના રિટેલ હેલ્થના વાઈસ પ્રેસીડિન્ટ રૂપીન્દરજીતસિંહે જણાવ્યું હતું કે ઈરડાએ ૧ એપ્રિલથી પ્રી-એગ્જિસ્ટીંગ કન્ડીશનમાં મેકસીમમ વેઈટીંગ પીરિયડને ચાર વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષ કરી નાખ્યો છે. આ નિર્ણય બાદ મોટાભાગની ઈન્સ્યોરન્સ કંપનીઓ, ઈન્સ્યોરન્સના ખર્ચમાં ૧૦થી૧૫ ટકા વધારો કરી શકે છે.

શા માટે કરાયો વધારો?: હેલ્થ ઈન્સ્યોરન્સમાં વેઈટીંગ પીરીયડ એ સમયગાળો છે જેના માટે આપને ઈન્સ્યોરન્સનો ફાયદો મેળવતા પહેલા રાહ જોવી પડે છે. પ્રિ-એગ્ઝિસ્ટીંગ કન્ડીશનમાં મેકસીમમ વેઈટીંગ પીરીયડનો મતલબ એ છે કે જો આપ અગાઉથી કોઈ બીમારીથી પીડિત છો તો આપને કોઈપણ લાભને કલેમ કરતા પહેલા હેલ્થ ઈન્સ્યોરન્સમાં નિશ્ચિત વેઈટીંગ પીરિયડ સમાપ્ત થવા સુધી રાહ જોવી પડશે. અગાઉથી મોજૂદ બીમારીઓનો મતલબ એ છે જે હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી ખરીદયાના ૪૮ મહિના પહેલા ડાયગ્નોઝડ કરવામાં આવી હોય. આ બીમારીઓમાં હાઈબીપી, ડાયાબીટીસ, થાઈરોઈડ વગેરે સામેલ છે. તેને હવે ઈરડાએ ત્રણ વર્ષ કરી છે. કંપનીઓને લાગી રહ્યું છે કે આથી લોકોના ફેકટરમાં વધારો થશે. આથી કંપનીઓ પ્રીમીયમ વધારી રહી છે.

ખાદ્ય તેલો

(છેલ્લા પાનાનું ચાલું)

હજુ વધુ શકી તેમ છે. વેપારી સુત્રોના કહેવા પ્રમાણે માર્કેટનો વેપારીઓ પાસે જુના ડબ્બામાં ખાદ્ય તેલનો ૪-૫ દિવસનો સ્ટોક રહેતો હોય છે તે ખત્મ થયા બાદ નવા ડબ્બામાં વેપાર કરવાનો વારો આવશે અને તે સંજોગોમાં સ્થિતિ ખરાબ થવા લાગશે. ખાસ કરીને નવા ટીનની પૂર